## ૫૫. મિ. ચેમ્બરલેનને અરજી

[ડરબન,
ઑગસ્ટ ૧૧, ૧૮૯૫]

ધિ રાઈટ ઑનરેબલ જૉસફ ચેમ્બરલેન,
નામદાર સમ્રાજ્ઞીના સંસ્થાનો માટેના મુખ્ય મંત્રી, લંડન

**નાતાલ સંસ્થાનમાં વસતા નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રતાપૂર્વક દર્શાવે છે કે:

નાતાલની નામદાર લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી તથા લેજિસ્લેટિવ કાઉન્સિલે પસાર કરેલા ઇન્ડિયન ઇમિગ્રેશન લૉ એમેન્ડમેન્ટ બિલ સંબંધમાં નાતાલ સંસ્થાનમાં વસતી હિંદી કોમનું પ્રતિનિધિત્વ ધરાવતા તમારા અરજદારો, જેટલે અંશે એ બિલો ગિરમીટની પ્રથાની હાલની પરિસ્થિતિને અસર કરે છે તથા આ કાનૂન નીચે આવતા અને આ સંસ્થાનમાં સ્વતંત્ર હિંદીઓ તરીકે રહેવા ઇચ્છતા ગિરમીટની શરત નીચેના હિંદીઓએ દર વર્ષે ૩ પાઉન્ડ ભરીને કઢાવવાના ખાસ પરવાનાની જરૂરિયાત ઊભી કરે છે તેટલે અંશે, માનપૂર્વક તમારી સેવામાં હાજર થવાની ધૃષ્ટતા કરે છે.

૨. તમારા અરજદારોએ ઉપરની બાબત સાથે સંબંધ ધરાવતી કલમો કાઢી નાખવામાં આવે એ હેતુથી બંને નામદાર ધારાગૃહોને માનપૂર્વકની અરજીઓ રજૂ કરી, પરંતુ તમારા અરજદારોને કહેતાં દિલગીરી થાય છે કે એમાં એમને સફળતા મળી નથી. એ અરજીઓની[1] નકલો આ સાથે જોડવામાં આવી છે અને તેના પર અનુક્રમે क અને ख નિશાન મૂકયાં છે.

૩. આ બાબત સાથે સંબંધ ધરાવતી કલમો નીચે મુજબ છે:

> કલમ ૨. આ કાયદો અમલમાં આવે તે તારીખથી અને ત્યાર પછી ૧૮૯૧ના ઇન્ડિયન ઇમિગ્રેશન લૉના વિભાગ ૧૧માં દર્શાવેલાં પરિશિષ્ટ ख અને ग માં જેની જોગવાઈ કરવામાં આવી છે એવા હિંદી વસાહતીઓએ સહી કરવાના ગિરમીટના કરારોમાં હિંદી વસાહતીઓએ કરવાની નીચેના શબ્દોવાળી પ્રતિજ્ઞાનો સમાવેશ થશે:
>
> ઉપરાંત અમે એ પણ મંજૂર રાખીએ છીએ કે મુદત પૂરી થતાં અથવા બીજી મુદત નક્કી થતાં અમે કાં તો હિંદ પાછા ફરીશું અથવા વખતોવખત કરવાના કરારો મુજબ નાતાલમાં રહીશું; તે એવી શરતે કે દરેક ગિરમીટ નીચેની નોકરીની અવધિ બે વર્ષ માટેની રહેશે; અને એ ઉપરાંત એવી શરતે કે આ કરારમાં જોગવાઈ કર્યા પછીની દરેક વર્ષની ગિરમીટની નોકરીની મજૂરીનો દર પહેલા વર્ષ માટે દર મહિને ૧૬ શિલિંગ, બીજા વર્ષ માટે દર મહિને ૧૭ શિલિંગ, ત્રીજા વર્ષ માટે દર મહિને ૧૮ શિલિંગ, ચોથા વર્ષ માટે દર મહિને ૧૯ શિલિંગ, અને પાંચમા અને તે પછી આવતા દરેક વર્ષ માટે દર મહિને ૨૦ શિલિંગ રહેશે.

૧. જુઓ પા. ૧૩૩-૫; અને પા. ૧૬૩-૪.

Gandhi Heritage Portal

કલમ ૬ નીચે મુજબ છે:

> આ કાનૂનની કલમ ૨માં દર્શાવેલી પ્રતિજ્ઞા કરનાર દરેક ગિરમીટ નીચેનો હિંદી, જે હિંદુસ્તાન પાછો ફરવામાં અથવા નાતાલમાં ફરીથી મજૂરીનો કરાર કરવામાં નિષ્ફળ જશે, બેદરકારી બતાવશે અથવા ના પાડશે તેણે પોતાના જિલ્લાના મૅજિસ્ટ્રેટે કાઢી આપેલો સંસ્થાનમાં રહેવા માટેનો પાસ અથવા પરવાનો કઢાવવો પડશે. અને એ પાસ અથવા પરવાના માટે ૩ પાઉન્ડની વાર્ષિક રકમ ભરવી પડશે જે કોઈ પણ 'કલાર્ક ઑફ પીસ' મારફતે અથવા એવી લાઈસન્સ ફી લેવા માટે નિમાયેલા બીજા અધિકારી મારફતે તાકીદની સરકારી કાર્યવાહીથી વસૂલ કરી શકાશે.

ઉપર આપેલી કલમ ૨માં જણાવ્યા મુજબનું પરિશિષ્ટ ख, નોકરીની મુદતને એને સંબંધ છે તેટલા પૂરતું નીચે મુજબ છે:

> અમે . . . થી નાતાલ આવેલા નીચે સહી કરનારા વસાહતીઓ નાતાલ માટેના હિંદી વસાહતીઓના સંરક્ષકે જે કોઈ માલિકને ત્યાં નોકરી કરવા અમને અનુક્રમે નોંધ્યા હોય તેને ત્યાં કામ કરવા આથી બંધાઈએ છીએ; તે એવી શરતે કે અહીં નીચે અમારાં નામો સામે દર્શાવેલી રોજી તથા બીજી ખર્ચની રકમ દર મહિને અમને રોકડ નાણાંમાં આપવામાં આવશે.

૪. ઉપર દર્શાવેલી વાત પરથી જણાશે કે ચર્ચા નીચેનું બિલ કાનૂન બને તો એક ગિરમીટ નીચેના હિંદીએ જો તે પોતાની પાંચ વર્ષની ગિરમીટની નોકરી બાદ સંસ્થાનમાં સ્થિર થઈને રહેવા ઈચ્છતો હોય તો કાં તો કાયમી ગિરમીટ નીચે રહેવું જોઈએ અથવા ૩ પાઉન્ડનો વાર્ષિક કર ભરવો જોઈએ. તમારા અરજદારોએ कर શબ્દ જાણીજોઈને વાપર્યો છે કારણ કે મૂળ બિલ કમિટીની કક્ષાએથી પસાર થયું તે પહેલાં તેમાં એ જ શબ્દ વપરાયો હતો. તમારા અરજદારોનું કહેવું એવું છે કે કરને બદલે પરવાનો એવો માત્ર નામનો ફેરફાર કરવાથી એ બિલ ઓછું અળખામણું નથી બનતું, પણ કાનૂનના ઘડવૈયાઓને પક્ષે એ માહિતી હોવાનું ખાસ દેખાઈ આવે છે કે સંસ્થાનમાં એક ખાસ વર્ગના લોકો ઉપર એક ખાસ માથાવેરો હોય એ ન્યાય વિષેની બ્રિટિશોની વિચારસરણીનું પૂરેપૂરું વિરોધી છે.

૫. હવે, તમારા અરજદારો નમ્રપણે પણ ભારપૂર્વક જણાવે છે કે ગિરમીટની મુદત પાંચ વર્ષ ઉપરથી લગભગ અચોક્કસ મુદત પર વધારી જવાની વાત અતિશય અન્યાયભરી છે, ખાસ કરીને એ કારણે કે ગિરમીટિયા હિંદીઓ મારફતે રક્ષાયેલા કે અસર પામતા ઉદ્યોગોને સંબંધ છે ત્યાં સુધી આવું પગલું તદ્દન બિનજરૂરી છે.

૬. આ કલમો ઉપસ્થિત થવાનું, નાતાલ સરકારે ૧૮૯૪ની સાલમાં હિંદ મોકલેલા કમિશનને અને એના સભ્યો મેસર્સ બિન્સ અને મેસને તૈયાર કરેલા હેવાલને આભારી છે. કમિશન આ બે સભ્યોનું જ બનેલું હતું. આવો કાયદો ઘડવાના એ હેવાલમાં દર્શાવેલાં કારણો વસાહતીઓના સંરક્ષકના ૧૮૯૪ની સાલ માટેના વાર્ષિક હેવાલના પા. ૨૦ અને ૨૧ ઉપર આપેલાં છે. તમારા અરજદારો કમિશનના સભ્યોના હેવાલમાંથી નીચેનો ઉતારો આપવાની ધૃષ્ટતા કરે છે:

> જે દેશમાં દેશી લોકોની વસ્તી યુરોપિયનોની વસ્તી કરતાં સંખ્યામાં ઘણી વધારે છે ત્યાં હિંદીઓની અમર્યાદ વસવાટ ઈચ્છવાજોગ નથી ગણાતો. એટલે એકંદરે વલણ

Gandhi Heritage Portal

એવું રહે છે કે જ્યારે તેઓ પોતાની છેલ્લી ગિરમીટની મુદત પૂરી કરી રહે ત્યારે તેમણે હિંદુસ્તાન પાછા ફરવું જોઈએ. આજ પહેલાં સંસ્થાનમાં સ્થિર થઈને રહેલા એવા આશરે ૨૫,૦૦૦ સ્વતંત્ર હિંદીઓ મોજૂદ છે. એમાંના ઘણા લોકોએ વળતી મુસાફરીના ભાડાનો તેમનો હક જતો કર્યો છે. વળી આમાં વણિકોની ઘણી મોટી વેપારી વસ્તીનો સમાવેશ થતો નથી.

૭. આ રીતે જોતાં આ ખાસ પ્રકારની વ્યવસ્થા માટેનાં કારણો માત્ર રાજદ્વારી જ છે. સાચી રીતે કહીએ તો વસ્તી ગીચ થઈ જવાનો તો બિલકુલ પ્રશ્ન જ નથી. એક નવા ખૂલેલા દેશમાં જ્યાં હજી જમીનના વિશાળ પ્રદેશો તદ્દન વસ્તી વિનાના અને ખેડયા વિનાના પડેલા છે ત્યાં આ પ્રશ્નને સ્થાન જ ન હોઈ શકે.

૮. એ જ હેવાલમાં સભ્યોએ ફરીથી નીચે મુજબ કહ્યું છે:

> આરબો કે જેઓ બધા વેપારીઓ જ છે અને કામદારો નથી, તેમની બાબતમાં વેપારીઓમાં અને દુકાનદારોમાં એક જાતની તીવ્ર લાગણી પ્રવર્તે છે; પણ મોટે ભાગે તેઓ બ્રિટિશ રૈયત છે અને કોઈ પણ જાતના કરાર કરીને સંસ્થાનમાં આવ્યા નથી એટલે તેમની સાથે કોઈ જાતની દખલ થઈ ન શકે એ વાત સ્વીકારવામાં આવી છે.
>
> * * *
>
> કુલી કે મજૂર, યુરોપિયનની સાથે ખાસ ગણનાપાત્ર પ્રમાણમાં હરીફાઈમાં આવતો નથી. સમુદ્રના કિનારા ઉપર, જ્યાં બધા જ બગીચા આવેલા છે ત્યાં યુરોપિયનો માટે ખેતીકામ કરવાનું અશક્ય છે અને ત્યાં હિંદી મજૂરો અને દેશી લોકો ઉપરાંતની મજૂરોની સંખ્યા હંમેશાં બહુ નાની રહી છે.
>
> * * *
>
> જોકે નિશ્ચિતપણે અમે એ મતના છીએ કે અત્યાર સુધીમાં જે મજૂર હિંદીઓ अहीं स्थिर थईने रह्या छे (નાગરી અરજદારોએ કર્યું છે) તેઓ સંસ્થાન માટે ઘણા લાભકારક નીવડયા છે. છતાં ભવિષ્યનો વિચાર કરતાં, અને દક્ષિણ આફ્રિકામાં દેશી લોકોનો જે એક મહાન પ્રશ્ન વણઉકેલ્યો પડયો છે તે નજરમાં રાખતાં, હાલમાં જે ચિંતા સેવાઈ રહી છે તેમાં સહભાગી બનવાનું અમે ટાળી શકતા નથી. જો મોટા ભાગના મજૂરો-એ એમને માટે જોગવાઈ કરવામાં આવેલાં પાછા ફરવાનાં ભાડાંનો ફાયદો ઉઠાવ્યો હોત તો ભયને માટે ઓછું જ કારણ રહ્યું હોત.

૯. તમારા અરજદારો ખૂબ જ માનપૂર્વક જણાવે છે કે ઉપરના ઉતારા, જે સંસ્થાનમાં गिरमीटमुक्त हिंदीओना વસવાટ ઉપર નિયંત્રણ મૂકનારાં પગલાં માટે અપાયેલાં કારણોના અંગરૂપ છે તે તદ્દન ઊલટી જ વાત પુરવાર કરે છે. કારણ કે મોટા ભાગના તમારા અરજદારો જે વર્ગમાંથી આવ્યા છે તે હિંદી વેપારીઓ જેઓ "કોઈ પણ જાતના કરાર નીચે સંસ્થાનમાં ગયા નથી." તેમને જો કોઈ પણ જાતની દખલ ન દઈ શકાય તો પછી ગિરમીટ નીચેના હિંદીઓ જેઓ આમના જેટલા જ બ્રિટિશ પ્રજાજન છે, અને જેમને એમ કહી શકાય કે સંસ્થાનમાં જવાને આમંત્રણ અપાયું હતું અને જેમનો વસવાટ (સભ્યોના પોતાના જ શબ્દોમાં) "સંસ્થાન-ના ભારે લાભમાં રહ્યો છે," અને તેથી જેમનો સાંસ્થાનિકોની ભલમનસાઈ અને કાળજી ઉપર ખાસ હક રહેલો છે તેમને તો તેનાથી પણ ઘણી ઓછી દખલ દઈ શકાય.

Gandhi Heritage Portal

૧૦. અને, જો હિંદી 'કુલી' "યુરોપિયનો સાથે કોઈ પણ ગણનાપાત્ર પ્રમાણમાં હરીફાઈમાં આવતો નથી" તો પછી તમારા અરજદારો નમ્રપણે પૂછે છે કે ગિરમીટ નીચેના હિંદીઓ માટે શાંતિમાં અને સ્વતંત્રપણે પ્રામાણિક રોટી કમાવાનું મુશ્કેલ બનાવે એવો કાનૂન બનાવવાનું ઔચિત્ય ક્યાં રહ્યું? એ ઔચિત્ય ખરેખર ગિરમીટ નીચેના હિંદીઓના ખાસ હોય એવા કોઈ ગુણોમાં રહેલું નથી જે તેમને સમાજના ભયંકર સભ્યો બનાવી મૂકતા હોય. હિંદી પ્રજાની શાંતિપ્રિયતા-ની ખાસિયત અને તેનો નમ્રતાનો ગુણ જાણીતો છે. તેમના માથેના અધિકારીઓ પ્રત્યેનું તેમનું આજ્ઞાપાલન તેમના ચારિત્ર્યનું નાનુંસૂનું લક્ષણ નથી, અને એથી ઊલટું કહેવાનું કમિશનના સભ્યો માટે બની શકશે નહીં; કારણ કે જે સભ્યોમાંના એક હતા એવા સંરક્ષક તેમના હેવાલના એ જ પુસ્તકમાં પા. ૧૫ ઉપર કહે છે:

> હું જાણું છું કે અનેક માણસો હિંદીઓની એક જાતિ તરીકે નિંદા કરે છે. છતાં આ લોકો જો તેઓ પોતાની આજુબાજુ નજર કરશે તો આ હિંદીઓમાંના સેંકડોને તેમના જુદા જુદા ઉપયોગી અને ઇચ્છવાજોગ ધંધાઓ પ્રામાણિકપણે અને શાંતિથી પાર પાડતા જોયા વિના રહેશે નહીં.
>
> *　　　　*　　　　*
>
> એટલું કહી શકવા બદલ મને આનંદ થાય છે કે સંસ્થાનમાં સામાન્ય રીતે રહેતા હિંદીઓ હજી પણ સમાજનું સમૃદ્ધિવાન, સાહસિક અને કાનૂન પાલક અંગ બની રહે છે.

૧૧. આ બિલના બીજા વાચનની રજૂઆત વખતે નામદાર ઍટર્ની જનરલે એવું કહ્યાનો હેવાલ છે કે:

> કોઈ પણ ઉદ્યોગને નુકસાન થાય એ રીતે મજૂરોને દાખલ કરવામાં દરમિયાનગીરી કરવાનો કોઈ ઇરાદો નહોતો, પરંતુ આ હિંદીઓને અહીં સ્થાનિક ઉદ્યોગોની ખિલવણી માટે મજૂરો પૂરા પાડવાના હેતુથી લાવવામાં આવ્યા હતા, અને નહીં કે જુદાં જુદાં રાજ્યોમાં ઊભા થતા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રના એક અંગરૂપ બનવાના હેતુ માટે.

૧૨. વિદ્વાન ઍટર્ની જનરલ પ્રત્યે ભારેમાં ભારે માન સાથે તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે ઉપરની ટીકા ચર્ચા નીચેની કલમોને સંપૂર્ણપણે વખોડી કાઢે છે અને તેઓ એવું માનવાની ધૃષ્ટતા કરે છે કે નામદાર સમ્રાજ્ઞીની સરકાર બિલને મંજૂરી આપીને આવી ટીકાનું સમર્થન કરશે નહીં.

૧૩. તમારા અરજદારો એવું માનવાની ધૃષ્ટતા કરે છે કે જે કાનૂનો માણસોને કાયમની ગુલામી નીચે રાખવાના વલણવાળા હોય તેમને ચલાવી લેવાનું બ્રિટિશ બંધારણની ભાવનાની વિરુદ્ધનું છે. અમારું કહેવું એવું છે કે જો બિલ કાનૂન બનશે તો એ સ્પષ્ટ જ છે કે તે એવું જ પરિણામ લાવશે.

૧૪. ૧૮૯૫ની સાલના મેની ૧૧મી તારીખનું સરકારી મુખપત્ર ધિ નાતાલ મર્ક્યુરી આ પ્રમાણે આ બિલનું સમર્થન કરે છે:

> આમ છતાં, સરકાર આટલી વાત મંજૂર રાખી શકતી નથી કે જે માણસો વાજબી મજૂરીના દરે સાંસ્થાનિકોને મદદ કરવાના કરાર કરે છે તેમને એ કરારનો ભંગ કરવા દેવામાં આવે અને જેમની સેવા કરવાને તેઓ આવ્યા હતા અને બીજા કોઈ પણ હેતુ માટે કે બીજી કોઈ પણ શરતે નહોતા આવ્યા તે સાંસ્થાનિકો સામે હરીફ તરીકે રહેવા દેવામાં આવે.

Gandhi Heritage Portal

એનાથી વિરુદ્ધ કરવું એ સાચા અને ખોટા વચ્ચેનો ભેદ ભૂંસી નાખવા બરાબર અને કાનૂન અને ઔચિત્યના અસ્તિત્વનો હેતુપૂર્વકનો ઇન્કાર કરવા બરાબર થશે. આમાં કોઈ જાતની સખતાઈ નથી, કે સખતાઈની ઇચ્છા પણ નથી તેમ જ એમાં એવું કાંઈ પણ નથી જેનો નિષ્પક્ષ મંતવ્ય ધરાવનાર વિરોધ કરી શકે.

૧૫. તમારા અરજદારોએ ઉપરના ઉતારા એટલું બતાવવાને આપ્યા છે કે હિંદીઓ સામે જવાબદાર લોકોમાં પણ કેવી લાગણી રહેલી છે. અને તે લાગણી માત્ર એટલા ખાતર કે કેટલાક બહુ જ થોડા માણસો તેમની ગિરમીટ નીચે અને તેની મુદત દરમિયાન જ નહીં પરંતુ એ મુદત પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી મજૂરો તરીકે કામ કર્યા પછી સંસ્થાનમાં વેપાર કરવાની હિંમત કરે છે.

૧૬. જેઓ સંસ્થાનના હિત માટે અનિવાર્ય હોવાનું સ્વીકારાયું છે તેમણે કાયમના બંધન નીચે રહેવું અથવા તા. ૯–૫–'૯૫ના ધિ નાતાલ एडवर्टाइज़रे મૂકયું છે તેમ ૩ પાઉન્ડનો વાર્ષિક કર ભરીને "સ્વતંત્રતા ખરીદવી," જે "નથી સખતાઈભર્યું કે નથી અયોગ્ય", આ કથન તમારા અરજદારોને ખાતરીપૂર્વક લાગે છે કે સમ્રાજ્ઞીની સરકારને સ્વીકાર્ય થશે નહીં.

૧૭. કલમોમાં રહેલો અન્યાય એટલો બધો સ્પષ્ટ અને ભારે દેખાય છે કે જે છાપું હિંદીઓની બિલકુલ તરફદારી કરનારું નથી એવા ધિ નાતાલ एडवर्टाइज़रने પણ એનો ખ્યાલ આવ્યો છે અને તે તેણે ૧૮૯૫ના મેની ૧૬મી તારીખે નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો છે:

> મૂળમાં બિલની દંડાત્મક કલમ એવા ઉદ્દેશવાળી હતી કે જે હિંદી, હિંદુસ્તાન પાછો નહીં ફરે તેણે 'સરકારને એક વાર્ષિક કર' ભરવો. મંગળવારે ઍટર્ની જનરલે એવો ઠરાવ મૂક્યો કે આને આ પ્રમાણે બદલવામાં આવે: 'સંસ્થાનમાં રહી જવા માટે એક પાસ કે પરવાનો કઢાવવો જોઈએ' જેને માટે ૩ પાઉન્ડ ભરવાના રહેશે. નિશ્ચિતપણે આ એક વધારે સારો ફેરફાર છે, અને ઓછો અણગમો થાય એવા શબ્દોમાં એનાથી એનો એ હેતુ સરે છે. પરંતુ આ કુલી રહેવાસીઓ ઉપર એક ખાસ કર નાખવાની દરખાસ્તથી એક વ્યાપક પ્રશ્ન ખડો થાય છે. જો સામ્રાજ્યના બીજા ભાગોમાંથી આવનારા કુલીઓ ઉપર આ જાતની ગેરલાયકાત મુકાવાની હોય તો પછી એનો અમલ, જેમનો બ્રિટિશ સામ્રાજ્ય સાથે સંબંધ નથી એવા ચીનાઓ, આરબો, બહારનાં રાજ્યોમાંના કાફરો, અને એવા બીજા વસાહતીઓનો પણ સમાવેશ થાય એ રીતે વિસ્તૃત કરવો જોઈએ. આ રીતે કુલીઓને ખાસ પસંદ કરીને તેમને લક્ષ્યબિંદુ બનાવવા અને બીજા બધા પરદેશીઓને કોઈ પણ ગેરલાયકાત વિના છૂટથી વસવાટ કરવા દેવો એ ન્યાયસંગત વ્યવસ્થા નથી. જો પરદેશીઓ ઉપર કર નાખવાનો રિવાજ શરૂ કરવો જ હોય તો ખરેખર તે એવી જાતિઓથી કરવો જોઈએ કે જે પોતાની જન્મભૂમિમાં બ્રિટિશ ધ્વજ નીચે નથી, અને નહીં કે એવી જાતિઓથી જે, આપણે પસંદ કરીએ કે નહીં કરીએ, આપણી માફક એક જ સામ્રાજ્યની પ્રજા છે. આપણે જો તેમના ઉપર અસાધારણ ગેરલાયકાતો નાખવા માગતા હોઈએ તો એને માટે તેઓ પહેલા નહીં પરંતુ છેલ્લા રહેવા જોઈએ.

૧૮. તમારા અરજદારો જણાવે છે કે આ વ્યવસ્થા કોઈ પણ ન્યાયપ્રિય માણસોને ગમી નથી. નાતાલ કમિશનના સભ્યોએ હિંદી સરકારને, ગમે એટલી આનાકાનીથી હોય તો પણ ગિરમીટની મુદત અચોક્કસ રીતે વધારવાની અથવા ફરજિયાત પાછા ફરવાની વાતને સંમતિ આપવાનું

Gandhi Heritage Portal

વચન આપવાને કેવી રીતે સમજાવી એ તમારા અરજદારો જાણવાનો દાવો કરતા નથી. પણ તમારા અરજદારો એવી આશા રાખે છે કે ગિરમીટિયા હિંદીઓને પક્ષે અહીં રજૂ કરેલા મામલા તરફ નામદાર સમ્રાજ્ઞીની સરકાર તથા હિંદી સરકાર તરફથી પૂરું ધ્યાન આપાશે અને એકપક્ષી કમિશનની રજૂઆતને આપવામાં આવેલી કોઈ પણ સંમતિને ગિરમીટિયા હિંદીઓના મામલા તરફ પૂર્વગ્રહ ઊભો કરવા દેવામાં આવશે નહીં.

૧૯. ઝટ ધ્યાન જઈ શકે એટલા ખાતર તમારા અરજદારો, નેક નામદાર વાઈસરૉયના નેક નામદાર નાતાલના ગવર્નરને મોકલેલા ૧૮૯૪ની સાલના સપ્ટેમ્બરની ૧૭મી તારીખના ખરીતામાંથી નીચેના ઉતારા રજૂ કરે છે:

> મેં પોતે તો હાલમાં ચાલુ છે એ પદ્ધતિ જ ચાલુ રહે એ પસંદ કર્યું હોત, જેની નીચે ગિરમીટની મુદત પૂરી થતાં કોઈ પણ વસાહતીને માટે સંસ્થાનમાં પોતાને હિસાબે અને જોખમે વસવાટ કરવાની છૂટ છે. અને મને એવા વિચારો જોડે નહીં જેવી જ સહાનુભૂતિ છે કે જે તાજ નીચેની કોઈ પણ પ્રજાને બ્રિટિશ ધ્વજ નીચેના કોઈ પણ સંસ્થાનમાં વસવાટ કરતાં અટકાવે છે. પણ નાતાલ સંસ્થાનમાં હિંદી રહેવાસીઓ પ્રત્યે હાલમાં જે ભાવના દર્શાવાઈ રહી છે તે ધ્યાનમાં લેતાં કમિશનના સભ્યોએ પોતાના ૧૮૯૪ની સાલના જાન્યુઆરીની ૨૦મી તારીખના પ્રાર્થનાપત્રમાં રજૂ કરેલી આગલા પૅરેગ્રાફમાં નિર્દેશેલી (क થી च) દરખાસ્તોને, નીચે આપેલી જોગવાઈઓને આધીન રહીને સ્વીકારવાને હું તૈયાર છું, તે એવી કે:
>
> (क) જ્યારે કોઈ કુલી કે મજૂર પ્રથમ ભરતી થાય છે ત્યારે તેણે તેના કરારની શરતો મુજબ તેની ગિરમીટની મુદત દરમિયાન કે તે પૂરી થાય કે તરત જ હિંદુસ્તાન પાછા ફરવું પડશે, સિવાય કે તે એ જ શરતોએ ફરીથી ગિરમીટનો બીજો કરાર કરવાનું પસંદ કરતો હોય.
>
> (ख) જે મજૂરો પાછા જવાની ના પાડે તેમને કોઈ પણ સંજોગોમાં ફોજદારી કાનૂનની સજાઓને આધીન કરવામાં નહીં આવવા જોઈએ, અને
>
> (ग) બધા જ નવા કરારો બે વર્ષની મુદતના રહેશે, અને તેના કરારની પહેલી મુદતને છેડે તથા પાછળની દરેક નવી મુદતને છેડે વસાહતીને પાછા ફરવાના ભાડાની મફત સગવડ કરી આપવી જોઈએ.
>
> નામદાર સમ્રાજ્ઞીની સરકારની સંમતિથી હાલની પદ્ધતિમાં હું જે કાંઈ ફેરફારો મંજૂર રાખવાને તૈયાર છું તેનો ટૂંકો સાર નીચે મુજબ આપી શકાય.[1]

૨૦. તમારા અરજદારો રાહતની લાગણી સાથે એ વાતની નોંધ લે છે કે સમ્રાજ્ઞીની સરકારે હજી સુધી કમિશનના સભ્યોનાં સૂચનોને મંજૂર કર્યાં નથી.

૨૧. ફરજિયાત પાછા ફરવાનો અથવા ફરી કરાર કરવાનો વિચાર જ્યારથી પ્રથમ શરૂ થયો ત્યારથી તેને અપનાવવામાં તે કેટલો ભારે અન્યાયભર્યો હતો એ વાત હજી વધારે સ્પષ્ટ કરવાને તમારા અરજદારો, ૧૮૮૫ની સાલમાં નાતાલમાં બેઠેલા વસાહતી કમિશનના હેવાલમાંથી અને તેની આગળ લેવાયેલી જુબાનીમાંથી ઉતારા આપવાની પરવાનગી ઇચ્છે છે.

૧. મૂળ લખાણ સાથે આ સાર આપેલો નથી.

Gandhi Heritage Portal

૨૨. કમિશનના સભ્યોમાંના એક મિ. જે. આર. સૉન્ડર્સ પોતાના વધારાના હેવાલમાં પોતાના વિચારો ભારપૂર્વક નીચેના શબ્દોમાં રજૂ કરે છે:

> જોકે કમિશને એવો કાયદો પસાર કરવાની ભલામણ નથી કરી કે જે કાયદો હિંદીઓને પોતાની નોકરીની મુદત પૂરી થતાં ગિરમીટનો કરાર ફરી નહીં કરી આપ્યો હોય તો હિંદુસ્તાન પાછા ફરવાને ફરજ પાડે, તોપણ હું એવા કોઈ પણ વિચારને સખત રીતે વખોડી કાઢવા ઇચ્છું છું અને ખાતરીપૂર્વક મને એવું દેખાય છે કે જે અનેક લોકો આ યોજનાની તરફેણ કરી રહ્યા છે તેઓ એનો શો અર્થ થાય એ સમજશે ત્યારે મારા જેટલા જ જોરથી એને નામંજૂર કરશે. હિંદીઓના પ્રવેશને બંધ કરી દો અને તેનાં પરિણામોનો સામનો કરો, પણ જેને હું એક ભારે અન્યાય હોવાનું બતાવી આપી શકું એમ છું તે કરવાનો પ્રયાસ નહીં કરો.
>
> આ વાત એ સિવાય બીજું શું છે કે (સારા તેમ જ ખરાબ બંને જાતના) નોકરો પાસેથી સારામાં સારો લાભ ઉઠાવવો, અને પછી તેમને તેમના કામનો બદલો માણવાની ના પાડવી! જ્યારે એમના જીવનનો ઉત્તમ કાળ આપણા ફાયદા માટે ઉપયોગમાં લેવાઈ ગયો હોય ત્યારે તેમને બળજબરીથી (આપણાથી બની શકે તો, પણ આપણે તેમ કરી શકતા નથી) પાછા કાઢી મૂકવા. અને તે ક્યાં? ફરીથી તે ભૂખમરાની સંભાવનાનો સામનો કરવાને જેમાંથી તેમણે તેઓ જુવાન હતા ત્યારે છટકવાનો પ્રયાસ કર્યો હતો. શેક્સપિયરના નાટકના શાઇલૉકની માફક આપણે જો શેર માંસ લેવા ચાહીશું તો તેની માફક જ તેને મળેલો બદલો ભોગવવા પણ આપણે તૈયાર રહેવું પડશે.
>
> તમે ઇચ્છો તો હિંદીઓના પ્રવેશને રોકી દો; આજે જો ખાલી ઘરો પૂરતાં નહીં હોય તો આરબો અને હિંદીઓને કાઢીને વધારે ખાલી કરો; આ લોકો તેમાં રહે છે અને અર્ધાથી પણ ઓછા વસવાટવાળા દેશની ઉત્પાદનની અને વાપરવાની શક્તિમાં ઉમેરો કરે છે. પણ આપણે તપાસની આ એક બાબતનાં પરિણામોને, બીજી બાબતોના ઉદાહરણ તરીકે ગણીને જરા તપાસીએ. આપણે એ તપાસીએ કે કેવી રીતે ખાલી પડેલાં ઘરો મિલકત અને સરકારી લોનોના ભાવો ઘટાડી દે છે, આમાંથી કેવી રીતે બાંધકામના ધંધામાં અને એવા બીજા ધંધાઓ તથા તેના પર આધાર રાખતા પુરવઠા માટેની દુકાનોમાં મંદી લાવે છે. એ જુઓ કે કેવી રીતે આને પરિણામે ગોરા યાંત્રિકો માટેની માગણી ઘટવા પામે છે. અને આટલા બધા લોકોની ખર્ચ કરવાની શક્તિમાં મંદી આવવાથી પછી કેવી રીતે સરકારી આવકમાં તૂટ પડવાનો સંભવ ઊભો થાય છે અને તેમાંથી નોકરોની સંખ્યામાં કાપકૂપ કરવાની અથવા કર વધારો કરવાની અથવા બંનેની જરૂર ઊભી થાય છે. આ પરિણામનો અને વિગતે ગણતરી ન થઈ શકે એવાં બીજાં અસંખ્ય પરિણામોનો મુકાબલો કરો, અને જો આંધળા જાતિવિષયક લાગણીવેડા અગર જાતિદ્વેષનો જ વિજય થવાનો હોય તો તેમ થવા દો. સંસ્થાન હિંદીઓના પ્રવેશને રોકી શકે છે, અને તે કદાચ થોડા લોકપ્રિયતા પાછળ પડેલા લોકો ઇચ્છતા હોય તેનાથી પણ વધારે સહેલાઈથી અને કાયમી સ્વરૂપે રોકી શકે. પણ માણસોને તેમની નોકરીના છેવટના ભાગમાં બળજબરીથી ધકેલી કાઢવાનું કામ સંસ્થાન કરી નહીં શકે. અને હું એને એવો પ્રયાસ કરીને એક સારા નામને બટ્ટો નહીં લગાડવાનો આગ્રહ કરું છું.

Gandhi Heritage Portal

૨૩. પહેલાંની લેજિસ્લેટિવ કાઉન્સિલના માજી સભ્ય અને હાલના ઍટર્ની જનરલે (માનનીય મિ. એસ્કોમ્બ), કમિશન આગળ પોતાની જુબાની આપતાં કહ્યું (પા. ૧૭૭):

> મુદત પૂરી થઈ હોય એવા હિંદીઓ બાબતમાં, હું નથી માનતો કે કોઈ પણ માણસને માટે દુનિયાના કોઈ પણ ભાગમાં જવાનું ફરજિયાત હોવું જોઈએ, સિવાય કે તેણે દેશનિકાલની સજા થાય એવો કોઈ ગુનો કર્યો હોય; આ પ્રશ્ન વિષે હું ઘણું ઘણું સાંભળું છું; વારંવાર મને આનાથી જુદો અભિપ્રાય બાંધવા માટે કહેવામાં આવ્યું છે, પણ હું તે કરી શક્યો નથી. એક માણસને સિદ્ધાંતની રીતે જોતાં પોતાની સંમતિથી, વ્યવહારમાં ઘણી વાર પોતાની સંમતિ વિના (નાગરી તમારા અરજદારોનું છે) અહીં લાવવામાં આવે છે. તે પોતાના જીવનનાં પાંચ ઉત્તમ વર્ષ આપે છે, તે નવા સંબંધો કેળવે છે અને જૂનાને ભૂલી જાય છે, કદાચ અહીં પોતાનું ઘર પણ માંડે છે. એટલે ખરાખોટાની મારી સમજ મુજબ તેને પાછો મોકલી દઈ શકાય નહીં. તેમની પાસેથી શક્ય એટલું કામ કઢાવી લઈ તેમને કાઢી મૂકવાનો હુકમ કાઢવા કરતાં એ બહેતર છે કે વધારે હિંદીઓને દાખલ કરવાનું બિલકુલ અટકાવી દેવામાં આવે. એવું દેખાય છે કે સંસ્થાનને અથવા સંસ્થાનના એક વિભાગને હિંદીઓની જરૂર છે. પરંતુ સાથે સાથે તે હિંદીઓનાં દાખલ થવાનાં પરિણામો ટાળવા ઇચ્છે છે. હું જાણું છું ત્યાં સુધી હિંદી લોકો કશું નુકસાન કરતા નથી. કેટલીક બાબતોમાં તેઓ ભારે ફાયદો કરતા હોય છે. જે માણસે પાંચ વર્ષ સુધી સારું વર્તન રાખ્યું હોય તેને દેશની બહાર કાઢવાની વાતને યોગ્ય ઠરાવવા માટેનું એક પણ કારણ મારા સાંભળવામાં કદી આવ્યું નથી. હું નથી માનતો કે કોઈ હિંદીને, તેની પાંચ વર્ષની નોકરી પૂરી થતાં પોલીસની દેખરેખ નીચે મૂકવો જોઈએ, સિવાય કે તે ગુનાહિત કામો કરનારો હોય. યુરોપિયનો કરતાં આરબોને શા માટે વિશેષરૂપે પોલીસની દેખરેખ નીચે મૂકવા જોઈએ એ હું નથી જાણતો. કેટલાક આરબોના દાખલાઓમાં તો આ વસ્તુ તદ્દન હાસ્યાસ્પદ છે. તેઓ ભારે માલમિલકત ધરાવે છે, તેઓ ભારે લાગવગ ધરાવે છે અને જો તેમની સાથે બીજાઓ કરતાં વધારે નફાથી વેપાર થઈ શકે તો તેમનો હમેશાં વેપારમાં ઉપયોગ થાય છે.

૨૪. તમારા અરજદારો એક બાજુથી ઉપરની વાતો તરફ તમારું ધ્યાન ખેંચવાની સાથે સાથે પોતાની એ રીતની દિલગીરી દર્શાવ્યા સિવાય રહી શકતા નથી કે જે ગૃહસ્થે દશ વર્ષ પહેલાં ઉપરના વિચારો દર્શાવ્યા હતા, તે જ આજે પ્રસ્તુત બિલને રજૂ કરનાર ધારાસભ્ય છે.

૨૫. મિ. એચ. બિન્સ કે જેઓ મિ. મેસન સાથે એક સભ્ય તરીકે હિંદી મજૂરોની ફરજિયાત રવાનગી અથવા ફરી કરાર કરી આપવાની વાતને મંજૂર કરવા હિંદી સરકારને સમજાવવા ગયા હતા તેમણે કમિશન આગળ પોતાની જુબાની આપતાં નીચેનો અભિપ્રાય દર્શાવ્યો હતો:

> હું માનું છું કે, એવો જે એક વિચાર રજૂ થયો છે કે પોતાની ગિરમીટની મુદત પૂરી થતાં બધા જ હિંદીઓને હિંદ પાછા ફરવાની ફરજ પાડવી જોઈએ, તે હિંદી વસ્તી માટે ભારે અન્યાયભર્યો છે, અને તેને હિંદી સરકારની મંજૂરી કદી મળશે નહીં. મારા અભિપ્રાય પ્રમાણે સ્વતંત્ર હિંદી વસ્તી, કોમ કે સમાજનો સૌથી ઉપયોગી વર્ગ છે. આ હિંદીઓનો એક મોટો સમૂહ, સામાન્ય રીતે ધારી લેવામાં આવે છે તેના કરતાં ખૂબ જ

Gandhi Heritage Portal

મોટો સમૂહ, સંસ્થાનમાં નોકરીઓ કરે છે. ખાસ કરીને તે ગામડાંઓમાં અને શહેરોમાં ઘરોના નોકરો તરીકે રોકાયેલો છે. સ્વતંત્ર હિંદીઓની વસ્તી હસ્તીમાં આવી તે પહેલાં પિટરમૅરિત્સબર્ગ અને ડરબન શહેરોમાં ફળ, શાકભાજી અને મચ્છી બજારમાં આવતી નહોતી. હાલમાં આ બધી ચીજો જોઈએ એટલી મળે છે. યુરોપથી આવનારા વસાહતીઓમાં જેમણે શાકભાજી ઉગાડનારા કે મચ્છીમારો બનવાની થોડી પણ વૃત્તિ બતાવી હોય એવા કોઈ માણસો આપણને કદી મળ્યા નથી. અને મારો એવો અભિપ્રાય છે કે સ્વતંત્ર હિંદી વસ્તીની હસ્તિ જ નહીં હોત તો પિટરમૅરિત્સબર્ગ અને ડરબનનાં બજારો દસ વર્ષ પહેલાં હતાં તેવાં જ આજે પણ પુરવઠાની તંગીવાળાં જ રહ્યાં હોત. (પા. ૧૫૫–૧૫૬)

૨૬. હાલના વડા ન્યાયાધીશ અને ભૂતપૂર્વ ઍટર્ની જનરલે નીચેનો અભિપ્રાય દર્શાવ્યો:

હિંદીઓને જે કાનૂનો નીચે સંસ્થાનમાં દાખલ કરવામાં આવે છે તેની શરતોના કોઈ પણ ફેરફારો સામે હું વાંધો લઉં છું. મારા અભિપ્રાય મુજબ, જેમને દાખલ કરવામાં આવ્યા છે એવા સંખ્યાબંધ હિંદીઓએ સમુદ્ર કિનારાના પ્રદેશમાં મોટે અંશે ગોરા વસાહતીઓની નિષ્ફળતાની ખોટ પૂરી કાઢી છે. તેમણે બીજી રીતે વણખેડાયેલી રહે એવી જમીનને ખેતીના ઉપયોગમાં આણી છે. અને તેમાં સંસ્થાનવાસીઓને ખરેખરો ફાયદો થાય એવા પાકો પકવ્યા છે. જે અનેક લોકોએ હિંદ પાછા ફરવાના ભાડાનો લાભ નથી ઉઠાવ્યો તેઓ વિશ્વાસપાત્ર અને ઉપયોગી ઘરકામ કરનારા નોકરો સાબિત થયા છે. (પા. ૩૨૭)

૨૭. આ જ વિસ્તૃત હેવાલમાંથી અને જુબાનીમાંથી હજી પણ અનેક ઉતારા આપીને એ બતાવી શકાય કે આ વ્યવસ્થા વિષે સંસ્થાનમાંના સૌથી નામાંકિત માણસો કેવા વિચારો ધરાવતા હતા.

૨૮. અરજદારો વધારામાં મેસર્સ બિન્સ અને મેસનના હેવાલમાંથી નીચેની વાત તરફ તમારું ધ્યાન ખેંચવા ઇચ્છે છે:

હજી સુધી, હિંદી સરકાર પાસે વારંવાર પરવાનગી માગવા છતાં જે કોઈ દેશમાં મજૂરો ગયા હોય તેમની બાબતમાં ગિરમીટની બીજી મુદતને માટે સંમતિ આપવામાં આવી નથી. ગિરમીટની મુદત પૂરી થયે ફરજિયાત પાછા ફરવાની શરત કોઈ પણ દાખલામાં મંજૂર રાખવામાં આવી નથી.

૨૯. આ કાનૂનના બચાવમાં સંસ્થાનમાં એવું કહેવામાં આવ્યું છે કે જ્યાં બંને પક્ષો સ્વેચ્છાથી અમુક ચીજ કરવાને સંમત થાય ત્યાં અન્યાય થઈ જ શકતો નથી, અને નાતાલ આવતાં પહેલાં હિંદીઓને તેઓ કઈ શરતે નાતાલ જઈ રહ્યા છે તેની ખબર પડયા વિના રહેશે નહીં. આ મુદ્દો નામદાર લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી અને લેજિસ્લેટિવ કાઉન્સિલને કરવામાં આવેલી અરજીઓમાં છણવામાં આવ્યો છે અને તમારા અરજદારો એ વાત ફરીથી કહેવાની ધૃષ્ટતા કરે છે કે જ્યારે કરારમાં ઊતરનારા પક્ષો સમાન કક્ષાએ નથી હોતા ત્યારે આ દલીલ બિલકુલ લાગુ પડતી નથી. જ્યારે એક હિંદી, મિ. સૉન્ડર્સના શબ્દોમાં "ભૂખમરામાંથી બચવાને" માટે ગિરમીટનો કરાર કરવા માગે છે ત્યારે તે ભાગ્યે જ સ્વતંત્ર વ્યક્તિ કહેવાય.

૩૦. હમણાં છેક ૧૮૯૪માં ઉપર દર્શાવેલા સંરક્ષકના હેવાલમાં હિંદીઓ કેટલા અનિવાર્ય છે તેના પુરાવા વિષે કહેવામાં આવ્યું છે. પા. ૧૫ ઉપર તે કહે છે:

Gandhi Heritage Portal

જો આ સંસ્થાનમાંથી સમયના ટૂંકા ગાળા માટે પણ હિંદીઓની આખી વસ્તીને ખેંચી લેવાનું શકય હોય તો મને ખાતરી છે કે માત્ર બહુ થોડા અપવાદો બાદ કરતાં હાલમાં મોજૂદ છે એવો દરેક ઉદ્યોગ માત્ર વિશ્વાસુ મજૂરોના અભાવે ભાંગી પડશે. સ્થાનિક રહેતા દેશી લોકો નિયમ તરીકે કામ કરવાના નથી એ હકીકત તરફ દુર્લક્ષ કરી શકાય એમ નથી. એટલે આખા સંસ્થાનમાં બધે એ વાત સ્વીકારાયેલી છે કે એક મજૂર તરીકે હિંદી સિવાય ખેતીવાડીનો કે બીજી રીતનો, કાંઈ પણ મહત્ત્વ ધરાવતો ઉદ્યોગ સફળતાથી ચલાવવાનું સંભવિત નથી. એટલું જ નહીં પણ નાતાલનો લગભગ દરેક ગૃહસ્થ ઘરકામ કરનારા નોકરો વિનાનો થઈ પડશે.

૩૧. જેને નિષ્ણાતોનો કહી શકાય એવા શરૂથી તે આજ સુધીના અભિપ્રાયનો લગભગ આખો પ્રવાહ હિંદીઓની ઉપયોગિતા બતાવી આપતો હોય તો તમારા અરજદારો રજૂ કરે છે કે એટલું કહેવાનું વધારે પડતું નથી કે આવી પ્રજાને કાયમી બંધનમાં રાખવી અથવા તેને તે ભરી શકે કે ન ભરી શકે તોપણ વાર્ષિક ૩ પાઉન્ડનો કર ભરવાની ફરજ પાડવી એ વાત ઓછામાં ઓછું કહીએ તો પણ તદ્દન પક્ષપાતભરી અને સ્વાર્થી છે.

૩૨. તમારા અરજદારો તમારું ધ્યાન માનપૂર્વક એ હકીકત તરફ દોરવા માગે છે કે જો આ બિલે કાનૂનનું સ્વરૂપ લઈ લીધું તો વિદેશમાં વસાહત કરવાના ખુદ હેતુઓ બધા સ્વરૂપમાં માર્યા જશે. આ વસાહત કરવાનો હેતુ જો હિંદીઓને છેવટે તેમની આર્થિક સ્થિતિ સુધારવાને શક્તિમાન બનાવવાનો હોય તો તેમને કાયમી ગિરમીટ નીચે રહેવાની ફરજ પાડીને એ હેતુ ફળીભૂત નહીં થઈ શકે. જો એ હેતુ હિંદુસ્તાનની ગીચ વસ્તીવાળા ભાગોમાં રાહત ઊભી કરવાનો હોય તો એ હેતુ પણ નિષ્ફળ જ જશે. કારણ કે બિલનો હેતુ સંસ્થાનમાંના હિંદીઓની સંખ્યાને વધારવા દેવાનો નથી. ઇચ્છા તો એવી છે કે જે લોકો ગિરમીટની ઝૂંસરી લાંબો સમય સહન કરી શકે એમ નથી તેમને નવી ભરતી કરીને બદલી નાખવા અને બળજબરીથી હિંદ પાછા મોકલી દેવા. તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે આમ પહેલી સ્થિતિ કરતાં પાછલી સ્થિતિ ખૂબ જ ખરાબ રહેશે. કારણ કે નિકાસના બારા તરીકે નાતાલને સંબંધ છે ત્યાં સુધી એક બાજુથી ગીચ વસ્તીવાળા જિલ્લાઓમાંની હિંદીઓની સંખ્યા જેની તે રહેશે છતાં જેઓ પોતાની ઇચ્છા વિરુદ્ધ પાછા જશે તેઓ ચિંતા અને તકલીફનું કારણ બન્યા સિવાય રહેશે નહીં. એનું કારણ એવું છે કે તેઓ કામ મેળવવાની કોઈ આશા વિનાના અથવા ભરણપોષણ માટે કોઈ મૂડી વિનાના હોવાથી તેમનો ગુજારો સરકારી ખર્ચે કરવો પડે એવું બનવાજોગ છે. આ વાંધાના જવાબમાં એમ કહી શકાય કે અહીં એવી પરિસ્થિતિ કલ્પી લેવાઈ છે કે જે કદી ઊભી જ થાય એમ નથી; કહેવાની મતલબ એ કે હિંદીઓ ખુશીથી વાર્ષિક કર ભરી દેશે. પરંતુ અમારા અરજદારો એટલું દર્શાવવાની રજા ચાહે છે કે જો આવી દલીલ આગળ કરવામાં આવે તો એનાથી હકીકતમાં એવું સાબિત થશે કે ફરી કરાર કરવાની અને વાર્ષિક કર ભરવાની કલમો ધારેલી અસર પેદા નથી કરતી તેટલે અંશે બિલકુલ નકામી છે. ઉદ્દેશ કાંઈ પણ આવક વધારવાનો છે એવી તો કદી દલીલ કરવામાં આવી નથી.

૩૩. એટલા ખાતર તમારા અરજદારો જણાવે છે કે, જો સંસ્થાન હિંદીઓ સાથે મેળ બેસાડી શકે એમ ન હોય, તો તમારા અરજદારોના નમ્ર અભિપ્રાય પ્રમાણે એકમાત્ર રસ્તો ભવિષ્યમાં નાતાલમાં બધા જ વસાહતીઓનો પ્રવેશ કાંઈ નહીં તો હાલ તુરત માટે બંધ કરવાનો છે. તમારા અરજદારો એવી વ્યવસ્થા સામે માનપૂર્વક છતાં ભારપૂર્વક વાંધો ઉઠાવે છે જે માત્ર

Gandhi Heritage Portal

એક જ પક્ષને બધો જ લાભ આપતી હોય અને તે પણ જેને એની તદ્દન નહીં જેવી જરૂર છે તેને. તમારા અરજદારોનું કહેવું એવું છે કે વસાહતીઓનો આ રીતે પ્રવેશ અટકાવવાની વાતની હિંદના ગીચ વસ્તીવાળા ભાગો ઉપર ખાસ અસર થશે નહીં.

૩૪. અત્યાર સુધી તમારા અરજદારોએ ગિરમીટના કરારની અને પરવાના અંગેની કલમો એકસાથે ચર્ચી છે. પરવાના બાબતમાં, તમારા અરજદારો તમારું ધ્યાન એ હકીકત તરફ ખેંચવાની વિનંતી કરે છે કે જે એક વિદેશી રાજ્ય છે એવા ટ્રાન્સવાલમાં પણ જે હિંદીઓ પોતાની ઈચ્છાથી અને પોતાને ખર્ચે ત્યાં જાય છે તેમના ઉપર સરકારે વાર્ષિક કર નાખવાની હિંમત કરી નથી. એક જ વખત ૩ પાઉન્ડ ૧૦ શિલિંગનો માત્ર એક પરવાનો કઢાવવાનો હોય છે. અને તમારા અરજદારોને માહિતી છે કે બીજી બાબતો ભેગી આ બાબત પણ સમ્રાજ્ઞીની સરકારને મોકલેલા પ્રાર્થનાપત્રનો[૧] વિષય બનેલી છે. એ ઉપરાંત, આ દાખલામાં પરવાનો એ બહુ જ અનિષ્ટ સ્વરૂપનો વાર્ષિક કર છે. એના કમનસીબ શિકારે પોતાની પાસે કશું પણ સાધન હોય ન હોય છતાં કર ભરી દેવાનો છે. ચર્ચા દરમિયાન એક સભ્યે એવો પ્રશ્ન કર્યો કે જો કોઈ હિંદી એ કર સામે વાંધો લે અથવા એ ન ભરે તો તે વસૂલ કઈ રીતે કરવામાં આવશે? ત્યારે ઍટર્ની જનરલે જવાબ આપ્યો કે સરકારી રાહે જપ્તીથી વસૂલ કરવા માટે આવો ગુનો કરનાર હિંદીના ઘરમાં હમેશાં પૂરતી જાયદાદ મળી આવશે.

છેવટે તમારા અરજદારો જણાવે છે કે લાઈસન્સની કલમના સમાવેશથી ઉપર દર્શાવેલા વાઈસરૉયના ખરીતામાં ઠરાવવામાં આવેલી મર્યાદાનું ઉલ્લંઘન થાય છે.

અંતમાં, તમારા અરજદારો ખૂબ જ આગ્રહપૂર્વક વિનંતી કરે છે અને વિશ્વાસપૂર્વક આશા રાખે છે કે સમ્રાજ્ઞીની સરકાર એવા નિર્ણય ઉપર આવશે કે અહીં ચર્ચેલી કલમો ખુલ્લી રીતે અન્યાયપૂર્ણ છે અને તેથી ઉપર જેનો ઉલ્લેખ થયો છે તે ઇન્ડિયન ઇમિગ્રેશન એમેન્ડમેન્ટ બિલને નામંજૂર કરવાની મહેરબાની કરશે, અથવા જેનાથી ન્યાયનો હેતુ બર આવે એવી બીજી રાહતો અપાવશે.

અને આ ન્યાય અને દયાના કાર્ય માટે તમારા અરજદારો ફરજ સમજીને હમેશ પ્રાર્થના કરતા રહેશે વગેરે વગેરે.

[મૂળ અંગ્રેજી]

છાપેલી નકલની છબી પરથી

૧. દેખીતી રીતે જ આનો ખરડો ગાંધીજીએ ઘડચો નહોતો. મૂળ પાઠ લભ્ય નથી.

Gandhi Heritage Portal

# ૫૬. લૉર્ડ એલ્જિનને અરજી

[ડરબન,
ઑગસ્ટ ૧૧, ૧૮૯૫]

નામદાર ધિ રાઈટ ઑનરેબલ
લૉર્ડ એલ્જિન, હિંદના વાઈસરૉય અને ગવર્નર જનરલ
અને કાઉન્સિલના સભ્યો જોગ,
કલકત્તા

**નાતાલ સંસ્થાનના નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવે છે કે:

તમારા અરજદારો જેઓ સમ્રાજ્ઞીના હિંદી પ્રજાજનો છે, તમો નામદારનું ધ્યાન સમ્રાજ્ઞીની સરકારને મોકલેલી નમ્ર અરજી[1] તરફ ખેંચવાની ઇજાજત લે છે. એ અરજી નાતાલની લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી અને લેજિસ્લેટિવ કાઉન્સિલે તાજેતરમાં પસાર કરેલા ઇન્ડિયન ઇમિગ્રેશન લૉ એમેન્ડમેન્ટ બિલની અમુક કલમો બાબતમાં હતી જે થોડે અંશે તમો નામદારના, નામદાર નાતાલના ગવર્નર ઉપરના એ બાબતના ખરીતાને આધારે ઘડાઈ હતી, જેની એક નકલ આ સાથે જોડવામાં આવી છે.

તમો નામદારનું ધ્યાન ઉપરની અરજી તરફ ખેંચવા ઉપરાંત તમારા અરજદારો આ બિલ વિષે સાદર નીચે મુજબ જણાવવાની રજા માગે છે:

તમો નામદારના અરજદારોને ખેદ સાથે એ વાતની જાણ થઈ છે કે તમો નામદાર ફરજિયાત રીતે ફરીથી કરાર કરવાની અથવા ફરજિયાત પાછા ફરવાની વાતના સિદ્ધાંતને મંજૂર કરવાનું વલણ ધરાવો છો.

તમારા અરજદારોને એ વાતનો પણ ખેદ થાય છે કે જ્યારે કમિશનના સભ્યો[2] હિંદુસ્તાન જવા નીકળ્યા ત્યારે તેમણે તેમની સાથે કોઈ અરજી મોકલી નહોતી. આવો રસ્તો લેવામાં કયાં કારણો વચમાં આવ્યાં હતાં તેની ચર્ચા કરવાનું નિરર્થક જ ગણાશે. આમ છતાં તમારા અરજદારો વિશ્વાસપૂર્વક આશા રાખે છે કે કોઈ સંજોગમાં બિલ કાનૂન બને તો તેનાથી જે અન્યાય અમારા ઉપર ઝીંકાશે તે એવડો મોટો હશે કે તેને રોકવામાં ઉપરની અમારી ભૂલ વચમાં આવશે નહીં.

તમારા અરજદારો વધારેમાં વધારે આદર સાથે એ વાત બતાવી આપવાને હિંમત કરે છે કે જો ફરજિયાત પાછા ફરવાની શરતનો ભંગ કરવા સામે ફોજદારી કાનૂનનો અમલ થઈ શકતો ન હોય તો પછી મજૂરીના કરારોમાં આવી કલમ દાખલ કરવાનું ખરેખર નુકસાનકારક નહીં હોય તોપણ તદ્દન નકામું છે. કારણ કે એમાંથી એ કરાર કરનાર પક્ષને પોતાના કરારનો ભંગ કરવાને ઉત્તેજન મળશે અને એવા ભંગ તરફ કાનૂન બેધ્યાન રહેશે. અને આવી ભારે સાવચેતી પહેલેથી જ કરારમાં રહેલા અન્યાયનું અસ્તિત્વ કલ્પી લેતી હોવાને કારણે તમારા અરજદારો

૧. જુઓ પા. ૧૬૫.
૨. જુઓ પા. ૧૬૬.

Gandhi Heritage Portal

માનપૂર્વક જણાવે છે કે મંજૂરી મેળવી લેવાનું જો કોઈ કારણોથી ન્યાયી ઠરતું જ હોય તો પણ તે માટે અપાયેલાં કારણો સંપૂર્ણ રીતે અધૂરાં છે.

આ સાથે જોડેલાં લખાણમાં ઈશારો કરવામાં આવ્યો છે તે મુજબ, તમારા અરજદારો તમો નામદારને, આજીજીપૂર્વક વિનંતી કરે છે કે વાંધો લેવામાં આવ્યો છે એવી કોઈ પણ કલમોને મંજૂરી આપવામાં નહીં આવે, પરંતુ સાથે જોડેલા લખાણમાં[1] ઉતારેલા મિ. જે. આર. સૉન્ડર્સ અને માનનીય મિ. એસ્કમ્બના ભારપૂર્વક વ્યક્ત કરેલા અભિપ્રાયો મુજબ નાતાલ આવતા વસાહતીઓને અટકાવવામાં આવે.

તમારા અરજદારો માનપૂર્વક એ વાતનો વિરોધ કરે છે કે સમ્રાજ્ઞીના પ્રજાજનોના કોઈ પણ વર્ગને, પછી તે સૌથી ગરીબ કેમ ન હોય, લગભગ ગુલામ બનાવવામાં આવે અથવા તેના ઉપર ખાસ, હાનિકારક માથાવેરો નાખવામાં આવે, અને તે એટલા ખાતર કે સંસ્થાનવાસીઓનું એક જૂથ જે આવા પ્રજાજનો પાસેથી આજ સુધી ભારેમાં ભારે ફાયદો ઉઠાવતું આવ્યું હોય તે કોઈ પણ બદલો આપ્યા સિવાય એ જ માણસો પાસેથી વધારે ચૂસવા માટેની પોતાની ધૂન કે ઈચ્છા સંતોષી શકે. ફરજિયાત ફરી કરારમાં ઊતરવાના અથવા તેને બદલે માથાવેરો નાખવાના વિચારને ધૂન કહેવામાં તેમણે સાચો જ શબ્દ વાપર્યો છે; કારણ કે તમારા અરજદારો દૃઢતાપૂર્વક માને છે કે સંસ્થાનમાં હિંદીઓની વસ્તી ત્રણ ગણી કરી દેવામાં આવે તોપણ ભય માટે કોઈ કારણ રહેતું નથી.

પરંતુ, તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે, ઉપરના જેવી બાબતમાં સંસ્થાનના લોકોની ઈચ્છા જ કાંઈ તમો નામદારના નિર્ણયની માર્ગદર્શક નહીં થઈ શકે, પણ આ કલમોની અસર નીચે આવતા હિંદીઓનાં હિતોનો પણ વિચાર કરવાનું જરૂરી છે. અને યોગ્ય એવા પૂરા આદર સાથે તમારા અરજદારોને કહેતાં કોઈ પણ સંકોચ રહેતો નથી કે આ કલમો જો કદી મંજૂર થઈ તો તે સમ્રાજ્ઞીના સૌથી નિરાધાર પ્રજાજનો માટે એક ગંભીર અન્યાય અને ગેરવર્તાવનું કાર્ય થઈ પડશે.

તમારા અરજદારો જણાવે છે કે પાંચ વર્ષનો ગિરમીટનો ગાળો પસાર કરવામાં પૂરતો લાંબો છે. એને અચોક્કસ મુદત માટે લંબાવવાનો અર્થ એ થશે કે જે કોઈ હિંદી ૩ પાઉન્ડનો માથાવેરો ભરી નહીં શકે અથવા હિંદુસ્તાન પાછો નહીં જઈ શકે તેણે કાયમને માટે સ્વતંત્રતા વિના, કદી પોતાની સ્થિતિ સુધારવાના કોઈ પણ અવકાશ વિના, તથા તેનું ઝૂંપડા જેવું ઘર, તેની નજીવી રોજી અને ચીંથરેહાલ કપડાંને બદલે વધારે સારું ઘર, ગમી જાય એવો ખોરાક અને માનભર્યાં કપડાં મેળવવાનો વિચાર સુધ્ધાં કર્યા વિના રહેવું પડશે. તેણે પોતાનાં બાળકોને પોતાના રસ પ્રમાણે કેળવણી આપવાનો અથવા પોતાની પત્નીને કોઈ પણ જાતના આનંદપ્રમોદ વડે સુખસંતોષ આપવાનો વિચાર સિક્કે કરવો નહીં જોઈએ. તમારા અરજદારોનું કહેવું એવું છે કે ઉપર વર્ણવેલા જીવન કરતાં તો હિંદુસ્તાનમાંનું અડધી ભૂખની દશાનું પરંતુ સ્વતંત્રતાનું અને સમાન સ્થિતિવાળા મિત્રો અને સગાંસંબંધી વચ્ચેનું જીવન ખરેખર વધારે સારું અને વધારે ઈચ્છવાજોગ બનશે. એવી સ્થિતિમાં તો હિંદીઓ હજી પોતાની હાલત સુધારવાની અપેક્ષા રાખી શકે અને તક મેળવી શકે, પણ અહીંની સ્થિતિમાં તો કદી તેમ નહીં કરી શકે. તમારા અરજદારો માને છે કે પ્રવાસે નીકળવાને ઉત્તેજન આપવાનો આવો હેતુ કદી નહોતો.

૧. જુઓ પા. ૧૭૧-૨.



Gandhi Heritage Portal

એટલા માટે છેવટે તમારા અરજદારો ખરા હૃદયથી વિનંતી કરે છે અને વિશ્વાસપૂર્વક આશા રાખે છે કે જો સંસ્થાનને, જેની સામે વાંધો લેવામાં આવ્યો છે તે વ્યવસ્થા મંજૂર થયા સિવાય હિંદી વસાહતીઓનો પ્રવેશ ખપતો નહીં હોય તો તમે નામદાર ભવિષ્યમાં નાતાલમાં મજૂરો મોકલવાનું બંધ કરી દેવા અથવા ન્યાયી લાગતી એવી બીજી કોઈ રાહત આપવા મહેરબાની કરશો.

અને આ ન્યાય અને દયાના કાર્ય બદલ આપના અરજદારો ફરજ સમજી કાયમને માટે પ્રાર્થના કરતા રહેશે વગેરે વગેરે.

(સહી) અબદુલ કરીમ હાજી આદમ
અને બીજાઓ

[મૂળ અંગ્રેજી]
છાપેલી નકલની છબી પરથી

## ૫૭. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનો પહેલો હેવાલ

ઑગસ્ટ, ૧૮૯૫

### સ્થાપના

૧૮૯૪ની સાલના જુલાઈ મહિનામાં નાતાલ સરકારે ફ્રેન્ચાઈઝ લૉ અમેન્ડમેન્ટ બિલ (મતાધિકાર કાનૂન સુધાર વિધેયક) નામનું એક બિલ વિધાનસભામાં રજૂ કર્યું. એવું માનવામાં આવ્યું હતું કે સંસ્થાનમાંના હિંદીઓની ખુદ હસ્તી એનાથી જોખમમાં આવતી હતી. આ બિલને પસાર થતું રોકવાને કેવાં પગલાં ભરવાં જોઈએ તેનો વિચાર કરવાને મેસર્સ દાદા અબદુલ્લાની કંપનીના કંપાઉન્ડમાં સભાઓ ભરવામાં આવી હતી. બંને ધારાગૃહોને અરજીઓ મોકલવામાં આવી અને એના સભ્યોની મુલાકાત ડરબનથી પિટરમૉરિત્સબર્ગ ગયેલા એક લોક-પ્રતિનિધિએ લીધી હતી. આમ છતાં બિલ બંને ધારાગૃહોમાંથી પસાર થઈ ગયું. જે આંદોલન ચલાવવામાં આવ્યું હતું તેની અસર એવી થઈ કે બધા હિંદીઓને એક કાયમી સંસ્થાની સ્થાપના કરવાની પૂરી જરૂરિયાત સમજાઈ, જે સંસ્થાનની પહેલી જવાબદાર સરકારની હિંદીઓ સંબંધિની પ્રત્યાઘાતી સ્વરૂપની ધારાકીય કાર્યવાહીનો મુકાબલો કરશે અને હિંદીઓના હિતોનું રક્ષણ કરશે.

મેસર્સ દાદા અબદુલ્લાના કંપાઉન્ડમાં થોડી શરૂઆતની સભાઓ ભરાયા બાદ ઑગસ્ટની ૨૨મી તારીખે ભારે ઉત્સાહના વાતાવરણમાં નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસની વિધિસરની સ્થાપના થઈ. હિંદી કોમના બધા જ આગળપડતા સભ્યો કૉંગ્રેસમાં જોડાયા. પહેલે જ દિવસે ૭૬ જેટલા સભ્યોએ લવાજમ ભર્યાં. એ યાદી ધીમે ધીમે ૨૨૮ સુધી પહોંચી. શ્રી અબદુલ્લા હાજી આદમ પ્રમુખ તરીકે ચૂંટાયા. બીજા આગળ પડતા સભ્યોને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા. શ્રી મો. ક. ગાંધીને માનદ મંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા. એક નાની સમિતિ પણ રચવામાં આવી. પણ સંઘના બીજા સભ્યોએ કૉંગ્રેસના શરૂઆતના દિવસોમાં સમિતિની સભાઓમાં હાજરી આપવાની ઇચ્છા પ્રદર્શિત કરવાથી સમિતિને અંદર અંદરની સમજથી બરખાસ્ત કરવામાં આવી અને સભાઓમાં બધા જ સભ્યોને આમંત્રણો અપાયાં.

Gandhi Heritage Portal

## આર્થિક સ્થિતિ

ઓછામાં ઓછું માસિક લવાજમ ૫ શિલિંગ હતું. વધારેમાં વધારે કેટલું એની મર્યાદા નહોતી. બે સભ્યોએ માસિક ૨ પાઉંડ લવાજમ આપ્યું. એકે ૨૫ શિલિંગ, દસે ૨૦ શિલિંગ, પચીસે ૧૦ શિલિંગ, ત્રણે ૭ શિલિંગ ૬ પેન્સ, ત્રણે ૫ શિલિંગ ૩ પેન્સ અને બેએ ૫ શિલિંગ ૧ પેન્સ અને એકસો સત્યાશીએ ૫ શિલિંગ માસિક લવાજમ આપ્યું. નીચેના કોષ્ટકમાં જુદા જુદા વર્ગના સભ્યો તેમણે ભરેલાં લવાજમો, ઘટ વગેરે દર્શાવ્યું છે.[1]

| વર્ગ | સંખ્યા | વાર્ષિક પા. શિ. પે. | ખરેખરી આવક | ઘટ |
|---|---|---|---|---|
| ૪૦/– | ૨ | ૪૮– ૦–૦ | પા. ૪૮– ૦–૦ | નથી |
| ૨૫/– | ૧ | ૧૫– ૦–૦ | ૧૫– ૦–૦ | નથી |
| ૨૦/– | ૧૦ | ૧૨૦– ૦–૦ | ૯૩– ૦–૦ | પા. ૨૭– ૦–૦ |
| ૧૦/– | ૨૨ | ૧૩૨– ૦–૦ | ૮૮– ૫–૦ | ૪૩–૧૫–૦ |
| ૭/૬ | ૩ | ૧૩–૧૦–૦ | ૮–૧૨–૬ | ૪–૧૭–૬ |
| ૫/૩ | ૨ | ૬– ૬–૦ | ૩– ૮–૩ | ૨–૧૭–૯ |
| ૫/૧ | ૨ | ૬– ૨–૦ | ૫– ૬–૯ | ૦–૧૫–૩ |
| ૫/– | ૧૮૭ | ૫૫૯–૧૦–૦ | ૨૭૩– ૫–૦ | ૨૮૬–૧૫–૦ |
| | ૨૨૮ | ૯૦૦– ૮–૦ | પા. ૫૩૫–૧૭–૬ | પા. ૩૬૬– ૦–૬ |

ઉપરના આંકડાઓ ઉપરથી જણાશે કે પા. ૯૦૦–૮–૦ની સંભવિત આવકમાંથી કૉંગ્રેસ અત્યાર સુધીમાં માત્ર પા. ૫૦૦–૧૭–૬ અથવા લગભગ ૫૯ ટકા વસૂલ કરવામાં સફળ થઈ છે. ૫ શિલિંગ લવાજમ ભરનારાઓ સૌથી ભારે કસૂર કરનારા નીવડયા છે. એનાં કારણો અનેક છે. એ વાત ધ્યાન પર રહેવી જોઈએ કે કેટલાક સભ્યો તરીકે બહુ મોડા જોડાયા એટલે સ્વાભાવિક રીતે જ તેમણે આખા વર્ષનું લવાજમ ભર્યું નથી. એમાંના ઘણા હિંદુસ્તાન જવા નીકળી ગયા છે, થોડા લોકો એટલા ગરીબ છે કે લવાજમ ભરી શકયા નથી. પરંતુ એ કહેતાં અમને દુ:ખ થાય છે કે સૌથી સબળ કારણ પૈસા આપવાની નામરજી છે. તોપણ જો થોડા કાર્યકરો આગળ આવે અને મહેનત કરે તો બાકી રકમના ૩૦ ટકા ઉઘરાવાય એવો સંભવ છે. બેનેટ કેસ માટેના સામાન્ય તથા ખાસ દાનોની તથા ન્યૂકૅસલ અને ચાર્લ્સટાઉનનાં લવાજમોની યાદી[2] નીચે આપી છે.

યાદી વિગતવાર આપી છે કારણ કે આ નામો છાપેલી યાદીઓમાં બતાવાયાં નથી. આમ કુલ આવક નીચે મુજબ છે:

| | |
|---|---|
| લવાજમો | પા. ૫૩૫–૧૭–૬ |
| દાનો | પા. ૮૦–૧૭–૦ |
| | પા. ૬૧૬–૧૪–૬ |

૧. ભૂલચૂકને કારણે સરવાળા બધા ખરા નથી.

૨. નિર્દેશ કરવામાં આવેલી યાદી અહીં આપવામાં આવી નથી.

Gandhi Heritage Portal

ઉપરનો હિસાબ છાપેલી યાદીના ધોરણે તૈયાર કર્યો છે.

હવે બૅંકમાં જમા રકમ પા. ૫૯૮–૧૯–૧૧ પેન્સ થાય છે. ઉપરની રકમ પૂરી કરવા માટે રોકડ ખર્ચ અને ખાતાંફેરની જમાઉધારની રકમો એમાં ઉમેરવી જોઈએ.

રોકડ ખર્ચ પા. ૭–૫–૧નો છે. ખાતાંફેરની જમાઉધારની રકમનો સરવાળો પા. ૧૦–૧૦–૦ છે, જેમાં શ્રી નાયડુના ૮ પાઉંડ, શ્રી અબદુલ કાદરના ૨ પાઉંડ અને શ્રી મુસા એચ. આદમના ૧૦ શિલિંગનો સમાવેશ થાય છે, જે એ લોકોએ ભાડાં તરીકે લેવાના હતા. ત્રણેએ એ રકમો વસૂલ નહીં કરતાં લવાજમ તરીકે આપી છે.

| | | |
|---|---|---|
| આમ | પા. | ૫૯૮–૧૯–૧૧ |
| | પા. | ૭– ૫– ૧ |
| | પા. | ૧૦–૧૦– ૦ |
| | પા. | ૬૧૬–૧૫–૦૦ |

આ રીતે છાપેલી યાદી સામે જમા રકમની સરખામણી કરતાં ૬ પેન્સનો તફાવત દેખાય છે જે ૬ પેન્સ મળ્યા તો છે પણ યાદીમાં બતાવાયા નથી. આમ થવાનું કારણ એ છે કે એક સભ્યે એક વાર શિ. ૨–૬ પેન્સ આપ્યા અને બીજી વાર ૩ શિલિંગ આપ્યા. ૩ શિલિંગ યાદી ઉપર ચોખ્ખા બતાવી શકાયા નથી.

આજ સુધીમાં ચેક મારફતે પા. ૧૫૧–૧૧–૧$\frac{3}{4}$નો ખર્ચ થયો છે. એક સંપૂર્ણ બ્યાન[1] આ સાથે જોડવામાં આવ્યું છે. પરિણામે બૅંકમાં પા. ૪૪૭–૮–૯$\frac{1}{4}$ જેટલી સિલક બાકી રહે છે. દેણી રકમ હજી ચૂકવાઈ નથી અને વસાહતીઓ વિષેની અરજીનું તથા ટિકિટોનું ખર્ચ નીચે દર્શાવ્યું છે.

ચેક કાઢી આપવાના નિયમોનો સખતાઈથી અમલ કરવામાં આવ્યો છે. જોકે માનદ મંત્રીને ૫ પાઉન્ડ સુધીનો ચેક એકલાને કાઢી આપવાની સત્તા છે. પણ એ સત્તાનો ઉપયોગ કદી કરવામાં આવ્યો નથી. તેના ઉપર તેમની અને શ્રી અબદુલ કરીમની સહી થાય છે, અને તેમની ગેરહાજરીમાં શ્રી દોરાસામી પિલ્લે અને શ્રી પી. દાવજીની અને તેની ગેરહાજરીમાં શ્રી હુસેન કાસમની સહી થાય છે.

## કૉંગ્રેસની પ્રવૃત્તિ

### એનું કામકાજ, એના કાર્યકરો અને એની મુસીબતો

છેલ્લી વાતને પ્રથમ જોઈએ તો, કૉંગ્રેસ સારી સરખી મુસીબતોમાંથી પસાર થઈ છે. શરૂમાં જ એ અનુભવ થઈ ગયો કે લવાજમ ઉઘરાવવાનું કામ ઘણું જ કઠણ હતું. જુદાં જુદાં અનેક સૂચનો રજૂ થયાં પરંતુ તેમાંનું એકે પૂરેપૂરું સફળ પુરવાર ન થયું. છેવટે થોડા કાર્યકરો સ્વયં-સેવક તરીકે બહાર પડયા અને તેમની મહેનતને પરિણામે પા. ૪૪૮ જેટલી પણ સિલક બતાવ-વાનું શકય બન્યું છે. શ્રી પારસી રુસ્તમજી, શ્રી અબદુલ કાદર, શ્રી અબદુલ કરીમ, શ્રી દોરા-સામી, શ્રી દાવજી કથરાડા, શ્રી રાંદેરી, શ્રી હુસેન કાસમ, શ્રી પીરણ મહમદ, શ્રી જી. એચ. મિયાંખાન, અને શ્રી આમદ જીવાએ એક અથવા બીજા સમયે લવાજમો ઉઘરાવવામાં સારી મહેનત લીધી છે. એ બધા અથવા એમાંના મોટા ભાગના લોકો લવાજમો માટે અનેક વાર બહાર પડયા હતા. શ્રી અબદુલ કરીમ એકલા પોતાના ખર્ચે પિટરમૅરિત્સબર્ગ ગયા અને લગભગ ૫૦

૧. નિર્દેશ કરેલું બ્યાન અહીં આપવામાં આવ્યું નથી.

Gandhi Heritage Portal

પાઉંડ ઉઘરાવી લાવ્યા. એમણે એમ ન કર્યું હોત તો એ રકમનો મોટો ભાગ કૉંગ્રેસને ગુમાવવો પડત. શ્રી અબદુલ કરીમ પોતાને ખરચે વેરૂલમ સુધી ગયા અને તેમણે લગભગ ૨૫ પાઉંડ ઉઘરાવ્યા.

ચેકો ઉપર સહી કરવા બાબતમાં પણ આગળપડતા સભ્યોમાં મતભેદ હતો. મૂળ નિયમ એવો હતો કે તેમના ઉપર માનદ મંત્રી સહી કરે અને નીચેના લોકોમાંથી એક જણ સામે સહી કરે. શ્રી અબદુલ્લા એચ. આદમ, શ્રી મૂસા હાજી કાસમ, શ્રી પી. દાવજી મહમદ, શ્રી હુસેન કાસમ, શ્રી અબદુલ કાદર, અને શ્રી દોરાસામી પિલ્લે. એક સૂચન એવું કરવામાં આવ્યું કે વધારે લોકોની સહી કરાવવી. એક સમયે આ મતભેદ એટલે સુધી પહોંચ્યો કે તેનાથી ખુદ કૉંગ્રેસનું અસ્તિત્વ જોખમમાં મુકાયું. પણ સભ્યોની ભલમનસાઈ અને આવી કટોકટી અટકાવવાની તેમની ઉત્સુકતાને લઈને છેવટે વાદળો વિખેરાયાં અને ઉપર દર્શાવેલો ફેરફાર સર્વાનુમતિથી માન્ય રાખવામાં આવ્યો.

ડરબનમાં કૉંગ્રેસનું કામ ઠીક ઠીક શરૂ થયું એટલે સર્વશ્રી દાઉદ મહમદ, મૂસા હાજી આદમ, મહમદ કાસમ જીવા, શ્રી પારસી રુસ્તમજી, શ્રી પીરણ મહમદ અને માનદ મંત્રી એ દરેક પોતાના ખરચે પિટરમૉરિત્સબર્ગમાં સભ્યો બનાવવાના કામે પહોંચી ગયા. ત્યાં એક સભા ગોઠવવામાં આવી હતી અને આશરે ૪૮ લોકોએ લવાજમ ભર્યાં. આવી જ બીજી એક સભા વેરૂલમ મુકામે ભરવામાં આવી. ત્યાં આશરે ૩૭ જણે લવાજમ ભર્યાં. શ્રી હુસેન કાસમ, શ્રી હાજી, શ્રી દાઉદ, શ્રી મૂસા હાજી કાસમ, શ્રી પારસી રુસ્તમજી અને માનદ મંત્રી ત્યાં પહોંચી-ગયા હતા. સર્વશ્રી આમદ ભાયાત, હાજી મહમદ અને કમરુદ્દીને પિટરમૉરિત્સબર્ગમાં અને સર્વશ્રી ઈબ્રાહીમ મૂસાજી આમદ, આમદ મેતર અને પી. નાયડુએ વેરૂલમમાં સક્રિય મદદ કરી.

મિ. અમરુદ્દીન જોકે કૉંગ્રેસના સભ્ય નહોતા છતાં તેમણે કૉંગ્રેસને માટે ઘણું જરૂરી કામ કર્યું. શ્રી એન. ડી. જોષીએ ગુજરાતી હેવાલની સાફ નકલ કરી આપવાની મહેરબાની કરી.

શ્રી સોમસુંદરમે કૉંગ્રેસના વર્ષના શરૂના ગાળામાં સભાઓમાં દુભાષિયાનું કામ કરીને અને પરિપત્રો વહેંચીને એને મદદ કરી. ન્યૂકૅસલ અને ચાર્લ્સટાઉનમાં પણ કામકાજ કરવામાં આવ્યું છે. સભ્યોએ બીજા વર્ષ માટેનું લવાજમ ભર્યું છે.

શ્રી મહમદ સિદાત, શ્રી સુલેમાન ઈબ્રાહીમ અને શ્રી મહમદ મીરે ન્યૂકૅસલમાં કાળજાંતૂટ કામ કર્યું. તેઓ અને શ્રી દાઉદ આમલા પોતાને ખરચે ચાર્લ્સટાઉન પણ ગયા. ચાર્લ્સટાઉનના લોકોએ બહુ સુંદર જવાબ વાળ્યો. એક કલાકની અંદર જેમને જેમને મળ્યા તે બધા જ સભ્ય બની ગયા. શ્રી દિનદાર, શ્રી ગુલામ રસૂલ અને શ્રી વાંદાએ ઘણી સહાય કરી. બ્રિટિશ સરકારને મોકલેલી મતાધિકારની અરજી, ટ્રાન્સવાલ અરજી તથા વસાહતી પ્રવેશ અરજી સંબંધમાં ઈંગ્લંડ અને હિંદુસ્તાનમાં રહેતા હિંદીઓના મિત્રોને લગભગ ૧,૦૦૦ પત્રો લખવામાં આવ્યા છે.

ગિરમીટનો કરાર નહીં કરી આપનાર ઉપર ૩ પાઉન્ડનો કર નાખવાનું જેમાં વિચારાયું છે એ વસાહતી કાનૂનનો બહુ જોશથી વિરોધ કરવામાં આવ્યો. બંને ધારાગૃહોને અરજીઓ કરવામાં આવી.

જોકે ટ્રાન્સવાલ અરજી સીધી કૉંગ્રેસ મારફતે મોકલાઈ નહોતી છતાં તેનો કૉંગ્રેસના કામ-કાજના હેવાલમાં ઉલ્લેખ કર્યા વિના ચાલે એમ નથી.

કૉંગ્રેસ સંસ્થાની ભાવના અથવા તેના ઉદ્દેશ મુજબ બંને ધારાગૃહોના સભ્યોને એક ખુલ્લો પત્ર લખવામાં આવ્યો હતો અને તેને સંસ્થાનમાં અને દક્ષિણ આફ્રિકામાં બધે છૂટથી વહેંચ-વામાં આવ્યો હતો. છાપાંઓએ એની મોટા પ્રમાણમાં નોંધ લીધી હતી અને તેને લઈને ઘણો સહાનુભૂતિભર્યો ખાનગી પત્રવ્યવહાર ઊભો થયો. નાતાલમાંના હિંદીઓની પરિસ્થિતિ વિષે

Gandhi Heritage Portal

છાપાંઓમાં વખતોવખત પત્રો પણ આવવા લાગ્યા. પોસ્ટ ઑફિસોમાં યુરોપિયનો માટે તથા દેશીઓ અને એશિયાટિકો માટે જુદાં જુદાં પ્રવેશદ્વારો રાખવા સંબંધમાં માજી પ્રમુખશ્રીને સરકાર પત્રવ્યવહાર થયો હતો.

એનું પરિણામ તદ્દન અસંતોષકારક નથી આવ્યું. હવે ત્રણે કોમો માટે અલગ અલગ પ્રવેશ-દ્વારોની વ્યવસ્થા કરવામાં આવશે. ગિરમીટ નીચેના હિંદીઓ વચ્ચે પણ કામકાજ કરવામાં આવ્યું છે. બાલાસુંદરમ પ્રત્યે એના માલિકે બહુ ખરાબ વર્તાવ રાખ્યો હતો. એની બદલી હવે મિ. એસ્કયૂને ત્યાં કરી દેવામાં આવી છે.

મોહરમના તહેવારો તથા કોલસાને બદલે લાકડાં પૂરાં પાડવા બાબતમાં, રેલવે ખાતાંના ગિરમીટિયા હિંદીઓ તરફથી કૉંગ્રેસે દરમિયાનગીરી કરી હતી. આ કામ ચલાવતા મૅજિસ્ટ્રેટે ઘણી સહાનુભૂતિ બતાવી હતી.

તુઓહીનો મામલો પણ ઉલ્લેખ કરવા લાયક છે. ઈસ્માઈલ આમદની હૅટ જાહેર જગ્યામાં બળજબરીથી ખેંચી લેવામાં આવી હતી અને એમનું બીજી રીતે અપમાન કરવામાં આવ્યું હતું. ફેંસલો એમના પક્ષમાં આપવામાં આવ્યો હતો.

ખ્યાતિ પામેલા બૅનેટ મામલામાં કૉંગ્રેસને સારોસરખો ખર્ચ થયો, પણ એટલું કહી શકાય કે એ પૈસા એળે નથી ગયા. આપણને મૅજિસ્ટ્રેટની વિરુદ્ધ ચુકાદો નહીં મળે એ વાત તો નિર્વિવાદ હતી. મિ. મોરેકમના વિરોધી અભિપ્રાય છતાં આપણે કોર્ટનો આશરો લીધો. પરંતુ, એનાથી સ્થિતિ ઘણી સ્પષ્ટ બની છે અને જો આ જાતનો મામલો ભવિષ્યમાં ઊભો થાય તો આપણે કેવી રીતે કામ લેવું તે હવે આપણે બરાબર સમજ્યા છીએ.

હિંદી પ્રશ્નને સંસ્થાનમાંના યુરોપિયનો તરફથી વિશેષ પ્રમાણમાં સક્રિય ટેકો નથી મળ્યો તોપણ હિંદ અને ઈંગ્લંડ બંને દેશોમાં ઘણી સહાનુભૂતિ પેદા થઈ છે. **લંડન ટાઇમ્સ** અને **ધિ ટાઇમ્સ ઑફ ઇંડિયા**એ દક્ષિણ આફ્રિકાના હિંદીઓને સક્રિય ટેકો આપ્યો છે. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ-ની બ્રિટિશ કમિટી ઘણી જાગ્રત રહી છે. સર ડબલ્યુ. ડબલ્યુ. હંટર, એમ. એ. વેબ, માનનીય ફિરોજશાહ મહેતા, માનનીય ફાજલભાઈ વિશ્રામ અને બીજાઓ તરફથી સહાનુભૂતિ દર્શાવતા પત્રો આવ્યા છે. બીજાં હિંદી અને અંગ્રેજી છાપાંઓએ આપણી ફરિયાદો તરફ રહેમનજર રાખી છે.

મિ. એસ્કયૂ કૉંગ્રેસની સભાઓમાં હાજરી આપનારા એકમાત્ર યુરોપિયન હતા. કૉંગ્રેસે હજી લોકો આગળ પોતાની રીતસરની જાહેરાત નથી કરી. કારણ કે જ્યાં સુધી એને પોતાના કાયમી અસ્તિત્વની ખાતરી કરાવવામાં નહીં આવે ત્યાં સુધી એ પ્રમાણે નહીં કરવાનું સલાહભર્યું મનાયું હતું. એણે પોતાનું કામ ખૂબ જ શાંતિથી કર્યું છે. માજી પ્રમુખ શ્રી અબદુલ્લા હાજી આદમ હિંદ જવા નીકળ્યા ત્યારે તેમને અપાયેલા માનપત્રનો નિર્દેશ કરીને કૉંગ્રેસના કામકાજનો હેવાલ સમાપ્ત થાય એ ઉચિત ગણાશે.

### કૉંગ્રેસને મળેલી ભેટો

ભેટો ખૂબ જ જુદી જુદી જાતની અને મોટી સંખ્યામાં હતી. આ બાબતમાં શ્રી પારસી રુસ્તમજી સૌથી મોખરે છે. એમણે કૉંગ્રેસને ત્રણ દીવા, ટેબલક્લૉથ, ઘડિયાળ, દરવાજાનો પડદો, શાહીના ખડિયા, કલમો, બ્લૉટિંગ પેપર, ફૂલદાની એટલી ચીજો આપી છે. એમણે આખું વર્ષ તેલ પણ પૂરું પાડયું છે. એમણે દરેક સભાના દિવસોએ સભાખંડ વાળવા અને તેમાં દીવાબત્તી કરવા પોતાના માણસોને અસાધારણ નિયમિતતાથી મોકલ્યા છે. એમણે કૉંગ્રેસને ૪,૦૦૦ પરિપત્રો માટેના કાગળો પણ આપ્યા છે. શ્રી અબદુલ કાદરે સભ્યોની યાદી છપાવી આપી છે.

Gandhi Heritage Portal

શ્રી સી. એન. જીવાએ ૨,૦૦૦ પરિપત્રો મફત છપાવી આપ્યા છે. એને માટેના કાગળ થોડા શ્રી હાજી મહમદે અને થોડા શ્રી હુસેન કાસમે આપ્યા છે.

શ્રી અબદુલ્લા હાજી આદમે એક ગાલીચો ભેટ આપ્યો છે. શ્રી માણેકજીએ એક ટેબલ આપ્યું છે.

શ્રી પ્રાગજી ભીમભાઈએ ૧,૦૦૦ કવર આપ્યાં છે.

માનદ મંત્રીએ હિંદુસ્તાનમાં ગુજરાતી અને અંગ્રેજીમાં નિયમો છપાવી આપ્યા અને હંમેશના પખવાડિક પરિપત્રો માટે ટપાલની ટિકિટો, કાગળો વગેરે ચીજો આપી છે.

મિ. લૉરેન્સ જેઓ સભ્ય નથી તેઓ શાંતિભર્યા ઉત્સાહ સાથે પરિપત્રો વહેંચવાનું કામ કરી રહ્યા છે.

## પરચૂરણ બાબતો

હાજરી ઘણી કંગાળ રહી છે અને તે દુ:ખદાયક રીતે અનિયમિત હતી. તામિલ સભ્યોએ કૉંગ્રેસનાં કામમાં ઝાઝો ઉત્સાહ બતાવ્યો નથી. કાંઈ નહીં તો તેઓ લવાજમ ભરવાની ઢીલાશ-ની ખોટને વખતસર અને નિયમિત હાજરી આપીને પૂરી શકયા હોત. નાની રકમનાં દાનો મેળવવાનું સરળ બનાવવા માટે શ્રી એ. એચ. આદમ, શ્રી અબદુલ કાદર, શ્રી ડી. પિલ્લે અને માનદ મંત્રીની સહીઓવાળી એક શિલિંગ, બે શિલિંગ અને બે શિલિંગ છ પેન્સની ટિકિટો કાઢવામાં આવી છે. પરંતુ આ યોજનાનાં પરિણામો વિષે હજી આગાહી કરી શકાય એમ નથી.

એક એવી મતલબનો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો છે કે કાર્યકરોમાં ઉત્સાહ રેડવા માટે પ્રવૃત્તિશીલ કાર્યકરોને ચાંદો એનાયત કરવામાં આવે. હજી એ તૈયાર કરાવાયા નથી.

## મૃત્યુ અને વિદાય

થોડા માસ પહેલાં શ્રી દિનશા અવસાન પામ્યા એ વાતની દિલગીરી સાથે નોંધ લેવી પડે છે.

આશરે દસ સભ્યો હિંદુસ્તાન જવા રવાના થયા છે. જેમાંથી માજી પ્રમુખશ્રી ઉપરાંત શ્રી હાજી મહમદ, શ્રી હાજી સુલેમાન, શ્રી હાજી દાદા, શ્રી માણેકજી એટલાનો ઉલ્લેખ કરી શકાય. શ્રી મૃથુકૃષ્ણ અને શ્રી રણજિતસિંગે રાજીનામાં આપ્યાં છે.

આશરે ૨૦ સભ્યોએ કદી કાંઈ પણ લવાજમ ભર્યું નથી. એઓ કદી કૉંગ્રેસમાં જોડાયા જ નથી એમ કહી શકાય.

## સૂચનો

જે સૌથી મહત્ત્વનું સૂચન કરવું પડે છે તે એ છે કે લવાજમ ગમે તે હોય પણ તે આખા વર્ષ માટે આગળથી ભરી દેવાનું ફરજિયાત બનાવવું જોઈએ.

## વધારાની સૂચનાઓ

એ વાતનો ખ્યાલ રખાવો જોઈએ કે કેટલોક ખર્ચ કૉંગ્રેસે મંજૂર કરવા ઠરાવેલું હોવા છતાં કરવામાં આવ્યો નથી. બહુ સખત કરકસર કરવામાં આવી છે. કૉંગ્રેસને મજબૂત પાયા ઉપર મૂકવા માટે ઓછામાં ઓછા ૨,૦૦૦ પાઉંડની જરૂર છે.

[મૂળ અંગ્રેજી]

સાબરમતી સંગ્રહાલયમાંની નકલ ઉપરથી

Gandhi Heritage Portal

# ૫૮. હિંદી મતાધિકાર

ડરબન,
સપ્ટેમ્બર ૨, ૧૮૯૫

તંત્રીશ્રી,
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિષેના તાજેતરના તારો બાબતમાં આપે જે તંત્રીનોંધ લખી છે તે વિષે થોડા વિચારો રજૂ કરવાની હું છૂટ લેવા ઇચ્છું છું. આપે એ વાત પહેલી જ વાર નથી કરી કે દક્ષિણ આફ્રિકાના લોકો હિંદીઓને સમાન રાજદ્વારી હકો આપવાને એટલા ખાતર વાંધો લે છે કે તેઓ હિંદમાં આ હકો ભોગવતા નથી. આપે એ પણ કહ્યું છે કે તેઓ હિંદમાં જે હકો ભોગવતા હોય તે હકો તેમને આપવા સામે આપ વાંધો નહીં લો. બીજે ઠેકાણે મેં કહ્યું છે તેમ, હું અહીં ફરીથી કહું છું કે હિંદમાં હિંદીઓ, કાંઈ નહીં તો સિદ્ધાંતમાં, યુરોપિયનો જોડે સમાન રાજદ્વારી હકો જરૂર ભોગવે છે. ૧૮૩૩નો અધિકારપત્ર અને ૧૮૫૮નો ઢંઢેરો, હિંદીઓને સમ્રાજ્ઞીની બીજી પ્રજાઓ ભોગવે છે તે બધા જ હકો અને ખાસ હકોની ખાતરી આપે છે. અને આ સંસ્થાનમાંના તેમ જ દક્ષિણ આફ્રિકાના બીજા ભાગોમાંના હિંદીઓ જો આવી જ જાતના સંજોગોમાં તેઓ ભારતમાં ભોગવી શકે તેટલા જ હકો અહીં ભોગવી શકે તો તેથી તેમને પૂરો સંતોષ થશે.

હિંદુસ્તાનમાં, જ્યારે પણ યુરોપિયનોને મત આપવા દેવામાં આવે છે ત્યારે હિંદીઓને તેમાંથી બાકાત રાખવામાં આવતા નથી. જો યુરોપિયનોને મ્યુનિસિપલ ચૂંટણીમાં મત આપવાનો અધિકાર હોય છે તો હિંદીઓને પણ હોય છે. જો યુરોપિયનો લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્યોને ચૂંટી શકે અથવા જાતે ચૂંટાઈ શકે તો હિંદીઓ પણ તેમ કરી શકે છે. જો યુરોપિયનો રાત્રે નવ વાગ્યા બાદ છૂટથી બહાર હરીફરી શકે તો હિંદીઓ પણ તેમ કરી શકે. હિંદીઓ યુરોપિયનોના જેટલી છૂટથી હથિયાર ધારણ કરી શકતા નથી. દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓને પણ હથિયાર ધારણ કરવાની એવી ઉત્કંઠા નથી. હિંદમાં માથાવેરાનું અસ્તિત્વ નથી. તો આપ અત્યારના વસાહતી કાનૂન સામે વિરોધ દર્શાવવા જેટલી ભલમનસાઈ બતાવશો અને ગિરમીટ નીચેના અસહાય હિંદીઓની કૃતજ્ઞતા મેળવશો? રાજદ્વારી સમાનતાનો આ તેનો તે જ માન્ય સિદ્ધાંત છે જેને આધારે શ્રી દાદાભાઈ નવરોજી બ્રિટિશ લોકસભાના સભ્ય બની શકયા છે.

જો આપને હિંદીઓને સમાન હકો આપવા સામે એવો વાંધો હોય કે "બ્રિટિશ શક્તિ અને પૈસા" વડે આ સંસ્થાન ઊભું થયું છે તો પછી આપે જર્મનો તથા ફ્રેંચો સામે પણ સ્પષ્ટ રીતે એવો જ વાંધો ઉઠાવવો જોઈએ. એ જ સિદ્ધાંત મુજબ તો, જેમણે પોતાનું લોહી રેડયું છે એવા વસવાટ કરવામાં પહેલ કરનારાઓના વંશજો તો ઇંગ્લંડથી આવનારા અને તેમને હડસેલી કાઢનારાઓ સામે પણ વાંધો ઉઠાવી શકે. શું આ પ્રશ્ન અંગેનો આ સંકુચિત અને

Gandhi Heritage Portal

સ્વાર્થી વિચાર નથી? કેટલીક વાર હું આપના અગ્રલેખોમાં બહુ ઉમદા અને માનવદયાપ્રેરિત ભાવનાથી ભરેલા વિચારો વ્યક્ત થયેલા વાંચું છું. ગરીબ બિચારા હિંદીના કમનસીબે, જ્યારે આપ હિંદીના પ્રશ્ન વિષે લખો છો ત્યારે આ ભાવનાઓ બાજુ પર મૂકી દેવામાં આવે છે. અને છતાં, આપને એ વાત પસંદ આવે કે ન આવે, તોપણ તે આપના સાથી પ્રજાજન તો છે જ. ઈંગ્લંડ હિંદ ઉપરનો પોતાનો કાબૂ છોડવા નથી માગતું, અને સાથે સાથે તે એના ઉપર દંડાશાહીનું શાસન પણ કરવા નથી માગતું. એમના રાજદ્વારી આગેવાનો કહે છે કે તેઓ અંગ્રેજી રાજ્યને હિંદીઓ માટે એટલું તો પ્રિય બનાવવા માગે છે કે તેઓ બીજા કોઈ રાજની ઈચ્છા જ નહીં કરે. આપે વ્યક્ત કર્યા છે એવા વિચારોથી શું એ ઈચ્છાઓ પાર પાડવામાં હરકત નહીં ઊભી થાય?

હું ભાગ્યે જ એવા કોઈ હિંદીઓને ઓળખું છું જેઓ ૧,૦૦૦ પાઉંડ કમાતા હોવા છતાં માત્ર ૫૦ પાઉંડ કમાતા હોય એવી રીતે રહેતા હોય. હકીકત એવી છે કે, સંસ્થાનમાં કદાચ જે એકલો ૧,૦૦૦ પાઉંડ કમાતો હોય એવો એકે હિંદી નથી. એવા થોડા લોકો છે ખરા કે જેમનો વેપાર એવું માનવાને કારણ આપે કે તેઓ "ધનના ઢગલા કરી દેતા" હશે. એમનામાંના કેટલાકનો વેપાર જરૂર ઘણો મોટો છે; પણ નફો એટલો મોટો નથી. કારણ કે એમાં ઘણા લોકો ભાગીદાર હોય છે. હિંદીઓને વેપાર ગમે છે, અને જ્યાં સુધી તે સારી રીતે જીવવા જેટલી કમાણી કરી શકે છે ત્યાં સુધી તે બીજાઓને પોતાના નફામાંથી મોટા હિસ્સા આપવામાં હરકત જોતો નથી. તે પોતાના નફાનો મોટો ભાગ જાતે લઈ લેવાનો આગ્રહ નથી રાખતો. યુરોપિયનની માફક હિંદીને પણ પોતાના પૈસા ખરચવા ગમે છે, પણ તે આંધળિયાં કરીને નહીં. મુંબઈમાં અઢળક ધન કમાનાર દરેક વેપારીએ પોતાને માટે ભવ્ય મહેલો જેવાં મકાનો બાંધ્યાં છે. મૉમ્બાસામાંનું એકમાત્ર ભવ્ય મકાન એક હિંદીએ બાંધ્યું છે. ઝાંઝીબારમાં હિંદી વેપારીઓ ઘણું ધન કમાયા છે, પરિણામે તેમણે મહેલો ઊભા કર્યા છે અને કેટલાક દાખલામાં આનંદપ્રમોદ માટેનાં મનોરંજનઘરો પણ તેમણે બાંધ્યાં છે. ડરબનમાં કે દક્ષિણ આફ્રિકામાં કોઈ હિંદીએ એ પ્રમાણે કર્યું નથી એનું કારણ એ છે કે તે એ પ્રમાણે કરવા માટે પૂરતું કમાયો નથી. સાહેબ, આપ જો આ પ્રશ્નનો થોડો વધારે ઝીણવટપૂર્વક અભ્યાસ કરશો (એ કહેવા બદલ આપ મને માફ કરશો) તો આપને જણાશે કે આ સંસ્થાનમાં હિંદીઓ તેમની શક્તિ પ્રમાણે માત્ર એટલું જ ખરચે છે જેટલું તેઓ મુસીબતમાં મુકાયા સિવાય ખરચી શકે. એમ કહેવું કે સારી કમાણી કરનારાઓ પોતાની દુકાનના ભોંયતળિયા પર સૂઈ રહે છે, એ વાત, મને કહેવા દો કે, ખોટી છે. જો આપ આપની ભ્રમણા ભાંગવા માગતા હો અને થોડા કલાક માટે જો આપ આપની તંત્રીની ખુરશી છોડશો તો હું આપને થોડી હિંદી દુકાનો ઉપર લઈ જઈશ. કદાચ પછી આપ તેમને વિષે હમણાંના કરતાં ઘણી ઓછી કઠોરતાથી વિચારતા થશો.

હું નમ્રપણે એવું માનું છું કે, કાંઈ નહીં તો બ્રિટિશ સંસ્થાનો માટે હિંદી પ્રશ્ન સ્થાનિક તેમ જ શાહી મહત્ત્વ ધરાવે છે અને હું આગ્રહપૂર્વક કહેવા માગું છું કે એ પ્રશ્ન વિષે ગુસ્સો કરવો અથવા પહેલેથી બાંધેલા ખ્યાલોને મૂર્ત સ્વરૂપ આપવા માટે નક્કર હકીકતો પ્રત્યે આંખો બંધ કરી દેવી એ કાંઈ એનો સંતોષકારક ઉકેલ કાઢવાનો ખરેખરો રસ્તો નથી. સંસ્થાનમાંની જવાબદાર વ્યક્તિઓ માટે એ વાત ફરજરૂપ છે કે તેઓ આ બે કોમ વચ્ચેનું અંતર વધારે તો નહીં જ પણ શક્ય હોય તો ઓછું કરે. એક વાર હિંદીઓને સંસ્થાનમાં આવવાનું આમંત્રણ

Gandhi Heritage Portal

આપ્યા બાદ જવાબદાર સાંસ્થાનિકો તેમનું બૂરું શી રીતે ઇચ્છી શકે? તેઓ હિંદી મજૂરોને દાખલ કર્યા પછી તેનાં સ્વાભાવિક પરિણામોમાંથી છટકી શી રીતે જઈ શકે?

હું છું, વગેરે
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ધિ નાતાલ મર્ક્યુરી, ૫–૯–૧૮૯૫

## ૫૯. હિંદી મતાધિકાર

[દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને મતાધિકાર આપવાની તરફેણ કરતી ગાંધીજીની દલીલો વિષે ચર્ચા કરતાં અનેક વર્ષો સુધી હિંદુસ્તાનમાં રહી ગયેલા મિ. ટી. માસ્ટર્ન ફ્રાંસિસે ૧૮૯૫ના સપ્ટેમ્બરની ૬ઠ્ઠી તારીખે ધિ નાતાલ મર્ક્યુરીને લખ્યું હતું. એમાં એમણે જણાવ્યું હતું કે જોકે હિંદુસ્તાનમાં હિંદીઓ મ્યુનિસિપલ ચૂંટણીમાં મત આપી શકતા હતા અને વિધાન-પરિષદમાં સભ્ય થઈ શકતા હતા છતાં આ બાબત એવી રીતે ગોઠવવામાં આવી હતી કે તેઓ યુરોપિયન સભ્યોને લઘુમતીમાં મૂકી શકતા નહોતા અથવા પોતે સર્વોચ્ચ અધિકાર ગ્રહણ કરી શકતા નહોતા. એમણે કહ્યું કે મ્યુનિસિપાલિટીના પ્રમુખ હમેશાં એક સનદી આઈ. સી. એસ. અમલદાર રહેતા અને વિભાગના કમિશનર, ગવર્નર, વાઈસરૉય, ભારત-મંત્રી, અને છેવટે બ્રિટિશ લોકસભા હિંદની મ્યુનિસિપાલિટીઓ અને ધારાકીય સંસ્થાઓ ઉપર નિયંત્રણ મૂકી શકતાં. આનો ગાંધીજીએ નીચે મુજબ જવાબ આપ્યો:]

ડરબન,
સપ્ટેમ્બર ૧૫, ૧૮૯૫

તંત્રીશ્રી,
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

હિંદી પ્રશ્ન વિષેના મિ. ટી. માસ્ટર્ન ફ્રાંસિસના પત્રના જવાબમાં હું થોડા વિચારો જણાવવાની ધૃષ્ટતા કરી રહ્યો છું.

હું માનું છું કે હિંદની મ્યુનિસિપાલિટીઓનું તેમ જ વિધાન પરિષદનું પણ આપના પત્ર-લેખકે કરેલું વર્ણન તદ્દન સાચું નથી. એક દાખલો આપું તો, હું નથી માનતો કે કોઈ હિંદની મ્યુનિસિપાલિટીનો પ્રમુખ સનદી રેવન્યુ અધિકારી હોવો જ જોઈએ. મુંબઈ કૉર્પોરેશનના હાલના પ્રમુખ એક હિંદી સૉલિસિટર છે.

મેં કદી એવો દાવો કર્યો નથી અને આજે પણ કરતો નથી કે મતાધિકાર અહીં છે એટલો જ વ્યાપક હિંદમાં પણ છે. મારે માટે એમ કહેવું પણ ફોગટ છે કે હિંદમાંની વિધાનપરિષદો અહીંની વિધાનસભાના જેટલી જ પ્રતિનિધિત્વવાળી છે. પરંતુ હું જે કાંઈ આગ્રહપૂર્વક કહેવા માગું છું તે એ છે કે હિંદમાં મતાધિકારની મર્યાદાઓ ગમે એટલી હોય છતાં તે ચામડીના રંગના ભેદભાવ સિવાય સૌ કોઈને અપાયેલો છે. એ હકીકતની ના પાડી શકાય એમ

Gandhi Heritage Portal

નથી કે પ્રતિનિધિત્વ ઉપર રચાયેલી સરકારને સમજવાની હિંદીઓની યોગ્યતાને માન્ય કરવામાં આવી છે. મિ. ફ્રાંસિસનું જે કહેવું છે કે હિંદમાં તેમ જ નાતાલમાં મતાધિકાર માટેની લાયકાતો એકસરખી નથી તેની કદી કોઈએ ના પાડી નથી. આ રીતની કસોટી નીચે તો યુરોપથી સુધ્ધાં આવનારો કોઈ પણ માણસ મતાધિકારનો અધિકારી બની શકશે નહીં, કારણ કે જુદાં જુદાં યુરોપનાં રાજ્યોમાંની લાયકાતો ખરેખર અહીંના જેવી જ નથી.

આ અઠવાડિયાની ટપાલ મારફતે છેલ્લામાં છેલ્લી એવી સાબિતી મળી છે કે હિંદીઓ પ્રતિનિધિત્વનો સિદ્ધાંત સમજે છે કે નહીં એ વિષેની સાચી અને એકમાત્ર કસોટીમાં તેઓ નિષ્ફળ ગયા નથી. ધિ ટાઇમ્સ માંના "હિન્દુસ્તાનના મામલા" વિષેના લેખમાંથી એક ઉતારો હું નીચે આપું છું:

> પણ જેમને બહુમાન મળ્યું છે એવા દેશી સિપાઈઓની બહાદુરી, જો આપણામાં એક જાતનું એવું ગૌરવ જાગ્રત કરે કે આપણે આવા સાથીપ્રજાજનો મેળવી શકયા . . . તો ખરેખર, જો આપણામાં એક જાતનું એવું ગૌરવ જાગ્રત કરે છે કે. . . . ખરેખર, પેલી ભયાનક ઘાટીમાં તેમના સાથીઓ પ્રત્યેની તેમના ભવ્ય આત્મ-બલિદાનને ટપી જાય એવું બીજું કશું નથી . . . સાચી વાત તો એ છે કે હિંદીઓ અનેક રસ્તે લાયક સાથીપ્રજાજન તરીકે ગણાવાનો પોતાનો હક કમાઈ રહ્યા છે. લડાઈનું મેદાન હમેશાં પ્રજા પ્રજાઓ વચ્ચે ગૌરવભરી સમાનતા લાવવાના ઝડપી ઈલાજરૂપ બન્યું છે. પણ હિંદીઓ તો નાગરિક જીવનની વધારે ધીમી અને વધારે મુસીબતભરી કાર્યપદ્ધતિઓ વડે પણ અમારું સન્માન મેળવવાનો તેમનો હક પુરવાર કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલાં હિંદી વિધાનપરિષદને થોડે અંશે ચૂંટણીના ધોરણે વિસ્તૃત કરવાનો પ્રયોગ થયો હતો એનાથી મોટો પ્રયોગ આધીન રાજ્યોના બંધારણીય શાસનમાં કદી થયો નહોતો. જે અનેક ચર્ચાઓ થઈ તે ઘણી મદદરૂપ થઈ છે અને બંગાળ પ્રાંતમાં કે જ્યાં ચૂંટણી પદ્ધતિ સૌથી ભારે મુસીબતોથી ભરેલી લાગતી હતી ત્યાં આ પ્રયોગ ઘણી કડક કસોટી બાદ સફળ પુરવાર થયો છે.

એ વાત સુવિદિત છે કે આ લખાણ એક ઈતિહાસકાર[1] અને હિંદી અમલદારની કલમે લખાયું છે કે જેમણે ૩૦ વર્ષ હિંદમાં સેવા આપી છે. કેટલાક લોકોને ખુદ મતાધિકાર લઈ લેવાનું પગલું ઘણું નજીવું લાગતું હોય. પણ હિંદી કોમ ઉપર એનાં જે પરિણામો આવશે તે કલ્પના પણ ન થઈ શકે એટલાં ભયંકર હશે. યુરોપિયન સાંસ્થાનિકોને એની સરખામણીમાં જે ફાયદા થશે તે મને ખાતરી છે કે નહીંવત્ છે, સિવાય કે એક જાતિને અથવા રાષ્ટ્રને અપમાનિત કરવામાં કે તેને અપમાનિત દશામાં રાખવામાં તેમને કોઈક જાતનું સમાધાન કે સંતોષ થતો હોય તો વાત જદી છે. "ગોરા લોકો રાજ કરે અથવા પીળા લોકો રાજ કરે" એવો કોઈ પ્રશ્ન જ નથી, અને ભવિષ્યના કોઈ પ્રસંગે હું એ વાત બતાવી આપી શકવાની આશા રાખું છું કે એ બાબતમાં જે ભય સેવવામાં આવ્યો છે તે તદ્દન પાયા વિનાનો છે.

મિ. ફ્રાંસિસના પત્રમાં એવા ફકરા છે કે જેનાથી કદાચ એવું માલૂમ પડે છે કે તેમણે ઘણો લાંબો સમય પહેલાં હિંદુસ્તાન છોડયું હોવું જોઈએ. એક રેવન્યુ કમિશનરની જગ્યા કરતાં વધારે મહત્ત્વની જગ્યાઓ ત્યાં બહુ ઓછી છે. છતાં ભારત-મંત્રીએ એ જગ્યા ઉપર માત્ર તાજેતરમાં જ એક હિંદીને નીમવાનું ડહાપણભર્યું માન્યું છે. મિ. ફ્રાંસિસ જાણે છે કે હિંદમાં એક

૧. સર ડબલ્યુ. ડબલ્યુ. હંટર; જુઓ પૃ. ૨૦૦.

Gandhi Heritage Portal

વડા ન્યાયાધીશ કેવડા મોટા અધિકાર ક્ષેત્ર ઉપર સત્તા ધરાવે છે, છતાં બંગાળમાં તથા મદ્રાસમાં બંને જગ્યાએ એ પદો હિંદીઓએ ધારણ કર્યાં છે. જેઓ, બ્રિટિશ અને હિંદી બંને જાતિઓને "પ્રેમના રેશમી બંધને" બાંધવા ઇચ્છતા હોય તેમને માટે બંનેને નજીક લાવનારા સંખ્યાબંધ મુદ્દાઓ ઓળખવાનું મુશ્કેલ નહીં થાય. બંનેના ત્રણ ધર્મોમાં પણ દેખીતા વિરોધાભાસ છતાં ઘણી સમાન વાતો રહેલી છે અને ત્રિમૂર્તિ સ્વરૂપે તેમનું ઐક્ય થાય તો તે બૂરું બનવા નહીં પામે.

હું છું, આપનો વગેરે
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
धि नाताल मर्क्युरी, २३-९-१८९५

## ૯૦. ઇન્ડિયન કૉંગ્રેસ

ડરબન,
સપ્ટેમ્બર ૨૩, ૧૮૯૫

તંત્રીશ્રી,
धि नाताल एडवर्टाइझर

સાહેબ,

આપના શનિવારના અંકમાં "ઇન્ડિયન કૉંગ્રેસ" અથવા વધારે સારી રીતે કહીએ તો "ધિ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ" ઉપરની તમારી ટીકા એ જોતાં કસમયની છે કે જે કેસમાં[1] કૉંગ્રેસના નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેનો હજી નિકાલ આવ્યો નથી. જો કોર્ટનો તિરસ્કાર કરવાનું જોખમ ખેડવાનો મને ભય ન હોત તો આ કેસ સાથે કૉંગ્રેસ કયા સંજોગોમાં સંકળાયેલી છે તે વિષે મેં કાંઈક કહ્યું હોત. એટલે કેસ પૂરો થાય ત્યાં સુધી આ બાબત ઉપર કાંઈ પણ કહેવાનું મુલતવી રાખવાની મને ફરજ પડે છે.

દરમિયાનમાં, આપની ટીકાને કારણે ઉત્પન્ન થતી કોઈ પણ ખોટી છાપ દૂર કરવા માટે આપની રજાથી હું કૉંગ્રેસના ઉદ્દેશોની સ્પષ્ટતા કરીશ. એ ઉદ્દેશો આ પ્રમાણે છે:

"(૧) સંસ્થાનમાં વસતા યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે વધારે સારી સમજણ પેદા કરવી તથા ભ્રાતૃભાવ કેળવવો.

૧. નાતાલ હિંદી કૉંગ્રેસના આગેવાનો ઉપર એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે હુમલો કરવાના એક મુકદ્દમામાં એક હિંદી સાક્ષીને જુબાની આપતો અટકાવવામાં તેમનો હાથ હતો. વાસ્તવિક રીતે આરોપ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના એક સભ્ય પાદાયાચી સામે હતો, પણ કહેવામાં એવું આવ્યું કે એણે કૉંગ્રેસના આગેવાનોની ઉશ્કેરણીને કારણે એ પ્રમાણે કર્યું. વધારામાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો કે ગાંધીજીની દોરવણી નીચે સરકાર સામે લડાઈ કરવાને કૉંગ્રેસ કાવતરું કરી રહી હતી, એણે હિંદી મજૂરોને તેમની ફરિયાદો અંગે ચળવળ કરવાને ઉશ્કેર્યા છે, ગાંધીજી એમની પાસેથી અને હિંદી વેપારીઓ પાસેથી, રાહત મેળવવામાં મદદ કરવાનું વચન આપીને પૈસા કઢાવતા હતા, અને એ નાણાં પોતાના ઉપયોગ માટે વાપરતા હતા. ગાંધીજીએ સંસ્થાન મંત્રીને લખેલો ઑક્ટોબર, ૨૧, ૧૮૯૫નો પત્ર પણ જુઓ પા. ૧૯૩-૯૫.

Gandhi Heritage Portal

"(૨) હિંદ અને હિંદીઓ વિષે છાપાંઓને લખીને, પુસ્તિકાઓ પ્રગટ કરીને, ભાષણો ગોઠવીને માહિતીનો ફેલાવો કરવો.

"(૩) હિંદીઓને, ખાસ કરીને સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને હિંદના ઈતિહાસ વિષે શિક્ષણ આપવું, અને હિંદ સંબંધના વિષયોનો અભ્યાસ કરવા પ્રેરણા આપવી.

"(૪) હિંદીઓ જેનાથી કષ્ટ ભોગવતા હોય એવી જુદી જુદી ફરિયાદોની તપાસ કરવી અને તે દૂર કરવા માટે બધી બંધારણીય રીતોનો આશરો લઈને ચળવળ ચલાવવી.

"(૫) ગિરમીટ નીચેના હિંદીઓની હાલત વિષે તપાસ કરવી અને તેમને ખાસ મુસીબતોમાંથી છૂટવા મદદ કરવી.

"(૬) ગરીબો અને કંગાલોને બધા યોગ્ય ઉપાયે મદદ કરવી.

"(૭) અને એકંદરે જેનાથી હિંદીઓ નૈતિક, સામાજિક, બૌદ્ધિક અને રાજદ્વારી દૃષ્ટિએ વધારે સારી પાયરીએ પહોંચે એવાં બધાં કામો કરવાં."

કૉંગ્રેસનું ખદ બંધારણ એને ખાનગી ફરિયાદો હાથ પર લેતાં અટકાવે છે, સિવાય કે એવી ફરિયાદોમાં કાંઈક જાહેર મહત્ત્વ હોય.

એમ કહેવું કે "હિંદી કૉંગ્રેસનું અસ્તિત્વ તદ્દન અકસ્માતથી જ શોધી કાઢવામાં આવ્યું હતું" એ વાતનો ભાગ્યે જ જાણીતી હકીકતો સાથે મેળ બેસે છે. હજી તો કૉંગ્રેસની રચના કરવાની શરૂઆત જ થઈ હતી એટલે धि नाताल विटनेस છાપાએ એ હકીકતની જાહેરાત કરી, અને જો હું ભૂલતો નહીં હોઉં તો એ જાહેરાત કરતો ફકરો આપે આપના છાપામાં ઉતાર્યો હતો. એ વાત સાચી છે કે આ પહેલાં એની રીતસરની જાહેરાત થઈ નહોતી. એવું નહોતું કરવામાં આવ્યું એનું કારણ એ હતું કે એના વ્યવસ્થાપકોને એના કાયમી અસ્તિત્વની ખાતરી નહોતી અને હજી પણ નથી. તેમણે એ વાત ડહાપણભરેલી માની કે માત્ર વખત જ એને જાહેર જનતાના ધ્યાન પર લાવે એ ઠીક હતું. એને છૂપી રાખવાનો કોઈ પ્રયાસ કરવામાં નથી આવ્યો. ઊલટું, એના સંચાલકોએ જે યુરોપિયનો સહાનુભૂતિવાળા ગણાતા હતા તેમને એમાં જોડાવાને અથવા એની પખવાડિક સભાઓમાં હાજરી આપવાને આમંત્રણ પણ આપ્યાં. ખાનગી વાતચીતમાં એ સંસ્થા વિષે ગેરસમજ ઊભી કરવાની શરૂઆત થઈ છે અને હવે એ આપનાથી જાહેર રીતે વગોવાઈ રહી છે (બેશક અજાણતાં) માત્ર એટલા જ ખાતર ઉપરની ચોખવટ જરૂરી માનવામાં આવી છે.

હું છું વગેરે
**મો. ક. ગાંધી**
માનદ મંત્રી
ધિ નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ

તા. ક. આપની માહિતી માટે આ સાથે હું એના નિયમો, એના પહેલા વર્ષના સભ્યોની યાદી અને પ્રથમ વાર્ષિક હેવાલની નકલો મોકલું છું.

**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]
**धि नाताल एडवर्टाइझर, ૨૫-૯-૧૮૯૫**

Gandhi Heritage Portal

# ૬૧. ઇન્ડિયન કૉંગ્રેસ

[“એચ” નામથી એક પત્રલેખકે ૧૮૯૫ના સપ્ટેમ્બરની ૨૧ તારીખે ધિ નાતાલ મર્ક્યુરીને એક પત્ર લખ્યો. એમાં જણાવ્યું કે મૅજિસ્ટ્રેટની કોર્ટના એક હિંદી દુભાષિયા જે સરકારી કર્મચારી છે તેનો કૉંગ્રેસ અને તેના કાર્યમાં હાથ છે. “એચે” એવી માગણી કરી કે તેને આવી મેલી રમત રમતો અટકાવવો જોઈએ. ગાંધીજીએ આ પ્રમાણે જવાબ આપ્યો:]

ડરબન,
સપ્ટેમ્બર ૨૫, ૧૮૯૫

તંત્રીજી,
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

દેખીતી રીતે જ આપના પત્રલેખક “એચ”ને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના પ્રારંભ વિષે તેમ જ બીજી બાબતો વિષે પણ ખોટી માહિતી આપવામાં આવી છે. કૉંગ્રેસ સંસ્થા મુખ્યત્વે કરીને શ્રી અબદુલ્લા હાજી આદમના પ્રયાસોથી રચાઈ છે. કૉંગ્રેસની દરેક સભા વખતે હું હાજર રહ્યો છું અને મને માહિતી છે કે કોઈ પણ સભામાં એક પણ સરકારી નોકરે ભાગ લીધો નથી. સંસ્થાના નિયમો તથા અનેક અરજીઓના ખરડા ઘડવાની જવાબદારી સંપૂર્ણ રીતે મારે શિર છે. અરજીઓ છપાઈને કૉંગ્રેસ સભ્યો તથા બીજાઓને વહેંચવા માટે તૈયાર થાય તે પહેલાં તેને એક પણ સરકારી કર્મચારીએ જોઈ સિક્કે નથી.

મો. ક. ગાંધી
માનદ મંત્રી, ના. ઇ. કોં.

[મૂળ અંગ્રેજી]
ધિ નાતાલ મર્ક્યુરી, ૨૭–૯–૧૮૯૫

Gandhi Heritage Portal

## ૬૨. ઇન્ડિયન કૉંગ્રેસ

["એચ" ધિ નાતાલ મર્ક્યુરીને ૧૮૯૫ના સપ્ટેમ્બરની ૨૮મી તારીખે ફરીથી લખીને જણાવ્યું કે કૉંગ્રેસ સંસ્થાનું સંગઠન ગુપ્ત રીતે એક સરકારી કર્મચારી કરી રહ્યા છે, અને ગાંધીજીને એમના મંત્રી તરીકેના કામ માટે દર વર્ષે ૩૦૦ પાઉન્ડ આપવામાં આવે છે. આનો ગાંધીજીએ આ પ્રમાણે જવાબ આપ્યો:]

ડરબન,
સપ્ટેમ્બર ૩૦, ૧૮૯૫

તંત્રીશ્રી,
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

આપના શનિવારના અંકમાં પ્રગટ થયેલા "એચ"ના પત્રની બાબત જો માત્ર મારા સંબંધમાં જ હોત તો મેં તેના તરફ ધ્યાન આપ્યું ન હોત, પણ એમનો પત્ર સરકારી કર્મચારીઓ ઉપર અસર કરનારો હોઈને આપના સૌજન્યનો લાભ ઉઠાવવાની મને ફરજ પડે છે. હું કૉંગ્રેસ-નો પગારદાર મંત્રી નથી. ઊલટો બીજા સભ્યોની માફક હું પણ એના ફાળામાં મારો નમ્ર હિસ્સો આપું છું. કૉંગ્રેસ તરફથી મને કોઈ પણ માણસ કશું પણ આપતો નથી. કેટલાક હિંદી-ઓ મને મારી કાયદાની સલાહ માટે વાર્ષિક રકમ આપે છે ખરા. એ રકમ મને સીધી અપાય છે. કૉંગ્રેસ પાસે છુપાવવા જેવું કશું નથી. માત્ર તે પોતે થઈને પોતાની જાહેરાત કરતી નથી. એને વિષેની જાહેર કે ખાનગી રાહેની કોઈ પણ પૂછપરછનો શક્ય એટલી ઝડપથી જવાબ આપવામાં આવે છે. આ સાથે હું કૉંગ્રેસ અંગેના કેટલાક કાગળો મોકલું છું જે એના કાર્ય વિષે થોડી માહિતી આપશે.

હું છું, વગેરે
મો. ક. ગાંધી
માનદ મંત્રી, ના. ઇં. કૉં.

[મૂળ અંગ્રેજી]
ધિ નાતાલ મર્ક્યુરી, ૪-૧૦-૧૮૯૫

Gandhi Heritage Portal

## ૬૩. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સભામાં ભાષણ

[રવિવાર તા. ૧લી ઑક્ટોબર, ૧૮૯૫ના રોજ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની રાહબરી નીચે ગાંધીજીએ ડરબનમાં રુસ્તમજીના મકાનમાં ૮૦૦ થી ૧૦૦૦ જેટલી સંખ્યાની હિંદીઓની મેદની સમક્ષ ભાષણ આપ્યું.]

શ્રી ગાંધીએ સભા આગળ ઘણું જ લંબાણથી ભાષણ કર્યું. એમણે કહ્યું કે હવે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના અસ્તિત્વની વાત પૂરેપૂરી જાહેર થઈ ગઈ છે એટલે તમારે તમારાં લવાજમો ભરવામાં નિયમિત બનવાનું જરૂરી છે. આપણી પાસે આજે ૭૦૦ પાઉન્ડ હાથ પર છે અને તે ગઈ વખતે હું તમને મળ્યો એના કરતાં ૧૦૦ પાઉન્ડ જેટલા વધારે છે. આપણી જરૂરિયાતોને પહોંચી વળવા માટે આપણે પૂરા ૪૦૦૦ પાઉન્ડ જોઈએ છે. એટલે મારું કહેવું એ છે કે દરેક જણે અમુક વખતમાં અમુક ફાળો ભરવાનું વચન લખીને આપવું જોઈએ. દરેક વેપારી જે ૧૦૦ પાઉન્ડનો માલ વેચે તેણે ૫ શિલિંગ કૉંગ્રેસને આપવાનો પ્રયાસ કરવો જોઈએ.

શ્રી ગાંધીએ આગળ કહ્યું કે, આજ સુધીમાં આપણને ઇંગ્લંડમાં વિજય મળ્યો છે, પણ આપણે હવે હિંદમાંથી જે સારાં પરિણામો આવવાનાં છે તેની રાહ જોઈએ છીએ. એ ઘણું સંભવિત છે કે હું તમને છોડીને જાન્યુઆરીમાં હિંદુસ્તાન જઈશ, અને ત્યાં સંખ્યાબંધ સારા હિંદી બૅરિસ્ટરોને નાતાલ આવવાને સમજાવીશ.

घि नाताल एडवर्टाइझर, २–१०–१८९५

## ૬૪. હિંદીઓનો પ્રશ્ન

ડરબન,
ઑક્ટોબર ૯, ૧૮૯૫

તંત્રીશ્રી,
घि नाताल एडवर्टाइझर

સાહેબ,

આપના ગઈ કાલના અંકમાં જે અગ્રલેખ લખ્યો છે તેના સામાન્ય આશય વિષે કોઈ પણ હિંદી વાંધો ઉઠાવી શકે એમ નથી.

જો કૉંગ્રેસે આડકતરી રીતે પણ કોઈ સાક્ષીને ફોડવાનો પ્રયાસ કર્યો હોય તો નક્કી તે દાબી દેવાને પાત્ર ઠરી શકત. હાલ પૂરતો હું ફરીથી એટલું જ કહીશ કે એણે એવો કોઈ પ્રયાસ કર્યો નથી. જે ચુકાદામાં કૉંગ્રેસને ઠપકો આપવામાં આવ્યો છે તેના પર અપીલ કરવામાં આવી છે એટલે મને પુરાવાઓની લંબાણથી ચર્ચા કરવાની મોકળાશ લાગતી નથી. જે એક-માત્ર સાક્ષીને કૉંગ્રેસ બાબતમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેણે એ સંસ્થાને આ બાબત સાથે કાંઈ પણ લેવાદેવા હોવાની ના પાડી હતી. જો માણસોના પોતાના ખાનગી વ્યક્તિ તરીકેનાં કાર્યોની જવાબદારી તેઓ જે સંસ્થા સાથે સંકળાયેલા હોય તેને માથે મારવામાં આવે

Gandhi Heritage Portal

તો પછી મારી સમજ પ્રમાણે કોઈ પણ સંસ્થા સામે લગભગ કોઈ પણ આરોપ પુરવાર કરી શકાય.

હિંદીઓનો દાવો "એક હિંદીને એક મત" મેળવવાનો નથી તેમ જ તેમણે જેઓ શુદ્ધ 'કુલી' મજૂરો છે તેમને માટે પણ મતનો દાવો કર્યો નથી. પણ અહીં તો શુદ્ધ કુલીને તે જ્યાં સુધી કુલી રહે છે ત્યાં સુધી હાલના કાનૂનો હેઠળ પણ તે અધિકાર મળી શકે એમ નથી. વિરોધ છે માત્ર રંગ કે જાતિ બાબતના ભેદભાવ સામે. જો આખા પ્રશ્નનો શાંતિથી અભ્યાસ કરવામાં આવે તો કોઈના તરફથી પણ બૂરી ભાવના અથવા ગરમાગરમીના કોઈ પણ દેખાવને સ્થાન રહેશે નહીં.

હિંદીઓએ દુનિયાના કોઈ પણ ભાગમાં રાજદ્વારી સત્તા હાથ કરવાનો પ્રયાસ કર્યો નથી. એવું કહેવાય છે કે મોરિશિયસમાં કે જ્યાં એઓ ઘણી મોટી સંખ્યામાં છે ત્યાં તેમણે રાજદ્વારી બાબતમાં કશી પણ ઉમેદ બતાવી નથી. અને નાતાલમાં એમની સંખ્યા જે ૪૦,૦૦૦ છે તે ૪,૦૦,૦૦૦ સુધી ધારો કે પહોંચી જાય તોપણ તેઓ એવું કરે એવો સંભવ નથી.

હું છું, વગેરે
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
धि नाताल एडवर्टाइझर, १०–१०–१८९५

## ૬૫. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

ડરબન,
ઑક્ટોબર ૨૧, ૧૮૯૫

માનનીય સંસ્થાન મંત્રીની સેવામાં, પિટરમૅરિત્સબર્ગ

સાહેબ,

છાપાંઓમાં આવેલી કેટલીક ટીકાઓ અને ડરબનના રેસિડંટ મૅજિસ્ટ્રેટ સામે તાજેતરમાં ચાલેલા રેજીના વિ. રંગાસામી પાદાયાચી કેસનો ચુકાદો, મને કૉંગ્રેસના માનદ મંત્રી તરીકે આ ટીકા અને ઉપર દર્શાવેલા ચુકાદા બાબતમાં આપને લખવાની ફરજ પાડે છે.

ચુકાદામાં એવું કહેવામાં આવ્યું છે કે કૉંગ્રેસે ઑગસ્ટ માસની અમુક તારીખે અસગારા નામના એક હિંદીને પોતાની સમક્ષ બોલાવીને એક કેસમાં સાક્ષી આપતાં રોકવાનો પ્રયાસ કર્યો, અને એવું પણ કહેવામાં આવ્યું છે કે એ સંસ્થા કાવતરાખોરોની છે વગેરે.

મારે જણાવવાનું એ છે કે કૉંગ્રેસે ઉપર દર્શાવેલા નામવાળી વ્યક્તિને કે બીજી કોઈ પણ વ્યક્તિને સાક્ષી આપતાં રોકવાને પોતાની સામે કદી બોલાવી નથી એટલું જ નહીં પણ ન્યાયાસને બેઠેલા મૅજિસ્ટ્રેટ પાસે આવી ટીકા કરવાને બિલકુલ કારણો નહોતાં.

જે ચુકાદામાં આ ટીકા કરવામાં આવી છે તેના ઉપર અપીલ થયેલી છે. એને લઈને એ બાબતની છાપાંમાં લંબાણથી ચર્ચા કરતાં મારે રોકાઈ જવું પડયું છે. કમનસીબે આ ટીકા માત્ર મૅજિસ્ટ્રેટના અંગત અભિપ્રાયરૂપે હોઈને એવું બને કે ન્યાયાધીશો એના ઉપર પૂરું ધ્યાન


Gandhi Heritage Portal

નહીં આપે. સાક્ષી અસગારાની તપાસ, ઊલટતપાસ અને ફેરતપાસ દરમિયાન કૉંગ્રેસનું તો નામ સિક્કે દેવામાં આવ્યું નહોતું. ફેરતપાસ પૂરી થઈ ગયા બાદ મૅજિસ્ટ્રેટે એ સાક્ષીને કૉંગ્રેસ બાબતમાં સવાલો પૂછ્યા. આ સવાલજવાબો ઉપરથી એ વાત સ્પષ્ટ થઈ હતી કે જે અઠવાડિયા દરમિયાન ધાકધમકી અપાયાનું અનુમાન કરવામાં આવ્યું હતું તે અઠવાડિયા દરમિયાન કૉંગ્રેસની એકે સભા ભરાઈ નહોતી. મુકદ્દમામાં બે છાપેલા પરિપત્રો રજૂ કરવામાં આવ્યા હતા, તેમાંનો એક ૧૪મી ઑગસ્ટનો હતો અને બીજો ૧૨મી સપ્ટેમ્બરનો હતો. સભ્યોને આ સૂચવાયેલી તારીખો પછીના મંગળવારોએ એટલે ૨૦મી ઑગસ્ટ અને ૧૭મી સપ્ટેમ્બરને દિવસે સભામાં હાજર રહેવા આમંત્રણ અપાયું હતું.

એવો આક્ષેપ છે કે ધાકધમકી અપાઈ હોવાનો બનાવ ૧૨મી ઑગસ્ટે બન્યો હતો. તે દિવસે સાક્ષીને મહમદ કમરુદ્દીને, મૂસાની ઑફિસે બોલાવી મંગાવ્યો હોવાનું કહેવાય છે, જે જગ્યાએ એમ. સી. કમરુદ્દીન, દાદા અબદુલ્લા, દાઉદ મહમદ અને બે કે ત્રણ અજાણ્યા માણસો હાજર હતા. અહીં તેને મુકદ્દમા વિષે અમુક પ્રશ્નો પૂછવામાં આવ્યા એવું મનાય છે. અને સાક્ષીએ એવી મતલબની જુબાની આપી કે કૉંગ્રેસની સભાઓ મૂસાની ઑફિસમાં નથી ભરવામાં આવતી, મૂસાની ઑફિસે મળવા માટે એને આમંત્રણ આપતો કોઈ પરિપત્ર કાઢવામાં આવ્યો નહોતો, પરિપત્રો પ્રમાણે બોલાવાયેલી સભાઓમાં તેણે હાજરી નથી આપી, કૉંગ્રેસની સભાઓ કૉંગ્રેસ હૉલમાં ભરવામાં આવે છે, પરિપત્રોને આ મુકદ્દમા સાથે કશી લેવાદેવા નથી અને કૉંગ્રેસની ખરી સભાઓમાં તે હાજર રહ્યો નહોતો, છતાં મૅજિસ્ટ્રેટે આ વાતને કૉંગ્રેસની સાથે જોડી દીધી છે.

મૅજિસ્ટ્રેટનાં અનુમાનોનું સમર્થન કરવામાં જે માત્ર એક મુદ્દાનો કોઈ પણ રીતે ઉપયોગ કરી શકાયો હતો તેની હકીકત એવી હતી કે મૂસાની ઑફિસે હાજર રહ્યા હોવાનું કહેવાય છે તે છ કે સાત માણસોમાંથી ત્રણ માણસો કૉંગ્રેસના સભ્યો હતા.

આ બાબત સાથે સંબંધ ધરાવતી જુબાનીમાંથી આ સાથે હું કેટલાક ઉતારા સામેલ કરું છું.

હું એટલું જણાવવાની હિંમત કરું છું કે એક યા બીજી રીતે મૅજિસ્ટ્રેટનું મન પૂર્વગ્રહથી ભરેલું હતું. પુનુસ્વામી પાથેર અને બીજા ત્રણ જણના મુકદ્દમામાં સહેજ પણ સાબિતી સિવાય, ચુકાદો આપવાનાં કારણોમાં એમણે ટીકા કરી છે કે પ્રતિવાદીઓ કૉંગ્રેસના સભ્યો છે અને તેનો તેમને ટેકો છે. સાચી હકીકત એ છે કે તેમનામાંના બધા કૉંગ્રેસના સભ્યો નથી અને એ બાબત સાથે કૉંગ્રેસને કશી લેવાદેવા નથી. રંગાસામીના મુકદ્દમામાં મિ. મિલરને મારા તરફથી સલાહ આપવા બાબતમાં કાગનો વાઘ કરવામાં આવ્યો છે, એટલે હું એટલું કહું કે પુનુસ્વામી અને બીજાઓના મુકદ્દમા સાથે મારે કશો પણ સંબંધ નહોતો તેમ જ મુકદ્દમો છેવટને તબક્કે ખૂબ આગળ વધી ગયો ત્યાં સુધી હું જાણતો નહોતો કે આવો કોઈ મુકદ્દમો અસ્તિત્વમાં પણ છે. જ્યારે રંગાસામી ઉપર તેના તે ગુના માટે બીજી વારનો આરોપ મૂકવામાં આવ્યો ત્યારે મારી દરમિયાનગીરીની માગણી કરવામાં આવી અને તે પણ કૉંગ્રેસના માનદ મંત્રીની હેસિયતથી નહીં પણ એક વકીલ તરીકે હતી.

સરકારને હું ખાતરી આપવા માગું છું કે કૉંગ્રેસના વ્યવસ્થાપકોનો હેત એ સંસ્થાને સંસ્થાનમાંની બન્ને કોમોને ઉપયોગી સંસ્થા બનાવવાનો છે અને તેને હિંદીઓ ઉપર અસર કરનારા પ્રશ્નો વિષેની તેમની લાગણીઓને ઓળખવાનું અને સમજવાનું વાહન બનાવવાનો

Gandhi Heritage Portal

છે, અને એ રીતે હાલની સરકારને મદદ કરવાનો છે, અને ધારો કે એ કદી એને મુસીબતમાં મૂકી પણ શકે તોપણ મુસીબતમાં મૂકવાનો નથી.

આવા વિચારો ધરાવતા હોવાને કારણે સ્વાભાવિક રીતે જ તેઓ કૉંગ્રેસને વિષે એની ઉપયોગિતામાં કાપ મુકાય એવી કોઈ પણ ટીકા કરવામાં આવે તેની સામે મજબૂત વિરોધ દર્શાવે છે. એટલે જો સરકાર મૅજિસ્ટ્રેટની ટીકાને કાંઈ પણ વજન આપવાનું વલણ ધરાવતી હોય તો કૉંગ્રેસના સભ્યોને માટે સંસ્થાનું બંધારણ અને કામકાજ વિષે ચોકસાઈભરી તપાસ કરાવવામાં આવે એના કરતાં બીજું વધારે આવકારદાયક કશું જ ન હોઈ શકે.

હું એ પણ કહી દઉં કે હિંદી હિંદી વચ્ચેની આપસની કોર્ટની બાબતોમાં કૉંગ્રેસે હજી કદી દરમ્યાનગીરી કરી નથી અને જાહેર મહત્ત્વની હોય તે સિવાયની વ્યક્તિગત ફરિયાદો હાથ પર લેવાની તેણે ના જ પાડી છે. કોઈ પણ વ્યક્તિગત સભ્ય કે સભ્યો એના નિયમો મુજબ બોલાવવામાં આવેલી સભામાં એકઠા થયેલા બહુમતી સભ્યોની મંજૂરી સિવાય કૉંગ્રેસ તરફથી અથવા કૉંગ્રેસને નામે કાંઈ પણ કરી નહીં શકે. અને આવી સભા માત્ર માનદ મંત્રીની લેખિત નોટિસથી જ ભરી શકાય છે.

જો સરકારને એવો સંતોષ થયો હોય કે કૉંગ્રેસને પ્રસ્તુત મુકદ્દમા સાથે કશી લેવાદેવા નથી તો કૉંગ્રેસ તરફથી હું નમ્રપણે એટલી વિનંતી કરું છું કે એ હકીકત વિષે કાંઈક જાહેર નિવેદન બહાર પાડવામાં આવે; બીજી બાજુથી એ બાબત વિષે કાંઈ પણ શંકા રહી હોય તો તેની તપાસ કરાવવા માટે હું માગણી કરું છું.

આ સાથે હું કૉંગ્રેસના નિયમો, ૧૮૯૫ના ઑગસ્ટની ૨૨મી તારીખે પૂરા થતા વર્ષના સભ્યોની યાદી અને પ્રથમ વાર્ષિક હેવાલ એ દરેકની એકેક નકલ સામેલ કરું છું.

જો કોઈ વિશેષ માહિતીની જરૂર હોય તો તે મોકલતાં મને ઘણો આનંદ થશે.

આપનો આજ્ઞાંકિત સેવક
મો. ક. ગાંધી
માનદ મંત્રી, ના. ઇં. કૉં.

[મૂળ અંગ્રેજી]

સમ્રાજ્ઞીના મુખ્ય સંસ્થાન મંત્રીને નાતાલના ગવર્નર તરફથી ૧૮૯૫ના નવેમ્બરની ૩૦મી તારીખે મોકલેલા ખરીતા નં. ૧૨૮નું બિડાણ નં. ૧
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ નં. ૧૭૯, ગ્રંથ ૧૯૨.

Gandhi Heritage Portal

# ૬૬. મિ. ચેમ્બરલેનને અરજી

જોહાનિસબર્ગ,
દ. આ. પ્ર.,
નવેમ્બર ૨૬, ૧૮૯૫

પરમ માનનીય જોસફ ચેમ્બરલેન,
સમ્રાજ્ઞીના મુખ્ય સંસ્થાન મંત્રીની સેવામાં, લંડન

દક્ષિણ આફ્રિકા પ્રજાતંત્રમાં વસતા નીચે સહી કરનારા હિંદી બ્રિટિશ પ્રજાજનોની અરજી નમ્રપણે દર્શાવીએ છીએ કે:

દક્ષિણ આફ્રિકા પ્રજાતંત્રની હિંદી કોમનું પ્રતિનિધિત્વ કરતા આપના અરજદારો આથી સમ્રાજ્ઞીની સરકારને માનપૂર્વક અરજ કરીએ છીએ. બાબત દક્ષિણ આફ્રિકા પ્રજાતંત્રની માનનીય લોકસભાએ ૧૮૯૫ના નવેમ્બરની ૭મી તારીખે પસાર કરેલા એક ઠરાવ સંબંધમાં છે. આ ઠરાવ સમ્રાજ્ઞીની સરકાર અને દક્ષિણ આફ્રિકાના પ્રજાતંત્રની સરકાર વચ્ચે થયેલી, પ્રજાતંત્રમાં વસતાં બધાં બ્રિટિશ પ્રજાજનોને વ્યક્તિગત લશ્કરી સેવામાંથી મુક્ત કરતી સંધિનું સમર્થન કરે છે. શરત એટલી કે એમાં જ્યાં જ્યાં "બ્રિટિશ પ્રજાજનો" શબ્દો આવે તેનો અર્થ "ગોરા લોકો" એવું સમજવાનું છે.

આ ઠરાવ વાંચતાંની સાથે આપના અરજદારોએ આપને ૧૮૯૫ના ઑક્ટોબરની ૨૨મી તારીખે, ગોરા અને રંગીન બ્રિટિશ પ્રજાજનો વચ્ચે કરવામાં આવેલા ભેદભાવ સામે વિરોધ દર્શાવતો તાર મોકલ્યો છે.[1]

દેખીતી રીતે જ આ શરતી વાતનું નિશાન દક્ષિણ આફ્રિકા પ્રજાતંત્રમાં વસતા હિંદી બ્રિટિશ પ્રજાજનોને બનાવવામાં આવ્યું છે.

આપના અરજદારો આપનું ધ્યાન એ હકીકત તરફ ખેંચે છે કે ખુદ સંધિમાં "બ્રિટિશ પ્રજાજનો" શબ્દોનો ખાસ કોઈ અર્થ બિલકુલ કરવામાં નથી આવ્યો અને રજૂ કરે છે કે ઠરાવ, સંધિને જેમની તેમ સ્વીકારવાને બદલે તેમાં સુધારો કરે છે. અને માત્ર એટલા જ કારણસર આપના અરજદારો ખાતરીપૂર્વક માને છે કે સમ્રાજ્ઞીની સરકાર સુધારેલી સંધિને સ્વીકારી લેશે નહીં.

આપના અરજદારો આ ઠરાવ બ્રિટિશ પ્રજાજનો ઉપર જે બિનજરૂરી અપમાન લાદે છે તેને વિષે અહીં કશું કહેશે નહીં.

બ્રિટિશ પ્રજાજનોને લશ્કરી સેવામાંથી મુક્ત રાખવા માટે જે કારણ આગળ કરવામાં આવ્યું હતું તે એ હતું કે બ્રિટિશ પ્રજાજનોને સંપૂર્ણ નાગરિક હકો માટે લાયક ગણવામાં આવ્યા નથી અને પ્રજાતંત્રમાં તેમના ઉપર બીજી ગેરલાયકાતો લાદવામાં આવી છે. એટલે બીજા નાગરિકોને માથે છે એવી ફરજિયાત લશ્કરી સેવા આપવાની ફરજ તેમના ઉપર નંખાવી નહીં જોઈએ. જ્યારે હુલ્લડબાજી ચાલતી હતી ત્યારે ખુલ્લંખુલ્લા એવું સ્વીકારવામાં આવ્યું હતું કે

૧. આ તાર મળી શક્યો નથી.

Gandhi Heritage Portal

પ્રજાતંત્રની વિદેશી (ઑઈટલૅંડર્સ) વસ્તીને જો નાગરિકો તરીકે ગણવામાં આવશે અને મતાધિકારનો હક અપાશે તો તેઓ માલોબોચ[૧] લડતમાં ખુશીથી પોતાની સેવા આપશે.

એટલે જો ઠરાવમાં કહેવામાં આવ્યું છે તેમ યુરોપિયનો અથવા "ગોરા" બ્રિટિશ પ્રજાજનોને તેમના ઉપર જે રાજદ્વારી ગેરલાયકાતો લાદવામાં આવી છે તેને કારણે મુક્ત રાખવા જોઈએ તો માનપૂર્વક અમને કહેવા દો કે તો પછી હિંદી બ્રિટિશ પ્રજાજનોને તો એથી પણ વિશેષ મુક્ત રાખવા જોઈએ, કારણ કે તેઓ દક્ષિણ આફ્રિકાના પ્રજાતંત્રમાં કોઈ પણ રાજદ્વારી હકો ભોગવતા નથી એટલું જ નહીં પણ તેમના પ્રત્યે સામાન અસબાબ કરતાં વિશેષ ગણવા જેટલો પણ વર્તાવ રાખવામાં આવતો નથી જે હકીકતની આ ઠરાવ એ એક બીજી સાબિતી છે.

છેવટે, આપના અરજદારો ખરા દિલથી પ્રાર્થના કરે છે અને વિશ્વાસપૂર્વક આશા રાખે છે કે સંસ્થાનોમાં અથવા સ્વતંત્ર રાજ્યોમાં, (બુલવાયોના નવા ખૂલેલા પ્રદેશોમાં તેમ જ બીજા ભાગોમાં પણ) દક્ષિણ આફ્રિકામાં એકેએક જગ્યાએ હિંદીઓ ઉપર જે સતત રીતે ત્રાસ ગુજારવામાં આવે છે એ દૃષ્ટિએ, અને સામાન્ય રીતે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ ઉપર મુકાયેલાં આજ પહેલાંનાં ચાલુ નિયંત્રણોનું જે મોટું પ્રમાણ છે તે અને આપના અરજદારોના અને તેમના સાથી બંધુઓના સમ્રાજ્ઞીની સરકારની દરમિયાનગીરીથી એ દૂર કરવાના પ્રયાસો, આ બધું ધ્યાનમાં રાખતાં, દક્ષિણ આફ્રિકાના પ્રજાતંત્ર તરફથી હિંદીઓની સ્વતંત્રતા ઉપર હજી વધારે નિયંત્રણ મૂકવાનો આ તાજો પ્રયાસ સમ્રાજ્ઞીની સરકાર ચલાવી લેશે નહીં.

અને આ ન્યાય અને દયાના કાર્ય બદલ આપના અરજદારો ફરજ સમજીને સદા પ્રાર્થના કરતા રહેશે વગેરે વગેરે.

એમ. સી. કમરુદ્દીન
અબદુલ ગની
મહમદ ઈસ્માઈલ
વગેરે વગેરે

[મૂળ અંગ્રેજી]

દક્ષિણ આફ્રિકા પ્રજાતંત્રના સમ્રાજ્ઞીના હાઈકમિશનરે સમ્રાજ્ઞીના મુખ્ય સંસ્થાન મંત્રીને ૧૮૯૫ના ડિસેમ્બરની ૧૭ તારીખે મોકલેલા ખરીતા નં. ૬૯૨ સાથે સામેલ કરેલું લખાણ કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ, નં. ૪૧૭, ગ્રંથ ૧૫૨

૧. ઉત્તર ટ્રાન્સવાલમાં ૧૮૯૪માં થયેલું ડચોનું માલેબોચ પ્રજા સાથેનું યુદ્ધ.

Gandhi Heritage Portal

# ૬૭. હિંદી મતાધિકાર

**દક્ષિણ આફ્રિકામાં વસતા દરેક અંગ્રેજને વિનંતી**

બીચગ્રોવ, ડરબન,
ડિસેમ્બર ૧૬, ૧૮૯૫

હિંદી મતાધિકારના પ્રશ્નને અખબારો સાથેનો એનો સંબંધ છે તેટલા પૂરતું આખા સંસ્થાનને, ખરું પૂછો તો આખા દક્ષિણ આફ્રિકાને ખળભળાવી મૂક્યું છે. એટલા માટે આ અપીલ અંગે ક્ષમાયાચના કરવાનું બિનજરૂરી બની જાય છે. દક્ષિણ આફ્રિકામાં વસતા દરેક અંગ્રેજ આગળ હિંદી મતાધિકારનું હિંદી દૃષ્ટિબિંદુ, શકય એટલું ટૂંકામાં રજૂ કરવાનો આ એક પ્રયાસ છે.

હિંદીઓને મતાધિકારથી વંચિત કરવાની તરફેણ કરતી કેટલીક દલીલો આ રહી:

(૧) હિંદીઓ હિંદુસ્તાનમાં મતાધિકાર ભોગવતા નથી.

(૨) દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓ, સૌથી નીચલા વર્ગના હિંદીઓના પ્રતિનિધિ છે; હકીકતમાં, તેઓ હિંદુસ્તાનના ઉતાર છે.

(૩) મતાધિકાર શી ચીજ છે તે હિંદીઓ સમજતા નથી.

(૪) હિંદીઓને મતાધિકાર એટલા ખાતર મળવો નહીં જોઈએ કે સ્થાનિક દેશી લોકો જેઓ હિંદીઓના જેટલા જ બ્રિટિશ પ્રજાજનો છે તેમને મતાધિકાર અપાયો નથી.

(૫) સ્થાનિક દેશી વસ્તીનાં હિતો જોતાં હિંદીઓને મતાધિકારથી વંચિત રાખવા જોઈએ.

(૬) આ સંસ્થાન ગોરાઓનો દેશ થશે અને રહેશે અને નહીં કે કાળા માણસોનો; અને હિંદી મતાધિકાર તો યુરોપિયનોના મતને પૂરેપૂરો ગળી જશે અને હિંદીઓને રાજદ્વારી દૃષ્ટિએ સર્વોચ્ચ સ્થાન આપશે.

હું આ વાંધાઓની એક પછી એક ચર્ચા કરીશ.

૧

વારંવાર એવું કહેવામાં આવ્યું છે કે હિંદીઓ હિંદમાં ભોગવતા હોય તેના કરતાં વધારે ઊંચા ખાસ હકોનો દાવો કરી નહીં શકે અને તેમણે તે કરવો નહીં જોઈએ તેમ જ એમને હિંદમાં કોઈ પણ જાતનો મતાધિકાર મળેલો નથી.

હવે, પ્રથમ વાત એ છે કે હિંદીઓ તેઓ હિંદમાં જે ખાસ હકો ભોગવે છે તેના કરતાં વધારે ઊંચા એવા ખાસ હકો અહીં મેળવવાનો દાવો કરતા નથી. એ વાત ખ્યાલમાં રહેવી જોઈએ કે હિંદમાંની સરકાર અહીં જે ઢબની સરકાર છે તે ઢબની નથી. એટલા કારણસર એ વાત ચોખ્ખી જ છે કે બંનેની વચ્ચે કશી સરખામણી હોઈ ન શકે. આના જવાબમાં કદાચ એવું કહેવામાં આવે કે હિંદીઓએ, તેમને હિંદુસ્તાનમાં અહીં છે તેવા પ્રકારની સરકાર મળે ત્યાં સુધી થોભી જવું જોઈએ. પરંતુ આ જવાબ ચાલી શકે એવો નથી. એ જ સિદ્ધાંત મુજબ, એવી દલીલ કરી શકાય કે, નાતાલ આવતા કોઈ પણ માણસને તો જ મતાધિકાર મળી શકે જો તે જે દેશમાંથી આવ્યો હોય તે દેશમાં એ જ રીતે અને એ જ સંજોગો નીચે મતાધિકાર

Gandhi Heritage Portal

ભોગવતો હોય, એટલે જો તે દેશનો મતાધિકાર કાનૂન નાતાલના મતાધિકાર કાનૂન જેવો જ હોય. જો આ જાતનો સિદ્ધાંત સાર્વત્રિક રીતે લાગુ પાડવામાં આવે તો એ વાત સમજવી સહેલી છે કે ઇંગ્લંડમાંથી આવનાર કોઈને પણ નાતાલમાં મતાધિકાર મળી નહીં શકે. જર્મની કે રશિયા કે જ્યાં વધતેઓછે અંશે એકહથ્થુ સરકાર ચાલે છે ત્યાંથી આવનારને તો એનાથી પણ ઘણે ઓછે અંશે એ હક મળી શકે. એટલા માટે એકમાત્ર અને સાચી કસોટી એ નથી કે હિંદીઓ પાસે હિંદુસ્તાનમાં મતાધિકાર છે કે નહીં, પણ તેઓ પ્રતિનિધિત્વવાળી સરકારનો સિદ્ધાંત સમજે છે કે નહીં એ છે.

પણ હિંદુસ્તાનમાં તેમને મતાધિકાર જરૂર મળેલો છે. એ સાચું છે કે તે અત્યંત મર્યાદિત છે, આમ છતાં તે છે તો ખરો જ. ત્યાંની વિધાન પરિષદો હિંદીઓની પ્રતિનિધિત્વવાળી સરકારને સમજવાની અને તેની કદર કરવાની લાયકાતનો સ્વીકાર કરે છે. આ વિધાન પરિષદો હિંદીઓની પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ માટેની યોગ્યતાની કાયમની સાક્ષી છે. હિંદી વિધાન પરિષદોના થોડા સભ્યો ચૂંટવામાં આવે છે અને થોડા નીમવામાં આવે છે. હિંદસ્તાનની વિધાન પરિષદોની પરિસ્થિતિ નાતાલની જૂની વિધાન પરિષદોની પરિસ્થિતિથી બહુ ભિન્ન નથી. અને હિંદીઓને એ પરિષદોના સભ્યો થતા રોકવામાં નથી આવતા. તેઓ યુરોપિયનો જોડે એકસરખી શરતો પર ચૂંટણી લડે છે.

મુંબઈની વિધાન પરિષદના સભ્યોની છેલ્લી ચૂંટણી વખતે મતદારમંડળોમાંના એકમાં એક યુરોપિયન અને એક હિંદી એમ બે ઉમેદવારો ઊભા હતા.

હિંદમાંની બધી જ વિધાન પરિષદોમાં હિંદી સભ્યો-મોજૂદ છે. આ ચૂંટણીઓ વખતે હિંદીઓ મત આપે છે તેમ જ યુરોપિયનો પણ આપે છે. બેશક મતાધિકાર મર્યાદિત છે. એ અટપટો પણ છે, દાખલા તરીકે મુંબઈનું મ્યુનિસિપલ કૉર્પોરેશન વિધાન પરિષદ ઉપર એક સભ્ય ચૂંટે છે, અને એ કૉર્પોરેશન મોટે ભાગે હિંદી કર ભરનારાઓ મારફતે ચૂંટાયેલા સભ્યોનું બનેલું છે.

મુંબઈમાં મ્યુનિસિપલ ચૂંટણી માટેના હિંદી મતદારોની સંખ્યા હજારોની છે, એ મતદારોના વર્ગમાંથી અથવા એના જેવા જ વર્ગમાંથી સંસ્થાનમાંના મોટા ભાગના હિંદી વેપારીઓ આવેલા છે.

એ ઉપરાંત સૌથી વધારે મહત્ત્વવાળી અધિકારની જગ્યાઓ હિંદીઓ માટે ખુલ્લી મૂકી દેવામાં આવેલી છે. એ શું એવું બતાવે છે ખરું કે તેઓ પ્રતિનિધિત્વ ધરાવતી સરકાર કેવી હોય તે સમજવાને નાલાયક ઠર્યા છે? એક હિંદીએ વડા ન્યાયાધીશનું પદ ધારણ કર્યું છે, જે પદનો વાર્ષિક પગાર ૬૦,૦૦૦ રૂપિયા અથવા ૬૦૦૦ પાઉંડ છે. માત્ર તાજેતરમાં જ, અહીંના મોટા ભાગના વેપારીઓ જે વર્ગમાંથી આવ્યા છે તે વર્ગના એક હિંદીને મુંબઈમાં ન્યાયની વડી અદાલતમાં ઉપ-ન્યાયાધીશ તરીકે નીમવામાં આવ્યા છે. એક તામિલ ગૃહસ્થ જેમની જ્ઞાતિના કેટલાક હિંદીઓ ગિરમીટ નીચે છે, તે મદ્રાસમાં વડી અદાલતના ઉપ-ન્યાયાધીશ છે. એક હિંદીને બંગાળમાં રેવન્યુ કમિશનરની ઘણી જ જવાબદારીભરી ફરજો સોંપવામાં આવી છે.

મુંબઈમાં અને કલકત્તામાં હિંદીઓએ યુનિવર્સિટીઓના ઉપકુલપતિનાં પદ શોભાવ્યાં છે.

હિંદીઓ યુરોપિયનો સાથે સમાન શરતોએ આઈ. સી. એસ.ની સનદી સેવા માટે હરીફાઈ કરે છે.

મુંબઈ કૉર્પોરેશનના હાલના પ્રમુખ કૉર્પોરેશનના સભ્યો મારફતે ચૂંટાયેલા એક હિંદી છે.

Gandhi Heritage Portal


સુધરેલી જાતિઓ સાથેની સમાનતા માટેની હિંદીઓની લાયકાતની સૌથી તાજી સાબિતી ૧૮૯૫ના ઑગસ્ટની ૨૩મી તારીખના લંડન ટાઈમ્સમાંથી મળી આવે છે.

એ વાત સૌ કોઈ જાણે છે કે ધિ ટાઈમ્સમાં 'હિંદી બાબતો' વિષે લખનાર બીજા કોઈ નહીં પણ સર વિલિયમ વિલ્સન હંટર છે જેઓ સૌથી આગળ પડતા હિંદના ઈતિહાસકાર છે. તેઓ કહે છે:


> જે સાહસનાં કાર્યો અને એથી પણ વિશેષ જ્વલંત સહનશીલતાના દાખલાઓ વડે આ આટલું મોટું સન્માન હાંસલ કરવામાં આવ્યું હતું તેનું વર્ણન અહોબુદ્ધિની તીવ્ર લાગણી અનુભવ્યા સિવાય વાંચવાનું મુશ્કેલ છે. એક સિપાઈ કે જેને 'ઑર્ડર ઑફ મેરિટ' કહેતાં વીરતાનો ચાંદ મળ્યો હતો તેણે ઓછામાં ઓછા ૩૧ ઘા ઝીલ્યા હતા. ધિ इन्डियन डेईली न्यूस કહે છે તેમ "કદાચ આ સંખ્યા સૌથી મોટી હોય." બીજા એક સિપાઈને રોસની ટુકડી જે સાંકડા માર્ગ પર કપાઈ મરી હતી તે જગ્યા ઉપર ગોળી વાગી હતી. તેણે શાંતિથી પોતાના શરીરમાં પેઠેલી ગોળીને હાથ વડે ફંફોસીને શોધી કાઢી અને વેદનાનો ડર રાખ્યા વિના બંને હાથ વડે દબાવીને તેને ઉપર સુધી સરકાવી કાઢી. છેવટે જ્યારે તે એની આંગળીઓની પકડમાં આવી એટલે તેણે એ બહાર કાઢી નાખી. ત્યાર પછી લોહી નીકળતી હાલતમાં તેણે ફરીથી તેની રાઈફલ ખભે મૂકી અને એકવીસ માઈલની કૂચ કરી.
>
> પણ જેમણે માનપાન મેળવ્યું છે એવા દેશી સિપાઈઓની બહાદુરી, જો આવી સાથીદાર પ્રજા મેળવવા બદલ આપણામાં એક જાતનું ગૌરવ જાગ્રત કરે છે તો એટલાં જ સાહસ અને દૃઢતાના દાખલાઓમાં જાણે ભીખ તરીકે નહીં હોય તેમ અપાયેલાં નજીવાં ઈનામો બહુ જુદા જ પ્રકારની ભાવનાઓ જાગ્રત કરે છે. ચોથી બંગાળ ઈન્ફન્ટ્રી (પાયદળ ટુકડી)ના બે પાણી વહેનારા ભિસ્તીઓને તેમણે 'કોરઘની લડાઈ દરમિયાન બતાવેલી બહાદરી અને નિષ્ઠા માટે' યુદ્ધ ખરીતાઓમાં અદ્વિતીય સ્થાન અપાયું હતું. ખરેખર, આ ભયંકર ઘાટમાં તેમણે તેમના સાથીઓ પ્રત્યે જે મહાન સ્વાર્પણની ભાવના પ્રગટ કરી હતી તેનાથી વધારે ચડિયાતું ભાગ્યે જ કશું હોઈ શકે. એ જ ટુકડીના એક બીજા માણસના નામનો નિર્દેશ પણ કરવામાં આવ્યો હતો તે એ સંબંધમાં હતો કે સ્વર્ગીય કૅપ્ટન બેઈર્ડને ચિત્રાલ કિલ્લામાં લાવનારી ટુકડી સાથે જ્યારે તે હતો ત્યારે તેણે 'જ્વલંત બહાદુરી અને નિષ્ઠા બતાવ્યાં હતાં'. . . સાચી વાત એ છે કે અનેક રીતે હિંદીઓ લાયક સાથીપ્રજા તરીકે ગણાવાનો હક કમાઈ રહ્યા છે. રણભૂમિ હમેશાં જાતિ જાતિઓ વચ્ચે ગૌરવભરી સમાનતા લાવનારું સૌથી ઝડપી સાધન બન્યું છે. પણ હિંદીઓ તો નાગરિક જીવનના વધારે ધીમા અને વધારે મુશ્કેલ તરીકાઓ વડે પણ આપણા સન્માનને પાત્ર થવાની લાયકાત સાબિત કરી રહ્યા છે. त्रण वर्ष पहेलां पूरा नहीं तो थोडे अंशेना मताधिकारना धोरण उपर हिंदी विधान परिषदने विस्तृत करवानो प्रयोग करवामां आव्यो हतो. एना करतां आधीन राज्योनी बंधारणपूर्वकनी सरकारमां वधारे मोटो प्रयोग कदी करवामां आव्यो नहोतो. (નાગરી મેં કર્યું છે) એ પ્રયોગનું પરિણામ જેટલું બંગાળમાં શંકા ભરેલું લાગે છે એટલું હિંદના બીજા કોઈ ભાગમાં નથી લાગતું. બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નરના ક્ષેત્રની વસ્તી સંખ્યામાં મદ્રાસ અને મુંબઈ પ્રાંતોની ભેગી વસ્તીના જેટલી છે અને વહીવટી દૃષ્ટિએ એ પ્રાંતને સમાલવાનો પ્રમાણમાં વધારે મુશ્કેલ છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal




Gandhi Heritage Portal




नेटाल का नक़शा

Gandhi Heritage Portal

સર ચાર્લ્સ ઈલિયટ્ટે, લૉર્ડ સેલિસબરીના કાનૂન વડે વિસ્તારવામાં આવેલી તેમની ધારાસભા તરફથી આ અનિવાર્યપણે ગૂંચવાડાભર્યા કાનૂનને (ધિ બૅંગાલ સૅનીટરી ડ્રૅનેજ ઍક્ટ) આખરી સ્વરૂપ આપવામાં માત્ર દળબંધીવાળા વિરોધના અભાવની જ નહીં પરંતુ તેમને મળેલી કીમતી વ્યવહારુ મદદની ઉદારપણે સાક્ષી પૂરી છે. મોટા ભાગની ચર્ચાઓ ઘણી મદદરૂપ નીવડી, અને બંગાળને લેવાદેવા છે ત્યાં સુધી—જે પ્રાંતમાં ચૂંટણી પદ્ધતિ સૌથી ભારે મુસીબતભરી લાગતી હતી—आ प्रयोग एक आकरी कसोटी बाद सफळ पुरवार थयो छे. (ફરીથી નાગરી મેં કર્યું છે)

૨

બીજો વાંધો એ છે કે દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓ સૌથી નીચલા વર્ગના હિંદીઓમાંથી આવ્યા છે. આ કથન ભાગ્યે જ સાચું છે. અલબત્ત એ વાત વેપારી કોમ બાબતમાં સાચી નહીં પડે તેમ જ એ બધા જ ગિરમીટિયા હિંદીઓ જેમાંના કેટલાક હિંદમાંની સૌથી ઊંચી જ્ઞાતિના છે તેમને વિષે પણ સાચી નહીં પડે. બેશક એ બધા ઘણા ગરીબ લોકો છે. એમાંના કેટલાક હિંદમાં રખડુ કે ભામટા હતા. ઘણાખરા લોકો સૌથી નીચલા વર્ગના પણ છે. પરંતુ કોઈને પણ માઠું લગાડવાના હેતુ સિવાય મને કહેવા દો કે જો નાતાલમાંની હિંદી કોમ સૌથી ઉપલા વર્ગમાંથી આવી નહીં હોય તો અહીંની યુરોપિયન કોમ પણ એ વર્ગમાંથી આવી નથી. પણ મારું કહેવું એ છે કે આ હકીકતને અણઘટતું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જો, અહીંનો હિંદી નમૂનારૂપ હિંદી નહીં હોય તો તેને તેવો બનવામાં મદદ કરવાની ફરજ સરકારની છે. અને જો વાચક નમૂનારૂપ હિંદી કેવો છે એ જાણવા ઈચ્છતો હોય તો હું તેને વિનંતી કરીશ કે તે મારો 'ખુલ્લો પત્ર' વાંચે. એમાં અનેક અધિકાર ધરાવતી વ્યક્તિઓનાં કથનો એ વસ્તુ બતાવવાને એકઠાં કરવામાં આવ્યાં છે કે તે એક નમૂનારૂપ યુરોપિયનના જેટલો જ સંસ્કારી છે. અને જે રીતે યુરોપમાં એક સૌથી નીચલા વર્ગના યુરોપિયન માટે સૌથી ઊંચી પાયરીએ પહોંચવાનું સંભવિત છે તે જ રીતે હિંદમાં સૌથી નીચલા વર્ગના હિંદી માટે પણ છે. એકસરખી ઉપેક્ષાવૃત્તિને લઈને, અથવા પ્રત્યાઘાતી કાનૂનોને લઈને સંસ્થાનમાં હિંદી હજી પણ વધારે નીચો ઊતરવાનો અને એ રીતે તે પહેલાં નહોતો તેવો ખરેખરો ભયરૂપ બની જવાનો સંભવ છે. ધુતકારી કઢાયેલો, તિરસ્કારાયેલો, શાપિત થયેલો તે આવી જ સ્થિતિમાં મુકાયેલા બીજાઓએ જે કાંઈ કર્યું છે અને બીજાઓ જેવા થયા છે માત્ર તેવું જ કરશે અને તેવો જ થશે. એના તરફ પ્રેમ અને સદ્વર્તન બતાવાતાં તે બીજા કોઈ પણ રાષ્ટ્રની કોઈ પણ વ્યક્તિની માફક ઊંચે ચડવાને શક્તિમાન છે. જ્યાં સુધી એને સરખા સંજોગો નીચે હિંદમાં તે ભોગવતો હોય કે ભોગવનાર હોય તેવા હકો પણ આપવામાં નહીં આવે ત્યાં સુધી તેના પ્રત્યે સારો વર્તાવ રખાય છે એમ નહીં કહી શકાય.

૩

હિંદીઓ મતાધિકાર શું ચીજ છે તે સમજતા નથી એમ કહેવું એ હિંદુસ્તાનના સારા ઈતિહાસની જાણી જોઈને અવગણના કરવા બરાબર છે. પ્રાચીનમાં પ્રાચીન કાળથી હિંદીઓ પ્રતિનિધિત્વના તત્ત્વને સૌથી સાચા અર્થમાં સમજ્યા છે અને તેની તેમણે કદર કરી છે. આ જ સિદ્ધાંત એટલે પંચાયતનો સિદ્ધાંત એક હિંદીને તેનાં બધાં કાર્યોમાં દોરવણી આપે છે. તે પોતાની

Gandhi Heritage Portal

જાતને પંચાયત સંસ્થાનો એક સભ્ય તરીકે ગણે છે. એ સંસ્થા જેનો આજને તબક્કે તે એક સભ્ય છે તે ખરેખર તો એક સમગ્ર પ્રજાકીય સંસ્થા છે. આમ કરવાની એ શક્તિએ — લોકશાહી રાજ્યના સિદ્ધાંતને પૂરી રીતે સમજવાની શક્તિએ — એને જગત પરનો સૌથી નિરુપદ્રવી અને સૌથી નમ્ર માણસ બનાવ્યો છે. સદીઓની પરદેશી હકૂમત અને જોહુકમી એને સમાજની એક ખતરનાક વ્યક્તિ બનાવી દેવામાં નિષ્ફળ નીવડી છે. જે કોઈ જગ્યાએ એ જાય છે અને ગમે એવી પરિસ્થિતિમાં એ મુકાયો હોય છે, ત્યાં તે પોતાના ઉપર અધિકાર ધરાવતા લોકોની પ્રતિનિધિરૂપ બહુમતીના નિર્ણયને વશ વર્તે છે. કારણ કે તે જાણે છે કે એના ઉપર કોઈ પણ ત્યાં સુધી સત્તા નહીં ચલાવી શકે જ્યાં સુધી એ સત્તા ચલાવનારને જે તે સમાજની બહુમતી સંખ્યાના લોકો એ સ્થાન પર નભાવી નહીં લેતા હોય. આ સિદ્ધાંત હિંદીઓના હૃદયમાં એવો તો કોતરાઈ ગયેલો છે કે હિંદનાં દેશી રાજ્યોના અત્યંત જુલમી રાજાઓને પણ પ્રતીતિ થયેલી હોય છે કે તેમણે પ્રજાને માટે કારભાર કરવાનો છે. એ વાત સાચી છે કે એ બધા કાંઈ આ સિદ્ધાંત મુજબ વર્તતા નથી. એનાં કારણોની ચર્ચા અહીં કરવાનું જરૂરી નથી. અને સૌથી તાજુબ પમાડનારી હકીકત તો એ છે કે જ્યાં ઉપર ઉપરથી રાજાશાહી સરકાર કામ કરતી હોય છે ત્યાં પણ પંચાયત એ સર્વસત્તાધીશ મંડળ છે. એના સભ્યોનાં કાર્યોનું નિયમન બહુમતીની ઇચ્છા મુજબ થાય છે. મેં રજૂ કરેલા દાવાના સમર્થન માટે પ્રમાણો જોઈતાં હોય તો હું વાચકોને નામદાર વિધાનસભાને કરેલી મતાધિકાર-અરજી[1] વાંચી લેવા વિનંતી કરીશ.

૪

"હિંદીઓને મતાધિકાર એટલા ખાતર મળવો નહીં જોઈએ કે સ્થાનિક દેશી લોકો જેઓ હિંદીઓના જેટલા જ બ્રિટિશ પ્રજાજનો છે તેમને મતાધિકાર અપાયો નથી."

આ વાંધો મને છાપાંઓમાંથી જેવો મળ્યો છે તેવો જ મેં રજૂ કર્યો છે. આજે નાતાલમાં હિંદીઓ મતાધિકાર ભોગવી જ રહ્યા છે એ હકીકત સાથે આ વાંધાનો મેળ બેસતો નથી. હવે તો એનો મતાધિકાર છીનવી લેવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

સરખામણીમાં ઊતર્યા સિવાય હું જે કાંઈ નક્કર હકીકતો છે તે જ રજૂ કરીશ. દેશી લોકોનો મતાધિકાર, કેટલાંક વર્ષોથી અમલમાં છે એવા એક ખાસ કાનૂન વડે નિયંત્રિત થયેલો છે. એ કાનૂન હિંદીઓને લાગુ નથી પડતો. અમારો એવો આગ્રહ પણ નથી કે એ હિંદીઓને પણ લાગુ પાડવામાં આવે. હિંદમાંનો હિંદીઓનો મતાધિકાર (પછી તે ગમે તે સ્વરૂપનો હોય) કોઈ ખાસ કાનૂન વડે નિયંત્રિત થયેલો નથી. એ સૌ કોઈને એકસરખી રીતે લાગુ પડે છે. ૧૮૫૮ના રાણીના ઢંઢેરારૂપે હિંદીને એની સ્વતંત્રતાનો અધિકારપત્ર મળેલો છે.

૫

મતાધિકારનો હક પડાવી લેવાની તરફેણમાં સૌથી છેલ્લી જે દલીલ આગળ ધરવામાં આવી છે તે એવી છે કે હિંદીઓને અપાયેલો મતાધિકાર સંસ્થાનની દેશી વસ્તીને નુકસાન કરશે. આ કઈ રીતે થશે એ બિલકુલ જણાવવામાં આવ્યું નથી. પણ હું માનું છું કે હિંદી મતાધિકાર સામે વાંધો ઉઠાવનારાઓ હિંદીઓ સામે એક જાતૂકનો વાંધો એવાં કહેવાતાં કારણને

૧. જુઓ પા. ૬૯–૭૩

Gandhi Heritage Portal

આશ્રયે લે છે કે હિંદીઓ દેશી લોકોમાં દારૂ પૂરો પાડે છે અને તેનાથી તે લોકો ખરાબ થાય છે. હવે મારું કહેવું એવું છે કે હિંદીઓને અપાતો મતાધિકાર આ પરિસ્થિતિમાં આમ કે તેમ કશો ફરક પાડી શકે એમ નથી. જો હિંદીઓ દારૂ પૂરો પાડતા જ હોય તો તેઓ મતાધિકાર મળવાને કારણે તે વધારે પ્રમાણમાં પૂરો પાડવાના નથી. હિંદી મતાધિકાર, સંસ્થાનની દેશી લોકો અંગેની નીતિ ઉપર અસર પાડી શકે એટલો પૂરતો મજબૂત કદી બની નહીં શકે. આ નીતિ ઉપર તો ડાઉનિંગ સ્ટ્રીટમાંની બ્રિટિશ હકૂમત માત્ર ચોકસાઈપૂર્વક દેખરેખ જ નથી રાખી રહી પરંતુ ઘણે મોટે અંશે તેનું નિયંત્રણ પણ કરી રહી છે. હકીકતમાં, આ બાબતમાં તો ડાઉનિંગ સ્ટ્રીટની સરકાર આગળ યુરોપિયન સાંસ્થાનિકોનું પણ કશું ચાલતું નથી. પણ આપણે વચમાં ઘડીભર હકીકતો તપાસીએ. આ પહેલાં યાદી ઉપર મુકાઈ ગયેલા હિંદી મતદારોની પરિસ્થિતિ બતાવતું પૃથક્કરણાત્મક કોષ્ટક જેનો નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉપરથી દેખાય છે કે તેમની સૌથી મોટી સંખ્યા વેપારીઓની છે. એ વાત જાણીતી છે કે આ વેપારીઓ માત્ર જાતે દારૂથી દૂર રહેનારા છે એટલું જ નહીં પણ તેઓ દેશમાંથી દારૂની સદંતર બંધી થાય તો સારું એવું ઇચ્છનારા છે. અને જો મતદારોની યાદી એવી ને એવી ચાલુ રહે તો એ મતની દેશીઓની નીતિ ઉપર જો કાંઈ પણ અસર પડવાની જ હોય તો તે સારી જ હશે. પરંતુ ૧૮૮૫-૧૮૮૭-ના હિંદી પ્રવાસી કમિશનના હેવાલમાંનો નીચેનો ઉતારો બતાવે છે કે આ બાબતમાં હિંદીઓ યુરોપિયનો કરતાં વધારે ખરાબ નથી. આ ઉતારો આપવામાં તુલના કરવાનો મારો જરા પણ ઇરાદો નથી. તુલના તો મેં બને એટલી ટાળવાનો પ્રયાસ કર્યો છે. તે જ રીતે આમ કરીને હું મારા દેશબંધુઓનો બચાવ પણ કરવા માગતો નથી. કોઈ પણ હિંદી પીધેલો કે દેશી લોકોને દારૂ પૂરો પાડતો મળી આવે તો તેથી મને જેટલું દુઃખ થાય એટલં બીજા કોઈને નહીં થઈ શકે. વાંચનારને હું એટલી ખાતરી આપવા માગું છું કે મારી એકમાત્ર ઇચ્છા એ બતાવવાની છે કે આ ખાસ કારણને લઈને ઉપસ્થિત થતો હિંદી મતાધિકાર સામેનો વાંધો તદ્દન ઉપરછલ્લો છે અને તપાસમાં સાચો ઠરતો નથી.

કમિશનના આ સભ્યોને બીજી બાબતો સાથે હિંદીઓ સામેના દારૂ પીવાના અને તેમાંથી ઊભા થતા ગુનાઓ બાબતના આરોપો વિષે ખાસ કામ સોંપાયું હતું. તેઓ પોતાના હેવાલના પા. ૪૨ અને ૪૩ ઉપર કહે છે:

> અમે આ વિષયમાં ઘણા સાક્ષીઓ તપાસ્યા છે. એમની જુબાની અને મળી આવતા ગુનાઓ બાબતના આંકડાઓ ઉપરથી અમને એ વાતની ખાતરી નથી થઈ કે મદ્યપાન અને તેમાંથી નીપજતા ગુનાઓનો ફેલાવો, જેની સામે કોઈ એવા પ્રતિબંધક કાનૂનો ઘડવાની દરખાસ્ત નથી થઈ એ લોકોના બીજા વર્ગોમાં થયો છે એના કરતાં હિંદી પ્રવાસીઓમાં વધારે મોટા પ્રમાણમાં થયો છે.
>
> અમને કોઈ શક નથી, કે એ આરોપમાં ઘણું સત્ય રહેલું છે કે દેશી લોકોને, હિંદીઓ મારફતે જલદ દારૂ ઝટ મળી જાય છે. પરંતુ એ લોકો આ બાબતમાં ચોરીછૂપીથી દારૂનો ધંધો કરતા ગોરાઓ કરતાં વધારે ગુનેગાર છે એ વાતમાં અમને શંકા છે.
>
> સાવચેતીપૂર્વક તપાસતાં એવું માલૂમ પડયું છે કે જે વસાહતીઓ સામે દેશીઓમાં દારૂ વેચવા કે ખપાવી દેવાની ખૂબ જોરથી ફરિયાદ કરનારા તે જ લોકો છે કે જેઓ

Gandhi Heritage Portal

પોતે જ દેશીઓને દારૂ વેચે છે. ચોરીછૂપીથી દારૂ વેચનારા હિંદીઓની હરીફાઈને કારણે એમના વેપારમાં દખલ ઊભી થઈ છે અને તેમના નફામાં ઘટ પડી છે.

ઉપરના લખાણ પછી આગળ જે કાંઈ આવે છે તે વાંચવું બોધદાયક થઈ પડે એવું છે. એ બતાવે છે કે કમિશનના સભ્યોના અભિપ્રાય મુજબ હિંદુસ્તાનમાં હિંદીઓ દારૂ પીવાની ટેવથી મુક્ત હોય છે અને તેઓ અહીં આવીને એ શીખે છે. નાતાલમાં આવીને એ લોકો દારૂની લતમાં કેવી રીતે અને શા કારણે પડે છે એ પ્રશ્નનો જવાબ આપવાનું હું વાચકો ઉપર જ છોડું છું.

હેવાલના પા. ૮૩ ઉપર કમિશનના સભ્યો નીચે પ્રમાણે જણાવે છે:

> જોકે અમને એ વાતની ખાતરી થઈ છે કે નાતાલમાં હિંદીઓ અને ખાસ કરીને સ્વતંત્ર હિંદીઓ પોતાના દેશમાં હોય તેના કરતાં ઘણા મોટા પ્રમાણમાં માદક પીણાં પીવાને વશ થાય છે, તોપણ અમને એ વાતની નોંધ લેવાની ફરજ પડે છે કે સંસ્થાનમાં વસતી બીજી જાતિઓમાં છે એના કરતાં તેમનામાં પીધેલા અને તોફાની લોકોનું પ્રમાણ વધારે મોટું છે એની કોઈ સંતોષકારક સાબિતી આપણી પાસે નથી.

કમિશન આગળની પોતાની જુબાનીમાં સુપરિન્ટેન્ડેન્ટ ઍલેક્ઝાંડર (પા. ૧૪૬) કહે છે:

> આજને તબક્કે હિંદીઓને એક જરૂરી અનિષ્ટ તરીકે ગણવા જોઈએ; મજૂરો તરીકે જોઈએ તો તેમના વિના આપણને ચાલે એમ નથી; દુકાનદારો તરીકે આપણે તેમના વિના ચલાવી લઈ શકીએ; એકંદરે તેઓ દેશી લોકોના જેવા જ છે. તેમનામાં ઘણો સુધારો થયો છે પણ દેશી લોકો ખૂબ જ બગડી ગયા છે; ચોરીના લગભગ બધા ગુના હાલમાં દેશીઓને હાથે થાય છે. મને અનુભવ છે ત્યાં સુધી દેશી લોકો કેફી પીણાં હિંદીઓ પાસેથી તેમ જ બીજા સૌ કોઈ જે એમને પહોંચાડે તેમની પાસેથી મેળવે છે. આ બાબતમાં મને કેટલાક ગોરાઓ હિંદીઓના જેટલા જ બૂરા જણાયા છે. તેઓ કામને અભાવે બેકાર બનેલા, ભામટા લોકો છે. છ પેની મેળવવાને માટે એ લોકો દેશી માણસને દારૂની એક બાટલી પૂરી પાડે છે..
>
> નાતાલના આજના સંજોગોમાં હું નથી માનતો કે હિંદી વસ્તીની જગ્યાએ ગોરી વસ્તી મૂકવાનું શક્ય છે. હું નથી માનતો કે એ વાત આપણે પાર પાડી શકીએ. મારી પાસે સ્ટાફ્ના જે માણસો છે તેમની મારફતે હું ૩૦૦૦ હિંદીઓ પાસે કામ લઈ શકું, પણ એમની જગ્યાએ એ જ પ્રકારના ૩૦૦૦ ગોરા કામદારો હોય તો તેમની પાસે હું કામ નહીં લઈ શકું. . . .
>
> પા. ૧૪૯ ઉપર તે કહે છે:
>
> હું જોઉં છું કે સામાન્ય રીતે લોકો કુલીઓ ઉપર, દરેક ખોટું કામ કરવાની, મરઘાંબતકાં ચોરવાની વગેરે શંકા કરે છે, પણ હકીકત એવી નથી. જોકે મરઘાંબતકાં ચોરવાના છેલ્લા નવ બનાવોમાંના બધા બનાવો અંગેનો આરોપ મારી કૉર્પોરેશનના જાજરૂ સાફ કરનારા કુલીઓ ઉપર મુકાયો હતો, પરંતુ હું જોઉં છું કે આ મરઘાંબતકાં ચોરવા માટે સજા બે દેશી લોકો અને ત્રણ ગોરાઓને કરવામાં આવી છે.

એ ઉપરાંત હું વાચકોનું ધ્યાન હમણાં જ પ્રગટ થયેલા દેશીઓ વિષેના સરકારી રિપોર્ટ (નેટિવ બ્લ્યૂ બુક) તરફ ખેંચીશ. અને તેઓ તેમાં જોઈ શકશે કે લગભગ બધા જ ન્યાયાધીશો

Gandhi Heritage Portal

એવો અભિપ્રાય ધરાવે છે કે યુરોપિયનોના સંસર્ગને લઈને દેશી લોકોના નૈતિક ચારિત્ર્યમાં અધ:પતન લાવનારો ફેરફાર થયો છે.

આ રદિયો નહીં આપી શકાય એવી હકીકતોની સામે દેશી લોકોની પડતીના દોષનો ટોપલો પૂરેપૂરો હિંદીઓને માથે ઓઢાડવાનું શું અન્યાયી નથી? ૧૮૯૩ની સાલમાં શહેરની મ્યુનિસિપલ હદમાં દારૂ પૂરો પાડવા માટે ૨૮ કેસમાં યુરોપિયનોને સજા થઈ હતી, જ્યારે હિંદીઓને ત્રણમાં જ થઈ હતી.

૬

"આ દેશ ગોરાઓનો દેશ થશે અને રહેશે અને નહીં કે કાળા માણસોનો; અને હિંદી મતાધિકાર તો યુરોપિયનોના મતને પૂરેપૂરો ગળી જશે અને હિંદીઓને રાજદ્વારી દૃષ્ટિએ નાતાલમાં સર્વોચ્ચ સ્થાન આપશે."

હું આ કથનના પહેલા ભાગની ચર્ચા કરવા નથી માગતો. હું કબૂલ કરું છું કે હું એને પૂરેપૂરું સમજતો પણ નથી. પરંતુ, એ કથનના પાછલા ભાગ પાછળ રહેલી ગેરસમજ દૂર કરવાનો હું પ્રયાસ કરીશ. હું હિંમતપૂર્વક કહું છું કે હિંદી મત યુરોપિયન મતને કદી હજમ કરી જઈ નહીં શકે. અને હિંદીઓ રાજદ્વારી પ્રભુત્વનો દાવો કરવા પ્રયાસ કરે છે એ વિચાર ભૂતકાળના બધા અનુભવ વિરુદ્ધનો છે. આ પ્રશ્ન સંબંધમાં મને ઘણા યુરોપિયનો જોડે ચર્ચા કરવાનું માન મળ્યું હતું અને લગભગ બધાએ જ જે દલીલો કરી હતી તે એવાં અનુમાનને આધારે હતી કે સંસ્થાનમાં 'એક માણસને એક મત'નો નિયમ છે. મત માટે મિલકતની લાયકાત પણ મોજૂદ છે એ વાત તેમને માટે એક નવી જ ખબર હતી. એટલે મતદારોની લાયકાત વિષે ચર્ચા કરતી મતાધિકાર કાનૂનની કલમ અહીં નીચે ઉતારવા માટે મને માફ કરવામાં આવે:

> અત્યાર પછી અપવાદ કરવામાં આવ્યો હોય તે સિવાયના ૨૧ વર્ષની ઉંમર ઉપરનો દરેક માણસ જેની પાસે ૫૦ પાઉંડ સુધીની કિંમતની સ્થાવર મિલકત હોય અથવા જે મતદાનના જિલ્લામાં આવેલી એવી કોઈ મિલકત વાર્ષિક ૧૦ પાઉંડના ભાડાથી રાખતો હોય, અને જે આ પછી દર્શાવાયેલી રીતે યોગ્ય રીતે નોંધાયેલો હોય તે એવા જિલ્લાના સભ્યની ચૂંટણી પ્રસંગે મતદાન કરવાને હકદાર ગણાશે. જ્યારે ઉપર જણાવ્યું છે તેવી કોઈ મિલકત એક કરતાં વધારે વ્યક્તિઓ માલિક તરીકે અથવા ભાડૂત તરીકે ધરાવતી હોય તો એવો દરેક ધારણ કરનાર જો તે યોગ્ય રીતે નોંધાયેલો હોય તો એવી મિલકત સંબંધમાં વોટ આપવાનો અધિકારી થશે. આમાં શરત એવી કે એ મિલકતની કિંમત અથવા સંજોગ મુજબ ભાડું એટલાં હશે કે જે તેમની વચ્ચે સરખી રીતે વિભાજિત કરવામાં આવતાં, સાથે ઉપયોગ કરનારા દરેકને મત આપવાનો અધિકારી બનાવશે.

આ ઉપરથી એ વાત સ્પષ્ટ છે કે દરેક હિંદી મતાધિકાર મેળવી શકતો નથી. અને યુરોપિયનોની સરખામણીમાં સંસ્થાનમાં એવા કેટલા હિંદીઓ છે જેમની પાસે ૫૦ પાઉન્ડ જેટલી કિંમતની સ્થાવર મિલકત છે અથવા જે વાર્ષિક ૧૦ પાઉન્ડના ભાડાથી એવી મિલકત ભાડે રાખે છે? લાંબા સમયથી આ કાનૂન અમલમાં આવેલો છે, અને નીચેનો કોઠો યુરોપિયન અને હિંદીઓના મતાધિકારની સંખ્યાનો કાંઈક ખ્યાલ આપશે. એ કોઠો મેં ગૅઝેટમાં પ્રગટ થયેલી સૌથી છેલ્લી યાદીઓ પરથી તૈયાર કર્યો છે:

Gandhi Heritage Portal

મતદારો

| ક્રમ સંખ્યા | ચૂંટણી વિભાગો | યુરોપિયનો | હિંદીઓ |
|---|---|---|---|
| ૧ | પિટરમૅરિત્સબર્ગ | ૧૫૨૧ | ૮૨ |
| ૨ | ઉમગેની | ૩૦૬ | નથી |
| ૩ | લાયન્સ રીવર | ૫૧૧ | નથી |
| ૪ | ઈક્ષોપો | ૫૭૩ | ૩ |
| ૫ | ડરબન | ૨૧૦૦ | ૧૪૩ |
| ૬ | કાઉન્ટી ઑફ ડરબન | ૭૭૯ | ૨૦ |
| ૭ | વિક્ટોરિયા | ૫૬૬ | ૧ |
| ૮ | ઉમવોટી | ૪૩૮ | ૧ |
| ૯ | વીનેન | ૫૨૮ | નથી |
| ૧૦ | ક્લીપ રીવર | ૫૯૧ | ૧ |
| ૧૧ | ન્યૂકૅસલ | ૯૧૭ | નથી |
| ૧૨ | ઍલેક્ઝાંડ્રા | ૨૦૧ | ,, |
| ૧૩ | આલ્ફ્રેડ | ૨૭૮ | ,, |
| | | ૯,૩૦૯ | ૨૫૧ |

કુલ સરવાળો ૯,૫૬૦

આમ, ૯,૫૬૦ નોંધાયેલા મતદારોમાંથી માત્ર ૨૫૧ હિંદીઓ છે. અને માત્ર બે વિભાગોમાં ઉલ્લેખ કરવા જેટલા હિંદી મતદારો છે. હિંદી મતદારો અને યુરોપિયન મતદારોનું પ્રમાણ આશરે ગણતાં ૧ : ૩૮ છે, એટલે હાલમાં યુરોપિયનોના મત હિંદીઓના મત કરતાં ૩૮ ગણા શક્તિશાળી છે. ૧૮૯૫ની સાલના હિંદી વસાહતીઓના સંરક્ષકના હેવાલ મુજબ ૪૬,૩૪૩ જેટલી કુલ હિંદી વસ્તીમાંથી માત્ર ૩૦,૩૦૩ લોકો સ્વતંત્ર હિંદીઓ છે. એમાં વેપાર કરતા હિંદીઓની આશરે ૫,૦૦૦ની વસ્તી ઉમેરતાં ગિરમીટમુક્ત અને સ્વતંત્ર હિંદીઓની વસ્તી આખા આંકડામાં ૩૫,૦૦૦ જેટલી થાય. એટલે હાલમાં મતદાનની બાબતમાં યુરોપિયન વસ્તી જોડે હરીફાઈ કરે એવી હિંદી વસ્તી યુરોપિયનોની વસ્તી જેટલી મોટી નથી. પણ હું માનું છું કે જો હું એમ કહું કે આ ૩૫,૦૦૦ લોકોમાંના અડધાથી વધારે લોકોની આર્થિક સ્થિતિ ગિરમીટિયા હિંદીઓની આર્થિક સ્થિતિ કરતાં માત્ર એક ડગલું જ આગળ છે તો તેમાં મારી ભૂલ થયેલી નહીં ગણાશે. ડરબનની આજુબાજુના અને એનાથી ૫૦ માઈલની અંદરના જિલ્લાઓમાં હું મુસાફરી કરતો રહ્યો છું અને હું વિના જોખમે ભારપૂર્વક એટલું કહેવાની હિંમત કરું છું કે મોટા ભાગના હિંદીઓ જેઓ મુક્ત છે તેઓ જેમ તેમ પોતાનું પેટિયું કાઢે છે અને એ વાત નક્કી છે કે તેમની પાસે ૫૦ પાઉન્ડ જેટલી કિંમતની સ્થાવર મિલકત નથી. સંસ્થાનમાં પુખ્ત વયના હિંદીઓની સંખ્યા માત્ર ૧૨,૩૬૦ જેટલી છે. આ રીતે, મારું કહેવું એ છે કે નજીકના ભવિષ્યમાં હિંદી મત યુરોપિયન મતને ગળી જશે એ ભય તદ્દન પાયા વિનાનો છે.

Gandhi Heritage Portal

હિંદીઓની મતદાર યાદીનું નીચેનું પૃથક્કરણ એ પણ બતાવે છે કે મોટાભાગના હિંદી મતદારો એવા હિંદીઓ છે જેઓ ઘણા લાંબા સમયથી સંસ્થાનમાં સ્થિર થઈને રહેલા છે; જેમની ઓળખાણ હું મેળવી શકયો છું એવા ૨૦૫માંના માત્ર ૩૫ એક વખતે ગિરમીટ નીચેના હિંદીઓ હતા અને તેઓ બધા ૧૫થી વધારે વર્ષ થયાં સંસ્થાનમાં મોજૂદ છે.

હિંદી મતદારોના વસવાટનો ગાળો અને જે હિંદી મતદારો એક વાર ગિરમીટ નીચે હતા તેમની સંખ્યા બતાવતો કોઠો:

| | |
|---|---|
| ૪ વર્ષનો વસવાટ | ૧૩ |
| ૫ થી ૯ ,, ,, | ૫૦ |
| ૧૦ થી ૧૩ ,, ,, | ૩૫ |
| ૧૪ થી ૧૫ ,, ,, | ૫૯ |
| જેઓ એક વાર ગિરમીટ નીચે હતા, પણ જેઓ ૧૫ વર્ષથી વધારે અને ઘણા દાખલાઓમાં ૨૦ વર્ષથી વધારે સમય થયાં સંસ્થાનમાં રહ્યા છે એવા | |
| મુક્ત હિંદીઓ | ૩૫ |
| સંસ્થાનમાં જન્મેલા | ૯ |
| દુભાષિયાઓ | ૪ |
| વર્ગીકૃત નહીં થયેલા | ૪૬ |
| | ૨૫૧ |

અલબત્ત આ કોઠાને કોઈ પણ રીતે પૂરેપૂરો સાચો નહીં કહી શકાય. આમ છતાં મારો એવો ખ્યાલ છે કે અત્યારના હેતુ માટે એ પૂરતો સાચો છે. આ રીતે આ આંકડાઓ ઉપરથી જે કાંઈ કહી શકાય તે એ છે કે ગિરમીટ નીચે આવતા હિંદીઓ, મતદારની યાદી ઉપર ચડવા માટેની મિલકતની પૂરતી લાયકાત મેળવવાને શક્તિમાન થવા, ૧૫ વર્ષ કે તેથી વધારે સમય લે છે. અને ગિરમીટમુક્ત થયેલી હિંદીઓની વસ્તીને જો છોડી દેવામાં આવે તો એકલી વેપારી વસ્તી મતદારયાદીને કદી ઊભરાવી કાઢી શકે એવું કોઈ પણ વ્યક્તિ કહી નહીં શકે. એ ઉપરાંત, આ ગિરમીટમુક્ત થયેલા ૩૫માંના મોટા ભાગના હિંદીઓ વેપારીઓને દરજજે પહોંચી ગયા છે. જેઓ મૂળમાં પોતાને ખરચે અહીં આવ્યા છે તેમનામાંના મોટા ભાગના લોકોને મતદારોની યાદી પર ચડી શકવામાં લાંબો સમય લાગ્યો છે. જેમની ઓળખાણ હું મેળવી શકયો નથી એવા ૪૬ જણમાંના ઘણા તેમનાં નામો ઉપરથી વેપારી વર્ગના હોય એવું જણાય છે. સંસ્થાનમાં જ જન્મ થયેલો હોય એવા ઘણા હિંદીઓ સંસ્થાનમાં મોજૂદ છે. તેઓ શિક્ષણ પણ પામેલા છે અને છતાં મતદારોની યાદી ઉપર તેમાંના માત્ર ૯ જ લોકો છે. એ ઉપરથી દેખાય છે કે તેઓ એટલા બધા ગરીબ છે કે તેમને જરૂરપૂરતી લાયકાત મળી શકી નથી. એટલે, એકંદરે જોતાં એવું દેખાશે કે હાલની યાદીને ધોરણ તરીકે સ્વીકારીએ તો એ ભય કાલ્પનિક જ છે કે હિંદીઓનો મત ધમકીરૂપ બને એટલા પ્રમાણમાં વધી જશે. ૨૦૫ માંથી ૪૦ ઉપરાંત લોકો કાં તો અવસાન પામ્યા છે અગર સંસ્થાન છોડી ચાલી ગયા છે.

Gandhi Heritage Portal

નીચેના કોઠામાં હિંદી મતદારોની યાદીનું ધંધા મુજબનું પૃથક્કરણ કર્યું છે:

વેપારી વર્ગ

| | | | |
|---|---|---|---|
| દુકાનદારો | ૯૨ | ફળ વેચનારા | ૪ |
| વેપારીઓ | ૩૨ | નાના વેપારીઓ | ૧૧ |
| સોનીઓ | ૪ | કલઈ કરનારા | ૧ |
| ઝવેરીઓ | ૩ | તંબાકુના વેપારીઓ | ૨ |
| કંદોઈઓ | ૧ | વીશી ચલાવનારા | ૧ |
| | | | ૧૫૧ |

કારકુનો અને મદદનીશો

| | | | |
|---|---|---|---|
| કારકુનો | ૨૧ | દુભાષિયાઓ | ૪ |
| હિસાબનીશો | ૬ | દુકાનના ગુમાસ્તા | ૫ |
| નામુ લખનારા | ૧ | હજામો | ૨ |
| વેચનારા | ૬ | દારૂની દુકાનનો નોકર | ૧ |
| શિક્ષક | ૧ | મૅનેજરો | ૨ |
| ફોટોગ્રાફર | ૧ | | |
| | | | ૫૦ |

માળીઓ અને બીજાઓ

| | | | |
|---|---|---|---|
| શાકભાજીના વેપારી | ૧ | ગાડાંવાળા | ૨ |
| ખેડૂતો | ૪ | પોલીસ સિપાઈ | ૨ |
| ઘરગથ્થુ નોકરો | ૫ | મજૂરો | ૨ |
| માછી | ૧ | વેટર (હોટલબૉય) | ૧ |
| માળીઓ | ૨૬ | રસોઇયા | ૩ |
| દીવાબત્તી કરનારા | ૩ | | |
| | | | ૫૦ |
| | | | ૨૫૧ |

હું ધારું છું કે મતદારોની યાદીને લાયકાત વિનાના અથવા સૌથી નીચલા વર્ગના હિંદીઓ વડે ઊભરાવી દેવાના ભયને દૂર કરવામાં, પૂર્વગ્રહ વિનાના લોકોને આ પૃથક્કરણથી પણ મદદ મળવી જોઈએ. કારણ કે આમાં સૌથી મોટી સંખ્યા વેપારી વર્ગની અથવા કહેવાતા "આરબ" વર્ગની છે. કાંઈ નહીં તો એ લોકો મત આપવાને તદ્દન લાયકાત વિનાના નથી એટલું સ્વીકારવામાં આવ્યું છે.

જેમને બીજાં મથાળાં નીચે વર્ગીકૃત કરવામાં આવ્યા છે તેઓ કાં તો વેપારી વર્ગના અથવા હિંદીઓના એવા વર્ગના છે જેમને ઠીક ઠીક સારું એવું અંગ્રેજી શિક્ષણ મળેલું છે.

જેઓ ત્રીજા વર્ગના છે તેમને વધારે ઊંચા વર્ગના મજૂરો કહી શકાય. તેઓ સરેરાશ ગિરમીટિયા હિંદીઓ કરતાં ઘણા ઊંચા છે. એ લોકો, જેમણે ૨૦ વર્ષથી વધારે સમયથી પોતાના

Gandhi Heritage Portal

કુટુંબ સાથે સંસ્થાનમાં વસવાટ કર્યો છે અને જેઓ કાં તો મિલકત ધરાવે છે અથવા સારુંસરખું ભાડું ભરે છે તેઓ છે. હું એ પણ કહી દઉં કે જો મારી માહિતી સાચી હોય તો મોટા ભાગના આ મતદારો તેમની પોતાની માતૃભાષા વાંચી અને લખી શકે છે. આ રીતે જો હાલની હિંદી મતદારોની યાદી ભવિષ્યને માટે એક માર્ગદર્શિકાની ગરજ સારવાની હોય અને એમ માની લઈએ કે મતાધિકારની લાયકાત હાલ છે એ જ રહેવાની હોય તો એ યાદી યુરોપિયન દૃષ્ટિબિંદુથી ઘણી સંતોષકારક છે. તેનું પ્રથમ કારણ એ છે કે સંખ્યાની દૃષ્ટિએ હિંદીઓની મતદાન સંખ્યા ઘણી જ કંગાળ છે અને બીજું કારણ મોટાભાગના (⅘ થી વધારે) હિંદી મતદારો વેપારી વર્ગના છે. એ વાતનો પણ ખ્યાલ રખાવો જોઈએ કે સંસ્થાનમાં વેપાર કરતા હિંદીઓની સંખ્યા લાંબા સમય સુધી લગભગ તેની તે રહેશે. કારણ કે એક બાજુથી દર મહિને ઘણા લોકો આવે છે, જ્યારે એટલી જ સંખ્યા હિંદ જવા માટે નીકળે છે. લગભગ અપવાદ વિના આવનારા લોકો જનારાઓની જગ્યા લે છે.

અત્યાર સુધી મેં બંને કોમોના સ્વાભાવિક માનસિક વલણની વાતને મારી દલીલોમાં જરા પણ સ્થાન આપ્યું નથી પણ માત્ર આંકડાઓની જ ચર્ચા કરી છે. આમ છતાં આ સ્વાભાવિક માનસિક વલણને બંનેની રાજદ્વારી પ્રવૃત્તિ સાથે ઓછી લેવાદેવા નહીં હશે. એ હકીકત વિષે મતભેદને સ્થાન નહીં હોઈ શકે કે નિયમ તરીકે હિંદીઓ રાજકારણમાં સક્રિય રીતે માથું નથી મારતા. તેમણે કોઈ પણ જગ્યાએ કદી રાજદ્વારી સત્તા ઝૂંટવી લેવાનો પ્રયાસ નથી કર્યો. તેમનો ધર્મ (પછી તે ધર્મ મુસ્લિમ હોય કે હિંદુ હોય, માત્ર નામનો ફરક કરવાથી યુગોની શીખ ભૂંસી કાઢી શકાતી નથી) તેમને દુન્યવી પ્રવૃત્તિઓ તરફ ઉદાસીન રહેવાનું શીખવે છે. સ્વાભાવિક રીતે જ જ્યાં સુધી તેઓ માનભરી રોજી કમાઈ શકે છે ત્યાં સુધી તેમને સંતોષ રહે છે. હું એ વાત કહેવાની છૂટ લઉં છું કે, જો તેમની વેપારરોજગારની પ્રવૃત્તિઓને છૂંદી નાખવાનો પ્રયાસ કરવામાં નહીં આવ્યો હોત, તેમને સમાજમાં અસ્પૃશ્યોને દરજ્જે ઉતારી પાડવાના પ્રયાસો નહીં કરવામાં આવ્યા હોત અને એ પ્રયાસોને વારંવાર બેવડાવાયા નહીં હોત, હકીકતમાં તેમને કાયમને માટે "લાકડાં ચીરનારા અને પાણી ભરનારા"ની હાલતમાં રાખી મૂકવાનો, એટલે ગિરમીટની હાલતમાં અથવા એને ખૂબ જ મળતી આવતી હાલતમાં રાખી મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો ન હોત તો મતાધિકાર બાબતનું આંદોલન ઊભું જ થયું ન હોત. હું તો એનાથી પણ આગળ જઈશ. મને એ વાત કહેવામાં સંકોચ થતો નથી કે હજી હાલ પણ રાજદ્વારી આંદોલન શબ્દોના સાચા અર્થમાં કોઈ પણ જાતનું એવું આંદોલન અસ્તિત્વમાં નથી. પણ ભારે કમનસીબીની વાત એ છે કે અખબારો હિંદીઓને આ પ્રકારના આંદોલનના ઉત્પાદક તરીકે બતાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. હિંદીઓને તેમના હક મુજબના ધંધા રોજગાર ચલાવવાની છૂટ આપો, તેમને અપમાનિત કરવાના પ્રયાસ બંધ કરો, તેમની જોડે સામાન્ય રીતનો દયામાયાનો વર્તાવ રાખો, તો પછી મતાધિકારનો કોઈ પ્રશ્ન રહેશે નહીં. કારણ કે પછી તેઓ પોતાનાં નામો મતદારોની યાદી ઉપર દાખલ કરાવવાની તસ્દી સરખી પણ લેશે નહીં.

પરંતુ એવું કહેવામાં આવ્યું છે, અને તે પણ જવાબદાર વ્યક્તિઓ તરફથી કે થોડા જ હિંદીઓને રાજદ્વારી સત્તા જોઈએ છે અને તે થોડા મુસલમાન ચળવળખોરો છે. અને ભૂતકાળના અનુભવને આધારે હિંદઓએ એ વસ્તુ શીખવી જોઈએ કે તેમને માટે મુસલમાન રાજ્ય સર્વનાશ લાવનારું નીવડશે. આમાંનું પહેલું કથન પાયા વિનાનું છે અને છેલ્લું કથન ભારેમાં ભારે કમનસીબી ભરેલું અને દુઃખદાયક છે. જો રાજદ્વારી સત્તા હાંસલ કરવાનો અર્થ વિધાનસભામાં



Gandhi Heritage Portal

પ્રવેશ મેળવવો એવો થવાનો હોય તો રાજદ્વારી સત્તા હાંસલ કરવાનું સંપૂર્ણ રીતે અશક્ય છે. આવાં કથન પાછળ એવી ધારણા રહેલી છે કે સંસ્થાનમાં અંગ્રેજી ભાષાનું ઊંચું જ્ઞાન ધરાવતા ઘણા તવંગર હિંદીઓ મોજૂદ છે. આમ જોઈએ તો સંસ્થાનમાં પૈસાપાત્ર હિંદીઓની વાત અલગ રાખીએ તો બહુ ઓછા તવંગર હિંદીઓ છે અને એક ધારાસભ્યની ફરજો અદા કરવાને શક્તિમાન હોય એવો તો કદાચ એકે નહીં હોય. અને તેનું કારણ રાજકારણ સમજવાને કોઈ પણ શક્તિમાન નથી એ નથી પણ એક ધારાસભ્ય પાસે આશા રાખી શકાય એવું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવનાર કોઈ નથી એ છે. બીજું કથન એ સંસ્થાનમાંના હિંદુઓને મુસલમાનો સાથે લડાવી મારવાનો પ્રયાસ છે. સંસ્થાનમાંનો કોઈ પણ જવાબદાર માણસ આવી આપત્તિની આકાંક્ષા જ કેવી રીતે રાખી શકે એ વાત ઘણી જ આશ્ચર્યકારક છે. હિંદુસ્તાનમાં આવા પ્રયાસોનાં પરિણામો બહુ જ ખતરનાક આવ્યાં છે અને તેનાથી બ્રિટિશ અમલનું કાયમીપણું સુધ્ધાં ભયમાં મુકાયું છે. આ સંસ્થાનમાં, જ્યાં બંને વર્ગો ખૂબ જ ભાઈચારાથી સાથે રહેલા છે ત્યાં આવા પ્રયાસો કરવા એ ખૂબ જ નુકસાનકારક છે.

બધાં હિંદીઓને મતાધિકારમાંથી બાદ રાખવા એ ભારે અન્યાયભરેલું થશે એ વાત હવે સ્વીકારવામાં આવે છે એ એક તંદુરસ્ત ચિહ્ન છે. કેટલાક લોકોનો એવો ખ્યાલ છે કે કહેવાતા આરબોને મતાધિકાર અપાવો જોઈએ, કેટલાક માને છે કે એમનામાંથી પસંદગી કરવી જોઈએ અને બીજા કેટલાક માને છે કે ગિરમીટિયા હિંદીઓને કદી પણ મતાધિકાર મળવો નહીં જોઈએ. છેલ્લું સૂચન સ્ટૅંગરનું છે, અને તે ખૂબ જ વિનોદભર્યું છે. જો એ સૂચન પ્રમાણે વર્તવામાં આવે તો માત્ર તે જ લોકોને નાતાલમાં મતનો અધિકાર મળી શકશે, જેઓ પોતે હિંદુસ્તાનમાં મતના અધિકારી હતા એવું સાબિત કરી શકે. માત્ર ગરીબ હિંદીઓ માટે જ આવો નિયમ શા માટે? જો એ વ્યવસ્થા સૌ કોઈને લાગુ પડતી હોત તો તેઓ એનો વાંધો લેત એવું હું નથી માનતો. અને આવા સંજોગોમાં સંસ્થાનમાં મતદારોની યાદી ઉપર નામો ચડાવવામાં જો યુરોપિયનો પણ મુસીબત અનુભવે તો તેથી મને આશ્ચર્ય નહીં થશે. કારણ કે સંસ્થાનમાં એવા કેટલા યુરોપિયનો છે જેમનાં નામો જે રાજ્યોમાંથી તેઓ આવ્યા છે ત્યાંની મતદારની યાદી પર ચડેલાં હોય? પરંતુ જો આ વિધાન યુરોપિયનોની બાબતમાં કરવામાં આવ્યું હોત તો એની સામે સખતમાં સખત રોષ પ્રગટ કરવામાં આવ્યો હોત. હિંદીઓની બાબતમાં એને ગંભીરપણે સ્વીકારી લેવામાં આવ્યું છે.

એવું પણ કહેવામાં આવ્યું છે કે હિંદીઓ 'એક હિંદીને એક મત' માટે આંદોલન ચલાવે છે. મારું કહેવું એ છે કે આ કથન બિલકુલ નાપાયાદાર છે, અને તેનો હેતુ હિંદી કોમ સામે નાહકનો પૂર્વગ્રહ ઊભો કરવાનો છે. હું માનું છું કે હાલનું મિલકત અંગેનું લાયકાતનું ધોરણ કાયમને માટે નહીં તો કાંઈ નહીં તો હાલને માટે યુરોપિયન મતોનું ઊંચું સંખ્યાબળ જાળવી રાખવાને પૂરતું છે. પરંતુ, જો યુરોપિયન સાંસ્થાનિકોનો ખ્યાલ જુદો હોય તો હું માનું છું કે કોઈ પણ હિંદી બુદ્ધિપુરઃસરની અને સાચી કેળવણીની લાયકાત સામે અને હાલ છે એના કરતાં વધારે મોટી મિલકતની યોગ્યતા સામે વાંધો લેશે નહીં. હિંદીઓ જે વાતનો વાંધો લે છે અને લેશે તે છે રંગભેદ કે જાતિભેદના ધોરણે ઊભી કરાયેલી ગેરલાયકાત. સમ્રાજ્ઞીની હિંદી પ્રજાને ખૂબ જ ગંભીરતાથી વારંવાર બાંયધરી આપવામાં આવી છે કે જાતિને કે ધર્મને કારણે તેમના ઉપર કોઈ પણ જાતની ગેરલાયકાતો કે નિયંત્રણો મૂકવામાં આવશે નહીં. અને આ બાંયધરી કોઈ લાગણીનાં કે ભાવનાનાં કારણોસર નહીં પણ લાયકાતની સાબિતીને કારણે અપાઈ હતી અને તેનું

Gandhi Heritage Portal

પુનરુચ્ચારણ કરવામાં આવ્યું હતું. આશ્વાસનનો પ્રથમ સૂર એ પછી કાઢવામાં આવ્યો હતો જ્યારે નિ:શંક રીતે એ વાતની ખાતરી કરી લેવામાં આવી હતી કે કોઈ પણ ભય વિના હિંદીઓ જોડે સમાનતાના ધોરણે વર્તાવ રાખી શકાય એમ છે, તેઓ રાજ્યને ખૂબ જ વફાદાર તથા કાનૂનનું પાલન કરનારા છે અને બીજી કોઈ નહીં પણ માત્ર આ જ શરતોને આધારે હિંદુસ્તાન ઉપરનો બ્રિટિશ રાજ્યનો કાબૂ કાયમને માટે જાળવી રાખી શકાય એમ છે. એટલું હું જણાવું કે ઉપરની બાંયધરીમાં ગંભીર ક્ષતિઓ આવી છે એ કાંઈ એના અસ્તિત્વની નક્કર હકીકતના નકારરૂપે હોઈ નહીં શકે. હું ધારું છું કે આ ક્ષતિઓ એ નિયમરૂપ બાંયધરીને સાબિત કરવા માટેના અપવાદો જ રહેશે, તે કાંઈ એને બાજુએ મૂકી નહીં દે. કારણ કે જો મારી પાસે પૂરતો સમય અને પૂરતી જગ્યા હોત અને જો વાચકોની ધીરજની કસોટી કરવાનો ડર મને નહીં હોત તો હું એવા સંખ્યાબંધ દાખલાઓ ટાંકી શકું જેમાં ૧૮૫૮ના ઢંઢેરાનું સખતાઈથી પાલન કરવામાં આવ્યું હોય અને હાલની ઘડીએ પણ હિંદુસ્તાનમાં અને બીજી જગ્યાએ એનું પાલન થઈ રહ્યું છે. અને નક્કી આ પ્રસંગ કાંઈ એમાંથી ચળવા માટેનો નથી. એટલે મને કહેવા દો કે હિંદીઓ જાતિવિષયક ગેર-લાયકાતો સામે વિરોધ કરવાને અને તેમનો વિરોધ માન્ય થશે એવી અપેક્ષા રાખવાને પૂરેપૂરા વાજબી ઠરે છે. આટલું કહ્યા બાદ, હું મારા સાથી બંધુઓ તરફથી ખાતરી આપું છું કે તેઓ મતાધિકાર બાબતના એવા કોઈ કાનૂન સામે વાંધો ઉઠાવવાનો વિચાર નહીં કરશે, જે મતદારોની યાદી પરથી વાંધાભરેલા માણસોને દૂર રાખવા માટે અથવા, ભવિષ્યમાં હિંદીઓની મતસંખ્યા સૌથી મોટી નહીં થઈ જાય તેની સામે જોગવાઈ કરવા માટે યોજવામાં આવ્યો હોય. મારો વિશ્વાસ છે કે જે અજ્ઞાન હિંદીઓ પાસેથી તેઓ મતની કિંમત કદાચ સમજે એવી અપેક્ષા પણ નહીં રાખી શકાય તેમને મતદારોની યાદી ઉપર ચડાવવામાં આવે એ જોવાની હિંદીઓની ઇચ્છા નથી. એમનું કહેવું એવું છે કે બધા એવા નથી, અને વત્તેઓછે અંશે એવા લોકો બધી જ જાતિઓમાં મળી આવે છે. દરેક સાચી રીતે વિચાર કરનારા હિંદીનો ઉદ્દેશ બની શકે ત્યાં સુધી યુરોપિયન સાંસ્થાનિકોની ઇચ્છાઓને અનુકૂળ થવાનો છે. તેઓ યુરોપિયન અને બ્રિટિશ સાંસ્થાનિકોની સામે થઈને આખો રોટલો લેવાને બદલે તેમાંથી ટુકડો જતો કરવાનું પસંદ કરશે. આ વિનંતીનો હેતુ કાનૂન ઘડ-નારાઓ અને યુરોપિયન સાંસ્થાનિકોને એવી પ્રાર્થના કરવાનો છે કે તેઓ જરૂર હોય તો એવો જ કાનૂન ઘડે અથવા એવા જ કાનૂનનું સમર્થન કરે કે જે એની અસર નીચે આવનારાઓને પણ મંજૂર હોય. સ્થિતિને વધારે સ્પષ્ટ કરવાને આ પ્રશ્ન વિષે સૌથી આગળપડતા સાંસ્થાનિકોએ શો વિચાર કર્યો છે તે હું એક સરકારી હેવાલમાંથી ઉતારા આપીને બતાવવાની છૂટ લઈશ.

પાછલી વિધાનસભાના એક સભ્ય, મિ. સૉન્ડર્સ ફક્ત આટલે સુધી જઈ શકતા હતા:

> આ સહીઓ આખી હોવી જોઈએ, તે મતદારના પોતાના હસ્તાક્ષરમાં અને યુરો-પિયન લિપિમાં હોવી જોઈએ, માત્ર આવી વ્યાખ્યા, એશિયાટિક માનસ અંગ્રેજ માનસને ગળી જશે એવા એક છેડેના જોખમને ખાળવામાં ઘણી મદદગાર થશે. (अफेर्स ऑफ नाताल, सी. ३७९६–१८८३)

એ જ પુસ્તકના પા. ૭ ઉપર વસાહતીઓના માજી સંરક્ષક (પ્રોટેક્ટર ઑફ ઇમિગ્રન્ટ્સ) કૅપ્ટન ગ્રેવ્ઝ કહે છે:

> હું એવો અભિપ્રાય ધરાવું છું કે જે હિંદીઓએ પોતાનો તથા પોતાના કુટુંબનો ભાડું ભર્યા સિવાય હિંદુસ્તાન પાછા ફરવાનો દાવો જતો કર્યો છે તેઓ જ મતાધિકારના વ્યાજબી રીતે હકદાર છે.

Gandhi Heritage Portal

એ વાતનો અહીં ખ્યાલ રહેવો જોઈએ કે કૅપ્ટન ગ્રેવ્ઝે આ શબ્દો એના ખાતાએ માન્ય રાખેલા હિંદીઓ એટલે ગિરમીટિયા હિંદીઓ વિષે કહ્યા છે.

ભૂતપૂર્વ ઍટર્ની જનરલ અને હાલના મુખ્ય ન્યાયાધીશ કહે છે:

> એ વસ્તુ દેખાઈ આવશે કે મેં જે કાનૂનનો ખરડો તૈયાર કર્યો છે તેમાં પ્રવર સમિતિની ભલામણો ઉપરથી લેવામાં આવેલી કલમો સમાવવામાં આવી છે. એ કલમોમાં મિ. સૉન્ડર્સના પત્રમાં જણાવાયેલી યોજનાઓમાંની એક યોજના અમલમાં મૂકવાની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે પરદેશીઓને ખાસ રીતે અયોગ્ય ઠરાવવા માટેની દરખાસ્ત સ્વીકારવાનું સલાહભર્યું મનાયું નથી.

એ જ પુસ્તકના પા. ૧૪ ઉપર તેઓ ફરીથી કહે છે:

> સંસ્થાનના સામાન્ય કાનૂન નીચે બધી રીતે નહીં આવતી હરેક રાષ્ટ્રની કે જાતિની બધી વ્યક્તિઓને મતાધિકારના હકમાંથી વંચિત રાખવાની દરખાસ્તની વાત કરીએ તો આ જોગવાઈ સ્પષ્ટ રીતે જ આ સંસ્થાનની હિંદી અને ક્રિઓલ વસ્તી હાલમાં જે મતનો અધિકાર ભોગવી રહી છે તેના ઉપર હુમલો કરે છે. આ પહેલાં મેં ક્રમાંક ૧૨ના મારા હેવાલમાં કહ્યું જ છે તેમ હું આ પ્રકારના કાનૂનનું વાજબીપણું કે ઉપયોગિતા માન્ય કરી શકતો નથી.

આ સરકારી હેવાલ મતાધિકારના સવાલ ઉપર ઘણું રસપ્રદ વાચન પૂરું પાડે છે અને તે સ્પષ્ટ રીતે બતાવે છે કે તે વખતે ખાસ ગેરલાયકાતનો વિચાર સાંસ્થાનિકોને અપ્રિય હતો.

મતાધિકાર સંબંધમાં ભરવામાં આવેલી અનેક સભાઓના હેવાલો ઉપરથી દેખાય છે કે વક્તાઓએ એકસરખી એવી દલીલો કરી છે, કે જે દેશ યુરોપિયનોનું લોહી રેડીને જિતાયો છે અને જે આજે જેવો છે તેવો યુરોપિયનોને હાથે સર્જાયો છે તેનો કબજો હિંદીઓને કરવા દેવામાં આવશે નહીં. એ હેવાલો પરથી એ પણ દેખાય છે કે આ સંસ્થાનમાં હિંદીઓ પ્રત્યે વિના આમંત્રણે ઘૂસી આવનાર તરફ રાખવામાં આવે એવો વર્તાવ રખાય છે. આમાંની પહેલી વાત વિષે હું એટલું જ કહી શકું કે હિંદીઓએ આ દેશ માટે પોતાનું લોહી રેડયું નથી એટલા ખાતર જો તેમને કોઈ પણ ખાસ હકો અપાવાના ન હોય તો પછી યુરોપમાંનાં બીજાં રાજ્યો-માંથી આવેલા યુરોપિયનોને પણ તેવા હકો મળવા નહીં જોઈએ. એવી પણ દલીલ કરી શકાય કે ઇંગ્લંડથી આવનારા પ્રવાસીઓએ પણ પ્રથમ આવેલા ગોરા રહેવાસીઓના ખાસ રક્ષવામાં આવેલા હકો ઉપર તરાપ મારવી નહીં જોઈએ. અને એ વાત નક્કી છે કે જો લોહી રેડવાની શરતને લાયકાતનું ધોરણ માનવામાં આવે અને જો બ્રિટિશ સાંસ્થાનિકો બીજાં બ્રિટિશ સંસ્થાનોને બ્રિટિશ સામ્રાજ્યના અંગ તરીકે માનતા હોય તો હિંદીઓએ બ્રિટિશ રાજ્ય માટે અનેક પ્રસંગોએ તેમનું લોહી રેડયું છે. ચિત્રાલની લડાઈ એ એનો સૌથી તાજો દાખલો છે.

સંસ્થાનનું ઘડતર યુરોપિયનોને હાથે થયું છે અને હિંદીઓ ઘૂસી આવનારા છે એ સંબંધ-માં હું એવું કહેવા માગું છું કે બધી જ હકીકતો આનાથી તદ્દન ઊલટી જ વાત સાબિત કરે છે.

મારા પોતા તરફથી કોઈ પણ ટીકા-ટિપ્પણ કર્યા સિવાય હવે હું ઉપર દર્શાવાયેલા હિંદી વસાહતી કમિશનના હેવાલમાંથી ઉતારાઓ ટાંકીશ. જે હેવાલ જોવા આપવા માટે હું પ્રવાસીઓના સંરક્ષકનો આભારી છું.

Gandhi Heritage Portal

પા. ૯૮ ઉપર કમિશનના સભ્યોમાંના એક મિ. સૉન્ડર્સ કહે છે:

હિંદી પ્રવાસીઓના આવવાથી સમૃદ્ધિ વધી. ચીજોના ભાવો ઊંચા ચડયા. લોકો હવે પોતાનો માલ નામની કિંમતે પેદા કરવા કે વેચવામાં સંતોષ માનતા નથી. તેઓ વધારે કમાણી કરી શકે છે. લડાઈ તેમ જ ઊન, ખાંડ વગેરેના ઊંચા ભાવો સમૃદ્ધિને ટકાવી રાખે છે અને તેને લઈને હિંદીઓ જેનો વેપાર કરતા હતા એવી સ્થાનિક પેદાશની ચીજોની કિંમત પણ ઊંચી રહેવા લાગી.

પા. ૯૯ ઉપર તેઓ કહે છે:

હું આ પ્રશ્નનો વ્યાપક જાહેર હિતના પ્રશ્ન તરીકે ફરીથી વિચાર કરું છું. એક વસ્તુ નક્કી છે કે ગોરા લોકો નાતાલમાં કે દક્ષિણ આફ્રિકાના બીજા કોઈ પણ ભાગમાં માત્ર લાકડાં ચીરનારા કે પાણી ખેંચનારા બનવા માટે વસવાટ કરશે નહીં; એના કરતાં તો તેઓ વિસ્તારવાળા અંદરના ભાગોમાં અથવા સમુદ્ર રસ્તે આપણને છોડીને ચાલ્યા જશે. એક બાજુથી આ વાત સાચી છે ત્યારે બીજી બાજુથી આપણા તેમ જ બીજાં સંસ્થાનોના સરકારી કાગળો સાબિત કરે છે કે હિંદી મજૂરોને દાખલ કરવાથી જમીનની અને એના ખાલી પડેલા વિસ્તારની છૂપી પડેલી શક્તિ ખીલી નીકળે છે અને વધે છે અને સાથે સાથે એનાથી ગોરા પ્રવાસીઓને નફાકારક કામ આપવાનાં અનેક અણધાર્યાં ક્ષેત્રો પણ ખૂલે છે.

આ વાતને આપણા પોતાના અનુભવો કરતાં બીજું કાંઈ પણ વધારે સ્પષ્ટપણે સાબિત નથી કરતું. જો આપણે ૧૮૫૯ની સાલ તરફ નજર કરીએ તો આપણને એ દેખાશે કે હિંદી મજૂરો મળવાના ખાતરીપૂર્વકના વચનને પરિણામે સરકારી આવકમાં તાત્કાલિક વૃદ્ધિ થઈ જે થોડાં જ વર્ષોમાં ચારગણી વધવા પામી. યંત્રકામ કરનારા મિસ્રીઓ, જેમને કામ નહોતું મળતું અને રોજની ૫ શિલિંગ કે તેથીયે ઓછી કમાણી હતી તેમની રોજી બમણી કરતાં પણ વધી ગઈ, અને આ પ્રગતિને લઈને શહેરથી સમુદ્રપર્યંતના દરેક જણને ઉત્તેજન મળ્યું. પણ થોડાં વર્ષો બાદ સંકટનો ઘંટ વાગ્યો (આ ઘંટનો અવાજ પાયાદાર હતો) કે બધે એકસાથે આ[1] બંધ કરવામાં આવશે, (જો હું ખોટો હોઉં તો રેકર્ડ મોજૂદ છે) એટલે મહેસૂલ અને રોજી એકદમ નીચે આવી ગયાં; પ્રવાસીઓનું આવવું રોકાઈ ગયું, ભરોસો ઊઠી ગયો, અને બધે મુખ્ય વાત કાપકૂપ અને પગાર ઘટાડાની વિચારાવા લાગી. વળી બીજો એક ફેરફાર આવ્યો. થોડાં વર્ષ બાદ ૧૮૭૩માં (૧૮૬૮માં હીરાઓની શોધ થયા બાદ લાંબા સમય પછી) હિંદીઓને ફરીથી લાવવાનાં તાજાં વચને ધારી અસર કરી, એટલે મહેસૂલની આવક, રોજની મજૂરીનાં દરો અને પગારો ઊંચા ચડી ગયા અને ઝટ કાપકૂપ ભૂતકાળની ચીજ ગણાવા લાગી. (આજે એવું હોય તો કેવું સારું!)

આના જેવા દસ્તાવેજી કાગળોની હકીકતથી બધી વાત એની મેળે સ્પષ્ટ થાય છે અને તે છોકરવાદીભરી જાતિવિષયક લાગણીવેડાને અને હીન ઈર્ષ્યાખોરીને ચૂપ કરી દે છે.

બિનગોરા મજૂરોના આવવાથી ગોરા વસવાટ કરનારાઓના કલ્યાણ પર થતી અસરના એક વધારાના એ જ પ્રકારના સમર્થનમાં માન્ચેસ્ટરના ડયૂકના એક ભાષણ

૧. હિંદી મજૂરોની ભરતી.

Gandhi Heritage Portal

તરફ મને તમારું ધ્યાન ખેંચવા દો. ડ્યૂક પોતે સાંસ્થાનિકોનાં હિતો સાથે ઘણા જ ઓતપ્રોત થયેલા છે. તેઓ તાજેતરમાં જ ક્વિન્સલૅન્ડથી પાછા ફર્યા હતા. તેમણે તેમના શ્રોતાઓને કહ્યું કે બિનગોરા મજૂરો દાખલ કરવા સામેનું ત્યાંનું આંદોલન ખુદ ગોરા વસવાટ કરનારાઓને માટે ખૂબ જ ખતરનાક નીવડયું હતું. તેઓ એવી આશા રાખતા હતા કે બિનગોરા મજૂરોને આવતા અટકાવીને તેઓ હરીફાઈને નાબૂદ કરી દેશે. તેઓ ભૂલથી એવું માનતા હતા કે આ હરીફાઈ તેમને કામ વિનાના બનાવી રહી છે.

પા. ૧૦૦ ઉપર એ જ સજ્જન આગળ કહે છે:

જેટલે અંશે સ્વતંત્ર હિંદી વેપારીઓ, એમની હરીફાઈ અને તેને પરિણામે જેનાથી જનતાને ફાયદો થાય છે (અને છતાં વિચિત્ર વાત તો એ છે કે એની એ ફરિયાદ કરે છે) એવા વપરાશની ચીજોના ભાવોમાં થયેલા ઘટાડાને સંબંધ છે તેટલે અંશે એ વાત સ્પષ્ટપણે બતાવવામાં આવી છે કે આ હિંદી દુકાનોને ગોરા વેપારીઓની મોટી પેઢીઓએ ખાસ કરીને પોષી છે અને આજે પણ તે પોષી રહી છે. આ રીતે એ લોકો આ હિંદી વેપારીઓને પોતાનો માલ ખપાવવા માટેના લગભગ નોકર જેવા બનાવી દે છે.

તમે ઈચ્છતા હો તો તમે હિંદીઓને આવતા રોકી દો, આજે જો ખાલી ઘરો પૂરતાં નહીં હોય તો આરબો અને હિંદીઓને કાઢીને વધારે ખાલી કરો; આ લોકો એમાં રહે છે અને અડધીથી પણ ઓછી વસ્તીવાળા દેશની ઉત્પાદનની અને વાપરવાની શક્તિમાં ઉમેરો કરે છે. પણ આપણે તપાસની આ એક બાબતનાં પરિણામોને, બીજી બાબતોના ઉદાહરણ તરીકે ગણીને વિગતે તપાસીએ. આપણે એ તપાસીએ કે ખાલી પડેલાં ઘરો કેવી રીતે મિલકત અને સરકારી લોનોના ભાવોને ઘટાડી દે છે, આની પાછળ કેવી રીતે બાંધકામના ધંધામાં અને એવા બીજા ધંધાઓમાં તથા તેના પર આધાર રાખતી પુરવઠા માટેની દુકાનોમાં મંદી આવે છે. એ જુઓ કે કેવી રીતે આનું પરિણામ ગોરા યાંત્રિકો માટેની ઘટતી જતી માગમાં આવે છે અને આટલા બધા લોકોની ખર્ચ કરવાની શક્તિમાં મંદી આવવાથી પછી કેવી રીતે સરકારી આવકમાં તૂટ પડવાની સંભાવના ઊભી થાય છે અને તેમાંથી નોકરોની સંખ્યામાં કાપકૂપની અથવા કર વધારાની અથવા બંનેની જરૂર ઊભી થાય છે. આ પરિણામનો અને વિગતે ગણતરી નહીં કરી શકાય એવાં બીજાં અસંખ્ય પરિણામોનો મુકાબલો કરો અને જો આંધળા જાતિવિષયક લાગણીવેડા અગર ઈર્ષાનો જ વિજય થવાનો હોય તો તેમ થવા દો.

મિ. હેન્રી બિન્સે કમિશન આગળ નીચેની મતલબની જુબાની આપી (પા. ૧૫૬):

મારા અભિપ્રાય પ્રમાણે સ્વતંત્ર હિંદી વસ્તી કોમ કે સમાજનો સૌથી ઉપયોગી વર્ગ છે. આ હિંદીઓનો એક મોટો સમૂહ સામાન્ય રીતે ધારી લેવામાં આવે છે તેના કરતાં ખૂબ જ મોટો સમૂહ સંસ્થાનમાં નોકરી કરે છે. ખાસ કરીને તેઓ ગામડાંઓમાં અને શહેરોમાં ઘરોના નોકરો તરીકે રોકાયેલા છે. તેઓ મોટા પાયા ઉપર માલ ઉત્પન્ન કરનારા છે, અને થોડી તસ્દી લઈને મેં જે માહિતી એકઠી કરી છે તેના ઉપરથી હું એવાં અનુમાન ઉપર આવ્યો છું કે સ્વતંત્ર હિંદીઓએ છેલ્લાં બે ત્રણ વર્ષ થયાં દર વર્ષ લગભગ ૧,૦૦,૦૦૦ મણ મકાઈ પેદા કરી છે, એ ઉપરાંત મોટા જથામાં તંબાકુ અને બીજી ચીજો પેદા કરી છે. સ્વતંત્ર હિંદીઓની વસ્તી હસ્તીમાં આવી તે પહેલાં

Gandhi Heritage Portal

પિટરમેરિત્સબર્ગ અને ડરબન શહેરોમાં ફળ, શાકભાજી અને મચ્છી, બજારમાં આવતી નહોતી. હાલમાં આ બધી ચીજો જોઈએ એટલી મળે છે.

યુરોપથી આવનારા વસાહતીઓમાં જેમણે શાકભાજી ઉગાડનારા કે મચ્છીમારો બનવાની થોડી પણ વૃત્તિ બતાવી હોય એવા કોઈ માણસો આપણને કદી મળ્યા નથી. અને મારો એવો અભિપ્રાય છે કે સ્વતંત્ર હિંદી વસ્તી નહીં હોત તો પિટરમેરિત્સબર્ગ અને ડરબનનાં બજારો દસ વર્ષ પહેલાં હતાં તેવાં જ આજે પણ પુરવઠાની તંગીવાળાં રહેત. . . . જો કુલીઓના પ્રવેશને કાયમને માટે બંધ કરવામાં આવ્યો હોત તો યુરોપિયન મિસ્ત્રીઓને અપાનારી રોજીના દર ઉપર કદાચ આમ કે તેમ અસર નહીં થાત, પણ એ બંધ કર્યા બાદ બહુ થોડા સમયમાં તેમને માટે આજે છે એટલું કામ રહેતે નહીં. હિંદી મજૂરો સિવાય ગ્રામપ્રદેશની ખેતી કદી ચલાવાઈ નથી અને કદી ચલાવી શકાશે નહીં.

ભૂતપૂર્વ ઍટર્ની જનરલ અને હાલના વડા ન્યાયાધીશે કમિશન આગળ પોતાની જુબાની નીચે મુજબ આપી (પા. ૩૨૭):

મારા અભિપ્રાય મુજબ જેમને દાખલ કરવામાં આવ્યા છે એવા સંખ્યાબંધ હિંદીઓએ સમુદ્ર કિનારાના પ્રદેશમાં મોટે અંશે ગોરા વસાહતીઓની નિષ્ફળતાની ખોટ પૂરી દીધી છે. તેમણે બીજી રીતે વણખેડાયેલી રહે એવી જમીનને ખેતીના ઉપયોગમાં આણી છે અને તેમાં સંસ્થાનવાસીઓને ખરેખરો ફાયદો થાય એવા પાકો પકવ્યા છે. જે અનેક લોકોએ હિંદ પાછા ફરવાના ભાડાનો લાભ નથી ઉઠાવ્યો તેઓ વિશ્વાસપાત્ર અને ઉપયોગી ઘરકામ કરનારા નોકરો સાબિત થયા છે.

ગિરમીટમુક્ત અને સ્વતંત્ર બંને વર્ગના હિંદીઓ એકંદરે સંસ્થાનને ઘણા ઉપયોગી નીવડ્યા છે, એ વાત હજી પણ વધારે જોરદાર પુરાવાઓ વડે સાબિત થઈ શકે એમ છે. કમિશનના સભ્યો એમના હેવાલમાં પા. ૮૨ ઉપર કહે છે:

૧૯. તેઓ મચ્છી પકડવામાં અને તેની દેખભાળ રાખવામાં વખાણવાજોગ ઉદ્યમ બતાવે છે. ડરબન ઉપસાગરમાં સૅલિસબરી ટાપુ ઉપરના હિંદી માછીમારોની વસાહત માત્ર હિંદીઓને જ નહીં પણ સંસ્થાનના ગોરા રહેવાસીઓને પણ ચોખ્ખો ફાયદો કરનારી નીવડી છે.

૨૦. . . . ઊંડાણના ભાગમાં તેમ જ કિનારા ઉપરના જિલ્લાઓના સંખ્યાબંધ વિભાગોમાં તેમણે પડતર અને બિનઉપજાઉ જમીનને, જેમાં શાકભાજી, તમાકુ, મકાઈ અને ફળઝાડો ઉગાડવામાં આવ્યાં છે એવા બગીચાઓમાં ફેરવી નાંખી છે. જે લોકો ડરબન અને પિટરમેરિત્સબર્ગની નજીકમાં વસ્યા છે તેઓ પોતાને માટે સ્થાનિક બજારોને શાકભાજી પૂરી પાડવાનું કામ લગભગ સંપૂર્ણપણે મેળવવામાં સફળ થયા છે. એવું બન્યું જ હોવું જોઈએ કે આ સ્વતંત્ર હિંદીઓની હરીફાઈએ જે ગોરા સાંસ્થાનિકો પાસે એક વાર આ વેપારનો ઇજારો હતો તેમને નુકસાન પહોંચાડયું હોય. . . . સ્વતંત્ર હિંદીઓ પ્રત્યે ન્યાયની દૃષ્ટિએ જોતાં આપણે કહેવું જોઈએ કે હરીફાઈનું સ્વરૂપ કાયદેસરનું છે અને એકંદરે સમાજના બધા વર્ગોએ ચોકસપણે એનું સ્વાગત કર્યું છે. મળસકેના ઊઠીને હિંદી ફેરિયાઓ, સ્ત્રી, પુરુષ, પ્રૌઢો અને બાળકો સૌ પોતાના માથા ઉપર ભારે ટોપલાઓ રાખીને એક ઘરથી બીજે ઘર ઉદ્યમપૂર્વક જાય છે અને એ રીતે હવે

Gandhi Heritage Portal

શહેરીઓને દરરોજ પોતાના આંગણામાં સસ્તા ભાવે ગુણકારી શાકભાજી અને ફળો વેચાતાં મળી શકે છે. આ માલ તેઓ થોડાં વર્ષ પહેલાં ઘણા ઊંચા ભાવે જાહેર બજારોમાં પણ ખાતરીપૂર્વક મેળવી શકતા નહોતા.

વેપારીઓના સંબંધમાં કમિશનના સભ્યોના હેવાલમાં પા. ૭૪ પર કહેવાયું છે:

અમને એ બાબતમાં પાકી ખાતરી થઈ ગઈ છે કે સંસ્થાનની સારી હિંદી વસ્તી સામે યુરોપિયન સાંસ્થાનિકોના મનમાં જે રોષ જોવામાં આવે છે તે આ આરબ વેપારીઓની યુરોપિયન વેપારીઓ સાથે હરીફાઈ કરવાની ચોખ્ખી શક્તિમાંથી પેદા થયેલો છે, અને ખાસ કરીને એવા વેપારીઓ સાથેની હરીફાઈ કે જેમણે પોતાનું ધ્યાન બીજી ચીજો અને ખાસ કરીને ચાવલ કે જે મોટે ભાગે હિંદી વસાહતી વસ્તી ખાય છે તે પૂરી પાડવામાં રોકેલું હતું. . . .

અમારો ખ્યાલ એવો છે કે આ આરબ વેપારીઓ, વસાહતી કાનૂનો મુજબ લાવવામાં આવેલા હિંદીઓની હાજરીને કારણે નાતાલમાં આકર્ષાઈને આવ્યા છે. હાલમાં સંસ્થાનમાં જે ૩૦,૦૦૦ વસાહતીઓ મોજૂદ છે તેમનો મુખ્ય ખોરાક ચાવલ છે. અને આ ચતુર વેપારીઓએ એ વસ્તુ પૂરી પાડવામાં પોતાની કુનેહ અને શક્તિને એવી તો સફળતાપૂર્વક કામે લગાડી કે બધા વાપરનારાઓ માટે આગલાં વર્ષોમાં એની કિંમત એક ગૂણની ૨૧ શિલિંગ હતી ત્યાંથી ઊતરીને ૧૮૮૪માં ૧૪ શિલિંગ ઉપર આવી. . . .

એવું કહેવાય છે કે કાફર લોકો આરબો પાસેથી છ કે સાત વર્ષ પહેલાં જે ભાવો હતા તેના કરતાં ૨૫થી ૩૦ ટકા ઓછા ભાવે માલ ખરીદી શકે છે.

કેટલાક લોકો એશિયાઈ અથવા "આરબ" વેપારીઓ સામે જે પ્રતિબંધ મૂકનારો કાનૂન કરાવવા ઇચ્છે છે તેની લંબાણથી ચર્ચા કરવાનું અમારા કમિશનના ક્ષેત્રમાં નથી. एटले अमे लांबा निरीक्षणना आधारे अमारा ए दृढ अभिप्रायनी नोंध करवामां संतोष मानीए छीए के आ वेपारीओनी हाजरी आखा संस्थानने माटे हितकारी नीवडी छे अने तेमनी विरुद्ध कानून बनाववानुं अन्यायी नहीं होय तोपण डहापणभर्युं नहीं नीवडशे. (નાગરી મેં કર્યું છે)

* * *

૮. . . . લગભગ એ બધા લોકો મુસલમાનો છે. તેઓ કાં તો માદક પીણાંથી પૂરેપૂરા દૂર રહેનારા હોય છે અથવા તેનો બહુ મર્યાદામાં ઉપયોગ કરે છે. તેઓ સ્વભાવે કરકસર કરનારા છે અને કાનૂનોને તાબે થનારા છે.

કમિશન આગળ જે ૭૨ યુરોપિયન સાક્ષીઓએ જુબાની આપી તેમાંથી જેઓ સંસ્થાન ઉપર અસર કરનારા હિંદીઓની સંસ્થાનમાંની હાજરી બાબતમાં બોલ્યા તેમાંના લગભગ દરેક જણે એવું કહ્યું છે કે સંસ્થાનના કલ્યાણ માટે એમની હાજરી અનિવાર્ય છે.

મેં કાંઈક લંબાણથી ઉતારા આપ્યા છે. તેમાંથી મારો ખ્યાલ એવી દલીલ કરવાનો નથી કે હિંદીઓને મતાધિકાર આપવો જ જોઈએ (એ તો એમની પાસે છે જ), પણ મારે તો એ આક્ષેપનો રદિયો આપવો છે કે હિંદી ઘૂસણિયો છે અને તેને સંસ્થાનની સમૃદ્ધિ સાથે કશો સંબંધ નથી. "હાથકંકણને વળી આરસીની શી જરૂર." આ વિષેની ઉત્તમ સાબિતી એ છે કે હિંદીઓ વિરુદ્ધ ભલે ગમે તેવી વાતો થતી હોય, તોપણ તેમની હજી માગણી થયા કરે છે; સંરક્ષકનું ખાતું હિંદી મજૂરો માટેની માગણીને પહોંચી વળવાને શક્તિમાન નથી.

Gandhi Heritage Portal

૧૮૯૫ની સાલના વાર્ષિક હેવાલના પા. ૫ ઉપર સંરક્ષક કહે છે:

ગયા વર્ષને છેડે આખા વર્ષની ઠરેલી સંખ્યા પૂરી કરવામાં ૧,૩૩૦ માણસોની ઘટ બાકી રહી હતી. આ સંખ્યા ઉપરાંત ૧૮૯૫માં ૨,૭૬૦ માણસોને બોલાવવા માગણી થઈ, એ મળીને સરવાળો ૪,૦૯૦નો થયો. એ સંખ્યામાંથી હેવાલના વર્ષમાં ૨,૦૩૨ લોકો આવ્યા. (મદ્રાસથી ૧,૦૪૯ અને કલકત્તાથી ૯૮૩) એટલે ગયા વર્ષની ઠરેલી સંખ્યા પૂરી કરવા માટે આ વર્ષમાં આવવાના ૨,૦૫૮ જેટલા લોકો બાકીમાં રહ્યા (એમાંથી જેમની માગણી રદ થઈ છે એટલા ૧૨ ઓછા).

જો હિંદીઓ ખરેખર જ સંસ્થાનને માટે નુકસાનકારક હોય તો સૌથી સારી અને સૌથી ન્યાયી રીત વધુ વસાહતીઓ લાવવાનું બંધ કરવું એ જ છે. એટલે વખત જતાં હાલની હિંદી વસ્તી સંસ્થાનને વધુ તકલીફ આપશે નહીં. જેને ગુલામી જ કહી શકાય એવી હાલતમાં તેમને લાવવા એ ભાગ્યે જ ન્યાયસંગત છે.

જો આ અપીલથી હિંદી મતાધિકાર સામે ઊભા કરવામાં આવેલા જુદા જુદા વાંધાઓનો થોડો પણ સંતોષકારક જવાબ મળ્યો હોય; જો વાચકને અમારી ભારપૂર્વક કહેલી એ વાત મંજૂર હોય કે હિંદીઓને પક્ષે મતાધિકારનું આંદોલન એ વિરોધી આંદોલનમાંથી ફલિત થતા સ્વમાન-ભંગ સામે ઉઠાવવામાં આવેલો વાંધો માત્ર છે અને એ રાજદ્વારી સત્તા કે પ્રભાવ મેળવવાનો પ્રયાસ નથી, તો હું નમ્રપણે માનું છું કે હું વાચકોને હિંદીઓના મતાધિકારનો અડીજડીને વિરોધ કરવાનો નિશ્ચય કરતાં પહેલાં થોભી જવાને અને વિચારવાને કહું તો તે યોગ્ય જ થશે. જોકે "બ્રિટિશ પ્રજા"ના વિચારને અખબારોએ એક ગાંડપણ અને ધૂન ગણી કાઢીને ફગાવી દીધો છે, છતાં એનો આશરો લીધા વિના મારો છૂટકો નથી. એના સિવાય કોઈ પણ જાતનું મતાધિકારનું આંદોલન થઈ શક્યું ન હોત. એના વિના કદાચ રાજ્ય આશ્રયે થયેલું વસાહતીની ભરતીનું કામ પણ બન્યું ન હોત. જો હિંદીઓ બ્રિટિશ પ્રજા' નહીં હોત તો તેમનું નાતાલમાં આવવાનું ઘણુંખરું અશક્ય બન્યું હોત. એટલે હું દક્ષિણ આફ્રિકામાં રહેતા દરેક અંગ્રેજને અરજ ગુજારું છું કે તે "બ્રિટિશ પ્રજા"ના વિચારને પોતાના મનમાંથી નજીવો ગણીને કાઢી નહીં નાખે. ૧૮૫૮ની સાલનો ઢંઢેરો એ સમ્રાજ્ઞીનું ઘણુંખરું તેમની પ્રજાએ માન્ય કરેલું પગલું હતું. કારણ કે એ કાંઈ મનસ્વીપણે ભરાયું નહોતું. પણ તે વખતના એમના સલાહકારોની સલાહ મુજબ એ ભરાયું હતું. અને તેમનામાં મતદારોએ પોતાના મત આપીને સંપૂર્ણ વિશ્વાસ મૂકેલો હતો. હિંદુસ્તાન ઇંગ્લંડના કબજા હેઠળ છે અને ઇંગ્લંડ કાંઈ હિંદુસ્તાન ઉપરનો તેનો કબજો છોડવા ઇચ્છતું નથી. એક અંગ્રેજના એક હિંદી પ્રત્યેના એકેએક કૃત્યની, અંગ્રેજો અને હિંદીઓ વચ્ચેના આખરી સંબંધો ઘડવામાં, કાંઈ ને કાંઈ અસર પડયા વિના રહેવાની નથી. એ ઉપરાંત એ વાત તો સાચી જ છે કે હિંદીઓ બ્રિટિશ પ્રજા છે એટલા જ કારણસર તેઓ આજે દક્ષિણ આફ્રિકામાં છે. કોઈને પસંદ પડે કે ન પડે તોપણ તેમને નભાવી લેવાના છે. તો પછી એ વધારે સારું નથી કે એવું કાંઈ પણ કામ નહીં થવું જોઈએ કે જેથી બંને જાતિઓ વચ્ચેની લાગણી-ઓમાં નાહક કડવાશ પેસી નહીં જાય? ઉતાવળાં અનુમાનો બાંધવાથી અથવા તો આધાર વિનાની માન્યતાઓના પાયા ઉપર અનુમાનો બાંધવાથી એ વાત બિલકુલ અસંભવિત નથી કે અજાણપણે હિંદીઓને અન્યાય થઈ જાય.

મારું કહેવું એ છે કે બધા વિચારશીલ માણસોના મનમાં પ્રશ્ન એ નહીં હોવો જોઈએ કે હિંદીઓને સંસ્થાનમાંથી હાંકી કેવી રીતે કાઢવામાં આવે (કારણ કે એ અશક્ય છે) પણ તે

Gandhi Heritage Portal

એ હોવો જોઈએ કે આ બંને કોમો વચ્ચે સંતોષકારક સંબંધો કેવી રીતે સ્થાપી શકાય. સૌથી સ્વાર્થી દૃષ્ટિબિંદુથી પણ, મને કહેવા દો કે હિંદીઓ પ્રત્યે દુશ્મનાવટ અને દ્વેષનું વલણ રાખવામાંથી કાંઈ પણ સારું પરિણામ આવી નહીં શકે. સિવાય કે પોતાના પડોશી પ્રત્યે પોતાના મનમાં મૈત્રીવિરોધી લાગણી જન્માવવામાં કાંઈ આનંદ આવતો હોય. આવી નીતિ બ્રિટિશ બંધારણને અને બ્રિટિશ પ્રજાની ન્યાય અને ઉચિત વ્યવહારની સમજને પ્રતિકૂળ છે, અને સૌથી વિશેષ એ હિંદી મતાધિકાર સામે વાંધો લેનારાઓ જેનો દાવો કરે છે એવા ખ્રિસ્તી ધર્મની ભાવનાની દ્રોહી છે.

હું અખબારોને, દક્ષિણ આફ્રિકાભરના જાહેર જનતાના સેવકોને અને ધર્મગુરુઓને ખાસ ભારપૂર્વક વિનંતી કરું છું: લોકમત તમારા હાથમાં છે. તમે જ એને ઘડો છો અને માર્ગદર્શન આપો છો. અત્યાર સુધી અખત્યાર કરવામાં આવેલી નીતિ જ ચાલુ રાખવી બરાબર અને યોગ્ય છે કે કેમ એ તમારે વિચારવાનું છે. અંગ્રેજો તરીકે તથા લોકમતના અગ્રણીઓ તરીકે તમારી ફરજ બંને કોમોમાં ફૂટ પડાવવાની નહીં પરંતુ તેમને સાથે લાવી એક કરવાની છે.

હિંદીઓમાં અનેક દોષો રહેલા છે, અને બેશક, તેઓ બંને પ્રજાઓ વચ્ચે આજે લાગણીઓની જે અસંતોષકારક દશા પ્રવર્તે છે તેને માટે કેટલેક અંશે જવાબદાર છે.

વારંવાર મેં અખબારોમાં વાંચ્યું છે અને સાંભળ્યું પણ છે કે હિંદીઓને કોઈ પણ બાબતમાં કશી ફરિયાદ કરવાની નથી. હું કહું છું કે ન તો તમે કે ન તો અહીંના હિંદીઓ નિષ્પક્ષ અભિપ્રાય બાંધવાને શક્તિમાન છે. એટલે હું તમારું ધ્યાન સંપૂર્ણપણે બહારના જાહેર મત તરફ, ઈંગ્લંડ અને હિંદનાં અખબારો તરફ દોરું છું. આ જાહેર મત, હિંદીઓ પાસે ફરિયાદનાં વજૂદવાળાં કારણો છે એવા નિર્ણય ઉપર આવવામાં લગભગ એકમત છે. અને આ બાબતમાં હું અનેક વાર થયેલાં એ કથનનો અસ્વીકાર કરું છું કે આ બહારનો અભિપ્રાય દક્ષિણ આફ્રિકામાંથી હિંદીઓએ મોકલેલા અતિશયોક્તિભર્યા હેવાલો ઉપર નિર્ભર છે. ઇંગ્લંડ અને હિંદમાં મોકલાતા હેવાલો વિષે કાંઈક જાણવાનો દાવો હું કરું છું. એને આધારે મને એટલું કહેતાં સંકોચ નથી થતો કે મોકલવામાં આવેલા હેવાલોમાં લગભગ હમેશાં ભૂલ અલ્પોક્તિ કરવાની થઈ છે. એવું એકે વિધાન કરવામાં નથી આવ્યું જેનું સમર્થન દોષરહિત પુરાવાઓ વડે નહીં થઈ શકે. પણ સૌથી નોંધપાત્ર બીના તો એ છે કે જે હકીકતોને સ્વીકારી લેવામાં આવી છે તેની બાબતમાં કોઈ મતભેદને સ્થાન નથી. આ સ્વીકારી લેવામાં આવેલી હકીકતો ઉપર આધાર રાખતો બહારનો અભિપ્રાય એ છે કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ પ્રત્યે સલૂકાઈનો વર્તાવ રાખવામાં આવતો નથી. હું ઉદ્દામ મત ધરાવતા અખબાર, ધિ સ્ટારમાંથી લીધેલો માત્ર એક ઉતારો રજૂ કરીશ. જગતના સૌથી સૌમ્ય અખબાર ધિ ટાઈમ્સનો અભિપ્રાય દક્ષિણ આફ્રિકામાં દરેક જણને જાણીતો છે.

૧૮૯૫ની સાલના ઑક્ટોબરની ૨૧મી તારીખનું ધિ સ્ટાર, મિ. ચેમ્બરલેન પાસે પહોંચેલા પ્રતિનિધિમંડળ વિષે નોંધ લખતાં કહે છે:

> બ્રિટિશ હિંદી પ્રજાજનો ઉપર જે ઘૃણાજનક સિતમો ગુજરી રહ્યા છે તેને ખુલ્લા પાડવાને આ વિગતો પૂરતી છે. નવું હિંદી વસાહતી કાનૂન સુધાર વિધેયક જેનો ઉદ્દેશ હિંદીઓને લગભગ ગુલામીની દશાએ મૂકી દેવાનો છે એ બીજું ઉદાહરણ છે. એ વિધેયક એક ભયંકર અન્યાય, બ્રિટિશ પ્રજાજનોની માનહાનિ, એના ઘડવૈયાઓને માટેનું એક લાંછન અને ખુદ અમારા ઉપરનું એક કલંક છે. દરેક અંગ્રેજ એ વસ્તુ જોવાને સજાગ છે કે તે દક્ષિણ આફ્રિકાના વેપારીઓના વાણિજ્યલોભને એવા લોકો ઉપર તીવ્ર

Gandhi Heritage Portal

અન્યાય લાદવા ન દે કે જેઓ ઢંઢેરા વડે અને કાયદાઓ વડે કાનૂનની નજરમાં આપણી સાથે સમાન દરજ્જે મુકાયેલા છે.

જો હું તમને માત્ર એટલી ખાતરી કરાવી શકું કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ પ્રત્યે 'ભારેમાં ભારે દયાભાવ' બતાવાયો નથી, અને હાલમાં ત્યાં જે દશા પ્રવર્તે છે તેને માટે યુરોપિયનો પણ ઠપકાપાત્ર બને છે તો આખા હિંદી પ્રશ્નની શાંત વિચારણા માટેનો રસ્તો ખુલ્લો થઈ જશે. અને કદાચ સંબંધ ધરાવતા બંને પક્ષોને સમાધાન થાય એ રીતે, બ્રિટિશ સરકાર તરફની કોઈ પણ જાતની દરમિયાનગીરી સિવાય એ પ્રશ્નનો ઉકેલ આવી જશે. આ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઉપર ધર્માચાર્યોએ મૂગા શા માટે રહેવું જોઈએ? આ પ્રશ્ન મહત્ત્વપૂર્ણ એટલા ખાતર છે કે દક્ષિણ આફ્રિકાના ભવિષ્ય ઉપર એની અસર પડે છે. તેઓ તદ્દન શુદ્ધ એવા રાજકારણમાં જરૂર ભાગ લે છે. હિંદીઓને મતાધિકારથી વંચિત કરવાનો આગ્રહ રાખવાને ગોઠવાયેલી સભાઓમાં તેઓ જરૂર હાજરી આપે છે. પણ આ કાંઈ માત્ર રાજદ્વારી પ્રશ્ન નથી. શું તેઓ એક આખી પ્રજાને વગર સમજની દ્વેષબુદ્ધિને કારણે અધોગતિ પામતી અને અપમાનિત થતી જોઈ રહેશે અને શાંત બેસી રહેશે?

હું ફરીથી એક વાર કહું છું કે હિંદીઓને કોઈ રાજદ્વારી સત્તા જોઈતી નથી. તેઓ મતાધિકાર છીનવાઈ જવામાંથી નીપજતાં અને તેના ઉપર નિર્ભર એવાં અપમાનો અને બીજાં ઘણાં પરિણામો અને પગલાંઓથી ડરે છે અને તેમનો વિરોધ કરે છે.

છેવટે, જેઓ આ વાંચશે અને એમાં ચચલા વિષય બાબતમાં પોતાનો અભિપ્રાય પ્રગટ કરશે તે લોકોનો હું અત્યંત આભારી થઈશ. ઘણા યુરોપિયનોએ હિંદીઓ માટે ખાનગીમાં પોતાની સહાનુભૂતિ દર્શાવી છે અને તેમણે હિંદી મતાધિકાર સંબંધમાં સંસ્થાનમાં ભરાયેલી અનેક સભાઓમાં પસાર થયેલા આકરા ઠરાવો તરફ તથા તેમાં કરવામાં આવેલાં ભાષણોના કડવાશભર્યા સૂર તરફ દૃઢતાપૂર્વક નાપસંદગી દર્શાવી છે. જો આ સજ્જનો આગળ આવીને પોતાની માન્યતા પ્રગટ કરવાની હિંમત બતાવશે તો તેમને ચોગુણો બદલો મળશે. તેઓ સંસ્થાનમાંના ૪૦,૦૦૦ હિંદીઓની, સાચું પૂછો તો આખા હિંદુસ્તાનની કૃતજ્ઞતા હાંસલ કરશે; અને હિંદી લોકો સંસ્થાન માટે શાપરૂપ છે એ ખોટા ખ્યાલને યુરોપિયનોના મનમાંથી દૂર કરીને તેઓ સંસ્થાનની સાચી સેવા કરશે; તેઓ એક પ્રાચીન જાતિના અમુક ભાગને, એમની જાણમાં દક્ષિણ આફ્રિકાભરમાં અસ્તિત્વમાં છે એવા બિનજરૂરી જુલમમાંથી છોડાવીને અથવા છોડાવવામાં મદદ કરીને માનવજાતની સેવા કરશે. અને અંતમાં છતાં મહત્ત્વમાં ઓછું નહીં એવું તેઓ ઉમદામાં ઉમદા અંગ્રેજો સાથે મળીને ઈંગ્લંડ અને હિંદને જોડનારી પ્રેમ અને શાંતિની સાંકળના અંકોડાના ઘડવૈયા બનશે. નમ્રપણે હું એટલું જણાવીશ કે આવી સિદ્ધિ હાંસલ કરવામાં પહેલ કરનારાઓને જે થોડોઘણો ઉપહાસ વેઠવો પડશે તે એળે ગયેલો નહીં ગણાશે. બે કોમોને અલગ કરવાનું ઘણું સહેલું છે, તેમને પ્રેમની રેશમી દોરી વડે બાંધીને એક કરવાનું તેટલું જ મુશ્કેલ છે. પણ તો પછી જે પ્રત્યેક વસ્તુ મેળવવા લાયક હોય છે તે ભારે મુસીબત અને ચિંતા વેઠવા જેટલી કીંમતી પણ હોય છે.

આ બાબત અંગે નાતાલ હિંદી કૉંગ્રેસના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેને વિષે ઘણી ગેરસમજ કરવામાં આવી છે. એક જુદી પુસ્તિકામાં[1] એના ઉદ્દેશો અને કાર્યપદ્ધતિની સંપૂર્ણ ચર્ચા કરવામાં આવશે.

૧. આ મળતી નથી.

Gandhi Heritage Portal

આ પુસ્તિકા તૈયાર થઈ રહી હતી તે દરમિયાન મિ. મેડને બેલેરમાં એક ભાષણ કર્યું અને એ સભામાં એક વિચિત્ર ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ માનનીય સજ્જન તરફ વધારેમાં વધારે માન સાથે એમના એ કથન સામે હું વાંધો ઉઠાવું છું કે હિંદીઓ હંમેશાં ગુલામીની દશામાં રહેતા આવ્યા છે અને તે કારણસર તેઓ સ્વરાજ ભોગવવાને નાલાયક છે. જોકે એમણે પોતાના કથનના સમર્થનમાં ઇતિહાસની મદદ લીધી છે, છતાં હું હિંમતથી એટલું કહું કે એ કથનનું ઇતિહાસ સમર્થન કરતો નથી. પ્રથમ તો હિંદનો ઇતિહાસ મહાન સિકંદરના આક્રમણની તારીખથી શરૂ નથી થતો. પણ હું એટલું કહેવાની છૂટ લઉં છું કે તે સમયનું હિંદ આજના યુરોપની સરખામણીમાં ઘણું ચડિયાતું માલૂમ પડશે. એ મારા વિધાનના સમર્થનમાં હું એમને હંટરે લખેલા इन्डियन एम्पायर પુસ્તકના પા. ૧૬૯-૭૦ ઉપર આપેલું ગ્રીકોએ કરેલું હિંદનું વર્ણન વાંચવાની સલાહ આપું છું. એનો થોડો ભાગ મારા "ખુલ્લા પત્ર"માં ઉતારવામાં આવ્યો છે. તો પછી એ તારીખ પહેલાંના સમયના હિંદનું શું માનવું? ઇતિહાસ કહે છે કે આર્યોનું ઘર હિંદ નહોતું પણ તેઓ મધ્ય એશિયામાંથી આવ્યા હતા, અને એની એક શાખા હિંદમાં આવી અને તેણે પોતાનું સ્થાન ત્યાં જમાવ્યું અને બીજી શાખાઓ યુરોપ ગઈ. ઇતિહાસ કહે છે કે એ સમયની સરકાર, એ શબ્દના સાચામાં સાચા અર્થમાં કહીએ તો સભ્ય સરકાર હતી. આખું આર્ય સાહિત્ય એ સમયે સર્જાયું હતું. સિકંદરના સમયનું હિંદ પડતીને રસ્તે વળેલું હિંદ હતું. જ્યારે બીજાં રાષ્ટ્રો હજી તો રચાયાં પણ નહોતાં ત્યારે હિંદ પ્રગતિની ટોચે પહોંચ્યું હતું. અને આ યુગના હિંદીઓ એ જાતિના વંશજો છે. એટલે એમ કહેવું કે હિંદીઓ પહેલેથી જ ગુલામી દશામાં રહ્યા છે એ ભાગ્યે જ સાચું છે. બેશક, હિંદ અજેય સાબિત નથી થયું. જો મતાધિકાર છીનવી લેવાનું આ જ કારણ હોય તો મારે એ સિવાય કશું કહેવાનું નથી કે કમનસીબે આ બાબતમાં દરેક રાષ્ટ્ર ખામીભર્યું જ નીવડવાનું. એ વાત સાચી છે કે ઇંગ્લંડ હિંદ ઉપર એનો "રાજદંડ ચલાવે છે". હિંદીઓ એ બીનાથી શરમાતા નથી. બ્રિટિશ તાજ નીચે રહેવામાં એઓ ગૌરવ અનુભવે છે કારણ કે તેઓ માને છે કે ઇંગ્લંડ હિંદનું ઉદ્ધારક પુરવાર થવાનું છે. સૌથી તાજુબીભરી વાત તો એ દેખાય છે કે બાઈબલમાંના માનીતા રાષ્ટ્રની માફક હિંદની જનતા સદીઓના જુલમ અને ગુલામી છતાં હજી પણ અદમ્ય રહી છે. અને ઘણા બ્રિટિશ લેખકો એવું માને પણ છે કે હિંદ પોતાની સંમતિથી ઇંગ્લંડના તાબામાં રહેલું છે.

પ્રોફેસર સીલી કહે છે:

> હિંદનાં રાજ્યો એવાં લશ્કર વડે જિતાયાં છે જેનો સરેરાશ પાંચમો હિસ્સો જ અંગ્રેજોનો બનેલો હતો. જેનાથી એની સત્તા નિર્ણયાત્મક રીતે સ્થપાઈ હતી એવી કંપનીની શરૂ શરૂની લડાઈઓમાં એટલે આરકોટના ઘેરા વખતે, પ્લાસીમાં, બકસારમાં કંપનીને પક્ષે હમેશાં યુરોપિયનો કરતાં દેશી સિપાઈઓની સંખ્યા મોટી જોવામાં આવી છે. અને એમાંથી આગળ આપણે એ વાતની નોંધ લઈએ કે દેશી સિપાઈઓ સારું નહીં લડયાની કે અંગ્રેજોએ યુદ્ધનો આખો બોજો પોતાના ઉપર ઓઢી લેવાની વાતો આપણે સાંભળી નથી. . . . પણ, જો એક વાર એ વાત સ્વીકારી લેવામાં આવે કે સિપાઈઓની સંખ્યા અંગ્રેજો કરતાં હમેશાં મોટી રહી હતી અને સૈનિકો તરીકે તેઓ કુશળતામાં અંગ્રેજોની બરોબરીમાં રહ્યા હતા તો પછી એ આખો જ સિદ્ધાંત જમીનદોસ્ત થઈ જાય છે કે જે આપણી સફળતાને આપણામાં રહેલી શૂરવીરતાની અગાધ એવી કુદરતી સરસાઈને કારણે હોવાનું ગણાવે છે.—ડિગ્બીનું इन्डिया फॉर धि इन्डियन्स एन्ड फॉर इंग्लंड.

Gandhi Heritage Portal

હેવાલ મુજબ આ માનનીય સજજને[1] એ પણ કહ્યું છે:

નાતાલમાં અમને (સાંસ્થાનિકોને) ચોકસ સંજોગોમાં જવાબદાર રાજતંત્ર સોંપવામાં આવ્યું હતું. અમારાં વિધેયકને મંજૂરી આપવાની આપે ના પાડી તેને લઈને આ સંજોગો બિલકુલ બદલાઈ ગયા છે. આપે એક એવી ખતરનાક પરિસ્થિતિ પેદા કરી દીધી છે કે આપે અમને જે અધિકાર સોંપ્યો હતો તે આપને પરત કરી દેવાની અમારી સ્પષ્ટ ફરજ થઈ પડી છે.

આ બધું સત્ય બીનાથી કેટલું વિરુદ્ધ છે! એમાં એવું માની લેવાયું છે કે હવે બ્રિટિશ સરકાર હિંદી મતાધિકારને સંસ્થાનને માથે મારવાનો પ્રયાસ કરે છે, જ્યારે સાચી બીના એ છે કે જવાબદાર સરકાર એને સત્તા સોંપતી વખતે જે પરિસ્થિતિ હતી તેમાં મહત્ત્વનો ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહી છે. તો પછી ડાઉનિંગ સ્ટ્રીટમાં બેઠેલી સરકાર જો એવું કહે તો તેને યોગ્ય નહીં ઠરાવી શકાય કે "અમુક નિશ્ચિત સંજોગોમાં અમે તમને જવાબદાર રાજતંત્ર સોંપ્યું. ગયા વર્ષનાં તમારાં વિધેયકથી પેદા થયેલી પરિસ્થિતિને કારણે એ સંજોગો હવે તદ્દન ફરી ગયા છે. તમે આખા બ્રિટિશ બંધારણ અને ન્યાયના બ્રિટિશ ખ્યાલને એવા તો ભયજનક થાય એવા સંજોગો ઊભા કર્યા છે કે અમારી એ ચોખ્ખી ફરજ થઈ પડે છે કે તમને જેના પર બ્રિટિશ બંધારણ આધાર રાખે છે એવા પાયાના સિદ્ધાંતો સાથે રમત કરવા નહીં દેવી."

મારું કહેવું એ છે કે જે સમયે જવાબદાર રાજતંત્ર સ્વીકારવામાં આવ્યું તે સમયે મિ. મેડનનો વાંધો યોગ્ય માની શકાયો હોત. યુરોપિયન સાંસ્થાનિકોએ હિંદીઓનો મતાધિકાર છીનવી લેવાની વાતનો આગ્રહ રાખ્યો હોત તો તેમને કદી જવાબદાર રાજતંત્ર અપાયું હોત કે કેમ એ વળી બીજો જ પ્રશ્ન છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટી. એલ. કલિંગવર્થ, મુદ્રક, ૪૦ ફિલ્ડસ્ટ્રીટ ડરબન, ૧૮૯૫ એમણે છાપેલી પુસ્તિકા ઉપરથી.

## ૬૮. નાતાલમાં શાકાહાર

નાતાલમાં અને ખરેખર દક્ષિણ આફ્રિકાભરમાં આ કામ નેવનાં પાણી મોભે ચડાવવા જેટલું મુશ્કેલ છે. છતાં પણ એવાં નહીં જેવાં જ સ્થાનો છે જ્યાં શાકાહાર અહીંના કરતાં વધારે આરોગ્યદાયક, અથવા વધારે સસ્તો અથવા વ્યવહારુ બને. અલબત્ત હાલમાં, શાકાહારી રહેવાનું ભાગ્યે જ સસ્તું છે અને નક્કી તેમાં ભારે આત્મસંયમની જરૂર પડે છે. નવા શાકાહારી બનવાનું તો લગભગ અશકય લાગે છે. આ બાબતની કૂડીબંધ માણસો જોડેની વાતચીત દરમિયાન મારી તપાસમાં સૌએ જે એકનો એક સવાલ કર્યો તે છે "લંડનમાં, જ્યાં કૂડીબંધ શાકાહારી રેસ્ટોરાં છે ત્યાં એ બધું ઠીક છે. પણ દક્ષિણ આફ્રિકામાં જ્યાં નહીં જેવો શાકાહારી પૌષ્ટિક ખોરાક મળી આવે છે ત્યાં તમે કેવી રીતે શાકાહારી રહી શકો અથવા બની શકો?" દક્ષિણ આફ્રિકામાં હવામાન સમશીતોષ્ણ છે અને એવાં શાક ફળ આદિ લીલોતરીનું ઉત્પાદન

૧. આ નિર્દેશ મિ. મેડન વિષે છે, જુઓ પા. ૨૨૦.

Gandhi Heritage Portal

અઢળક છે એ જોતાં કોઈએ એવું માન્યું કે અહીં આવો જવાબ મળવાનું અશક્ય છે. આમ છતાં આ જવાબ પૂરેપૂરો વાજબી છે. સારામાં સારી હોટલોમાં પણ બપોરના ભોજન વખતે નિયમ તરીકે એકમાત્ર બટાટાનું શાક મળે છે અને તે પણ કાચુંપાકું. સાંજના વાળુમાં કદાચ તમને બે શાક મળે અને તે શાકોમાં ભાગ્યે જ કદી ફેરફાર કરવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાના આ બગીચાઓના સંસ્થાનમાં જ્યાં મોસમ વખતે નજીવી કિંમતે તમને ફળો મળી શકે છે ત્યાં હોટલોમાં નહીં જેવાં ફળો જોવામાં આવે છે એ લગભગ નાલેશીની જ વાત કહેવાય. કઠોળની દાળો તો તેના અભાવને લઈને ધ્યાન પર ચડે છે. ડરબનમાં કઠોળ વેચાતું મળે છે કે કેમ એવું મને એક સજ્જને લખીને પુછાવ્યું; તેમને એ ચાર્લ્સટાઉન અને આજુબાજુના કસબાઓમાંથી મળી ન શક્યું. કોચલાંવાળાં ફળો અથવા મેવો તો માત્ર ક્રિસ્ટમસના દિવસોમાં જ વેચાતો મળે છે.

હાલની પરિસ્થિતિ આ જાતની છે. એટલે લગભગ નવ માસના જાહેરખબરો આપવાના અને શાંત સમજાવટના પરિણામે જો હું ધ્યાન પર ચડે એવી બહુ ઓછી પ્રગતિ રજૂ કરી શકું તો શાકાહારી મિત્રોએ આશ્ચર્ય પામવું નહીં જોઈએ. એવું પણ નથી કે શાકાહારના પ્રચારમાં માત્ર ઉપર દર્શાવી છે એટલી જ મુસીબતો છે. અહીંના લોકો સોના ઉપરાંત ભાગ્યે જ બીજા કાંઈનો વિચાર કરે છે. આ પ્રદેશોમાં સુવર્ણનો જ્વર એવો તો ચેપી છે કે તેણે ધર્મના આચાર્યો સુધ્ધાં મોટામાં મોટા અને નાનામાં નાના સૌને એનો ભોગ બનાવી દીધા છે. જીવનનાં વધારે ઉમદા કાર્યો માટે એમની પાસે સમય નથી; બીજી ઉપરની એટલે આધ્યાત્મિક દુનિયાનો વિચાર કરવાનો તેમને સમય મળતો નથી.

વેજિટેરિયનની નકલો દર અઠવાડિયે નિયમિત રીતે મોટા ભાગની લાઈબ્રેરીઓને પહોંચાડવામાં આવે છે. કોઈ કોઈ વાર અખબારોમાં જાહેરખબરો આપવામાં આવે છે. શાકાહારના વિષયનો પરિચય કરાવવા માટેની દરેક તક ઝડપી લેવામાં આવે છે. અત્યાર સધીમાં આને લઈને થોડા સહાનુભૂતિભર્યા પત્રવ્યવહારો અને પૂછતાછને પ્રેરણા મળી છે. થોડાં પુસ્તકોની ખરીદી કરવામાં આવી છે. બીજાં ઘણાં પુસ્તકો મફત વહેંચવામાં આવ્યાં છે. પત્રવ્યવહાર અને વાર્તાલાપ રમૂજભર્યા રહ્યા છે. એક સન્નારીએ મારી સાથે ખ્રિસ્તી ધર્મના દીક્ષાપંથ વિષે પત્રવ્યવહાર કર્યો, તેને જ્યારે એવું માલૂમ પડયું કે ખ્રિસ્તી ધર્મના આ દીક્ષાપંથને શાકાહાર જોડે કાંઈક સંબંધ છે ત્યારે તે ગુસ્સે થઈ ગઈ. તે એટલી બધી ચિડાઈ ગઈ કે તેને વાંચવા માટે આપેલાં પુસ્તકો તેણે વગર વાંચ્યે જ પરત કરી દીધાં. માણસને માટે કોઈ પ્રાણીને ગોળીથી ઠાર કરવાનું કે કતલ કરવાનું હીણપતભર્યું છે એવું એક ગૃહસ્થ માનતા હતા. તે "પોતાનો જાન બચાવવા માટે પણ એવું કામ નહીં કરે," પણ પોતાને માટે રાંધીને તૈયાર કરેલું માંસ ખાવામાં તેમને કશી પણ દયા આવતી નહોતી.

શાકાહારની દૃષ્ટિએ દક્ષિણ આફ્રિકા અને ખાસ કરીને નાતાલની શક્યતાઓ કહેતાં પાર ન આવે એટલી બધી છે. માત્ર શાકાહાર માટે કામ કરનારાઓનો અભાવ છે. અહીંની જમીન એટલી બધી ફળદ્રુપ છે કે એમાં લગભગ બધી જ વસ્તુઓ પકવી શકાય. જમીનના વિશાળ વિભાગો માત્ર કોઈ કુશળ હાથની રાહ જોઈ રહ્યા છે જે તેનું સોનાની સાચી ખાણોમાં રૂપાંતર કરી દે. જો થોડા જ માણસોને જોહાનિસબર્ગના સોના તરફથી તેમનું ધ્યાન ખસેડીને તેને ખેતીમાંથી પૈસા કમાવાની શાંત રીત તરફ વાળવા માટે અને રંગદ્વેષમાંથી છૂટી જવા માટે સમજાવી શકાય તો નાતાલમાં હરેક પ્રકારનાં શાકભાજી અને ફળો કોઈ પણ શંકા વિના ઉપજાવી શકાય.

Gandhi Heritage Portal

દક્ષિણ આફ્રિકાની આબોહવા એવી છે કે એકલા યુરોપિયનો ત્યાંની જમીનમાં રહેલી શકયતાનો વિચાર કરતાં તેનો પૂરો ઉપયોગ કદી કરી શકશે નહીં. મદદ કરવા માટે તેમની પાસે હિંદીઓ હાજર છે પણ રંગદ્રેષને કારણે યુરોપિયનો તેમનો લાભ ઉઠાવવા ઇચ્છતા નથી. અને આ રંગદ્રેષ દક્ષિણ આફ્રિકામાં ઘણો જ તીવ્ર છે. નાતાલમાં કે જ્યાં સંસ્થાનની સમૃદ્ધિ હિંદી મજૂરો ઉપર આધાર રાખે છે એવું સ્વીકારવામાં આવ્યું છે ત્યાં પણ રંગદ્રેષ ઘણો જ તીવ્ર છે. મારા ઉપર એક બગીચા માલિકનો પત્ર આવ્યો છે. હિંદી મજૂરોને રોકવાની એની ગમે એટલી ઇચ્છા હોવા છતાં આ રંગદ્રેષને કારણે એ લાચાર બન્યો છે. એટલે અહીં શાકાહારીઓ માટે દેશસેવાના કાર્ય માટે અવકાશ છે. દક્ષિણ આફ્રિકામાં ગોરાં બ્રિટિશ પ્રજાજનો તથા હિંદીઓ વચ્ચેનો સંબંધ દિવસે દિવસે ઘાડો થતો જાય છે. ઉચ્ચ કોટિના અંગ્રેજ અને હિંદી રાજદ્વારી પુરુષો એવો અભિપ્રાય ધરાવે છે કે બ્રિટન અને હિંદને પ્રેમની સાંકળ વડે તેઓ કદી છૂટા નહીં પડે એ રીતે બાંધી શકાય એમ છે. અધ્યાત્મવાદીઓ આવાં જોડાણમાંથી સારાં પરિણામોની આશા સેવે છે. પણ દક્ષિણ આફ્રિકન ગોરાં બ્રિટિશ પ્રજાજનો આવા જોડાણમાં હરકત નાખવા અને તેને અટકાવવા માટે એમનાથી થઈ શકે એટલો બધો પ્રયાસ કરી રહ્યાં છે. આ સંજોગોમાં એવો સંભવ છે કે આવા મહાન સંકટને રોકવાને કોઈ શાકાહારી આગળ આવે.

એક સૂચન કરીને હું નાતાલમાંના કામકાજનો આ ઝટપટ લખી કાઢેલો ટૂંકો હેવાલ પૂરો કરીશ. જો થોડા શાકાહારી સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હોય એવા, સાધનસંપન્ન માણસો દુનિયાના જુદા જુદા ભાગોની મુસાફરીએ નીકળે, જુદા જુદા દેશોની સાધનસામગ્રીનો કયાસ કાઢે, શાકાહારના દૃષ્ટિબિંદુથી તેમની શકયતાઓનો હેવાલ રજૂ કરે અને જે દેશોને શાકાહારના પ્રચાર માટે તથા આર્થિક દૃષ્ટિએ વસવાટ કરવા માટે તેઓ યોગ્ય સમજે, તેમાં જઈને રહેવા માટે શાકાહારીઓને આમંત્રણ આપે તો શાકાહારના પ્રચારનું ઘણું કાર્ય થઈ શકે. આમ થાય તો ગરીબ શાકાહારીઓ માટે વસવાટ કરવાનાં નવાં દ્વારો ખૂલી શકે અને દુનિયાના જુદા જુદા ભાગોમાં શાકાહારના પ્રચારનાં સાચાં કેન્દ્રો સ્થાપી શકાય.

પરંતુ આ બધું કરવાને માટે શાકાહારવાદ માત્ર એક આરોગ્ય માટેની સવલત બનવાને બદલે ધર્મ બનવો જોઈએ. એના ધ્યેયને ઘણી વધારે ઊંચી કક્ષાએ મૂકવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૧–૧૨–૧૮૯૫

Gandhi Heritage Portal

# ૬૯. શાકાહારનો સિદ્ધાંત

ડરબન,
ફેબ્રુઆરી ૩, ૧૮૯૬

તંત્રીશ્રી,
नाताल मर्क्युरी
સાહેબ,

ખોરાકની સુધારણામાં રસ લેનારા તરીકે હું આપને આપના "રોગ મટાડવાનું નવું શાસ્ત્ર" નામના શનિવારના અંકમાંના અગ્રલેખ બદલ અભિનંદન આપવા ઈચ્છું છું. એમાં આપે કુદરતી આહાર અપનાવવા ઉપર એટલે શાકાહારનો સિદ્ધાંત અપનાવવા ઉપર ઘણો ભાર મૂક્યો છે. આ સ્વૈરવિહારમાં માનતા જમાનામાં "કોઈ પણ માણસ બુદ્ધિથી એક સિદ્ધાંતને ઉત્સાહપૂર્વક ટેકો આપતો હોય છે પણ તેને પોતાના જીવનમાં અમલ કરવાનો તેનો ઈરાદો નથી હોતો એ વાત એટલી સામાન્ય બની ગઈ છે" કે આ કમનસીબ ખાસિયત જો ન હોત તો આપણે બધા શાકાહારી બની ગયા હોત. કારણ કે, જ્યારે સર હેનરી થૉમસન માંસાહારને આપણા જીવનધારણ માટે અનિવાર્ય માનવાની વાતને એક ક્ષુદ્ર ભૂલ તરીકે ગણાવે છે, અને જ્યારે સૌથી આગળ પડતા શરીરશાસ્ત્રવેત્તાઓ ખુલ્લંખુલ્લા કહે છે કે ફળફળાદિ જ માણસનો કુદરતી આહાર છે અને જ્યારે આપણી પાસે બુદ્ધ, પાઈથાગોરાસ, પ્લેટો, પોરફીરી, રૉય, ડૅનિયલ, વેઝ્‌લી, હાવર્ડ, શેલી, સર આઈઝેક પિટમેન, એડિસન, સર ડબ્લ્યુ. બી. રિચર્ડસન અને બીજા સંખ્યાબંધ આગળ પડતા માણસો શાકાહારી હોવાના દાખલા છે તો પછી પરિસ્થિતિ ઊલટી શા માટે હોવી જોઈએ? ખ્રિસ્તી શાકાહારીઓનો દાવો એવો છે કે જિસસ પણ શાકાહારી હતા. અને આ મતને પડકારે એવી કોઈ વાત જાણવામાં હોય એવું લાગતું નથી, સિવાય કે એટલો નિર્દેશ થયેલો છે કે પુનરુત્થાન બાદ એમણે ભૂંજેલી મચ્છી ખાધી હતી. દક્ષિણ આફ્રિકામાંના સૌથી સફળ મિશનરીઓ (ટ્રૅપિસ્ટ્સ) શાકાહારીઓ છે. દરેક દૃષ્ટિબિંદુથી જોતાં શાકાહાર માંસાહાર કરતાં ઘણો જ ચડિયાતો પુરવાર થઈ ચૂક્યો છે. અધ્યાત્મવાદીઓ માને છે, અને કદાચ પ્રૉટેસ્ટંટ ધર્માચાર્યોના મોટા વર્ગ સિવાય બધા જ ધર્મોના આચાર્યોના જીવનવ્યવહાર બતાવે છે કે માંસના વિવેકહીન ભક્ષણ કરતાં માણસની આધ્યાત્મિક શક્તિને વધારે બાધારૂપ થાય એવું બીજું કશું નથી. ખૂબ જ નિષ્ઠાવાળા અન્નાહારીઓ આધુનિક યુગની નાસ્તિકતા, ભૌતિકવાદ અને ધાર્મિક ઉદાસીનતાના કારણ તરીકે વધારે પડતા માંસાહાર તથા મદ્યપાનને અને તેને પરિણામે માણસમાં જે આધ્યાત્મિક શક્તિનો થોડે અંશે કે સંપૂર્ણપણે અભાવ ઊભો થાય છે તેને ગણાવે છે. પ્રખર બુદ્ધિશક્તિ ધરાવતા માણસોના અન્નાહારી પ્રશંસકો, જગતના સૌથી તેજસ્વી બુદ્ધિવાળા માણસોનો જે મોટો સમૂહ અચૂકપણે પોતાની ટેવોમાં સંયમી હતો, ખાસ કરીને તેમનાં ઉત્તમ પુસ્તકો લખતી વખતે સંયમી હતો, તેમનો નિર્દેશ કરીને એ વસ્તુ બતાવે છે કે બૌદ્ધિક જીવનના દૃષ્ટિબિંદથી માંસાહાર કરતાં અન્નાહાર ચડિયાતો ભલે નહીં હોય તોપણ તે ચાલે એવો છે. અન્નાહારીઓના સામયિક પત્રો અને પત્રિકાઓના લેખો ખાતરીપૂર્વકની સાબિતી પૂરી પાડે છે કે જે દાખલાઓમાં અસંખ્ય દવાઓ સાથેનું ગાયનું માંસ અને તેની મેળવણીઓ બહુ

Gandhi Heritage Portal

ખરાબ રીતે નિષ્ફળ નીવડયાં છે ત્યાં અન્નાહારનો જ્વલંત વિજય થયો છે. સ્નાયુબદ્ધ કહેતાં કદાવર અન્નાહારીઓ પોતાના આહારનું ચડિયાતાપણું એ દર્શાવીને પુરવાર કરે છે કે જગતનો ખેડૂતવર્ગ લગભગ અન્નાહારી છે, અને સૌથી તાકાતવાન અને સૌથી ઉપયોગી પ્રાણી ઘોડો શાકાહારી છે જ્યારે સૌથી હિંસક અને લગભગ નિરુપયોગી પ્રાણી સિંહ એ માંસભક્ષક છે. અન્નાહારી નીતિવાદીઓને એ વાતનું દુ:ખ થાય છે કે પોતાની વિકારી અને રોગિષ્ટ ઇચ્છાઓને તૃપ્ત કરવાને માટે સ્વાર્થી માણસો ખાટકીનો ધંધો માણસના અમુક વર્ગને માથે ઓઢાડે છે જ્યારે તેઓ પોતે આવો ધંધો કરતાં એની ભયાનકતાથી બેબાકળા બની જાય છે. એ ઉપરાંત આ અન્નાહારી નીતિવાદીઓ આપણને એ વસ્તુ ખ્યાલમાં રાખવાને પ્રેમપૂર્વક વિનંતી કરે છે કે માંસવાળા ખોરાક અને દારૂની ઉત્તેજના વિના પણ આપણા કામવિકારોને સંયમમાં રાખવાનું અને સેતાનના પંજામાંથી બચી જવાનું આપણે માટે પૂરતું કઠણ છે એટલે આપણે માંસ અને દારૂ જે સાથોસાથ જનારી વસ્તુઓ છે તેનો આશ્રય લઈને એ મુસીબતોમાં વધારો નહીં કરીએ. કારણ કે એવો દાવો કરવામાં આવ્યો છે કે અન્નાહાર કે જેમાં રસાળ ફળોને સૌથી પહેલું સ્થાન છે, તે શરાબખોરીનો સૌથી સહીસલામત અને ખાતરીપૂર્વકનો ઈલાજ છે જ્યારે માંસાહાર એ ટેવને ઉત્તેજે છે અથવા તેમાં વધારો કરે છે. તેઓ એવી પણ દલીલ કરે છે કે માંસાહાર શરીરને માટે બિનજરૂરી જ નહીં પણ હાનિકર પણ છે એ કારણે તથા એમાં નિર્દોષ પ્રાણીઓને બિનજરૂરી દુ:ખ આપવાનું તથા તેમના પ્રત્યે ક્રૂરતા બતાવવાનું સમાયેલું છે એટલે એની ટેવ અનૈતિક તથા પાપમય છે. છેવટે અન્નાહારી અર્થશાસ્ત્રી વિરોધ થવાના ભય વિના ભારપૂર્વક કહે છે કે અન્નાહારની વસ્તુઓ સૌથી સસ્તો ખોરાક છે અને જો સામાન્યપણે એનો ઉપયોગ કરવામાં આવે તો તે ભૌતિકવાદી સંસ્કૃતિની ઝડપી કૂચને અને થોડા લોકોના હાથમાં એકઠી થતી અઢળક સંપત્તિની સાથે સાથે ઝડપથી વધતી જતી કંગાલિયતને એકદમ દૂર નહીં કરી શકે તોપણ તેને ઓછી કરવામાં મદદરૂપ થશે. મને યાદ છે ત્યાં સુધી ડૉ. લુઈ કુન્હે અન્નાહારની જરૂરિયાતનો આગ્રહ માત્ર શારીરિક કારણોસર રાખે છે અને તેઓ નવશિખાઉ લોકોને કોઈ સૂચના આપતા નથી. એટલે તેમને માટે જદી જુદી જાતની અન્નાહારની ચીજો-માંથી યોગ્ય ચીજો પસંદ કરવાનું અને તેને સારી રીતે રાંધવાનું મુશ્કેલ બની જાય છે. મારી પાસે ૧ પેન્સથી માંડીને ૧ શિલિંગ સુધીની કિંમતની અન્નાહારની ચીજો રાંધવા અંગેની પસંદ કરેલી ચોપડીઓ છે, તેમ જ એનાં જુદાં જુદાં પાસાંઓની ચર્ચા કરતાં એ વિષય ઉપરનાં પુસ્તકો પણ છે. સૌથી સસ્તાં પુસ્તકો મફત વહેંચવામાં આવે છે. જો તમારા કોઈ વાચકો આ રોગ મટાડવાના નવા શાસ્ત્રને માત્ર દૂરથી વખાણવાને નહીં પણ એના નિયમોને વ્યવહારમાં ઉતારવાને ઉત્સુક હોય તો હું એમને તે બધાં પૂરાં પાડીશ. શાકાહારને સંબંધ છે ત્યાં સુધી એ વિષય ઉપર મારી પાસે બીજી જેટલી પુસ્તિકાઓ હશે તે પણ હું એની સાથે ઘણી ખુશીથી મોકલીશ. જે લોકો બાઈબલમાં શ્રદ્ધા ધરાવે છે તેમની વિચારણા માટે હું નીચેનો ઉતારો ટાંકું છું. "પતન" પહેલાં આપણે શાકાહારી હતા:

> અને પરમાત્મા બોલ્યા: સાંભળો, આખી પૃથ્વીની સપાટી ઉપર બીજ ઉત્પન્ન કરનારી બધી વનસ્પતિ અને બીજ આપે એવાં ફળોવાળાં ઝાડો મેં તમને આપ્યાં છે. એ તમારા ભોજનને માટે છે. અને પૃથ્વી ઉપરનાં જેટલાં પશુ છે અને હવામાં જેટલાં પક્ષીઓ છે અને જે કાંઈ જીવજંતુ પૃથ્વી ઉપર પેટે ચાલે છે એ બધાંને ભોજન માટે મેં નાના નાના લીલા છોડો આપ્યા છે. અને બધું એ પ્રમાણે થયું.



Gandhi Heritage Portal

જેમને ખ્રિસ્તીધર્મની દીક્ષા અપાઈ નહીં હોય તેમને માટે માંસ ખાવાનું કાંઈક બહાનું હોઈ શકે; પણ જેઓ કહે છે કે તેમનો "પુનર્જન્મ" થયો છે તેમને માટે શાકાહારી ખ્રિસ્તીઓનો દાવો એવો છે કે કોઈ બહાનું હોઈ નહીં શકે. તેનું કારણ એ છે કે તેમની સ્થિતિ બેશક "પતન" પહેલાંના લોકોથી ચડિયાતી નહીં તો તેમના જેવી તો રહેવી જ જોઈએ. વળી પુનરુદ્ધાર સમયે:

> વરુ ઘેટાના બચ્ચા સાથે રહેશે, અને ચિત્તો બકરીના બચ્ચા સાથે સૂશે. અને વાછરડું અને સિંહનું બચ્ચું, અને કતલનું પશુ બધાં સાથે ફરશે અને એક નાનું બાળક એ બધાંને દોરશે. . . . અને સિંહ એક બળદની માફક ઘાસ ખાશે . . . મારા આખા પવિત્ર પહાડ ઉપર કોઈ પણ હિંસા કે મારફાડ કરશે નહીં; કારણ કે જેમ સમુદ્ર પાણીથી ભરેલો રહે છે તેમ જમીન પરમાત્માના જ્ઞાનથી ભરપૂર રહેશે.

એવું બને કે હજુ આ સમય આખા જગત માટે દૂર હોય. પણ જેઓ જાણે છે અને અમલ કરી શકે તેમ છે એવા ખ્રિસ્તી લોકો શા માટે કાંઈ નહીં તો એનો પોતાના જીવનમાં અમલ કરતા નથી? એવા સમયની આગાહી કરવામાં કાંઈ પણ નુકસાન ન હોઈ શકે, અને એમ કરવાથી એવો સંભવ રહે છે કે તેને પહોંચવાનું અત્યંત ઝડપી બને.

હું છું
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ધિ નાતાલ મર્ક્યુરી, ૪–૨–૧૮૯૬

## ૭૦. નાતાલનાં ગવર્નરને અરજી

ડરબન,
ફેબ્રુઆરી ૨૬, ૧૮૯૬

નેક નામદાર માનનીય સર વૉલ્ટર ફ્રાંસિસ હેલી હચિન્સન, સેઈન્ટ માઈકલ અને સેઈન્ટ જ્યૉર્જના પરમ પ્રતિષ્ઠિત દરજ્જાના નાઈટ કમાન્ડર, નાતાલ સંસ્થાનમાં અને તેની ઉપર ગવર્નર અને પ્રધાન સેનાપતિ તથા તેના ઉપનૌકા-સેનાપતિ અને દેશી પ્રજાના સૌથી મોટા મુખી, ઝૂલુલૅન્ડના ગવર્નર વગેરે વગેરેની સેવામાં પિટરમેરિત્સબર્ગ, નાતાલ

**નીચે સહી કરનારા નાતાલમાં વસતા હિંદી બ્રિટિશ પ્રજાજનોની અરજ**

નમ્રપણે દર્શાવવાનું કે:

૧૮૯૬ની સાલના ફેબ્રુઆરીની ૨૫મી તારીખના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં નોંધવેની, ઝૂલુલૅન્ડના જમીનવેચાણ સંબંધી નિયમોના જે થોડા અંશો પ્રગટ થયા છે, તે અંગે નાતાલમાં રહેતા હિંદીઓના પ્રતિનિધિઓ તરીકે અરજદારો આથી આપ મહાનુભાવને અરજ કરીએ છીએ. એ અંશો છે:

> કલમ ૪નો અંશ: યુરોપિયન જન્મ અથવા વંશની જે વ્યક્તિઓ આવા કોઈ પણ લિલાઉંમાં ઊભી રહેવા માગતી હોય તેમણે લિલાઉંની તારીખથી ઓછામાં ઓછા વીસ

Gandhi Heritage Portal

દિવસ પહેલાં પિટરમેરિત્સબર્ગમાં ઝૂલુલૅન્ડના સેક્રેટરીને અથવા સરકારના સેક્રેટરી એશોવે, ઝૂલુલૅન્ડને લેખિત નોટિસ આપવી. અરજીમાં તેઓ જે જમીન ખરીદવા માગતા હોય તેના નંબર અથવા બીજી માહિતી તેમણે બને ત્યાં સુધી આપવી.

કલમ ૧૮નો અંશ: માત્ર યુરોપિયન જન્મ કે વંશના લોકોને ઘરો બાંધવાની જમીનના માલિક તરીકે માન્ય રાખવામાં આવશે. આ શરત પાળવામાં નિષ્ફળ જતાં આવી કોઈ જમીન આ પહેલાંની કલમમાં જણાવ્યા મુજબ ફરીથી સરકારી કબજામાં મૂકી દેવાશે.

કલમ ૨૦: આ જમીનો અમુક ચોખ્ખી શરતે વેચવામાં આવે છે અને એ શરત આ નિયમોની કલમ ૧૦, ૧૧ અને ૧૩ મુજબ માગવામાં આવેલા અને અપાયેલા જાગીરના દરેક અધિકાર-પત્રમાં દાખલ કરવામાં આવશે. એ શરત એવી છે કે નોંદવેની કસબામાં આથી ખરીદવામાં આવેલી જમીનનો કોઈ પણ માલિક એ જમીનને કે એના કોઈ હિસ્સાને જન્મ કે વંશથી યુરોપિયન હોય તે સિવાયના કોઈ પણ માણસને વેચાતી કે ભાડે આપી શકશે નહીં તેમ જ વગર ભાડે કબજે કરવા દેશે નહીં. અને જો કોઈ સંજોગોમાં આવા અધિકાર-પત્ર ધરાવનાર માણસો જો આવી શરતો અને બાંયધરીઓનો ભંગ કરશે તો આ નિયમોની કલમ ૧૭માં જણાવ્યા મુજબની શરતોથી અને પદ્ધતિથી આવી જમીનો સરકાર હસ્તક લઈ લેવામાં આવશે.

તમારા અરજદારો આ નિયમોનો એવો અર્થ કરે છે કે સમ્રાજ્ઞીના હિંદી પ્રજાજનોને નોંદવેની કસબામાં જમીન ધારણ કરવામાંથી કે ખરીદવામાંથી બાદ રાખવામાં આવ્યા છે.

તમારા અરજદારો આ રીતે યુરોપિયન અને હિંદી બ્રિટિશ પ્રજાજનો વચ્ચે જે દ્વેષપૂર્ણ ભેદભાવ કરવામાં આવ્યો છે તેની સામે વિવેકપૂર્વક પરંતુ આગ્રહપૂર્વક વાંધો લે છે.

તેમ જ આપના અરજદારોને આવો અપવાદ કરવાને કોઈ કારણ દેખાતું નથી, સિવાય કે દક્ષિણ આફ્રિકામાં જે અનેક મુદ્દાઓમાં રંગદ્વેષને તાબે થવાનું બન્યું છે તેમાંનો આ એક વધુ મુદ્દો હોય.

તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે સમ્રાજ્ઞીના પ્રજાજનોના એક વિભાગને બીજા વિભાગ ઉપર આ રીતનો ઊંચો દરજ્જો આપવો એ માત્ર બ્રિટિશનીતિ અને ન્યાયનું વિરોધી છે એટલું જ નહીં પણ હિંદી કોમની બાબતમાં એ, બ્રિટિશ હિંદીઓને યુરોપિયનો જોડે સમાન વર્તાવનો હક આપતા ૧૮૫૮ના રાણીના ઢંઢેરાની શરતોનો ભંગ કરે છે.

તમારા અરજદારો આગળ ચાલતાં જણાવે છે કે ટ્રાન્સવાલમાં વસતા હિંદીઓની તરફેણમાં સમ્રાજ્ઞીની સરકારે જે પ્રયાસો કર્યા છે તે ધ્યાન પર લેતાં મિલકત ધારણ કરવાના હકો અંગેના ચર્ચા નીચેના નિયમોથી જે ભેદભાવ દર્શાવાયો છે એ કાંઈક આશ્ચર્યકારક અને મેળ વિનાનો છે.

તમારા અરજદારો એ જણાવવાની પરવાનગી ઇચ્છે છે કે ઘણા હિંદીઓ ઝૂલુલૅન્ડના બીજા ભાગોમાં વતનદારી જમીન ધરાવે છે.

એટલા ખાતર તમારા અરજદારો નમ્રપણે વિનંતી કરે છે કે આ નિયમોની કલમ ૨૩ વડે સુરક્ષિત રખાયેલા અધિકારની રૂએ આપ નામદાર એમાં એવા ફેરફાર કે સુધારા કરવાનો હુકમ કરવાની મહેરબાની કરશો જેથી ઉપર દર્શાવેલો ભેદભાવ દૂર થઈ જાય.

Gandhi Heritage Portal

અને ન્યાય અને દયાના આ કાર્ય બદલ તમારા અરજદારો ફરજ સમજીને હંમેશ બંદગી કરતા રહેશે વગેરે વગેરે.

(સહી) અબદુલ કરીમ હાજી
અને બીજા ૩૯

[મૂળ અંગ્રેજી]

હસ્તલિખિત નકલની છબી પરથી

## ૭૧. હિંદીઓ અને પરવાના

ડરબન,
માર્ચ ૨, ૧૮૯૬

તંત્રીશ્રી,
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

આપના ૨૯મી ફેબ્રુઆરીના અંકમાં રૉબર્ટ્સ અને રિચર્ડ્સ નામની બે વ્યક્તિઓ ઉપર ભામટાઓ માટેના કાનૂન નીચે ચલાવાયેલા કેસનો અધૂરો હેવાલ અને એ અંગેનો પોલીસ સુપરિન્ટેન્ડેટનો અભિપ્રાય પ્રગટ થયો છે. જેમને લાયક પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે "લેભાગુ" અને બીજાં બૂરાં નામો વડે નવાજ્યા છે એવા બંને પ્રતિવાદીઓ પ્રત્યે ન્યાય દર્શાવવા ખાતર અને હિંદી કોમ પ્રત્યેના ન્યાય ખાતર હું આપના પત્રમાં થોડી જગ્યા રોકવા ઇચ્છું છું.

આ હેવાલ અને અભિપ્રાય એવું દર્શાવતા લાગે છે કે જાણે મિ. વૉલરનો ચુકાદો[1] અન્યાયભરેલો હોય. એ મતને ઓપ આપવાને માટે, સુપરિન્ટેન્ડેન્ટે જુબાનીનો એવો ભાગ આપવાનું પસંદ કર્યું છે જેનો હું આ બે પ્રતિવાદીઓ માટે અને એથીયે વિશેષ એમના જેવી જ પરિસ્થિતિમાં મુકાયેલા લોકો માટે જનતાની સહાનુભૂતિ મેળવવાને ઉપયોગ કરવા માગતો હતો અને હજી માગું છું. નમ્રપણે મારું માનવું એવું છે કે તેમનો મામલો ઘણો વિકટ હતો, અને તેમને ગિરફતાર કરવામાં અને પછી હેરાન કરવામાં પોલીસે ભૂલ કરી હતી. મેં કોર્ટમાં કહ્યું જ હતું અને અહીં તે ફરીથી કહું છું કે જો પોલીસ હિંદીઓ તરફ થોડી ઉદારતા બતાવે અને તેમને ગિરફતાર કરવામાં વિવેક વાપરે તો ભામટા માટેનો કાનૂન જુલમી બનતો અટકી જાય. બંને ગિરમીટિયા હિંદીઓના પુત્રો છે એ હકીકત એમની વિરુદ્ધ નહીં જવી જોઈએ. ખાસ કરીને એક અંગ્રેજ સમાજમાં જ્યાં માણસની પરીક્ષા તેના જન્મથી નહીં પણ તેના ગુણો વડે કરવામાં આવે છે ત્યાં તો આવું બિલકુલ થવું નહીં જોઈએ. જો એવું નહીં હોય તો એક

૧. પોલીસ ન્યાયાધીશ મિ. વૉલરે એવાં કારણથી કેસ કાઢી નાખ્યો કે જ્યાં સુધી કોઈ બિનગોરી વ્યક્તિ, જે પાસ વિના રાત્રે ૯ વાગ્યા બાદ ઘર બહાર મળી આવી હોય, તે જો પોલીસને કહે કે તે પોતાને ઘેર જઈ રહી છે તો એ જવાબ તેને દોષમુક્ત ગણવાને પૂરતો છે. કારણ કે કાનૂનમાં એવું કહેવાયું છે કે માત્ર તે જ બિનગોરી વ્યક્તિને ગિરફતાર કરવામાં આવે જે પોતાના માલિકે આપેલા પરવાના વિના રાત્રે નવ વાગ્યાથી સવારે પાંચ વાગ્યાના ગાળામાં રખડતી માલૂમ પડે અથવા પોતા વિષે નામઠામ વગેરે માહિતી નહીં આપી શકે.

Gandhi Heritage Portal

કસાઈના છોકરાને એક મહાનમાં મહાન કવિનું માન અપાયું નહીં હોત. ઉપરાંત, સુપરિન્ટેન્ડેન્ટ બીજા પ્રતિવાદીએ આશરે બે વર્ષ પહેલાં પોતાનું નામ બદલ્યું હતું એ હકીકતને વધારેપડતું વજન આપે છે. અને તેમ કરીને તે એને ગિરફતાર કરનાર સિપાઈએ એનું જે જાણીજોઈને અપમાન[1] કર્યું હતું તેનો બચાવ કરવાનો પ્રયાસ કરે છે. એ વાતનો ખ્યાલ રહેવો જોઈએ કે જેના તાબામાં તે હતો એ સિપાઈને નામ કયારે બદલવામાં આવ્યું હતું એ બાબતમાં કાંઈ પણ ખબર નહોતી. અને સુપરિન્ટેન્ડેન્ટ માને છે તેમ જો તેણે ભામટાના કાનૂનના અમલમાંથી બચી જવા માટે પોતાની જાતિ છુપાવવાનો પ્રયાસ કર્યો હોત તો એ વાત નક્કી છે કે તેનો ચહેરો જ તેની જાતિ ખુલ્લી કરવા માટે પૂરતો હતો. તેમ જ તે પોતાના નામ અને જન્મને કારણે શરમાતો લાગતો નહોતો. કારણ કે જન્મ અને નામ બાબતના સવાલો પુછાતાંની સાથે તરત જ તેના જવાબો અપાયા હતા. અને તે વાતે આનંદી સ્વભાવના સુપરિન્ટેન્ડેન્ટને એટલા તો ખુશ કર્યા લાગતા હતા કે તેમના મોઢામાંથી નીચેના શબ્દો સહેજે બોલાયા: "વારુ, મારા બેટા, બધા જો તારા જેવા હોય તો પોલીસને કશી મુશ્કેલી નહીં રહે."

માની લો કે જો પોતાનો ધર્મ બદલવાનું ભૂલભરેલું નહીં હોય, તો પોતાનું નામ બદલવાનું બિલકુલ ભૂલભરેલું હોઈ નહીં શકે. નાની નાની બાબતોની મોટી બાબત સાથે સરખામણી કરીએ તો મિ. કિવલિયમ હવે હાજી અબદુલ્લા બન્યા છે કારણ કે એમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે. મનિકાના મરહૂમ પ્રધાન એલચી મિ. વેબે પણ મુસ્લિમ ધર્મ અંગીકાર કરતાં મુસલમાનનું નામ ધારણ કર્યું છે. પોલીસ સિપાઈઓના ખ્યાલ મુજબ તો એક હિંદીને માટે માત્ર ખ્રિસ્તી નામ જ નહીં પણ ખ્રિસ્તી પોશાક પહેરવો એ પણ ગુનો છે. અને હવે, સુપરિન્ટેન્ડેન્ટના વિચાર પ્રમાણે, ધર્મનો પલટો, એક હિંદીને શંકાને પાત્ર બનાવી દેશે. પણ, અલબત્ત ધારો કે ધર્મપલટો પ્રામાણિક માન્યતાને પરિણામે થયો હોય, અને કાનૂનને ટાળવાના દાવપેચ તરીકે નહીં હોય તો પછી આમ શા માટે થવું જોઈએ? હાલના આ દાખલામાં મારું માનવું એવું છે કે બંને પ્રતિવાદીઓ પ્રામાણિક ખ્રિસ્તીઓ છે. કારણ કે મને મળેલી માહિતી મુજબ ડૉ. બૂથ[2] બંને તરફ માનની નજરે જુએ છે. અલબત્ત સુપરિન્ટેન્ડેન્ટ સામી સવાલ કરશે, "પણ એક ખ્રિસ્તીના લેબાસમાં એક માણસ પ્રામાણિક ખ્રિસ્તી છે કે શેતાન છે એ કેવી રીતે જાણી શકાય?" આ સવાલનો જવાબ આપવાનું મુશ્કેલ છે. મેં કોર્ટને જણાવ્યું હતું કે દરેક મામલાનો નિર્ણય તેના ગુણદોષ તપાસીને કરવામાં આવે અને જ્યાં સામાન્ય અનુમાનો પર ચાલવાનું હોય છે તેનો ફાયદો જેમ બીજા વર્ગોને આપવામાં આવે છે તેમ હિંદીઓને પણ અપાવો જોઈએ.

મેં જણાવ્યું કે જો માનભર્યો પોશાક પહેરેલાં બે માણસો રાતના સાડા નવ વાગ્યે મુખ્ય રસ્તા ઉપર થઈને શાંતિથી જઈ રહ્યા હોય, પૂછવામાં આવતાં તેઓ ઊભા રહી જાય છે, અને સામું જણાવે છે કે તેઓ બાગમાંથી પાછા ફરી રહ્યા છે અને પોતાને ઘેર જાય છે, એ ઘર તેમને રોકવામાં આવ્યા એ જગ્યાએથી માત્ર સાત મિનિટના રસ્તા ઉપર છે; એમાંનો એક કારકુન હતો અને બીજો શિક્ષક હતો (આ બે કમનસીબ છોકરાઓના દાખલામાં હતું તેમ), તો એમને સામાન્ય સમજ મુજબ બંધાતા અનુમાનનો લાભ મળવો જોઈએ. મેં આગળ જણાવ્યું કે આવા દાખલાઓમાં જો શંકા જાય તો પોલીસ કબજા નીચેના માણસોને સહીસલામતીથી

૧. પ્રતિવાદીએ જ્યારે પોતાનું સેમ્યુઅલ રિચર્ડ્સ એવું નામ આપ્યું ત્યારે સિપાઈએ તેને હસી કાઢ્યો.

૨. ડરબનના સેઇન્ટ એઈડનના દેવળના ધર્મગુરુ.

Gandhi Heritage Portal

તેમને ઘરે પહોંચાડી દઈ શકે. પરંતુ, જો એટલું પણ નહીં થઈ શકે તો તેમના પ્રત્યે કબજા નીચેના ભદ્ર માણસો જોડે રાખવામાં આવે તેવો વર્તાવ રાખે અને તેમને આગળથી ચોરલૂંટારા માની ન લે. જ્યાં સુધી એમને છળકપટ કરનારા સાબિત નહીં કરી શકાય ત્યાં સુધી એમનો પોશાક, ધર્મ અને નામ વિષેની ટીકા સગવડભરી રીતે મુલતવી રાખી શકાઈ હોત.

આશરે એક સાલ પહેલાં હું સ્ટૅન્ડરટનથી ડરબનની મુસાફરી કરી રહ્યો હતો. મારા બે મુસાફરીના સોબતીઓ ચોર હોવાની શંકા કરવામાં આવી. એમનો સરસામાન તથા હું એ જ ખાનામાં હતો એટલે મારો પણ સામાન ફોક્સરસ્ટમાં તપાસવામાં આવ્યો, અને ખાનામાં એક છૂપી પોલીસનો માણસ મૂકવામાં આવ્યો. તેઓ લગેજ તપાસનાર અમલદારને વ્હીસ્કીનો એક પ્યાલો ધરી શકતા હતા અને છૂપી પોલીસના માણસ જોડે સમાન દરજ્જા ઉપર એક ગૃહસ્થ તરીકે વાત કરી શકતા હતા. એવું અનુમાન કરી શકાય કે આવું થઈ શકવાનું કારણ એ હતું કે તેઓ માનભર્યા પોશાકમાં સજ્જ થયેલા હતા, અને પહેલા વર્ગના મુસાફરો હતા. છૂપી પોલીસના માણસે તેમને વિષે આગળ કશું અનુમાન બાંધી નહીં લીધું. એ લોકો યુરોપિયનો હતા એ વાત કહેવાનું મારે ટાળવું નહીં જોઈએ. છૂપી પોલીસનો માણસ આખે રસ્તે દિલગીરી અનુભવતો હતો કે તેને આ અપ્રિય ફરજ અદા કરવી પડતી હતી. પેલા કમનસીબ છોકરાઓના જેવા દાખલાઓમાં પણ આવો જ વર્તાવ રખાવો જોઈએ એટલું તેમના પક્ષે મને નહીં કહેવા દો? એમને કેદીની કોટડીને બદલે સૂઈ રહેવાને બીજી કોઈ જગ્યા આપી શકાત. જો આ કોટડીમાં રાખવાનું અનિવાર્ય હતું તો તેમને સૂવાને માટે સ્વચ્છ કામળા આપી શકાયા હોત. સિપાઈ તેમની સાથે સલૂકાઈથી વાતચીત કરી શક્યો હોત. આટલું જો કરવામાં આવ્યું હોત તો આ મામલો મૅજિસ્ટ્રેટ સુધી કદી પહોંચત જ નહીં.

"આ જવાન લેભાગુઓએ જામીન આપવાનું પસંદ કરવાને બદલે આખી રાત પુરાઈ રહેવાનું પસંદ કર્યું." એવા સુપરિન્ટેન્ડેન્ટના નિવેદન સામે હું મારો વિરોધ નોંધાવું છું. સાચી બીના એનાથી ઊલટી જ છે. તેમણે જામીન આપવા માગણી કરી હતી પરંતુ રાત્રિ દરમિયાન તે નકારી કાઢવામાં આવી હતી. એમના પ્રત્યેના આવા વર્તાવને કારણે મૅજિસ્ટ્રેટ નારાજ થયા હતા. સવારમાં તેમણે જામીન પર છોડવાની ફરીથી વિનંતી કરી. બીજા નંબરના પ્રતિવાદીની વિનંતી માન્ય રાખવામાં આવી. પહેલાને જામીન પર છોડવાની સિપાઈએ ના પાડી દીધી. એ ઉપરાંત એના નામ સામે "છોડવાના નથી" એવી નોંધ કરવામાં આવી. એ નોંધવાળો ચોપડો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પાછળથી ઈન્સ્પેક્ટર બેનીના કહેવાથી એને છોડી દેવામાં આવ્યો. ખબર પડતાંની સાથે ઈન્સ્પેક્ટર બેનીએ એ ભૂલ સુધારી લીધી.

સુપરિન્ટેન્ડેન્ટ તરફ આદર સાથે હું કહું છું કે પ્રથમ પ્રતિવાદીએ કાનૂનનો ભંગ કર્યો નથી. મૅજિસ્ટ્રેટે કશો હુકમ કર્યો નહીં, પણ તેમણે એક પિતાને છાજે એવી માયાળુ રીતે એવું સૂચન કર્યું કે મારે એને મેયરનો પાસ[૧] કઢાવી લેવા સલાહ આપવી. મેં જણાવ્યું કે એવો પાસ જરૂરી નથી છતાં એમની સૂચનાને માન આપીને હું તેમ કરીશ. પ્રતિવાદીના ઉપર હવે ટાઉનક્લાર્કનો જવાબ આવી ગયો છે કે તે કારકુન અને રવિવારની શાળાનો શિક્ષક હોવાથી અને તેના ઉપર કદી કોઈ ફોજદારી ગુનાનો આરોપ મુકાયો નથી એટલે તેને પાસ કાઢી આપવામાં નહીં આવે. જો તે રાત્રે નવ વાગ્યા બાદ બહાર નીકળવાને લાયક નહીં હોય તો

૧. પરવાનગી માટેનો.

Gandhi Heritage Portal

પછી તે રવિવારની શાળાનો શિક્ષક થવાને પણ લાયક નહીં ગણી શકાય. સહેજે કોઈ એવું માનશે કે એને માટે કુમળી વયનાં બાળકોનું ચારિત્ર્ય ઘડનારા રવિવારની શાળાના શિક્ષક બનવા કરતાં રાત્રે નવ વાગ્યા બાદ બહાર નીકળવાનું ઓછું જોખમકારક છે. સુપરિન્ટેન્ડેન્ટ કહે છે કે એમના પોલીસદળે "કદી આરબ વેપારીઓ અથવા બીજા સન્માનપાત્ર બિનગોરા લોકોને રાતને વખતે કનડગત કરી નથી." શું આ બે છોકરાઓ "બીજા સન્માનપાત્ર બિનગોર માણસો"ની હરોળમાં મુકાવાને લાયક નથી? હું એમને અરજ ગુજારું છું અને આજીજીપૂર્વક એ વાતનો સારી રીતે વિચાર કરવા કહું છું કે એમણે પોતે આ બે છોકરાઓને ગિરફતાર કર્યા હોત ખરા કે? એમના પોતાના શબ્દોમાં હું કહું છું કે "જો એમનું આખું દળ એમના જ જેટલું વિચારશીલ અને દયાળુ હોત તો કોઈ મુશ્કેલી રહેતે નહીં."

હું માનું છું કે, મારા 'ખુલ્લા પત્ર' વિષે લખતાં આપે એવું કહેવાની કૃપા બતાવી હતી કે સાચી ફરિયાદવાળા દાખલાઓમાં આપ ઝટ સહાનુભૂતિપૂર્વક ધ્યાન આપશો. આપ આ મામલાને સાચી ફરિયાદરૂપે ગણો છો ખરા? જો આપ ગણતા હો તો હું આપની સહાનુભૂતિની માગણી કરું છું જેથી ઉપર દર્શાવ્યા છે એવા દાખલા ફરીથી બનવા ન પામે. જેઓ મારી સલાહની દરકાર રાખે એવા સન્માનપાત્ર હિંદી યુવાનોને તેમના માલિકો પાસેથી પાસ કઢાવી લેવાની સલાહ આપવાનું મને મુશ્કેલ લાગ્યું છે. મેં તેમને રાત્રે ફરવાની છૂટ આપતો મેયરનો પાસ કઢાવવા સલાહ આપી છે. પણ પહેલી અરજીનો જવાબ નકારમાં મળ્યો છે એટલે એને લઈને બીજાઓનો ઉત્સાહ મંદ પડી ગયો છે. જો જાહેર જનતા આવી ધરપકડો બાબતમાં સંમતિ આપે તો પછી મૅજિસ્ટ્રેટનો વિરોધી અભિપ્રાય હોવા છતાં, પોલીસને એવું ફરી ફરીને કરવાને ઉત્તેજન મળવા સંભવ છે. એટલા માટે અખબારો પોતાના વિચારો પ્રગટ કરીને કાં તો દેખીતી રીતે આબરૂદાર હિંદીઓ માટે છૂટછાટ આપતો મેયરનો પાસ કઢાવવાનું સહેલું બનાવે અથવા પોલીસને માટે ફરી ફરીને આવી ધરપકડો કરવાનું લગભગ અશકય બનાવે. કૉર્પોરેશન ઉપર કેસ માંડવાનો પણ એક રસ્તો છે ખરો. પરંતુ તે રસ્તો છેલ્લા ઉપાય તરીકે લેવા જેવો છે.

હુ છું, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
धि नाताल मर्क्युरी, ૬–૩–૧૮૯૬

Gandhi Heritage Portal

## ૭૨. ઝૂલુલૅન્ડ માટેના હંગામી સેક્રેટરીને પત્ર

ડરબન,
માર્ચ ૪, ૧૮૯૬

મિ. સી. વાલ્શ,
ઝૂલુલૅન્ડ માટેના હંગામી સેક્રેટરી
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

નોંદવેની કસબાના નિયમનો[૧] વિષે મેં ઝૂલુલૅન્ડના પરમશ્રેષ્ઠ ગવર્નર ઉપર જે વિનંતીપત્ર મોકલ્યો હતો એના જવાબમાં તમારો ગઈ તા. ૨૭મીનો પત્ર મને મળ્યો છે. એમાં તમે એવું જણાવ્યું છે કે આ નિયમનો ગવર્નર મહોદયના પૂર્વાધિકારીના સમયમાં પ્રકાશિત થયેલાં એશોવે કસબાનાં નિયમનોની નકલ માત્ર છે.

આ પરિસ્થિતિમાં અરજદારો તરફથી હું ગવર્નર મહોદયને બંને કસબાઓ સંબંધેનાં નિયમનોમાં ફેરફાર કરવાને કે સુધારો કરવાને વિનંતી કરીશ જેથી રંગનો ભેદભાવ દૂર થઈ જાય. કોઈ પણ સંજોગોમાં હું એટલું જણાવવાની છૂટ લઉં છું કે દક્ષિણ આફ્રિકાના બીજા ભાગોમાં હિંદીઓના મિલકત અંગેના અધિકારો બાબતમાં હાલમાં જે અનેક બનાવો બની રહ્યા છે, ખાસ કરીને તેનો ખ્યાલ કરતાં એ નિયમનો એશોવેમાં અમલમાં છે એટલા ખાતર તેનો નોંદવેનીમાં અમલ કરવાનું મારા નમ્ર અભિપ્રાય મુજબ ઉચિત નહીં ઠરાવી શકાય.

હું માનું છું કે મેલમોથ કસબા માટે આવાં કોઈ નિયમનો અસ્તિત્વમાં નથી.

હું છું, વગેરે
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ નં. ૪૨૭, ગ્રંથ ૨૪

૧. જુઓ પા. ૨૨૬-૨૮.

Gandhi Heritage Portal

## ૭૩. ઝૂલુલૅન્ડ માટેના સેક્રેટરીને પત્ર

સેન્ટ્રલ વેસ્ટ સ્ટ્રીટ,
ડરબન, નાતાલ,
માર્ચ ૬, ૧૮૯૬

ઝૂલુલૅન્ડ માટેના સેક્રેટરી
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

મેલમોથ કસબાનાં નિયમનોમાં કોઈ પણ રંગનો ભેદભાવ અસ્તિત્વમાં નથી તે જોતાં એશોવે કસબાનાં નિયમનોમાં આવો ભેદભાવ કયાં કારણોસર સામેલ કરવામાં આવ્યો તે હું જાણી શકું ખરો? મેલમોથ કસબાનાં નિયમનોના પ્રકાશનની તારીખ પણ હું જાણવા ઇચ્છું છું.

આપનો, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ નં. ૪૨૭, ગ્રંથ ૨૪

## ૭૪. દાદાભાઈ નવરોજીને પત્ર

મો. ક. ગાંધી
એડવોકેટ
એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન
અને
ધી લંડન વેજિટેરિયન સોસાયટીના એજન્ટ

પો. ઑ. બૉક્સ ૬૬,
સેન્ટ્રલ વેસ્ટ સ્ટ્રીટ,
ડરબન, નાતાલ,
માર્ચ ૭, ૧૮૯૬

માનનીય શ્રી દાદાભાઈ નવરોજી
નેશનલ લિબરલ ક્લબ
લંડન

સાહેબ,

આ સાથે હું એક કતરણ મોકલું છું જેમાં આવતા અધિવેશનમાં મંત્રીમંડળ જે મતાધિકાર વિધેયક રજૂ કરવા માગે છે તે આપેલું છે. તેમ જ બ્રિટિશ કમિટીના[1] પ્રમુખને લખેલા મારા પત્રની એક પ્રેસ નકલ પણ સાથે મેં મોકલી છે.

૧. જુઓ પા. ૨૩૪.

Gandhi Heritage Portal

ઝૂલુલૅન્ડના ગવર્નરે નોંદવેની બાબતની અરજદારોની વિનંતી મંજૂર કરવાની ના પાડી છે. હું હમણાં એ વિષય ઉપર બ્રિટિશ સરકાર માટે એક વિનંતીપત્ર[1] તૈયાર કરી રહ્યો છું.

સૈનિકોના સ્મારક વિષેના આપના પત્ર બદલ હું આપનો આભાર માનું છું.

આપનો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરવાળી મૂળ પ્રતની છબી પરથી

## ૭૫. વેડરબર્નને પત્ર[2]

મો. ક. ગાંધી
એડવોકેટ
ધી એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન
અને
ધી લંડન વેજિટેરિયન સોસાયટીના એજન્ટ

પો. ઑ. બૉક્સ ૬૬,
સેન્ટ્રલ વેસ્ટ સ્ટ્રીટ,
ડરબન, નાતાલ,
માર્ચ ૭, ૧૮૯૬

સર વિલિયમ વેડરબર્ન, બેરોનેટ, એમ. પી. વગેરે
હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના પ્રમુખ
લંડન

સાહેબ,

આ સાથે હું એક કતરણ મોકલું છું. જેમાં મતાધિકાર વિધેયક આપવામાં આવ્યું છે. આ વિધેયક સરકાર નાતાલ વિધાનસભાના આવતા એપ્રિલ અધિવેશનમાં રજૂ કરવા માગે છે. આ વિધેયક ૧૮૯૪ના જે કાનૂન સામે સરકારને એક વિનંતીપત્ર[2] મોકલવામાં આવ્યો હતો તે કાનૂનની જગ્યાએ આવે છે. એવું કહેવાય છે કે આ વિધેયકને મિ. ચેમ્બરલેને મંજૂર કર્યું છે. જો એવું બન્યું હોય તો એ વાત હિંદી કોમને ઘણી કઢંગી સ્થિતિમાં મૂકી દેશે. અખબારો એવું માનતાં લાગે છે કે હિંદુસ્તાનમાં પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ અસ્તિત્વમાં છે, એ કારણે હિંદીઓ ઉપર આ વિધેયક અસર કરશે નહીં. સાથે સાથે આ વિધેયકનો હેતુ હિંદી કોમ ઉપર અસર કરવાનો છે એ વિષે કોઈ શંકા નથી. અમારો ઇરાદો આ વિધેયકનો વિરોધ કરવાનો છે. પરંતુ તે દરમિયાન મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આમસભામાં એક પ્રશ્ન પૂછવામાં આવે તો તે બહુ ઉપયોગી થઈ પડે અને સંભવ છે કે તે મિ. ચેમ્બરલેનના વિચારોનું રહસ્ય પણ બહાર લાવે. હિંદી કોમને થોડા જ વખતમાં મહત્ત્વભરી તાકીદની બીજી બાબતો અંગે આપના સમય અને ધ્યાન ઉપર દબાણ લાવવાની ફરજ પડશે.

આપનો આજ્ઞાંકિત સેવક,
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
હસ્તલિખિત મૂળ પ્રતની છબી પરથી.

૧. જુઓ પા. ૨૩૫.
૨. જુઓ પા. ૬૯.

Gandhi Heritage Portal

# ૭૬. મિ. ચેમ્બરલેનને અરજી

ડરબન, નાતાલ,
માર્ચ ૧૧, ૧૮૯૬

પરમ માનનીય જૉસફ ચેમ્બરલેન,
સમ્રાજ્ઞીના મુખ્ય સંસ્થાન મંત્રી
લંડન, એમની સેવામાં

**નાતાલની હિંદી કોમનું પ્રતિનિધિત્વ ધરાવતા**
**નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવીએ છીએ કે:

તા. ૨૫મી ફેબ્રુઆરી ૧૮૯૬ના નાતાલના સરકારી ગૅઝેટમાં ઝૂલુલૅન્ડના નોંદવેની કસબા સંબંધમાં કેટલાક નિયમો અને નિયમનો પ્રગટ થયાં છે. આ બધાં સમ્રાજ્ઞી સરકારના હિંદી પ્રજાજનોના જમીન ધારણ કરવાના તથા મેળવવાના હકોમાં હરકત કરનારા છે. તે બાબતમાં તથા ઝૂલુલૅન્ડમાંના એશોવે કસબા માટેનાં એવાં જ નિયમનો બાબતમાં આપના અરજદારો આથી સમ્રાજ્ઞીની સરકાર આગળ અરજી રજૂ કરવા ઇચ્છે છે.

નિયમનોનો જે હિસ્સો બ્રિટિશ હિંદીઓના હકોમાં હરકત કરે છે તે નીચે પ્રમાણે છે:

> કલમ ૪નો હિસ્સો — યુરોપિયન જન્મ કે વંશની જે વ્યક્તિઓ આવા કોઈ લિલાઉંમાં (એટલે મકાન માટેની જમીનનું લિલાઉં) ભાગ લેવા ઇચ્છતી હોય તેમણે લિલાઉંની તારીખ પહેલાં ઓછામાં ઓછા વીસ દિવસ' આગળથી ઝૂલુલૅન્ડના સેક્રેટરીને લેખિત સૂચના આપવી જ જોઈએ વગેરે.
>
> કલમ ૧૮નો હિસ્સો — માત્ર યુરોપિયન જન્મ કે વંશની વ્યક્તિઓને જ મકાનોની જમીનના કબજેદાર તરીકે મંજૂર રાખવામાં આવશે. આ શરતનું પાલન કરવામાં નહીં આવતાં આવી કોઈ પણ જમીન આ પહેલાંની કલમ અનુસાર સરકાર હસ્તક ફરીથી લઈ લેવાશે.
>
> કલમ ૨૦નો હિસ્સો — આ જમીનો અમુક ચોખ્ખી શરતે વેચવામાં આવે છે અને એ શરત આ નિયમોની કલમ ૧૦, ૧૧ અને ૧૩ મુજબ માગવામાં આવેલા અને અપાયેલા દરેક જાગીરના અધિકારપત્રમાં દાખલ કરવામાં આવશે. એ શરત એવી છે કે નોંદવેની કસબામાં આથી ખરીદવામાં આવેલી જમીનનો કોઈ પણ માલિક એ જમીનને કે એના કોઈ હિસ્સાને જન્મ કે વંશથી યુરોપિયન હોય તે સિવાયના કોઈ પણ માણસને વેચાતી કે ભાડે આપી શકશે નહીં તેમ જ વગર ભાડે કબજે કરવા દેશે નહીં. અને જો કોઈ સંજોગોમાં આવા અધિકારપત્ર ધરાવનાર માણસો જો આવી શરતો અને બાંધધરીઓનો ભંગ કરશે તો આ નિયમોની કલમ ૧૭માં જણાવ્યા મુજબની શરતોથી અને પદ્ધતિથી આવી જમીનો સરકાર હસ્તક લઈ લેવામાં આવશે.

જેમાં નોંદવેની નિયમનો પ્રગટ થયાં હતાં તે ગૅઝેટ બહાર પડવાના બીજે જ દિવસે આપના અરજદારોએ ઝૂલુલૅન્ડના ગવર્નરને એવી વિનંતી કરતી અરજી રજૂ કરી કે આ

Gandhi Heritage Portal

નિયમનોને એવી રીતે બદલવામાં આવે અથવા સુધારવામાં આવે કે જેથી તેમાં રહેલો રંગ અંગેનો ભેદભાવ દૂર થઈ જાય.

ઉપરોક્ત અરજી[1] કે જેની એક નકલ આ સાથે સામેલ કરવામાં આવી છે તેના જવાબમાં આપના અરજદારોને જણાવવામાં આવ્યું કે આ નિયમનો "તે જ છે જે ૨૮મી સપ્ટેમ્બર ૧૮૯૧ના રોજ ગવર્નર મહોદયના પૂર્વગામીએ જાહેર કર્યાં હતાં અને જે એશોવે કસબા માટેનાં નિયમનો તરીકે અમલમાં છે." એ ઉપરથી ૪થી માર્ચ ૧૮૯૬ના રોજ એક એવી મતલબની વિનંતી કરવામાં આવી કે બ્રિટિશ હિંદીઓ સંબંધમાં આ બંને નિયમનો કાં તો બદલવાં જોઈએ અથવા સુધારવાં જોઈએ.

૫મી માર્ચ, ૧૮૯૬ના રોજ એનો એવી મતલબનો જવાબ આવ્યો કે ગવર્નરને આ સૂચન બાબતમાં પગલાં લેવાનું યોગ્ય લાગતું નથી.

આપના અરજદારો દૃઢતાપૂર્વક માને છે કે હિંદી કોમ ઉપર જે અન્યાય લાદવામાં આવ્યો છે તે એટલો તો ઉઘાડો છે કે તેનો ઉપાય કરવા માટે તેને ફક્ત સમ્રાજ્ઞીની સરકારના ધ્યાન પર લાવવો જોઈએ. જો આવો પક્ષપાતભર્યો અને આપના અરજદારો માનપૂર્વક જણાવે છે તેમ બિન-જરૂરી ભેદભાવ સ્વ-શાસન ભોગવતાં સંસ્થાનોમાં ચાલવા નહીં દઈ શકાતો હોય તો પછી તેને એક સમ્રાજ્ઞીની સરકારને આધીન સંસ્થાનમાં તો બિલકુલ જ ચાલવા નહીં દેવો જોઈએ.

આપના ઘણા અરજદારો ઝૂલુલૅન્ડમાં મિલકત ધરાવે છે. ૧૮૮૯ની સાલમાં જ્યારે મેલ્મોથ કસબાનું વેચાણ થયું હતું ત્યારે હિંદી કોમે એ કસબામાં આશરે ૨,૦૦૦ પાઉન્ડ જમીનમાં જ રોકયા હતા. પોતાના ૨,૦૦૦ પાઉન્ડના રોકાણને હિંદી કોમ નફાકારક બનાવી શકે માત્ર એટલા ખાતર પણ આપના અરજદારોનું કહેવું છે કે તેમને ઝૂલુલૅન્ડમાં છૂટથી જમીન ખરીદવાની પરવાનગી આપવી જોઈએ.

નાતાલમાંનું સરકારી મુખપત્ર[2] પણ આ અન્યાયને એટલો તો ગંભીર માનતું હતું કે, જોકે નિયમ તરીકે તે હિંદીઓની આકાંક્ષાઓ પ્રત્યે નફરત રાખતું હતું છતાં એણે ઝૂલુલૅન્ડના ગવર્નરને મોકલેલી અરજી તરફ ઘણી જ ભલમનસાઈ બતાવી. એમાં દર્શાવેલા વિચારો એટલા તો ઉચિત છે કે આપના અરજદારો તેને નીચે ઉતારવાની રજા ચાહે છે:

> ઝૂલુલૅન્ડમાં એનો ખાસ પોતાનો એવો એક હિંદી પ્રશ્ન ખડો થાય એવો સંભવ છે. નવા જ જાહેર થયેલા નોંદવેની કસબામાં આવેલી જમીનનો નિકાલ કરવા માટે ગયા મંગળવારના સરકારી ગૅઝેટમાં જે નિયમો અને નિયમનો પ્રગટ થયાં છે એમાં સંખ્યાબંધ કલમો એવી છે જે ખાસ કરીને યુરોપિયન જન્મ કે વંશના હોય તે સિવાયના લોકોને એ કસબામાં જમીન ખરીદતાં અથવા કોઈ પણ મિલકત કે જમીન માત્ર કબજામાં રાખતાં પણ રોકનારી છે. આવી બાબતોમાં હંમેશ આગળ રહેનારા હિંદીઓએ આવાં નિયમો અને નિયમનો દાખલ કરતાંની સાથે તેના વિરોધમાં ગવર્નરને એક પત્ર લખી દીધો છે. ઝૂલુલૅન્ડ હજી તો એક બ્રિટિશ સરકારનું સંસ્થાન છે અને તેથી તે વિશેષે કરીને શાહી સત્તાની સીધી દેખરેખ નીચે છે એ જોતાં અને જ્યારે બ્રિટિશ સરકારને પક્ષે નાતાલમાં પસાર થયેલા મતાધિકાર કાનૂનસુધાર વિધેયકને કાનૂન બનતું અટકાવવાને દેખીતી રીતે જ

૧. જુઓ પા. ૨૨૬.
૨. આ નિર્દેશ *નાતાલ મર્ક્યુરી* વિષેનો છે; જુઓ પા. ૧૬૮.

Gandhi Heritage Portal

આટલું બધું મજબૂત વલણ છે ત્યારે આવાં નિયમોને અમલમાં કેવી રીતે મૂકી શકાય તે અમે ઠીક રીતે સમજી શકતા નથી. હિંદીઓએ જે વિરોધ-પત્ર રજૂ કર્યો છે તે ઉપરથી અમને માલૂમ પડયું છે કે એમાંના કેટલાક ઝૂલુલૅન્ડમાં જાગીરી મિલકતની માલિકી ધરાવે જ છે; અને બાબત એમ જ હોય તો, બીજું કોઈ પણ કારણ બાજુએ રાખતાં અમને એવું લાગે છે કે અરજદારોની ફરિયાદ વિચારવા લાયક છે. એવું બને કે ઝૂલુ-પ્રદેશમાં હિંદીઓને જમીનના માલિક બની બેસતા અટકાવવાને જમીનના કબજાની બાબતમાં કેટલીક ખાસ જોગવાઈઓ રાખવામાં આવી હોય, આમ છતાં એ હકીકતની ના પાડી શકાય એમ નથી કે એ પ્રદેશ એક બ્રિટિશ સરકારનું સંસ્થાન છે. એ સ્થિતિમાં એ વાત આશ્ચર્યકારક લાગે છે કે નાતાલ-જેવા એક જવાબદાર શાસનવાળા સંસ્થાનમાં જે નિયમો અને નિયમનોની પરવાનગી અપાઈ નથી તેનો એ પ્રદેશમાં અમલ કરી શકાય છે.

દક્ષિણ આફ્રિકાના જદા જુદા ભાગોમાં પ્રગટ થતાં નિયમો અને નિયમનોમાં તથા કાનૂનો અને પેટા-કાનૂનોમાં ચામડીના રંગ અંગેના ભેદભાવો એટલા વારંવાર દાખલ થઈ જાય છે કે હિંદી કોમને માટે એના હકોને અસર કરનારા બધા જ કાનૂનોથી માહિતગાર રહેવાનું અને સમ્રાજ્ઞીની સરકારનું તેના તરફ ધ્યાન ખેંચવાનું અશકય છે. અને ખાસ તો એ એટલા ખાતર અશકય છે કે જ્યારે એ કોમ મોટે ભાગે પોતાના ધંધા માટે માત્ર જરૂરી હોય-એટલું જ જ્ઞાન ધરાવતા વેપારીઓ અને કારીગરોની બનેલી છે અને ઘણી વાર તેમનામાં એવા જ્ઞાનનો પણ અભાવ જોવામાં આવે છે.

અને પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે આપના અરજદારો એવા દાખલાઓમાં પણ સ્થાનિક અધિકારીઓ પાસે ફરિયાદ દૂર કરાવવાની અપેક્ષા રાખી શકતા નથી જેમાં હાલના દાખલાની માફક, જેની ફરિયાદ કરવામાં આવી છે તે અન્યાય બ્રિટિશ બંધારણના મૂળભૂત સિદ્ધાંતો તરફ ધ્યાન નહીં આપવાને પરિણામે પેદા થયેલો છે.

આપના અરજદારોને ભય છે કે જો એક સમ્રાજ્ઞીની સરકાર નીચેનું સંસ્થાન સમ્રાજ્ઞીના પ્રજાજનોના એક ભાગને જમીન-મિલકતના હકો આપવાની ના પાડી શકે છે તો દક્ષિણ આફ્રિકન પ્રજાસત્તાક અને ઑરેન્જ ફ્રી સ્ટેટની સરકારો માટે પણ એ જ પ્રમાણે કરવાનું કે એનાથી પણ આગળ વધવાનું ઘણે અંશે યોગ્ય ગણાશે.

આપના અરજદારો જણાવે છે કે એશોવે માટેનાં નિયમનોમાં રંગ અંગેના ભેદભાવનું અસ્તિત્વ છે એટલે નોંદવેનીમાં પણ એવાં જ નિયમનો કરવાં જોઈએ એ વાત ઉચિત નથી. જો એશોવે માટેનાં નિયમનો બૂરાં હોય તો આપના અરજદારો જણાવે છે કે વધારે સારું તો એ છે કે બંનેને એવી રીતે બદલવાં જોઈએ અથવા સુધારવાં જોઈએ કે જેથી બ્રિટિશ હિંદી પ્રજાજનોના ન્યાયી હકો ઉપર બૂરી અસર થવા નહીં પામે.

આપના અરજદારો આપનું ધ્યાન એવી એક વધારાની હકીકત પ્રત્યે દોરવા માગે છે કે સમ્રાજ્ઞીની હિંદી પ્રજાને અસર કરતા એકધારા વર્ગભેદ કરતા કાનૂનો માત્ર દક્ષિણ આફ્રિકામાંની હિંદી કોમને ભારે ચિંતામાં નાખીને અટકતા નથી પરંતુ આવા કાનૂનોને બદલવા માટે વારંવાર જે અરજીઓ કરવી પડે છે તેનાથી સારા પ્રમાણમાં ખર્ચ પણ થાય છે. હિંદી સમાજ ભારે સમૃદ્ધિવાન તો નથી જ એટલે આ ખર્ચ તેને પોસાતો નથી. એ ઉપરાંત કાયમી અશાંતિ અને ઉશ્કેરાટની આવી હાલત, એકંદરે હિંદી કોમના વેપારધંધામાં ગંભીર પ્રકારની દખલ ઊભી કરે છે એ વાતનું તો પૂછવું જ શું?

Gandhi Heritage Portal

આપના અરજદારોના નમ્ર અભિપ્રાય મુજબ દક્ષિણ આફ્રિકામાંના બ્રિટિશ હિંદીઓની પરિસ્થિતિની અને દરજ્જાની તપાસ કરાવવાનું જરૂરી છે. તેમ જ દક્ષિણ આફ્રિકન અધિકારીઓને ઉદ્દેશીને એક એવો હુકમ કાઢવો જોઈએ કે તેઓ સમ્રાજ્ઞીની હિંદી પ્રજાને બીજી બધી બ્રિટિશ પ્રજા જોડે સમાન વર્તાવની ખાતરી કરાવે. આનાથી ઓછું કશું પણ સમ્રાજ્ઞીની વફાદાર અને કાયદાનું પાલન કરનારી હિંદી પ્રજાના સામાજિક અને નાગરિક સત્ત્વના વિનાશને રોકી શકશે નહીં.

એટલા ખાતર, આપના અરજદારો નમ્રપણે વિનંતી કરે છે કે સમ્રાજ્ઞીની સરકાર એથોવે અને નોંદવેની કસબાઓનાં નિયમનોમાં ફેરફાર કરવાનો કે તેમાં સુધારો કરવાનો હુકમ કાઢે જેથી એના હાલના સ્વરૂપમાં એનાથી સમ્રાજ્ઞીની હિંદી પ્રજા ઉપર જે ગેરલાયકાતો લદાય છે તે દૂર થઈ શકે. અને તેઓ વધારામાં નમ્રપણે સૂચવે છે કે તેમના ઉપર અસર કરનારા વર્ગભેદ ઊભો કરનારા ભાવિ કાનૂનો ઘડવા ઉપર પ્રતિબંધ મૂકતા હુકમો કાઢવામાં આવે.

(સહી) અબદુલ કરીમ હાજી આદમ
અને બીજાઓ

[મૂળ અંગ્રેજી]
હસ્તલિખિત નકલની છબી પરથી.

## ૭૭. હિંદી મતાધિકાર

ડરબન,
એપ્રિલ ૪, ૧૮૯૬

તંત્રીશ્રી,
ધિ नाताल विटनेस

સાહેબ,

"જી. ડબલ્યુ. ડબલ્યુ."એ ગઈ તા. ૧૧મી માર્ચને રોજ આપને એક પત્ર લખ્યો હતો. એમણે મારી હિંદી મતાધિકાર[૧] વિષેની પુસ્તિકાની ટીકા કરીને મારું સન્માન કર્યું છે. એ પત્રના જવાબરૂપે નીચેનું લખાણ આપ પ્રગટ કરશો તો હું આપનો ઘણો આભારી થઈશ.

"જી. ડબલ્યુ. ડબલ્યુ."એ પુસ્તિકાની આલોચના દરમિયાન મારા પ્રત્યે જે વ્યક્તિગત સદ્‌ભાવ બતાવ્યો છે એ બદલ હું એમનો આભાર માનું છું. એની સાથે સાથે જો એમણે મારી 'વિનંતી'ના મૂળ વિષયને એટલી જ સદ્‌ભાવનાથી ચર્ચ્યો હોત તો ઘણું સારું થાત. જો એમણે એ પુસ્તિકા નિષ્પક્ષ ભાવથી વાંચી હોત તો હું માનું છું કે તેમાં પ્રગટ કરેલા વિચારોથી જુદા પડવાને તેમને માટે કોઈ કારણ રહેતે નહીં. મેં આ વિષયને એવા દૃષ્ટિબિંદુથી છણવાનો પ્રયાસ કર્યો છે કે જેથી યુરોપિયન સાંસ્થાનિકોને સંકોચ વિના પોતાનો મૈત્રીનો હાથ લંબાવવાને ઉત્તેજન મળે અને એમ કરવામાં તેમને તેમની હાલની સ્થિતિમાંથી કોણી ખાઈને હઠવાનું પણ નહીં

૧. જુઓ પા. ૧૯૮.

Gandhi Heritage Portal

થાય. હું હજી પણ મારી વાતને વળગી રહું છું કે ભયનું કશું પણ કારણ નથી, અને જો યુરોપિયન સાંસ્થાનિકો માત્ર આંદોલનને મરવા દેશે અને જેસે થે હાલતને ફરી ચાલુ રાખવાને સંમતિ આપશે તો તેઓ જોઈ શકશે કે હિંદીઓના મત તેમના મતને ગૂંગળાવી નહીં દે. એ ઉપરાંત મારું એવું કહેવું છે કે જો આવા સંજોગો ઊભા થવા પામે તો સીધી અથવા પરોક્ષ રીતે રંગ બાબતનો ભેદભાવ દાખલ કરવાની જરૂર વિના એનો પહેલેથી ઉપાય થઈ શકે. કેળવણીની એક સાચી અને બુદ્ધિપુર:સરની કસોટી હિંદી મત યુરોપિયન મતને ગૂંગળાવી દેવાના ભયને (જો કદી એવો ભય હોય તો) કદાચ કાયમને માટે નાબૂદ કરી દેશે, અને બને ત્યાં સુધી એ કસોટી જો એવા કોઈ ખૂબ વાંધાભર્યા યુરોપિયન મતદારો હોય તો તેમને પણ મતદારોની યાદી પરથી દૂર રાખશે.

"જી. ડબલ્યુ. ડબલ્યુ." ખરેખરા મતોની તુલનાત્મક સંખ્યાને આધારે કરેલી દલીલો સામે વાંધો ઉઠાવે છે અને "આવતા વર્ષની મતદાર યાદીમાં શું ભરેલું હશે" એ વાત તરફ ધ્યાન ખેંચે છે, હું એમને એ હકીકત તરફ ધ્યાન આપવા વિનંતી કરું છું કે જોકે હિંદીઓ માટે ગયે વર્ષે અને તે પહેલાંને વર્ષે મતદાર યાદીને ઉભરાવી દેવાની દરેક તક હતી, અને હવે રદ થવાની અણી પર છે એવા મતાધિકાર કાનૂનના પરિણામ વિષેના ભયને કારણે એમ કરવાનું તેમને દરેક પ્રલોભન પણ હતું, તોપણ હિંદી મતદારોની સંખ્યામાં કશો વધારો થયો નથી. આવું પરિણામ આવવાનું કારણ કાં તો એમની અસાધારણ ઉદાસીનતા હોઈ શકે અથવા મતદાતા તરીકેની લાયકાતનો અભાવ હોઈ શકે. પણ એ કાંઈ એવી કોઈ ઉદાસીનતાને કારણે હોવા સંભવ નથી કારણ કે છેલ્લાં બે વર્ષ થયાં આદોલન તો જારી જ હતું.

તોપણ હું સમય અને સ્થળના અભાવને કારણે "જી. ડબલ્યુ. ડબલ્યુ."નો પત્ર વિગતે તપાસવા નથી માગતો અને ફક્ત એમણે માગેલી માહિતી જ આપીશ. અને પછી આવતી બેઠકમાં રજૂ થનારા નવા વિધેયક અંગે એનો ઉપયોગ કરીશ.

તે સમયના ઉપ-ભારતમંત્રી મિ. કર્ઝને હિંદી વિધાનપરિષદ કાનૂન (૧૮૬૧) સુધાર વિધેયક (ઇન્ડિયા કાઉન્સિલ ઍક્ટ ૧૮૬૧—એમેન્ડમેન્ટ બિલ)નું બીજું વાચન રજૂ કરતી વખતે બીજી બાબતો સાથે કહ્યું:

> વિધેયકના ઉદ્દેશની સભાગૃહ આગળ ઝીણવટથી છણાવટ કરવાની હું મારી ફરજ સમજું છું. તે ઉદ્દેશ એ છે કે હિંદી સરકારના પાયાને મજબૂત બનાવવામાં આવે તથા તેનાં કાર્યોને વિસ્તૃત કરવામાં આવે, જેથી હિંદી સમાજમાંનાં બિનસરકારી અને દેશી તત્ત્વોને સરકારી કામોમાં ભાગ લેવાની હાલ છે એના કરતાં વધુ તકો આપવામાં આવે, અને એ રીતે જ્યારથી ૧૮૫૮ની સાલમાં બ્રિટિશ સરકારે હિંદની સરકારનો કારભાર હાથમાં લીધો છે ત્યારથી હિંદી સમાજના ઉપલા વર્ગોમાં, રાજદ્વારી પ્રવૃત્તિ અને રાજદ્વારી કાર્યશક્તિ બંનેમાં જે ગણનાપાત્ર વિકાસ જોવામાં આવ્યો છે તેને સત્તારાહે માન્યતા આપવામાં આવે. ૧૮૬૧ના હિંદી વિધાન પરિષદ કાનૂનમાં સુધારો કરવાને માટે આ વિધેયક રજૂ કરવામાં આવ્યું છે. હિંદમાં ઘણા લાંબા સમયથી એક અથવા બીજા પ્રકારના કાનૂન ઘડવાના અધિકાર અસ્તિત્વમાં છે, પણ એ અધિકારો કાંઈક અસ્પષ્ટ સ્વરૂપના હતા અને તેનું કાયદેસરપણું ઊલટાસૂલટી હતું. ટયુડર અને સ્ટુઅર્ટ રાજાઓએ આપેલા અધિકારપત્રોની તારીખથી શરૂ થઈને જૂની ઈસ્ટ ઇંડિયા કંપનીના રાજ્યકાળ સાથે સાથે તે અસ્તિત્વમાં હતા. પરંતુ આધુનિક વિધાનસભાની પદ્ધતિનો આરંભ તો એ સમયે થયો હતો જ્યારે લૉર્ડ કૅનિંગ

Gandhi Heritage Portal

વાઈસરૉય હતા અને સર સી. વૂડ, જેમને પાછળથી લૉર્ડની પદવી અપાઈ હતી, તેઓ ભારતમંત્રી હતા. સર સી. વૂડે ૧૮૬૧માં એ સાલનો હિંદી વિધાનપરિષદ કાનૂન પાર્લમેન્ટમાં પસાર કરાવ્યો. . . . ૧૮૬૧ના કાનૂને હિંદમાં ત્રણ વિધાનપરિષદોની રચના કરી. વાઈસરૉયની સર્વોચ્ચ વિધાનપરિષદ અને મદ્રાસ અને મંબઈની પ્રાંતીય પરિષદો. વાઈસરૉયની સર્વોચ્ચ વિધાનપરિષદ માત્ર ગવર્નર જનરલ અને તેની કારોબારી કાઉન્સિલની બનેલી હોય છે તથા એમાં ઓછામાં ઓછા છ અને વધારેમાં વધારે બાર વધારાના સભ્યો લેવામાં આવે છે. એ સભ્યો ગવર્નર જનરલે નિયુક્ત કરેલા હોય છે અને એમાંના અડધો-અડધ સભ્યો બિનસરકારી હોય છે જેઓ કાં તો યુરોપિયન અથવા દેશી ગમે તે લોકોમાંથી લેવાય છે. મદ્રાસ અને મુંબઈની વિધાનપરિષદોમાં પણ ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે આઠ વધારાના સભ્યો હોય છે અને તેમની નિયુક્તિ પ્રાંતીય ગવર્નર કરે છે. એમાંના ઓછામાં ઓછા અડધા સભ્યો બિનસરકારી હોવા જોઈએ. એ કાનૂન પસાર થયા બાદ બંગાળ અને સરહદ પ્રાંતમાં પણ વિધાનપરિષદો રચાઈ છે. બંગાળની વિધાનપરિષદમાં લેફ્ટનન્ટ ગવર્નર તથા ૧૨ નિયુક્ત સભ્યો અને સરહદ પ્રાંતની પરિષદમાં લેફ્ટનન્ટ ગવર્નર તથા ૯ નિયુક્ત સભ્યો હોય છે. જેમાંના બંને ઠેકાણે એકતૃતીયાંશ સભ્યો બિન-સરકારી હોવા જ જોઈએ. . . . અનેક પ્રતિભાવાન, શક્તિશાળી અને લોકસેવાની ભાવનાવાળા હિંદી સજ્જનોને આગળ આવીને સરકારના કામકાજમાં તેમની સેવા આપવાને સમજાવવામાં આવ્યા છે અને આ વિધાનપરિષદોની ગુણવત્તાનું ધોરણ બેશક ઊંચું રહ્યું છે.

સુધારક કાનૂન વિધાનપરિષદોને બજેટ ઉપર ચર્ચા કરવાનો અને સવાલો પૂછવાનો અધિકાર આપે છે. (આ હકો અત્યાર સુધી ભોગવાતા નહોતા.) એનાથી પરિષદોના સભ્યોની સંખ્યા વધારવામાં આવી છે. અને એમાં ચૂંટણીની એક પદ્ધતિની (મોઘમ રીતે) જોગવાઈ કરવામાં આવી છે. અલબત્ત આ સુધારક કાનૂન માત્ર છૂટ આપનારો છે, ફરજિયાત નથી.

ઉપરના કાનૂન નીચે બહાર પડેલાં નિયમનો મુજબ મુંબઈની કાઉન્સિલના વધારાના સભ્યો માટેની અઢાર બેઠકોમાંથી આઠ બેઠકો ચૂંટણીથી પૂરવામાં આવે છે. અને મુંબઈનું કૉર્પોરેશન (જે ખુદ એક પ્રતિનિધિત્વવાળી સંસ્થા છે) એવાં બીજાં મ્યુનિસિપલ કૉર્પોરેશનો અથવા તેનું જૂથ અથવા જૂથો, જેમને કાઉન્સિલ સાથે રહીને ગવર્નર વખતોવખત નક્કી કરે, જિલ્લા લોકલ-બોર્ડો અથવા ઉપર મુજબ નક્કી થયેલાં તેનાં જૂથો, દક્ષિણના સરદારો અથવા ઉપર મુજબ નક્કી થયેલો મોટા જમીનમાલિકોનો એવો જ વર્ગ, ઉપર મુજબ નક્કી થયેલા વેપારીઓ, ધંધાદારીઓ અથવા કારખાનેદારોનાં મંડળો, અને મુંબઈ યુનિવર્સિટીની સેનેટ—આટલાંને બહુમતી મતોથી એ સભ્યોને ચૂંટવાનો અધિકાર છે. વિધાનપરિષદો ધરાવતા જુદા જુદા પ્રાંતોની જુદા જુદા પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ મારફતે થતી ચૂંટણી માટે અથવા તેમની ભલામણથી થતી નિયુક્તિ માટે આવી જ જાતના નિયમો પ્રગટ કરવામાં આવ્યા છે.

મતાધિકાર બાબતમાં અથવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બાબતમાં વર્ગનો કે રંગનો કોઈ ભેદભાવ રાખવામાં આવ્યો નથી. સર્વોચ્ચ વિધાનપરિષદમાંના મુંબઈ પરિષદ તરફના (હિંદી) સભ્યે રાજીનામું આપતાં ઉમેદવારો તરીકે હિંદીઓ તથા એક યુરોપિયન ઊભા છે. એનું પરિણામ આવતા અઠવાડિયાની ટપાલમાં આવતાં જાહેર થઈ જશે.

Gandhi Heritage Portal

જે સૌથી નામાંકિત માણસો આવા વિષય ઉપર અધિકારપૂર્વક બોલવાની લાયકાત ધરાવે છે તેઓ આને અને મ્યુનિસિપલ પ્રતિનિધિત્વને કેવી નજરથી જુએ છે તે બતાવતો માત્ર એક જ ઉતારો હું અહીં આપીશ. સોસાયટી ઑફ આર્ટ્સ (કલામંડળ) આગળ ભાષણ કરતાં સર વિલિયમ વિલ્સન હંટરે તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૮૯૩ના રોજ કહ્યું:

> આપણા પ્રમુખ લૉર્ડ રિપને જે હિંદી મ્યુનિસિપાલિટીઓને આટલું યાદગાર પ્રોત્સાહન આપ્યું છે એમના વહીવટ નીચે સન ૧૮૯૧માં દોઢ કરોડ માણસોની વસ્તી હતી. અને જે ૧૦,૫૮૫ સભ્યો તેમના બોર્ડ અથવા કાઉન્સિલ ઉપર બેઠા હતા તેમાંના અડધા કરતાં વધારેને કરદાતાઓએ ચૂંટી કાઢ્યા હતા. ૧૮૯૨ના લૉર્ડ ક્રૉસના કાનૂન નીચે પ્રતિનિધિત્વ-નો સિદ્ધાંત હવે સાવચેતીપૂર્વક સર્વોચ્ચ અને પ્રાંતીય બંને વિધાનપરિષદો સુધી વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે.

૧૮૫૮ના ઢંઢેરાનો થોડો ભાગ આ મુજબ છે:

> અમે અમારી જાતને અમારા હિંદી પ્રદેશના રહેવાસીઓ પ્રત્યે ફરજના તેવા જ બંધનથી બંધાયેલા સમજીએ છીએ જેનાથી અમે અમારી બીજી પ્રજાઓ પ્રત્યે બંધાયેલા છીએ. . . . અને અમારી બીજી ઇચ્છા એ છે કે અમારાં પ્રજાજનો પોતાની કેળવણી, આવડત અને ઈમાનદારીથી અમારી જે નોકરીઓની ફરજ અદા કરવાને લાયક હોય તેમાં શકય હોય ત્યાં એમને જાતિ કે ધર્મના ભેદભાવ વિના છૂટથી અને નિષ્પક્ષ રીતે દાખલ કરવામાં આવે.

આ હકીકતો ધ્યાનમાં રાખીને નવા મતાધિકાર વિધેયકને તપાસીએ તો તેને સમજવાનું ઘણું મુશ્કેલ છે. સાંસ્થાનિકો સામેનો પ્રશ્ન બહુ સાદો છે. શું હિંદી કોમ પાસેથી મતાધિકાર લઈ લેવાનું જરૂરી છે? જો એ હોય તો હું કહીશ કે તેઓ હિંદુસ્તાનમાં પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ભોગવે છે એ હકીકતની સાબિતી એને ઓછું જરૂરી નહીં બનાવશે. જો એ જરૂરી નથી તો પછી દ્વિઅર્થી કાનૂનો વડે હિંદીઓને હેરાન શા માટે કરવા? હિંદીઓ હિંદમાં પ્રતિનિધિત્વ-વાળી સંસ્થાઓનો લાભ ઉઠાવે છે કે નહીં એ પ્રશ્નનો જવાબ જ જો મતાધિકારના પ્રશ્નનો નિર્ણય લાવવાનો હોય તો હું જણાવીશ કે આ વિષય અંગેની માહિતીની સામગ્રી કોઈ પણ હિસાબે એટલી કમી નથી કે સાંસ્થાનિકો એ પ્રશ્નનો હમણાં અને સદાને માટે નિર્ણય નહીં કરી શકે, અને તે પણ એક એવા કાનૂનની જરૂર વિના કે જે કાનૂન હવે પછી આ પ્રશ્નને કાયદાની કોર્ટ ઉપર છોડી દઈને પૈસાનો નાહકનો બગાડ કરાવે એમ છે.

આપનો, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
धि नाताल विटनैस, १७-४-१८९६



Gandhi Heritage Portal

# ૭૮. નાતાલ ઍસેમ્બ્લીને અરજી

ડરબન,
એપ્રિલ ૨૭, ૧૮૯૬

લોકસભાના કામે ભેગી મળેલી નાતાલની માનનીય ધારાસભાના
માનનીય અધ્યક્ષ અને સભ્યો જોગ, પિટરમેરિત્સબર્ગ.

**સંસ્થાનમાં વસતા નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવીએ છીએ કે:

નાતાલમાં વસતી હિંદી કોમના પ્રતિનિધિ તરીકે અને તેના તરફથી આપના અરજદારો આ માનનીય સભાગૃહને એની આગળ વિચારણા માટે રજ થયેલા મતાધિકાર કાનૂન સુધાર વિધેયક બાબતમાં નિવેદન કરે છે.

આપના અરજદારો એવું અનુમાન કરે છે કે આ વિધેયકનો હેતુ પૂરેપૂરો નહીં તો મોટે ભાગે, જેટલે અંશે તે સંસ્થાનમાંના હિંદીઓનો મતાધિકાર લઈ લેવાના હેતુવાળા ૧૮૯૪ના ૨૫મા કાનૂનને નાબૂદ કરે છે અને તેની જગ્યા લે છે તેટલે અંશે હિંદી કોમ ઉપર અસર પાડવાનો છે.

જ્યારે ૧૮૯૪નો ૨૫મો કાનૂન વિચારણા નીચે હતો એ વખતે આ જ વિષય ઉપર હિંદી કોમ તરફથી આ માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરેલી અરજી[1]માં એવો દાવો કરવામાં આવ્યો હતો કે હિંદમાં હિંદીઓ ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ધરાવતા હતા.

આ વિધેયક એવા લોકોને મતાધિકારથી વંચિત કરે છે જેઓ મૂળમાં યુરોપિયન વંશના નથી અને પોતાના વતનના દેશમાં જેમની પાસે ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ નથી.

એટલે આ વિધેયકનો વિરોધ કરવામાં આપના અરજદારોની સ્થિતિ દુ:ખદ રીતે કઢંગી બની ગઈ છે.

છતાં, આ વિધેયક મોઘમ રીતે હિંદી મતાધિકારના પ્રશ્નની છણાવટ કરવાનો હેત ધરાવે છે તે જોતાં આપના અરજદારો એને વિષે પોતાના વિચારો માનપૂર્વક રજૂ કરવાની ફરજ સમજે છે અને વધારામાં એ પણ બતાવવાની ફરજ સમજે છે કે કયા કારણસર તેઓ માને છે કે હિંદમાં હિંદીઓ ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ધરાવે છે.

૧૮૯૨ના માર્ચની ૨૮મી તારીખે બ્રિટિશ લોકસભામાં હિંદી વિધાનપરિષદ કાનૂન (૧૮૬૧) સુધાર વિધેયકને બીજા વાચન માટે રજૂ કરતી વખતે તે વખતના ઉપ-ભારતમંત્રીએ કહ્યું હતું:

> વિધેયકના ઉદ્દેશની સભાગૃહ આગળ ઝીણવટથી છણાવટ કરવાની હું મારી ફરજ સમજું છું. તે ઉદ્દેશ એ છે કે હિંદી સરકારના પાયાને મજબૂત બનાવવામાં આવે તથા તેનાં કાર્યોને વિસ્તૃત કરવામાં આવે, જેથી હિંદી સમાજમાંનાં બિનસરકારી અને દેશી તત્ત્વોને સરકારી કામોમાં ભાગ લેવાની હાલ છે એના કરતાં વધુ તકો આપવામાં આવે, અને એ

૧. જૂન ૨૮ ૧૮૯૪ની અરજી, પા. ૬૯

Gandhi Heritage Portal

રીતે જ્યારથી ૧૮૫૮ની સાલમાં બ્રિટિશ સરકારે હિંદની સરકારનો કારભાર હાથમાં લીધો છે ત્યારથી હિંદી સમાજના ઉપલા વર્ગોમાં, રાજદ્વારી પ્રવૃત્તિ અને રાજદ્વારી કાર્યશક્તિ બંનેમાં જે ગણનાપાત્ર વિકાસ જોવામાં આવ્યો છે તેને સત્તારાહે માન્યતા આપવામાં આવે. ૧૮૬૧ના હિંદી વિધાનપરિષદ કાનૂનમાં સુધારો કરવાને માટે આ વિધેયક રજૂ કરવામાં આવ્યું છે. હિંદમાં ઘણા લાંબા સમયથી એક અથવા બીજા પ્રકારના કાનૂન ઘડવાના અધિકાર અસ્તિત્વમાં છે, પણ એ અધિકારો કાંઈક અસ્પષ્ટ સ્વરૂપના હતા અને તેનું કાયદેસર-પણું ઊલટાસૂલટી હતું. ટ્યુડર અને સ્ટુઅર્ટ રાજાઓએ આપેલા અધિકારપત્રોની તારીખથી શરૂ થઈને જૂની ઈસ્ટ ઇંડિયા કંપનીના રાજ્યકાળ સાથે સાથે તે અસ્તિત્વમાં હતા. પરંતુ આધુનિક વિધાનસભાની પદ્ધતિનો આરંભ તો એ સમયે થયો હતો જ્યારે લૉર્ડ કૅનિંગ વાઈસરૉય હતા અને સર સી. વૂડ, જેમને પાછળથી લૉર્ડની પદવી અપાઈ હતી, તેઓ ભારતમંત્રી હતા. સર સી. વૂડે ૧૮૬૧માં એ સાલનો હિંદી વિધાનપરિષદ કાનૂન પાર્લ-મેન્ટમાં પસાર કરાવ્યો. . . . ૧૮૬૧ના કાનૂને હિંદમાં ત્રણ વિધાનપરિષદોની રચના કરી. વાઈસરૉયની સર્વોચ્ચ વિધાનપરિષદ અને મદ્રાસ અને મુંબઈની પ્રાંતીય પરિષદો. વાઈસ-રૉયની સર્વોચ્ચ વિધાનપરિષદ માત્ર ગવર્નર જનરલ અને તેની કારોબારી કાઉન્સિલની બનેલી હોય છે તથા એમાં ઓછામાં ઓછા છ અને વધારેમાં વધારે બાર વધારાના સભ્યો લેવામાં આવે છે. એ સભ્યો ગવર્નર જનરલે નિયુક્ત કરેલા હોય છે અને એમાંના અડધો-અડધ સભ્યો બિનસરકારી હોય છે તેઓ કાં તો યુરોપિયન અથવા દેશી ગમે તે લોકોમાંથી લેવાય છે. મદ્રાસ અને મુંબઈની વિધાનપરિષદોમાં પણ ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે આઠ વધારાના સભ્યો હોય છે અને તેમની નિયુક્તિ પ્રાંતીય ગવર્નર કરે છે. એમાંના ઓછામાં ઓછા અડધા સભ્યો બિનસરકારી હોવા જોઈએ. એ કાનૂન પસાર થયા બાદ બંગાળ અને સરહદ પ્રાંતમાં પણ વિધાનપરિષદો રચાઈ છે. બંગાળની વિધાનપરિષદમાં લેફ્ટનન્ટ ગવર્નર તથા ૧૨ નિયુક્ત સભ્યો અને સરહદ પ્રાંતની પરિષદ-માં લેફ્ટનન્ટ ગવર્નર તથા ૯ નિયુક્ત સભ્યો હોય છે. જેમાંના બંને ઠેકાણે એકતૃતીયાંશ સભ્યો બિનસરકારી હોવા જ જોઈએ. . . . અનેક પ્રતિભાવાન, શક્તિશાળી અને લોકસેવાની ભાવનાવાળા હિંદી સજ્જનોને આગળ આવીને સરકારના કામકાજમાં તેમની સેવા આપવાને સમજાવવામાં આવ્યા છે અને આ વિધાનપરિષદોની ગુણવત્તાનું ધોરણ બેશક ઊંચું રહ્યું છે.

સુધારક કાનૂન દરેક વિધાનપરિષદમાં નિયુક્ત થયેલા સભ્યોની સંખ્યા વધારવાની સત્તા ઉપરાંત દર વર્ષે નાણાકીય નિવેદન પર ચર્ચા કરવાની તેમ જ "પ્રશ્નો પૂછવાની" સત્તા પણ આપે છે. ए चूंटणीना सिद्धांतने मूर्तिमंत बनावे છે. વિધાનપરિષદોનું સ્વરૂપ પહેલેથી જ પ્રતિનિધિત્વવાળું રહ્યું છે. બીજું વાચન રજૂ કરનાર માનનીય સભ્યે નિયુક્ત કરવામાં આવતા સભ્યો વધારવા બાબતમાં કહ્યું:

આ વધારો કરવાનો હેતુ ઘણી સરળતાથી જણાવાયો છે અને હું માનું છું કે સભાગૃહ એને ઘણી સરળતાથી સમજી લેશે. એની મારફતે માત્ર પસંદગીના વિસ્તારમાં વધારો કરીને જ તમે વિધાનપરિષદોના પ્રતિનિધિત્વના તત્ત્વની શક્તિમાં વધારો કરો છો.

પરંતુ તમારા અરજદારો જણાવે છે કે હવે જ આ વિધાનપરિષદો "મતાધિકાર ઉપર નિર્ભર" એવું પ્રતિનિધિત્વનું સ્વરૂપ ભોગવે છે.

Gandhi Heritage Portal

બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય મિ. શ્વાને વિધેયકમાં એવી મતલબનો જે સુધારો મૂક્યો કે "વિધાનપરિષદોના જે સુધારામાં ચૂંટણીના સિદ્ધાંતનો સમાવેશ ન થતો હોય તે સંતોષકારક થશે નહીં." તેના ઉપર બોલતાં મિ. કર્ઝને કહ્યું:

> હું એમનું ધ્યાન એ વાત તરફ દોરવા માગું છું કે અમારા વિધેયકમાંથી કોઈ આવશ્યક એવાં પસંદગી, ચૂંટણી અથવા નિયુક્તિની પદ્ધતિના તત્ત્વનો છેદ ઊડી જતો નથી. સભાગૃહની રજાથી હું ખંડ ૧ની પેટા કલમના શબ્દો વાંચી સંભળાવીશ. આ શબ્દો નીચે મુજબ છે: "ભારતમંત્રીની સંમતિથી કાઉન્સિલ સાથે રહીને ગવર્નર જનરલ વખતોવખત એવાં નિયમનો ઘડે કે ગવર્નર જનરલ, ગવર્નર અથવા લેફ્ટનન્ટ ગવર્નરે અનુક્રમે કઈ શરતો મુજબ આવી નિયુક્તિઓ — અથવા કોઈ એક નિયુક્તિ કરવાની રહેશે. અને એ વાતનો નિર્દેશ પણ કરે કે આવાં નિયમનો કઈ પદ્ધતિથી અમલમાં લાવવામાં આવશે. . . ."

આ ખંડ વિષે લૉર્ડ કિમ્બર્લીએ[1] પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

> આ ચૂંટણીના સિદ્ધાંત બાબતમાં હું મારો સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યા સિવાય રહી શકતો નથી.

લૉર્ડ કિમ્બર્લીએ આ કાનૂન નીચે વ્યક્ત કરેલા વિચારો સાથે ભારતમંત્રી સંમત છે:

> વાઈસરૉયના અધિકારની એ વાત રહેશે કે તે વિધાનપરિષદોમાં ચૂંટણી-કાનૂનો મુજબ નિયુક્ત થવા માટે, હિંદમાંની જુદી જુદી પ્રાતિનિધિક સંસ્થાઓને તેમના જુદા જુદા વિચારના પ્રતિનિધિઓને ચૂંટવા, પસંદ કરવા કે નિયુક્ત કરવા આમંત્રણ આપે.

માનનીય મિ. ગ્લૅડસ્ટને, વિધેયકનું બીજું વાચન તથા તેનો સુધારો રજૂ કરનાર માનનીય ઉપમંત્રીનાં ભાષણો વિષે સ્પષ્ટતા કર્યા બાદ, આ જ વિષય ઉપર બોલતાં જણાવ્યું:

> મારું ધારવું છે કે હું એટલી વાત પ્રામાણિકપણે કહી શકું કે ઉપમંત્રીનું ભાષણ ચૂંટણીના તત્ત્વને જે અર્થમાં આપણે અપેક્ષા રાખવી જોઈએ માત્ર તે જ અર્થમાં મૂર્તિમંત કરતું મને દેખાય છે. . . . એ વાત સ્પષ્ટ છે કે આ ગૃહ આગળનો મહાન પ્રશ્ન હિંદની સરકારમાં ચૂંટણીનાં તત્ત્વોને દાખલ કરવાનો છે. અને એ એક ભારે અને ઊંડા રસનો પ્રશ્ન છે. હું એવું ઇચ્છું છું કે એનાં શરૂનાં પગલાં સચ્ચાઈભરેલાં હોવાં જોઈએ અને ચૂંટણીના તત્ત્વને તે જેટલો પણ અવકાશ આપે તે વાસ્તવિક હોવો જોઈએ. આમાં સિદ્ધાંતનો કોઈ મતભેદ નથી. હું માનું છું કે માનનીય સજ્જને (મિ. કર્ઝને) ચૂંટણીના તત્ત્વનો જે સ્વીકાર કર્યો છે તે જોકે સાવચેતીપૂર્વકનો છે છતાં ખુલ્લા દિલના સ્વીકારથી ભિન્ન નથી.

ઉપરના કાનૂન મુજબ ઘડેલાં અને પ્રગટ થયેલાં નિયમનો ઉપર નજર ફેરવતાં આપના અરજદારો જણાવે છે કે તે આ પહેલાં જણાવેલા વિચારોનું સંપૂર્ણ રીતે સમર્થન કરે છે. મુંબઈની વિધાનપરિષદનો દાખલો લઈએ તો નિયુક્ત કરેલા અઢાર સભ્યોમાંથી, આઠને પ્રતિનિધિત્વ ધરાવતી જુદી જુદી સંસ્થાઓ વડે ચૂંટવામાં આવ્યા છે અથવા નિયમનોમાં કહેવાયું છે તેમ "ભલામણ ઉપરથી નિયુક્ત કરવામાં આવ્યા છે." આ સંસ્થાઓને વિધાનપરિષદોને ખાતર મતાધિકાર આપવામાં આવ્યો છે. મુંબઈનું કૉર્પોરેશન, (એ ખુદ ચૂંટણીથી રચાયેલી સંસ્થા

૧. વિદેશમંત્રી ૧૮૯૪–૫.

Gandhi Heritage Portal

છે) કાઉન્સિલ સમેત ગવર્નરે નક્કી કરેલાં મુંબઈ પ્રાંતમાં આવેલાં મુંબઈ સિવાયનાં બીજાં મ્યુનિસિપલ કૉર્પોરેશનો; ઉપર મુજબ નક્કી કરેલાં લોકલ બોર્ડો, દક્ષિણના સરદારો અથવા ઉપર મુજબ નક્કી થયેલો બીજો મોટા જમીનદારોનો વર્ગ, ઉપર મુજબ નક્કી થયેલા વેપારીઓ, દુકાનદારો વગેરેનાં મંડળો, અને મુંબઈ યુનિવર્સિટીની સેનેટ બહુમતી મતથી આ આઠ સભ્યોની ભલામણ કરે છે કે ચૂંટી કાઢે છે. અથવા જે મંડળો કાયદાથી નહીં સ્થપાયાં હોય તેમની બાબતમાં એવાં મંડળો આગળ આવતાં કામકાજના પ્રશ્નો વિષે ઠરાવો પસાર કરવા તથા નિર્ણયો કરવા માટેના તેમના નિયમોમાં ઠરાવેલી પદ્ધતિથી ભલામણ કરે છે કે ચૂંટી કાઢે છે.

આ સન્માનનીય ગૃહ જોશે કે દક્ષિણના સરદારોમાં તો પરિષદના સભ્યોની ચૂંટણી માટેના સીધા મતદારો પણ છે.

બીજી કાઉન્સિલો માટેનાં નિયમનો મોટે ભાગે એનાં એ જ છે.

હિંદમાંની વિધાનપરિષદો અને રાજદ્વારી મતાધિકારનું સ્વરૂપ આ પ્રકારનું છે. એટલે આપના અરજદારો માનપૂર્વક એ બતાવવા ઈચ્છે છે કે ફરક સ્વરૂપમાં નથી પણ માત્ર પ્રમાણમાં છે. કારણ એ નથી કે હિંદીઓ પ્રતિનિધિત્વના તત્ત્વને જાણતા નથી કે સમજતા નથી. આ બાબતમાં આપના અરજદારો માટે માનનીય મિ. ગ્લેડસ્ટનના ભાષણમાંથી ફરીથી ઉતારો આપવાનું વધારે ઠીક થઈ પડશે. એમના થોડા વિચારો તો ઉપર ઉતાર્યા પણ છે. એમણે ચૂંટણીના તત્ત્વનું સ્વરૂપ મર્યાદિત રાખવા માટેનાં કારણો નીચે મુજબ સમજાવ્યાં છે:

> સમ્રાજ્ઞીની સરકારે એ વાત સમજી લેવી જોઈએ કે સરકારના આ શક્તિશાળી સાધનને (એટલે ચૂંટણીના તત્ત્વને) અમલમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે એવી ખાતરી અપાયા પછી જો અમે આશા રાખીએ છીએ એવું કશું પરિણામ નહીં આવ્યું તો તે બહુ જ ગંભીર નિરાશાની વાત ગણાશે. હું કાંઈ એના પ્રમાણની વાત કરતો નથી, ખાસ કરીને હું એના સ્વરૂપની વાત કરું છું. હિંદ જેવા એશિયાઈ દેશમાં આપણે જે કાંઈ પાર પાડવા માગતા હોઈએ તેનો અમલ કરવામાં મુસીબતો તો રહેવાની જ. કારણ કે એની પાસે એની પ્રાચીન સંસ્કૃતિ છે, એની ભારે વિલક્ષણ સંસ્થાઓ છે, આટલી ભિન્ન ભિન્ન જાતિઓ, આટલા ધર્મો અને વ્યવસાયો છે, જમીનનો આટલો મોટો વિસ્તાર છે, અને જનસંખ્યાનો એટલો મોટો સમૂહ છે જે ચીનને બાદ કરતાં કદાચ કદી પણ એક સરકાર નીચે રહ્યો નહીં હોય. પણ મુસીબત જેટલી મોટી છે તેટલું જ કામ ઉમદા છે, અને એને સફળતાપૂર્વક પાર પાડવા માટે એમાં ભારેમાં ભારે ડહાપણ અને કાળજીની જરૂર રહેશે. આ બધી બાબતો આપણને હિંદના મહાન ભાવિ તરફ આનંદથી મીટ માંડવાને પ્રેરે છે તથા આપણામાં એવી આશા ઊભી કરે છે કે આ વિશાળ અને લગભગ અપરિમિત દેશમાં ચૂંટણીના તત્ત્વને—મર્યાદિત માત્રામાં ભલે હોય તોપણ—જો સચ્ચાઈપૂર્વક અમલમાં આણવામાં આવે તો સાચી સફળતા હાંસલ થશે.

હિંદ વિષેની બાબતો ઉપર બોલવાને અધિકારી હોય એવી બધી વ્યક્તિઓ હિંદી વિધાનપરિષદમાં રહેલાં પ્રતિનિધિત્વના તત્ત્વ બાબતમાં એકમત જોવામાં આવે છે.

હિંદ વિષેની બાબતોના જે વિદ્વાનો હયાત છે એમાંના સૌથી વધારે અધિકાર ધરાવતા સર વિલિયમ વિલ્સન હંટર, કહે છે:

Gandhi Heritage Portal

લૉર્ડ ક્રૉસના ૧૮૯૨ના કાનૂન પ્રમાણે, હાલમાં વિધાનપરિષદોના ચૂંટણી તત્ત્વનો વિસ્તાર સાવચેતીપૂર્વક કરાઈ રહ્યો છે. એ વિસ્તાર કેન્દ્રીય તેમ જ પ્રાંતીય બંને સરકારોની કાઉન્સિલોમાં થઈ રહ્યો છે.

નાતાલમાં હિંદી મતાધિકાર એ વિષયની ચર્ચા કરતાં ધિ ટાઇમ્સ કહે છે:

નાતાલમાંના હિંદીઓ તેઓ હિંદમાં જે ખાસ હકો ધરાવતા હોય તેના કરતાં વધારે ઊંચા હકોની માગણી નહીં કરી શકે, અને તેમને હિંદમાં કોઈ પણ જાતનો મતાધિકાર મળેલો નથી, એ દલીલનો સાચી હકીકતો સાથે મેળ ખાતો નથી. આજે અંગ્રેજો જે મતાધિકાર ભોગવે છે બરાબર તે જ મતાધિકાર હિંદીઓ હિંદમાં ધરાવે છે.

મ્યુનિસિપલ મતાધિકારની ચર્ચા કર્યા-બાદ લેખમાં આગળ કહેવામાં આવ્યું છે:

જેને ઉચ્ચ મતદારમંડળ કહી શકાય તેને પણ હિંદમાંની શાસન પદ્ધતિને અનુરૂપ ફેરફાર સાથે આવી જ જાતનો સિદ્ધાંત લાગુ પડે છે. સર્વોચ્ચ અને પ્રાંતીય વિધાન-પરિષદોના ચૂંટાયેલા સભ્યોની ચૂંટણી મુખ્યત્વે હિંદીઓની સંસ્થાઓ જ કરે છે. આ વિધાન પરિષદો ૨૨ કરોડ ૧૦ લાખ બ્રિટિશ પ્રજાનો વહીવટ કરે છે. સર્વોચ્ચ અને પ્રાંતીય વિધાનસભાઓમાં સરકારી પ્રતિનિધિઓ ઉપરાંત લગભગ અડધા સભ્યો હિંદીઓ છે. આ સરખામણીને બહુ આગળ લંબાવવાનું ભૂલભરેલું થશે. પણ બ્રિટિશ હિંદી પ્રજાને, તેમની પાસે હિંદમાં મતનો હક નથી એ કારણે બ્રિટિશ સંસ્થાનોમાં મત આપવા વિરુદ્ધની દલીલનો એ જવાબ આપે છે. જેટલે અંશે હિંદમાં મતદાન મારફતે રાજ્યતંત્ર ચલાવાય છે, તેટલે અંશે અંગ્રેજ અને હિંદી સમાન દરજ્જે ઊભેલા છે. અને મ્યુનિસિપાલિટીમાં, પ્રાંતીય અને સર્વોચ્ચ કાઉન્સિલોમાં ત્રણેમાં હિંદી હિતોનું પ્રતિનિધિત્વ એકસરખું બળવાન છે.

હિંદમાં મ્યુનિસિપાલિટીનો મતાધિકાર ઘણો વ્યાપક છે અને લગભગ આખું બ્રિટિશ હિંદ મ્યુનિસિપલ કૉર્પોરેશનો અને લોકલ બોર્ડોથી પથરાયેલું છે.

નાતાલમાં જે હિંદીઓનો વર્ગ મતદારોની યાદી ઉપર પહેલેથી ચડી ગયો છે તેને વિષે ઉપર ઉલ્લેખેલા ધિ ટાઇમ્સના લેખમાં કહ્યું છે:

બરાબર આ જ વર્ગના લોકો હિંદમાં મ્યુનિસિપાલિટીનાં અને બીજાં મતદારમંડળો-માં ખૂબ જ મહત્ત્વભર્યો ભાગ ભજવે છે. હિંદમાંની ૭૫૦ મ્યુનિસિપાલિટીઓમાં એકે-એક જગ્યાએ અંગ્રેજ અને હિંદી મતદારોને એકસરખા અધિકાર છે. ૧૮૯૧માં ૯૭૯૦ મ્યુનિસિપલ સભ્યો હિંદીઓ હતા જ્યારે ૮૩૯ માત્ર યુરોપિયનો હતા. હિંદી મ્યુનિસિપલ બોર્ડો ઉપર ૮ હિંદી મતો સામે માત્ર એક યુરોપિયન મત હતો, જ્યારે નાતાલ મતદાર-મંડળમાં એક બ્રિટિશ હિંદી મત સામે ૩૭ યુરોપિયન મતો હતા. એ વાતનું સ્મરણ રહેવું જોઈએ કે હિંદની મ્યુનિસિપાલિટીઓ દોઢ કરોડની વસ્તીનો અને ૫ કરોડ રૂપિયાનો વહીવટ કરે છે.

પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનું સ્વરૂપ અને તેની જવાબદારીઓથી હિંદીઓ કેટલા પરિચિત છે એ બાબતમાં એ જ લેખમાં કહ્યું છે:

ઘણુંખરું દુનિયામાં એવો એકે દેશ નથી જ્યાં પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનાં મૂળ લોકોના જીવનમાં આટલાં ઊંડાં ગયાં હોય. હિંદમાંની દરેક જાતિ, દરેક ધંધો અને દરેક ગામને જમાનાઓથી એની પાંચ જણની પંચાયત મળેલી હતી જે પોતાના નાના

Gandhi Heritage Portal

સરખા સમૂહ માટે કાનૂન ઘડતી અને તેનો વહીવટ ચલાવતી. ગયે વર્ષે પેરિશ કાઉન્સિલ ઍક્ટ (પરાં કાઉન્સિલ કાનૂન) અમલમાં આવ્યો ત્યાં સુધી ખુદ ઇંગ્લન્ડમાં પણ આવી ગ્રામસ્વરાજની કોઈ પદ્ધતિ અસ્તિત્વમાં નહોતી.

એ જ વિષય ઉપર બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય મિ. શ્વાન કહે છે:

એવું નહીં ધારી લેતા કે હિંદ માટે ચૂંટણીનો પ્રશ્ન નવો પ્રશ્ન છે. . . . ચૂંટણીના પ્રશ્ન કરતાં જેને વિશેષરૂપે હિંદી પ્રશ્ન કહી શકાય એવો બીજો એકે પ્રશ્ન નથી. મોટા ભાગની આપણી સંસ્કૃતિ હિંદમાંથી આવેલી છે. અને એ વાતમાં સહેજ પણ શક નથી કે ખુદ આપણે પોતે ચૂંટણીના સિદ્ધાંતના પૂર્વમાં થયેલા વિકાસનો અમલ કરી રહ્યા છીએ.

આવા સંજોગોમાં જેના ઉપર આ વિધેયકના હેતુની અસર થવાની છે તે હિંદી કોમ એને સમજવામાં ભારે મુશ્કેલી અનુભવે છે.

તમારા અરજદારો જણાવે છે કે આ વિધેયકના અર્થમાં રહેતી અસ્પષ્ટતા અને અનિશ્ચિતપણું ઘણાં જ નાપસંદ કરવા જેવાં છે અને તે યુરોપિયન કે હિંદી કોમ એકેને ન્યાય કરનારાં નથી. એ બંનેને ત્રિશંકુની સ્થિતિમાં મૂકી દે છે અને એ વાત હિંદીઓ માટે દુ:ખદ છે.

તમારા અરજદારો માનનીય વિધાનગૃહનું ધ્યાન સન્માનપૂર્વક એ હકીકત તરફ દોરે છે કે હાલની મતદાર યાદી મુજબ, એક હિંદી સામે યુરોપિયનનું પ્રમાણ ૩૮નું છે, અને હિંદી મતદારો એ કોમના ઘણા જ માનપાત્ર વર્ગમાંથી આવેલા છે, અને તેઓ સંસ્થાનમાં મોટા હિતસંબંધ ધરાવે છે અને લાંબા સમયથી સ્થિર થઈને રહેલા છે.

પરંતુ એવું કહેવામાં આવે છે કે હાલની મતદારોની યાદી ઉપરથી એ વાતનો ખ્યાલ આવી શકે એમ નથી કે ભવિષ્યમાં હિંદી મતો કેવડું મોટું સ્વરૂપ પકડશે. પણ હિંદી કોમને મતાધિકાર વિનાની કરવાની ધમકી અપાયાના બે વર્ષના ગાળા દરમિયાન, વધારે હિંદીઓએ પોતાનાં નામો મતદારોની યાદી ઉપર ચડાવ્યાં નથી. આપના અરજદારોના નમ્ર મત પ્રમાણે આ વાત, ઉપરની દલીલનો પૂરેપૂરો રદિયો આપી દે છે. સાચી વાત તો એ છે અને તમારા અરજદારો વ્યક્તિગત અનુભવ ઉપરથી કહેવાની હિંમત કરે છે કે મૂળમાં જ નીચી છે એવી કાયદેસરની મિલકતની લાયકાત ધરાવનારા હિંદીઓની સંખ્યા સંસ્થાનમાં બહુ ઓછી છે.

તમારા અરજદારો આદર સાથે જણાવે છે કે વિચારણા નીચેના વિધેયક સામે અનેક વાંધાઓ કાઢી શકાય એમ છે. એમના નમ્ર અભિપ્રાય મુજબ એ બહુ જ પક્ષપાતભરી રીતે રંગનો ભેદભાવ દાખલ કરે છે. કારણ કે એક બાજુથી બીજા દેશોના જે વતનીઓ પોતાના દેશમાં ચૂંટણીને લગતી પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ધરાવતા નથી તેઓ મતદારો બની નહીં શકે, જ્યારે યુરોપનાં રાજ્યોના વતનીઓ, જેઓ પોતાના દેશમાં આવી સંસ્થાઓ ધરાવતા નથી તેઓ સંસ્થાનના સામાન્ય મતાધિકાર કાનૂન નીચે મતદારો બની શકે.

એનાથી શંકાસ્પદ આબરૂવાળી બિનયુરોપિયન સ્ત્રીઓના છોકરાઓ, જો તેમનો બાપ યુરોપિયન હોય તો મતદારો તરીકે હકદાર બની શકે, જ્યારે એ ઉચ્ચ કુટુંબની યુરોપિયન સ્ત્રીના છોકરાને, જો તે સ્ત્રી બિનયુરોપિયન જાતિના ઉચ્ચ કુળના માણસને પરણવાનું પસંદ કરે તો સંસ્થાનના સામાન્ય મતાધિકાર કાનૂન નીચે મતદાર થતો રોકે છે.

માની લઈએ કે હિંદીઓ આ વિધેયકના અમલની મર્યાદામાં આવી જાય છે, તો તેઓ જે પદ્ધતિ નીચે મતદારોની યાદી ઉપર નોંધાશે તે પદ્ધતિ હિંદી કોમને માટે હમેશને માટે

Gandhi Heritage Portal

સંતાપનું કારણ બનશે. અને એવું બને કે એનાથી લાગવગશાહી જન્મે અને હિંદી કોમના લોકોમાં ગંભીર ઝઘડા પેદા થાય.

એ ઉપરાંત, આ વિધેયક હિંદી કોમને, તેઓ પોતાના હકો સ્થાપિત કરી શકે એટલા ખાતર છેડા વિનાની કોરટબાજીમાં સંડોવે એવી ગણતરી છે. તમારા અરજદારોના માનવા મુજબ આ હકો સંસ્થાનની કાયદાની અદાલતોનો આશરો લીધા સિવાય નિશ્ચિત કરી શકાય એવા છે.

આ બધાંથી વિશેષ તો એ વિધેયક, જેઓ હિંદીઓને મતાધિકાર વિનાના કરવા માગે છે એવા યુરોપિયનોના હાથમાંથી આંદોલનને લઈ લઈને હિંદી કોમના હાથોમાં મૂકી દેશે. અને આપના અરજદારોને ભય છે કે આ આંદોલન કાયમને માટે ચલાવ્યે રાખવું પડશે.

અમે ખૂબ જ નમ્રપણે જણાવીએ છીએ કે આ જાતની સ્થિતિ, આ સંસ્થાનમાં વસતી બધી જ કોમોનું હિત જોતાં ઘણી જ અનિચ્છનીય છે.

એક વર્ષથી વધારે સમયની કાળજીભરી તપાસ બાદ આપના અરજદારો એવા નિર્ણય ઉપર આવ્યા છે કે હિંદી મત યુરોપિયન મતને ગૂંગળાવી નાખશે એ બાબતનો ભય તદ્દન કાલ્પનિક છે, અને તેથી અમે ઉત્કટપણે વિનંતી કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે આ માનનીય સભાગૃહ હિંદીઓના મતાધિકાર ઉપર ખાસ કરીને મર્યાદા મૂકનારા અથવા સીધી રીતે કે આડકતરી રીતે તેમાં રંગનો ભેદભાવ દાખલ કરનારા કોઈ પણ વિધેયકને મંજૂરી આપતા પહેલાં સાચી પરિસ્થિતિની તપાસ કરાવી લેશે જેથી એ વાત ખુલ્લી થશે કે આ સંસ્થાનમાં મિલકતના ધોરણે મતાધિકાર મેળવી શકે એવા હિંદીઓની સંખ્યા કેટલી છે.

અને આ ન્યાય અને દયાના કાર્ય બદલ આપના અરજદારો ફરજ સમજીને હમેશને માટે બંદગી કરતા રહેશે વગેરે વગેરે.

(સહી) અબદુલ કરીમ હાજી આદમ
અને બીજાઓ

[મૂળ અંગ્રેજી]
છાપેલી નકલની છબી પરથી.

## ૭૯. દાદાભાઈ નવરોજીને તાર

[દાદાભાઈ નવરોજી, સર વિલિયમ હંટર અને મિ. ચેમ્બરલેનને પણ મોકલેલા તારનું મૂળ લખાણ.]

ડરબન,
મે ૭, ૧૮૯૬

હિંદી કોમ આપને દિલપૂર્વક વિનંતી કરે છે કે આપે નાતાલ મતાધિકાર વિધેયક અથવા ગઈ રાત્રે મંત્રીમંડળે તેમાં સૂચવેલો ફેરફાર સ્વીકારી લેવો નહીં. વિનંતીપત્ર[1] તૈયાર કરી રહ્યો છું.

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ નં. ૧૭૯, ગ્રંથ ૧૯૬.

૧. જુઓ પા. ૨૫૧.

Gandhi Heritage Portal

## ૮૦. નાતાલ ઇંન્ડિયન કૉંગ્રેસ

ડરબન,
મે ૧૪, ૧૮૯૬

માનનીય વડા પ્રધાન,
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

એવી માહિતી મળી છે કે મતાધિકાર વિધેયકના બીજા વાચન વખતે આપે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ સંબંધમાં નીચે મુજબ કહ્યું હતું:

> સભ્યોને કદાચ એ વાતની ખબર નહીં હોય કે આ દેશમાં એવી એક સંસ્થા અસ્તિત્વમાં છે જે એની રીતે ઘણી શક્તિશાળી છે, ઘણી સંગઠિત છે. પરંતુ એ લગભગ ગુપ્ત સંસ્થા છે. તે સંસ્થા મને કહેવા દો ઇન્ડિયન કૉંગ્રેસ છે.

શું હું એટલું પૂછવાની હિંમત કરી શકું ખરો કે આપના ભાષણના ઉપર આપેલા ભાગનો હેવાલ બરાબર છે કે નહીં? અને જો એ બરાબર હોય તો શું કૉંગ્રેસ એ "લગભગ ગુપ્ત સંસ્થા છે" એ માન્યતા માટે કોઈ કારણો છે ખરાં? હું આપનું ધ્યાન એ હકીકત તરફ ખેંચવાની રજા માગું છું કે જ્યારે આવી સંસ્થા સ્થાપવાનો ઇરાદો રખાયો હતો ત્યારે તે વિષે અખબારોમાં જાહેરાત કરવામાં આવી હતી, અને જ્યારે હકીકતે એ સ્થપાઈ ત્યારે એની સ્થાપનાની વિટનેસ અખબારે નોંધ લીધી હતી. એનો વાર્ષિક હેવાલ અને સભ્યોની યાદી તથા નિયમો અખબારોને આપવામાં આવ્યાં છે અને તેના ઉપર તેમણે નોંધ પણ લખી છે. અને કૉંગ્રેસના માનદ મંત્રી તરીકે મેં આ અખબારો સરકારને પહોંચાડ્યાં છે.

હું છું, આપનો
આજ્ઞાંકિત સેવક
(સહી) મો. ક. ગાંધી
માનદ મંત્રી, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

[મૂળ અંગ્રેજી]
સાબરમતી સંગ્રહાલયમાંની નકલ પરથી.

Gandhi Heritage Portal

## ૮૧. નાતાલ ઇંન્ડિયન કૉંગ્રેસ

ડરબન,
મે ૧૮, ૧૮૯૬

મિ. સી. બર્ડ
મુખ્ય ઉપ-મંત્રી
સંસ્થાન કાર્યાલય
પિટરમેરિત્સબર્ગ

સાહેબ,

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ વિષે માનનીય પ્રધાનમંત્રીને લખેલા પત્રના જવાબમાં આપનો તા. ૧૬મીનો પત્ર ૨૮૩૭/૯૬ મને મળ્યો છે.

આ બાબતમાં હું એ જણાવવા ઇચ્છું છું કે કૉંગ્રેસની સભાઓ હમેશાં ઉઘાડે બારણે ભરવામાં આવે છે અને તેમાં છાપાંના માણસો તથા સામાન્ય જનતા આવી શકે છે. અમુક યુરોપિયન સજ્જનોને, જેમને વિષે કૉંગ્રેસસભ્યોને એવો ખ્યાલ છે કે તેમને સભાઓમાં રસ પડવા લાગ્યો છે, ખાસ આમંત્રણ આપીને બોલાવ્યા હતા. એમાંના એક સજ્જને આમંત્રણ સ્વીકાર્યું પણ હતું અને તેમણે કૉંગ્રેસની સભામાં હાજરી આપી હતી. એક કે બે વખત આમંત્રણ વિનાના યુરોપિયન પ્રેક્ષકોએ પણ કૉંગ્રેસની સભાઓમાં હાજરી આપી છે.

કૉંગ્રેસના એક નિયમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે યુરોપિયનોને ઉપ-પ્રમુખો બનવા માટે આમંત્રણ આપવામાં આવે. એ' મુજબ બે ગૃહસ્થોને તેઓ આ માન સ્વીકારશે કે નહીં તે વિષે પૂછવામાં આવ્યું હતું, પણ તેમની એવી ઇચ્છા જણાઈ નહીં. કૉંગ્રેસની કાર્ય-વાહીની મિનિટબુક નિયમિતપણે લખવામાં આવે છે.

આપનો આજ્ઞાંકિત સેવક
(સહી) મો. ક. ગાંધી
માનદ મંત્રી, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

[મૂળ અંગ્રેજી]
સાબરમતી સંગ્રહાલયમાંની નકલ પરથી.

Gandhi Heritage Portal

## ૮૨. મિ. ચેમ્બરલેનને અરજી

ડરબન,
મે ૨૨, ૧૮૯૬

પરમ માનનીય જોસફ ચેમ્બરલેઈન,
સમ્રાજ્ઞીના મુખ્ય સંસ્થાન મંત્રી,
લંડન જોગ

નાતાલ સંસ્થાનમાં વસતા નીચે સહી કરનારા
હિંદી બ્રિટિશ પ્રજાજનોની અરજી

નમ્રપણે જણાવવાનું જે:

અમો આપના અરજદારો મતાધિકાર કાનૂન સંશોધન વિધેયક સંબંધમાં આપ મહાનુભાવની વિચારણા માટે નીચેનું નિવેદન રજૂ કરીએ છીએ. આ વિધેયક નાતાલ સરકાર તરફથી, નાતાલ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું છે. ૧૩મી મે, ૧૮૯૬ના રોજ કેટલાક સુધારા સાથે એ ત્રીજા વાચનમાંથી પસાર થઈ ગયું છે.

૩જી માર્ચ, ૧૮૯૬ના નાતાલ સરકારના ગૅઝેટમાં પ્રગટ થયા મુજબનો એનો મૂળ પાઠ નીચે મુજબ છે:

મતાધિકાર અંગેના કાનૂનને સુધારવા માટે:

કારણ કે મતાધિકાર સંબંધી કાનૂન સુધારવાનું જરૂરી છે,

એટલા માટે નાતાલની વિધાનપરિષદ અને વિધાનસભાની સલાહ અને સંમતિથી અને તે દ્વારા મહામહિમાવાન સમ્રાજ્ઞી નીચે મુજબનો કાનૂન બનાવે છે:

૧. ૧૮૯૪નો કાનૂન નં. ૨૫ રદ કરી દેવામાં આવશે, અને તે આથી રદ કરવામાં આવે છે.

૨. જે લોકો આ કાનૂનના વિભાગ ૩ના અમલ નીચે છે તેમને બાદ કરતાં કોઈ બીજી વ્યક્તિઓને, જે (યુરોપિયન વંશની ન હોઈને) સ્થાનિક રહેવાસી છે અથવા સ્થાનિક રહેવાસીના પુરુષ શાખાની વંશજ છે, જે એવા દેશોની છે જેમાં આજ પહેલાં ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ અસ્તિત્વમાં નથી, ત્યાં સુધી કોઈ ચૂંટનારાઓની યાદી અથવા મતદારોની યાદીમાં નામ નોંધાવવાનો, અથવા ૧૮૯૩ના બંધારણ કાનૂનની કલમ ૨૨ના, અથવા વિધાનસભાના સભાસદોની ચૂંટણી સંબંધી કોઈ બીજા કાનૂનના અર્થમાં રહીને ચૂંટનારા તરીકે મત આપવાનો હક રહેશે નહીં જ્યાં સુધી તેઓ કાઉન્સિલ સમેત ગવર્નર પાસેથી આ કાનૂનના અમલમાંથી તેમને અપવાદરૂપ ગણવાનો હુકમ પ્રથમ મેળવી નહીં લે.

૩. આ કાનૂનના વિભાગ ૨ની જોગવાઈઓ એ વિભાગમાં દર્શાવેલી એવી વ્યક્તિઓને લાગુ નહીં પડશે જેમનાં નામો આ કાનૂન અમલમાં આવવાની તારીખે જારી હોય એવી કોઈ પણ મતદાર યાદી ઉપર વાજબી રીતે ચડેલાં હોય અને જે વ્યક્તિઓ બીજી રીતે ચૂંટનારા તરીકેની યોગ્યતા અને હક ધરાવતી હોય.

Gandhi Heritage Portal

ઉપરના વિધેયકના વિભાગ ૧ વડે રદ થયેલો કાનૂન નીચે મુજબ છે:

કારણ કે મતાધિકાર સંબંધી કાનૂનમાં સુધારો કરવાનું અને ધારામંડળને લગતી સંસ્થાઓ નીચે મતાધિકારનો ઉપયોગ કરવાથી નહીં ટેવાયેલી એશિયાઈ જાતિઓને એમાંથી બાદ રાખવાનું જરૂરી છે,

એટલા માટે નાતાલની વિધાન પરિષદ અને વિધાનસભાની સલાહ અને સંમતિથી અને તે દ્વારા મહામહિમાવાન સમ્રાજ્ઞી નીચે મુજબનો કાનૂન બનાવે છે:

૧. આ કાનૂનના વિભાગ ૨ માં અપવાદ કરવામાં આવ્યો છે તેમને બાદ કરતાં એશિયાઈ જાતિઓના લોકોને કોઈ પણ ચૂંટનારાની યાદી કે મતદારોની યાદી ઉપર પોતાનાં નામો નોંધાવવાનો, અથવા ૧૮૯૩ ના બંધારણ કાનૂનની કલમ ૨૨ના અથવા વિધાન-સભાના સભાસદોની ચૂંટણી સંબંધી કોઈ પણ કાનૂનના અર્થની અંદર રહીને ચૂંટનારાઓ તરીકે મત આપવાનો અધિકાર રહેશે નહીં.

૨. આ કાનૂનના વિભાગ ૧ની જોગવાઈઓ એ વિભાગમાં દર્શાવેલી એવી વ્યક્તિ-ઓને લાગુ નહીં પડશે જેમનાં નામો આ કાનૂન અમલમાં આવવાની તારીખે જારી હોય એવી કોઈ પણ મતદાર યાદી ઉપર વાજબી રીતે ચડેલાં હોય અને જે વ્યક્તિઓ બીજી રીતે ચૂંટનારા તરીકેની યોગ્યતા અને હક ધરાવતી હોય.

૩. આ કાનૂન ત્યાં સુધી અમલમાં આવશે નહીં જ્યાં સુધી ગવર્નર નાતાલ સર-કારના ગૅઝેટમાં એવી ઘોષણા નહીં કરે કે સમ્રાજ્ઞીએ કૃપા કરીને આ કાનૂનને નામંજૂર કર્યો નથી, અને એ પછી એ કાનૂન, ગવર્નર એ જ ઘોષણા અથવા બીજી ઘોષણા વડે જાહેર કરશે તે દિવસે અમલમાં આવશે.

વિચારણા નીચેના વિધેયક સંબંધમાં હિંદી કોમના વિચારો રજૂ કરતી એક અરજી[1] ૨૮મી એપ્રિલ, ૧૮૯૬ના રોજ વિધાનસભાને મોકલવામાં આવી હતી. क ચિહ્નવાળી એની એક નકલ આ સાથે સામેલ કરી છે.

૧૮૯૬ના મેની ૬ઠ્ઠી તારીખે વિધેયક બીજા વાચનમાંથી પસાર થયું. એ વખતે મુખ્ય મંત્રી માનનીય સર જૉન રૉબિન્સને પોતાના ભાષણ દરમિયાન કહ્યું હતું કે મંત્રીઓએ આપની પાસે એ જાણવાની કોશિશ કરી હતી કે આપ ઉપરના વિધેયકમાં 'ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ' શબ્દો પહેલાં 'મતાધિકાર પર રચાયેલી' શબ્દો મૂકવાને સંમત થશો ખરા, અને આપ એમાં સંમત હતા.

એ ઉપરથી ૧૮૯૬ના મેની ૭મી તારીખે આપના અરજદારોએ આપ મહોદયને નીચેની મતલબનો તાર મોકલ્યો:

હિંદી કોમ આપને દિલપૂર્વક વિનંતી કરે છે કે નાતાલ મતાધિકાર વિધેયકને અથવા ગઈ રાત્રે રજૂ કરેલા તેના ઉપરના મંત્રીઓના સુધારાને મંજૂરી આપવામાં નહીં આવે. અરજી તૈયાર કરી રહ્યા છીએ.

પરંતુ ૧૧ મે, ૧૮૯૬ના રોજ માનનીય સર જૉન રૉબિન્સને કમિટીમાં જાહેરાત કરી કે આપ મહોદય 'મતાધિકાર' શબ્દ આગળ એક વધુ શબ્દ એટલે 'સંસદીય' (પાર્લમેન્ટરી) શબ્દ વધારામાં ઉમેરવાને સંમત થયા છો.

૧. ૨૭, એપ્રિલ ૧૮૯૬ની અરજી, જુઓ પા. ૨૪૨.

Gandhi Heritage Portal

એટલે હવે પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ વિષેની વિધેયકની વાત આ પ્રમાણે વંચાશે: "સંસદીય મતાધિકાર પર રચાયેલી ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ".

આપના અરજદારો નમ્રપણે એવું ધારે છે કે હિંદી કોમને અને ખરેખર બધી જ કોમોને સંબંધ છે ત્યાં સુધી હાલનું વિધેયક જે કાનૂનને એ રદ કરે છે તેના કરતાં વધારે ખરાબ છે.

એટલે આપના અરજદારોને એ વાતનું દ:ખ છે કે આપે વિધેયકને મંજૂર રાખવાનું પસંદ કર્યું છે. પરંતુ એઓ એવી શ્રદ્ધા રાખે છે કે આપની સમક્ષ અહીં નીચે રજૂ કરેલી હકીકતો અને દલીલો એવી છે કે એનાથી આપને આપના વિચારો ફરીથી તપાસી જોવાને ઉત્તેજન મળશે.

તમારા અરજદારો આખો વખત ભારપૂર્વક કહેતા આવ્યા છે કે હિંદીઓ હિંદમાં ચૂંટણીમુલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનો લાભ ઉઠાવતા આવ્યા છે. પણ મતાધિકારના પ્રશ્ન બાબતમાં પ્રગટ થયેલાં લખાણો એવું બતાવતાં લાગે છે કે હિંદીઓ આવી સંસ્થાઓ ધરાવે છે એવું આપ માનતા નથી. આપ મહોદયના વિચારો પ્રત્યે ખૂબ જ આદર સાથે આપના અરજદારો આપનું ધ્યાન, વિરુદ્ધ અભિપ્રાયનું સમર્થન કરતાં બિડાણ 'ક'માં ટાંકેલા ઉતારા તરફ ખેંચવાની રજા ચાહે છે. હિંદમાં ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ બાબતના આપ મહાશયના વિચારો અને હાલના વિધેયકને આપે આપેલી મંજૂરી નાતાલમાંની હિંદી કોમને ઘણી જ દુ:ખદ અને કઢંગી સ્થિતિમાં મૂકી દે છે.

આપના અરજદારો જણાવે છે કે:

૧. નાતાલમાં હિંદીઓના મતાધિકાર ઉપર નિયંત્રણ મૂકતો કોઈ પણ કાનૂન જરૂરી નથી.

૨. આ મુદ્દા અંગે જો કોઈ પણ જાતની શંકા હોય તો આવી જરૂરિયાત છે કે નહીં તે વિષે પ્રથમ એક તપાસ હાથ ધરાવી જોઈએ.

૩. એવું માની લેવામાં આવે કે જરૂરિયાત છે તો હાલનું વિધેયક આ મુશ્કેલીનો સરળપણે અને ખુલ્લી રીતે સામનો કરતું હોય એવું દેખાતું નથી.

૪. જો સમ્રાજ્ઞીની સરકારને આ વિધેયકની જરૂરિયાત વિષે પૂરેપૂરી ખાતરી થઈ હોય અને તેમને એ પણ ખાતરી થઈ હોય કે જાતિ કે વર્ગનું ધોરણ સ્વીકાર્યા સિવાય આ મુશ્કેલીનો ઉકેલ કાઢે એવા કોઈ વિધેયકની કલ્પના પણ થઈ શકતી નથી, તો એ વધારે સારું છે કે કોઈ પણ મતાધિકાર અંગેના વિધેયકમાં હિંદીઓનો ખાસ નામ દઈને ઉલ્લેખ થવો જોઈએ.

૫. હાલના વિધેયકમાં મોઘમપણું અને અસ્પષ્ટતા રહેલાં હોઈ તેનાથી છેડા વિનાની કોરટબાજી ઊભી થશે.

૬. એ હિંદી કોમને, તેના ગજા બહારના ખર્ચમાં ઉતારી દેશે.

૭. માની લેવામાં આવે કે વિધેયક હિંદી સમાજ ઉપર અસર પહોંચાડે છે તો પછી એ સમાજની કોઈ પણ વ્યક્તિ માટે એના અમલમાંથી આપવાદરૂપે છૂટા રહેવા માટે વિધેયકમાં જે પદ્ધતિની જોગવાઈ કરવામાં આવી છે તે, આપના અરજદારો આદરપૂર્વક જણાવે છે કે મનસ્વી અને અન્યાયભરી છે અને એનાથી હિંદી સમાજના સભ્યોમાં અંદર અંદર ઝઘડા પેદા થાય એવો સંભવ છે.

૮. રદ કરવામાં આવેલા કાનૂનની માફક આ વિધેયક યુરોપિયનો અને બીજાઓ વચ્ચે પક્ષપાતભર્યો ભેદભાવ ઊભો કરે છે.

Gandhi Heritage Portal

તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે નાતાલની મતદારયાદીની હાલની સ્થિતિ, હિંદી મતાધિકાર ઉપર નિયંત્રણ મૂકવા માટે કોઈ પણ કાનૂન બનાવવાનું તદ્દન બિનજરૂરી બનાવી દે છે. એવું દેખાય છે કે સમ્રાજ્ઞીના પ્રજાજનોના બહુ મોટા વિભાગ ઉપર અસર પાડનારો કાનૂન પસાર કરવામાં નાહકની ઉતાવળ થઈ રહી છે. એ વાત સ્વીકારવામાં આવી છે કે ૯૩૦૯ યુરોપિયન મતદારો સામે હિંદી મતદારો માત્ર ૨૫૧ જ છે; તેમાંના ૨૦૧ વેપારીઓ અથવા કારકુનો, મદદનીશો, શાળાશિક્ષકો વગેરે છે અને ૫૦ માળીઓ તથા બીજાઓ છે; અને આ મતદારોમાંના મોટા ભાગના લાંબા સમયથી સંસ્થાનમાં વસેલા છે. તમારા અરજદારો જણાવે છે કે આ આંકડાઓથી કોઈ પણ નિયંત્રણમૂલક કાનૂનની જરૂર સાબિત નથી થતી. વિચારણા નીચેના વિધેયકનો હેતુ દૂરના, સંભવિત અને શકય ભયનો ઉપાય કરવાનો છે. જેનું અસ્તિત્વ જ નથી એવા ભયને ખરેખરો માની લેવામાં આવ્યો છે. માનનીય સર જૉન રૉબિન્સને વિધેયકનું બીજું વાચન રજૂ કરતી વખતે યુરોપિયન મતને હિંદી મત ગૂંગળાવી દેશે એવા ભયનાં ત્રણ કારણો ગણાવ્યાં છે: તે છે

૧. હાલના વિધેયક વડે રદ કરાયેલા મતાધિકાર કાનૂન બાબતમાં સમ્રાજ્ઞીની સરકારને મોકલાયેલી અરજી ઉપર લગભગ ૯૦૦૦ હિંદીઓએ સહીઓ કરી હતી એ હકીકત.

૨. સંસ્થાનમાં નજીક આવતી સામાન્ય ચૂંટણી.

૩. નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસનું અસ્તિત્વ.

પ્રથમ કારણ બાબતમાં એ વિષય ઉપરના પત્રવ્યવહારમાં પણ નાતાલ સરકારે એવી દલીલ કરી છે કે આ ૯૦૦૦ સહી કરનારાઓ મતદારોની યાદી ઉપર પોતાનાં નામો ચડાવવા માગતા હતા. એ અરજીનો પહેલો ફકરો એ દલીલનો પૂરતો જવાબ છે. આપના અરજદારો નમ્રપણે જણાવે છે કે આ અરજી ઉપર સહી કરનારાઓએ આવી કોઈ વસ્તુની કદી માગણી કરી નથી. બેશક એમણે હિંદીઓને એકસામટા મતાધિકારથી વંચિત કરવા સામે વાંધો લીધો છે. તમારા અરજદારો નમ્રપણે માને છે કે એ વિધેયકને કારણે દરેક હિંદી ઉપર, પછી તે મિલકતની લાયકાત ધરાવતો હોય કે ન હોય, ઘણી જ મહત્ત્વની અસર થયેલી છે. આપના અરજદારો એ વાત સ્વીકારે છે કે માનનીય વિધેયક રજૂ કરનાર સભાસદે દર્શાવેલી આ હકીકત ઉપરથી દેખાય છે કે હિંદીઓમાં અમુક હદની સંગઠન શક્તિ રહેલી છે. પરંતુ આપના અરજદારો આદરપૂર્વક દાવો રજૂ કરે છે કે સંગઠન શક્તિ ગમે એટલી બળવાન હોય તોપણ તે કદરતી બળોની રુકાવટોને દૂર કરી શકે એમ નથી. ૯૦૦૦ સહી કરનારાઓમાંથી જેઓ મતદારોની યાદી ઉપર આ પહેલાં ચડેલા છે તેમના ઉપરાંત સો જેટલા લોકો પણ કાયદેસરની મિલકતની લાયકાત ધરાવતા નથી.

બીજાં કારણ બાબતમાં માનનીય વિધેયક રજૂ કરનાર સભાસદે કહ્યું:

> હું સભાસદોને એ વાત યાદ દેવડાવવા માગું છું કે સામાન્ય ચૂંટણી નજીકમાં જ આવી રહી છે. અને એ સામાન્ય ચૂંટણી કઈ મતદારયાદીને આધારે લડાવાની છે એનો સભાસદોએ વિચાર કરવો પડશે. આવતી વખતની મતદારયાદી ઉપર કેટલા હિંદીઓ હશે કે નહીં હોય એ કહેવાનું મારું કામ નથી, પણ સરકાર સમજે છે કે એવો સમય આવી ગયો છે કે જ્યારે આ પ્રશ્નને ઉઠાવી લેવામાં વધારે ઢીલ નહીં કરવી જોઈએ. અને એનો હમેશાંને માટે એક વારનો નિકાલ પાડી દેવો જોઈએ.

Gandhi Heritage Portal

માનનીય વિધેયક રજૂ કરનાર સભાસદ પ્રત્યે ઘટતા આદર સાથે તમારા અરજદારો જણાવે છે કે આ બધાં જોખમો માટે હકીકતમાં કોઈ પાયો નથી. ૧૮૯૫ના વર્ષ માટેના વસાહતી સંરક્ષકના હેવાલ મુજબ સંસ્થાનમાંના ૪૬,૩૪૩ હિંદીઓમાંથી માત્ર ૩૦,૩૦૩ સ્વતંત્ર હિંદીઓ છે. તેમાં આશરે ૫૦૦૦ વેપાર કરનારી હિંદી વસ્તીની સંખ્યા ઉમેરી શકાય. આ રીતે ૪૫,૦૦૦ ઉપરાંત યુરોપિયનો સામે, જો એમની જોડે હરીફાઈ કરી જ શકે એમ હોય તો માત્ર ૩૫,૦૦૦ હિંદીઓ છે. એ વાત સહેલાઈથી જોઈ શકાય એવી છે કે ગિરમીટ નીચેના ૧૬,૦૦૦ હિંદીઓ, તેમની ગિરમીટની મુદત દરમિયાન હરીફાઈ કરી નહીં શકે. પણ ૩૦,૩૦૩ લોકોમાંની મોટી બહુમતી ગિરમીટ નીચેના હિંદીઓ કરતાં માત્ર એકાદ પાયરી આગળ હશે. અને તમારા અરજદારો અંગત અનુભવ ઉપરથી કહી શકે એમ છે કે આ સંસ્થાનમાં હજારો હિંદીઓ એવા છે જે વરસ દિવસે ૧૦ પાઉન્ડ જેટલું ભાડું પણ ભરતા નથી. હકીકત એ છે કે હજારો લોકો એવા છે કે તેમણે આટલી રકમ ઉપર તેમનો જીવનવ્યવહાર ગબડાવવાનો છે. તો પછી, તમારા અરજદારોનો સવાલ એ છે કે, આવતે વર્ષે હિંદીઓ મતદારોની યાદી ઉભરાવી કાઢશે એવો ભય ક્યાં રહ્યો છે?

મતાધિકાર ખેંચી લેવાની ધમકી બે વર્ષથી અપાઈ રહી છે. એ ગાળામાં બે વાર મતદારોની યાદીમાં સુધારા કરવામાં આવ્યા છે. રખેને ઘણા લોકોને બાતલ રાખવામાં આવે એવી ધાસ્તી હતી એટલે હિંદીઓ માટે હિંદી મતોમાં વધારો કરવા માટેનું દરેક રીતનું પ્રલોભન રહેતું હતું. અને તે છતાં હિંદી કોમ તરફથી મતદારોની યાદી ઉપર એકે નામનો ઉમેરો થયો નહોતો.

પરંતુ માનનીય વિધેયક રજૂ કરનાર સભાસદે આગળ કહ્યું:

> કદાચ, સભાસદોને એ વાતની માહિતી નહીં હોય કે આ દેશમાં એક એવી સંસ્થા છે જે એની રીતે બહુ બળવાન સંસ્થા છે, બહુ સંગઠિત સંસ્થા છે, જોકે તે લગભગ ગુપ્ત સંસ્થા છે, હું ઇન્ડિયન કૉંગ્રેસની વાત કહી રહ્યો છું. આ સંસ્થા પાસે મોટાં ફંડો છે, એ સંસ્થામાં પ્રમુખસ્થાને ઘણા કશળ અને શક્તિશાળી માણસો છે અને એ સંસ્થા એક એવી સંસ્થા છે જેનું નિશ્ચિત ધ્યેય આ સંસ્થાનના વહીવટમાં મજબૂત રાજદ્વારી તાકાત અજમાવવાનું છે.

આપના અરજદારો એટલું કહેવા માગે છે કે કૉંગ્રેસ વિષેનો આ અંદાજ સાચી હકીકતો વડે યોગ્ય ઠરી નથી શકતો. નાતાલના માનનીય મુખ્યમંત્રી તથા કૉંગ્રેસના માનદ મંત્રી વચ્ચેના પત્રવ્યવહાર ઉપરથી એ દેખાઈ આવશે કે ગુપ્તતાનો આક્ષેપ એક ભૂલભરેલી છાપને કારણે કરવામાં આવ્યો છે. (પરિશિષ્ટો ક, ખ, ગ[૧]). આ પ્રશ્ન અંગે ગઈ તા. ૨૦મીએ વિધાનસભામાં એમણે એક નિવેદન પણ કર્યું હતું. એ જ પ્રમાણે કૉંગ્રેસે કોઈ પણ આકારે કે સ્વરૂપે મજબૂત રાજદ્વારી તાકાત અજમાવવાનો હેતુ રાખ્યો નથી કે પ્રયાસ કર્યો નથી. ગયે વર્ષે દક્ષિણ આફ્રિકાના લગભગ દરેક અખબારમાં નીચેનાં કૉંગ્રેસનાં ધ્યેયો પ્રગટ થયાં હતાં:

"(૧) સંસ્થાનમાં વસતા યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે વધારે સારી સમજણ પેદા કરવી તથા ભ્રાતૃભાવ કેળવવો.

"(૨) હિંદ અને હિંદીઓ વિષે છાપાંઓને લખીને, પુસ્તિકા પ્રગટ કરીને, ભાષણો ગોઠવીને માહિતીનો ફેલાવો કરવો.

૧. જુઓ પા. ૨૪૯, ૨૫૦.

Gandhi Heritage Portal

"(૩) હિંદીઓને, ખાસ કરીને સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને હિંદના ઇતિહાસ વિષે શિક્ષણ આપવું, અને હિંદ સંબંધના વિષયોનો અભ્યાસ કરવા પ્રેરણા આપવી.

"(૪) હિંદીઓ જેનાથી કષ્ટ ભોગવતા હોય એવી જુદી જુદી ફરિયાદોની તપાસ કરવી અને તે દૂર કરવા માટે બધી બંધારણીય રીતોનો આશરો લઈને ચળવળ ચલાવવી.

"(૫) ગિરમીટ નીચેના હિંદીઓની હાલત વિષે તપાસ કરવી અને તેમને ખાસ મુસીબતોમાંથી છૂટવા મદદ કરવી.

"(૬) ગરીબો અને કંગાલોને બધા યોગ્ય ઉપાયે મદદ કરવી.

"(૭) અને એકંદરે જેનાથી હિંદીઓ નૈતિક, સામાજિક, બૌદ્ધિક અને રાજદ્વારી દૃષ્ટિએ વધારે સારી પાયરીએ પહોંચે એવાં બધાં કામો કરવાં."

આ રીતે એ વાત દેખાઈ આવશે કે કૉંગ્રેસનું ધ્યેય અવનતિને રોકવાનું છે અને રાજદ્વારી અધિકાર મેળવવાનું નથી. ફંડ બાબતમાં આ લખતી વખતે કૉંગ્રેસ પાસે પાઉન્ડ ૧,૦૮૦ની કિંમતની મિલકત છે અને બૅંકમાં પાઉન્ડ ૧૪૮–૭–૬ પેન્સ જેટલી સિલક છે. આ પૈસા મફત મદદ આપવામાં, વિનંતીપત્રો છપાવવામાં અને બીજાં કામકાજના ખર્ચમાં વાપરવાના હોય છે. તમારા અરજદારોના નમ્ર મત પ્રમાણે કૉંગ્રેસનાં ધ્યેયો પાર પાડવા માટે એ ભાગ્યે જ પૂરતાં છે. પૈસાની તંગીને કારણે કેળવણીનું કાર્ય મોટે ભાગે ખોટકાઈ પડયું છે. એટલા માટે તમારા અરજદારો જણાવે છે કે હાલના વિધેયકનો હેતુ જે જોખમ સામે રક્ષણ આપવાનો છે તે જોખમનું બિલકુલ અસ્તિત્વ જ નથી.

તોપણ તમારા અરજદારો સમ્રાજ્ઞીની સરકારને એવી વિનંતી નથી કરતા કે એમના પોતાના કહેવા માત્રથી ઉપરની હકીકતો સાચી હોવાનું સ્વીકારી લેવામાં આવે. જો એમાંથી કોઈ પણ બાબતમાં કાંઈ પણ શંકા હોય તો અરજદારોનું કહેવું એ છે કે સાચો રસ્તો એ બાબતમાં તપાસ કરાવવાનો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે હજારો લોકો એવા છે કે જેઓ મતદારો થવા માટે જરૂરી મિલકતની લાયકાત ધરાવતા નથી. એટલા ખાતર તમારા અરજદારોનું કહેવું એ છે કે એ વાતની ખાસ કરીને તપાસ કરવી જોઈએ કે સંસ્થાનમાં ૫૦ પાઉન્ડની કિંમતની સ્થાવર મિલકત ધરાવતા અથવા જેઓ વાર્ષિક પાઉન્ડ ૧૦નું ભાડું ભરતા હોય એવા કેટલા હિંદીઓ છે. આવા આંકડા તૈયાર કરવામાં ઘણા પૈસા કે ઘણો સમય ખર્ચાવાના નથી. અને તેનાથી મતાધિકારના પ્રશ્નના સંતોષકારક ઉકેલ અંગે ઘણી મહત્ત્વની મદદ મળશે. આપના અરજદારોના નમ્ર અભિપ્રાય મુજબ કોઈ ને કોઈ કાનૂન પસાર કરવાની ભારે ઉતાવળ કરવાનું એકંદરે સંસ્થાનનાં ઉત્તમ હિતોને બાધારૂપ છે. હિંદી કોમના પ્રતિનિધિ તરીકે તમારા અરજદારોને લાગેવળગે છે ત્યાં સુધી અને જે સંસ્થાના સભ્યો હોવાનું તેમને માન મળેલું છે તેના તરફથી અધિકારપૂર્વક બોલતાં આથી સમ્રાજ્ઞીની સરકારને ખાતરી આપે છે કે આવતા વર્ષની સામાન્ય ચૂંટણી માટેની મતદારોની યાદી ઉપર એક પણ હિંદી મતદારનું નામ ચડાવવાનો પ્રયાસ કરવાનો તેમનો હેતુ નથી.

હાલના વિધેયકની ચર્ચા કરતાં સરકારી મુખપત્રે એક ઘણુંખરું બહારની પ્રેરણાથી લખાયેલા લેખમાં એવા અભિપ્રાયને ટેકો આપ્યો છે કે "જોખમ" કાલ્પનિક છે. એ કહે છે:

> એ ઉપરાંત અમને એ વાતની ખાતરી લાગે છે કે, જો કદી એશિયાઈ મત સંસ્થાનમાંના યુરોપિયન રાજઅમલની સ્થિરતાને જોખમરૂપ બને તો શાહી સરકાર આવી મુશ્કેલીમાંથી

Gandhi Heritage Portal

નીકળવાનો કોઈ ને કોઈ રસ્તો કાઢશે. નવું વિધેયક, જેઓ યુરોપિયન જાતિના નથી તે સૌના ઉપર મતાધિકાર મેળવવા અંગે અમુક મર્યાદાઓ મૂકે છે. હાલમાં છે તેમ, દેશી લોકો માટેના કાનૂન નીચે દેશીઓનો અપવાદ કરીને બધી જ જાતિના અને વર્ગના બ્રિટિશ પ્રજાજન માટે મતાધિકાર ખુલ્લો હોવા છતાં કુલ ૯,૫૬૦ નોંધાયેલા મતદારોમાંથી માત્ર ૨૫૦ હિંદીઓ મતદારયાદી ઉપર મોજૂદ છે અથવા મતાધિકાર ધરાવતા દરેક ૩૮ યુરોપિયને એક હિંદીનું પ્રમાણ છે. એટલે અમે ધારીએ છીએ કે નવું વિધેયક આ બાબતની જરૂરિયાત કાયમને માટે નહીં તો બધા સંજોગોમાં ઘણાં વર્ષો સુધી સંપૂર્ણ રીતે પૂરી પાડશે. દાખલા તરીકે, દક્ષિણ કેરોલિનામાં ૨૧ વર્ષ ઉપરની ઉંમરના સીદીઓની સંખ્યા ૧,૩૨,૯૪૯ છે, જ્યારે ૨૧ વર્ષ ઉપરની ઉંમરના ગોરાઓની સંખ્યા ૧,૦૨,૫૬૭ છે. આમ છતાં પોતે લઘુમતીમાં હોવા છતાં ગોરાઓએ પોતાની સર્વોપરી સત્તા જાળવી રાખી છે. સાચી વાત એ છે કે સંખ્યાનો પ્રશ્ન તદ્દન અલગ રાખતાં ચડિયાતી જાતિના લોકો હમેશાં સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં રાખશે. एटले अमे एवुं मानवाने प्रेराया छीए के हिंदी मत युरोपियन मतने गळी जवानी वातनुं जोखम. काल्पनिक छे. આ બાબતમાં અમને જે માહિતી મળી છે તે ઉપરથી અમે એવું માનવાના વલણવાળા થયા છીએ કે હિંદ એ "ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ" ધરાવતો દેશ છે એવું ગણી લેવામાં આવશે. હકીકતમાં, અનેક વાર આગળ કરવામાં આવતી જે એક દલીલ છે કે હિંદીઓ એના સ્વરૂપથી અને જવાબદારીઓથી અપરિચિત છે તે ખરેખર અણઘટતી છે. કારણ કે હિંદમાં કાંઈ નહીં તો ૭૫૦ મ્યુનિસિપાલિટીઓ એવી છે જેમાં અંગ્રેજ અને હિંદી મતદારોને સમાન હકો મળેલા છે. અને ૧૮૯૧માં ૮૩૯ યુરોપિયન મ્યુનિસિપલ કમિશનરો (સભાસદો) સામે ૯,૭૯૦ હિંદી સભાસદો હતા. . . . આમ છતાં જો આપણે એવું માની પણ લઈએ કે હિંદના વતનીઓને "ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ" ધરાવતા દેશમાંથી આવનારાઓ તરીકે ગણી લેવામાં આવશે, तो अमे एवुं नथी मानता के गूंगळावी देवानो भय जरा पण संभवित छे, कारण के भूतकाळना अनुभव उपरथी ए वात साबित थयेली छे के नियम तरीके अहीं आवता हिंदीओनो वर्ग पोते मताधिकार विषे चिंता करतो नथी अने वधारामां तेमनामांनो मोटो समूह जरूरी एवी मिलकत अंगेनी नानी सरखी लायकात પણ ધરાવતો નથી. આ બધા ઉપરાંત, જે સામ્રાજ્યના અમે અંગ છીએ તે સામ્રાજ્યની ફરજો, મતાધિકાર જેવા ખાસ અધિકારનો ઉપયોગ કરવામાંથી હિંદીઓને હિંદીઓ તરીકે બાદ રાખવાની છૂટ નથી આપતી. એટલે અમને લેવાદેવા છે ત્યાં સુધી આવી જાતનું વલણ નકારાત્મક છે અને તેથી છોડી દેવાવું જોઈએ. જો નવા કાનૂનનાં નિયંત્રણો અનિચ્છનીય તત્ત્વને મતદારોની યાદી ઉપર ચડતું રોકી નહીં શકે તો પછી મતાધિકારની લાયકાતો ઊંચી બનાવતાં આપણને કશું પણ રોકી શકે એમ નથી. હાલમાં એ ઘણી જ નીચી છે. એટલે મિલકત બાબતની લાયકાત સહેલાઈથી વધારી શકાય, બમણી પણ કરી શકાય, ઉપરાંત કેળવણી બાબતની કસોટી લાગુ પાડી શકાય. આ કસોટી મતદારની યાદી ઉપરથી એક પણ યુરોપિયનને કમી નહીં કરશે પણ, હિંદી મતદારોનો ખોડો કાઢી નાખશે. લગભગ ૧૦૦ પાઉન્ડની કિંમતની મિલકત ધરાવનારા અથવા વાર્ષિક ૨૦ પાઉન્ડનું ભાડું ભરનારા તથા અંગ્રેજી વાંચીલખી જાણનારા હિંદી મતદારોની સંખ્યા અવશ્ય તદ્દન નાની જ રહેવી જોઈએ. અને જો આ ઉપાયો નિષ્ફળ જાય તો મિસિસિપી યોજના



Gandhi Heritage Portal

અથવા સંજોગોને અનુરૂપ તેનું કોઈ સુધારેલું સ્વરૂપ અમલમાં આણતાં આપણને કોઈ રોકી શકે એમ નથી. (૫ માર્ચ, ૧૮૯૬)

આ રીતે એ વાત સ્પષ્ટ છે કે સરકારી મુખપત્રના કહેવા પ્રમાણે મતયાદી ઉપર હિંદી મતદારોનો અણઘટતો ધસારો અટકાવવાને માટે હાલની મિલકત અંગેની લાયકાતો પૂરતા પ્રમાણમાં ઊંચી છે. અને હાલના વિધેયકનો એકમાત્ર ઉદ્દેશ હિંદી કોમને હેરાન કરવાનો — તેમને ખર્ચાળ કોરટબાજીનો ભોગ બનાવવાનો છે.

૧૮૯૫ના મોરિશિયસની ડાયરી (અલ્મૅનાક) મુજબ ૧૮૯૪માં એ ટાપુની વસ્તી "સામાન્ય વસ્તી" એ મથાળાં નીચે ૧,૦૬,૯૯૫ માણસો સામે ૨,૫૯,૨૨૪ હિંદીઓની હતી. ત્યાં મતાધિકારની લાયકાત નીચે મુજબ છે:

> દરેક પુરુષને કોઈ પણ વર્ષમાં, કોઈ પણ ચૂંટણી વિભાગ માટે મતદાર તરીકે નોંધાવાનો હક રહેશે, અને નામ નોંધાઈ જતાં એ વિભાગ માટેના કાઉન્સિલના સભાસદની ચૂંટણી વખતે મત આપવાનો હક રહેશે. એનામાં નીચેની લાયકાતો હોવી જોઈએ:
>
> ૧. એ ૨૧ વર્ષની ઉંમરે પહોંચેલો હોવો જોઈએ.
>
> ૨. એ કોઈ કાનૂની ગેરલાયકાતના દોષમાં નહીં હોવો જોઈએ.
>
> ૩. એ જન્મથી અથવા વસવાટથી બ્રિટિશ પ્રજાજન હોવો જોઈએ.
>
> ૪. નોંધાયાની તારીખ પહેલાં કાંઈ નહીં તો ત્રણ વર્ષ માટે સંસ્થાનમાં રહેતો હોવો જોઈએ. અને તે નીચેની લાયકાતોમાંથી કોઈ એક ધરાવતો હોવો જોઈએ:
>
> (ક) દર વર્ષની ૧લી જાન્યુઆરીના રોજ અને તે પહેલાંના છ મહિના દરમિયાન એની પાસે એ વિભાગમાં એટલી સ્થાવર મિલકત હોવી જોઈએ કે જેની આવક બધો ખર્ચ અને એના ઉપરના બધા બોજા બાદ જતાં વાર્ષિક રૂ. ૩૦૦ હોય અગર માસિક રૂ. ૨૫ હોય.
>
> (ખ) નામ નોંધાવવાની તારીખે તે એ વિભાગમાં સ્થાવર મિલકતનું ઓછામાં ઓછું માસિક રૂ. ૨૫ ભાડું આપતો હોવો જોઈએ.. આ ભાડું તે એ વર્ષની ૧લી જાન્યુઆરી પહેલાંના છ માસ દરમિયાન આપતો હોવો જોઈએ.
>
> (ગ) એ વર્ષની ૧લી જાન્યુઆરી પહેલાંના ત્રણ માસ દરમિયાન તે એ વિભાગમાં રહેતો હોવો જોઈએ અથવા તેનું ધંધો અગર નોકરીનું મુખ્ય સ્થળ ત્યાં હોવું જોઈએ. અને એ વિભાગમાં તે ઓછામાં ઓછી રૂ. ૩,૦૦૦ની કિંમતની જંગમ મિલકતનો માલિક હોવો જોઈએ.
>
> (ઘ) તે ઉપરની કોઈ પણ લાયકાતોમાંની એક ધરાવતી પત્નીનો પતિ હોવો જોઈએ અથવા વિધવાનો સૌથી મોટો પુત્ર હોવો જોઈએ.
>
> (ઙ) એ વર્ષની ૧લી જાન્યુઆરી પહેલાંના ત્રણ માસ દરમિયાન તે એ વિભાગમાં રહેતો અગર પોતાના ધંધાનું કે નોકરીનું મુખ્ય સ્થળ ધરાવતો હોવો જોઈએ અને ઓછામાં ઓછા વાર્ષિક રૂ. ૬૦૦ અગર માસિક રૂ. ૫૦નો પગારદાર હોવો જોઈએ.
>
> (ચ) એ વર્ષની ૧લી જાન્યુઆરી પહેલાંના ત્રણ માસ દરમિયાન તે એ વિભાગમાં રહેતો અગર પોતાના ધંધાનું કે નોકરીનું સ્થળ ધરાવતો હોવો જોઈએ અને ઓછામાં ઓછી રૂ. ૫૦ની પરવાના-ફી ભરતો હોવો જોઈએ.

Gandhi Heritage Portal

આમાં શરત એટલી કે:

(૧) એવી કોઈ વ્યક્તિને મતદાર યાદીમાં નામ નોંધાવવાનો અથવા પરિષદના સભાસદની ચૂંટણીમાં મત આપવાનો હક રહેશે નહીં, જેને આપણાં સંસ્થાનોની કોઈ પણ કોર્ટમાં ખોટી સાક્ષી પૂરવાના ગુના માટે સજા થઈ હોય અથવા જેને એવી કોર્ટે મોતની, કાળાપાણીની અથવા સખત મજૂરીની કેદની અથવા બાર માસથી વધારે મુદતની સજા કરી હોય અને જેણે એ સજા અથવા કોઈ લાયક અધિકારીએ એને બદલે આપેલી સજા ભોગવી નહીં હોય અથવા જેને અમારા તરફથી માફી નહીં મળી હોય.

(૨) એવી કોઈ વ્યક્તિને કોઈ વર્ષમાં મતદાર તરીકે નોંધવામાં નહીં આવશે જેણે એ વર્ષની ૧લી જાન્યુઆરી પહેલાંના ૧૨ મહિના દરમિયાનમાં સરકાર પાસેથી કે દેવળમાંથી કોઈ પણ પ્રકારની આર્થિક મદદ મેળવી હોય.

(૩) કોઈ પણ વર્ષમાં કોઈ પણ વ્યક્તિને મતદાર તરીકે નામ નોંધાવવા દેવામાં નહીં આવશે, સિવાય કે તે નોંધણી અમલદાર અથવા કોઈ એક ન્યાયાધીશની હાજરીમાં નોંધણીના પોતાના દાવાપત્ર ઉપર પોતાના હસ્તાક્ષરમાં પોતાનું નામ લખે, અને તેના ઉપર નોંધણીની તારીખની તથા નોંધાવા માટે જે લાયકાતનો દાવો કરતો હોય તેની નોંધ કરે.

(૪) કોઈ પણ વ્યક્તિ જે ગ, ઘ, ઙ, અને ચ લાયકાતોમાંની એક લાયકાત નીચે પોતાના વિભાગમાં રહેતી હોવાના કારણે મતદાર તરીકે નામ નોંધાવવાનો દાવો કરતી હશે તેને એ જ લાયકાતો અંગે તેના ધંધાના કે નોકરીના મુખ્ય સ્થળવાળા વિભાગમાં નામ નોંધાવવા દેવામાં આવશે નહીં. આ વાત ઊલટાસૂલટી લાગુ પડે છે એટલે તે જો નોકરી કે ધંધાના સ્થળવાળા વિભાગમાં નોંધાવવાનો દાવો કરશે તો તેને રહેવાના સ્થળવાળા વિભાગમાં નામ નોંધાવવા દેવામાં આવશે નહીં."

જોકે મોરિશિયસમાં હિંદીઓની વસ્તી સામાન્ય વસ્તી કરતાં બમણી છે અને મોરિશિયસમાંના હિંદીઓ નાતાલમાંના હિંદઓ જે વર્ગમાંથી આવે છે તેમાંથી જ આવે છે. છતાં આ લાયકાતોને લઈને ત્યાં દેખીતી રીતે જ કોઈ મુસીબત દેખાઈ નથી. માત્ર ત્યાં તેઓ તેમના નાતાલના ભાઈઓ કરતાં ઘણા વધારે સમૃદ્ધ છે.

આમ છતાં જો એવું માની લેવામાં આવે કે હિંદી મતાધિકારના પ્રશ્નનો ઉકેલ કાઢવાની જરૂર જ છે તો તમારા અરજદારો આદરપૂર્વક કહેવા માગે છે કે હાલનું વિધેયક એને સરળતાથી અને ખુલ્લી રીતે પહોંચી વળશે એવું માની શકાતું નથી. નાતાલના માનનીય અને વિદ્વાન ઍટર્ની જનરલે, વિધેયકના બીજા વાચનની ચર્ચા દરમિયાન, ચાલુ કાનૂનમાં થોડો ફેરફાર કરવાના સૂચનના જવાબમાં એવું કહ્યાનું જાણવામાં આવ્યું છે કે:

> આ ફેરફાર કરવાની હું ના પાડું છું તેનું કારણ એ છે કે દેખીતી રીતે એ પ્રમાણે કરવાનો અર્થ એ ચૂપચાપ પાછલે હાથે કરવા બરાબર છે, જ્યારે સરકારે તો એ ધોળે દિવસે ખુલ્લંખુલ્લા કરવા ધાર્યું હતું.

સૌને અંધારામાં રાખનારી ચાલુ વિધેયકને પસાર કરવાની રીત કરતાં "ચૂપચાપ પાછલે હાથે" કરવાની વધારે સારી રીતની કલ્પના કરવાનું મુશ્કેલ છે. ૮મી મે, ૧૮૯૬નું *નાતાલ એડવર્ટાઇઝર* કહે છે:

Gandhi Heritage Portal

. . . હાલનું વિધેયક પાછલા હાથની કરામત નહીં તો બીજું શું છે? એનો પૂરો હેતુ જે વસ્તુ ગઈ વખતની બેઠકનો કાનૂન પાર પાડવામાં નિષ્ફળ ગયો હતો તેને ચૂપચાપ અને પાછલે હાથે અમલી બનાવવાનો પ્રયાસ કરવાનો છે. મિ. એસ્કંબે સ્વીકાર્યું કે આ કાનૂન નિર્દય રીતે કચરનારો છે અને એ વાતને જ તેઓ શાહી સરકારની સ્વીકૃતિ મેળવવાની નિષ્ફળતાનું કારણ માનતા હતા. વધારામાં તેમણે એ પણ સ્વીકાર્યું કે હાલના વિધેયકનો બરાબર તે જ હેતુ છે જે પેલાં "ઘાતકી" વિધેયકનો હતો, માત્ર એ પોતાનો હેતુ પ્રમાણિકપણે અને સરળતાપૂર્વક જણાવતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો એ સીધેસાદે રસ્તે દેખીતી રીતે જ જે ધ્યેય સિદ્ધ થાય એમ નથી તેને ચૂપચાપ પાછલે હાથે સિદ્ધ કરવા મથે છે.

જો સમ્રાજ્ઞીની સરકારને ખાતરી થઈ હોય કે નાતાલમાં હિંદી મતાધિકારને નિયંત્રિત કરવા માટે કાનૂન બનાવવાની ખરેખરી જરૂરિયાત છે અને તેને એવું સમાધાન થઈ ગયું હોય કે જાતિગત કાનૂન સિવાય આ પ્રશ્નનો ઉકેલ આવી શકે એમ નથી, અને વધારામાં સમ્રાજ્ઞીની સરકાર સંસ્થાનોના એવા મતને મંજૂર રાખતી હોય કે ૧૮૫૮ના ઉદાર ઢંઢેરા છતાં બ્રિટિશ હિંદી પ્રજાજનો સાથે યુરોપિયન બ્રિટિશ પ્રજા કરતાં જુદા જ ધોરણે વર્તાવ રાખવામાં આવે તો પછી તમારા અરજદારોનું કહેવું એ છે કે બેવડા અર્થવાળો કાનૂન કરીને કોરટબાજી અને હેરાનગતિને માટે દરવાજા ખુલ્લા રાખવાને બદલે સમ્રાજ્ઞીની સરકારના અભિપ્રાય મુજબ હિંદીઓને જે કોઈ હકો અને વિશેષાધિકારો ભોગવવા દેવા નહીં હોય તેમાંથી તેમને નામ દઈને બાદ રાખવાનું અનેક રીતે વધારે સારું અને વધારે સંતોષકારક થઈ પડશે.

એ વાત સ્વીકારવામાં આવેલી છે કે જો વિધેયકને મંજૂરી અપાશે તો એના અર્થની સંદિગ્ધતાને લઈને તે છેડા વિનાની કોરટબાજીને જન્મ આપશે. એ વાત પણ પ્રથમ મહત્ત્વની વાત તરીકે સ્વીકારવામાં આવી છે કે હિંદી મતાધિકારના પ્રશ્નનો, નાતાલના માનનીય મુખ્ય મંત્રીના શબ્દોમાં કહીએ તો "છેવટનો ઉકેલ કરી દેવો જોઈએ". આમ છતાં નાતાલમાંના લોકમતના મોટા ભાગના આગેવાનોના અભિપ્રાય મુજબ આ વિધેયક આ પ્રશ્નનો છેવટનો ઉકેલ કાઢી શકશે નહીં.

નાતાલ ધારાસભામાંના વિરોધ પક્ષના આગેવાન મિ. બિન્સે, એ વાત સ્પષ્ટ કરવા માટે કે હિંદમાં હિંદીઓ સંસદીય મતાધિકાર ઉપર રચાયેલી ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ધરાવે છે, સંખ્યાબંધ ઉતારાઓ ટાંકયા છે, જેમાં તેમણે નીચેની હકીકત જણાવી છે:

> હું આશા રાખું છું કે આ કારણસર આ વિધેયક ભૂલભર્યું છે એ મેં સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. હિંદમાં પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ મોજૂદ છે અને ત્યાં ચૂંટણીનું તત્ત્વ માન્ય થયેલું છે. તેઓ સંસદીય મતાધિકાર ધરાવે છે અને એમને ત્યાં સ્થાનિક સરકાર ઉપર અસર કરે એવો બહુ ભારે મ્યુનિસિપલ મતાધિકાર અસ્તિત્વમાં છે. અને જો સ્થિતિ આ પ્રમાણે જ હોય તો પછી આપણે માટે આ વિધેયક પસાર કરવાનો અર્થ જ શો છે? વિધાનસભા આગળ મેં રજૂ કરેલી હકીકતો મેં મળી શકે એવી ઉત્તમ અધિકારી વ્યક્તિઓ પાસે મેળવી છે. અને તેના ઉપરથી એ વાત સાબિત થાય છે કે આ સંસ્થાઓ અસ્તિત્વમાં છે. એક મુદ્દા બાબતમાં શંકાને કોઈ કારણ નથી કે આ પ્રકારનું વિધેયક પસાર થઈને કાનૂન બન્યું તો તે આપણને છેડા વિનાની કોરટબાજી, મુશ્કેલીઓ અને હેરાનગતિઓમાં મૂકી દેશે. વિધેયક જેટલું હોવું જોઈએ એટલું સ્પષ્ટ અથવા ચોક્કસ

Gandhi Heritage Portal

નથી. આપણે કાંઈક વધારે સ્પષ્ટ અને ચોક્કસ વસ્તુ જોઈએ છે. મારે આ પ્રશ્નનો ઉકેલ આણવો છે અને એ ઉકેલ અંગે મારાથી બની શકે એટલી મદદ હું કરીશ. પણ હું ધારું છું કે આ વિધેયકની રચના ખોટે રસ્તે થયેલી છે. એમાં એક બિના એવી છે કે જે સાચી નથી અને તે આપણને છેડા વિનાની કોરટબાજી, મુસીબત અને હેરાનગતિમાં મૂકી દેશે. આ વિધેયકના બીજા વાચન માટે મત આપવાનું મારે માટે અશક્ય થશે.

મિ. બેઈલ ધારાસભાના એક આગળપડતા સભાસદ અને નાતાલના એક આગળપડતા વકીલ છે. સંસ્થાનના સામાન્ય કાનૂન નીચે હિંદીઓ પાસે મતાધિકાર કાયમ રહે એ વાતના તેઓ વિરોધી છે તે છતાં મિ. બિન્સના વિચારો સાથે સંમત થઈને તેમણે હિંદીઓ તરફથી તેમ જ એકંદરે સંસ્થાન તરફથી વિધેયક પસાર નહીં કરવા ભાવનાવશ થઈને સભાગૃહને નીચે પ્રમાણે વિનંતી કરી:

> એ કોરટબાજીને જન્મ આપશે, દુશ્મનાવટની લાગણી પેદા કરશે અને હિંદીઓમાં આપસઆપસમાં ઉપદ્રવ ઊભો કરશે. એ ઉપરાંત એનાથી પ્રિવી કાઉન્સિલને અપીલ કરવાને ઉત્તેજન મળશે અને આ સભાગૃહના સભાસદોની ચૂંટણી પર એનો બૂરો પ્રભાવ પડશે. આ પગલાંમાં સંડોવાયેલા મોટા પ્રશ્નોનો વિચાર કરતાં હું આશા રાખું છું કે આ વિધેયકને બીજા વાચનમાંથી પસાર થવા દેવામાં નહીં આવશે.

૮મી મેનું ધિ નાતાલ વિટનેસ પરિસ્થિતિનું સિંહાવલોકન નીચે મુજબ કરે છે:

> જો વિધેયકને જેવું છે તેવું પસાર કરવામાં આવે અને તે કાનૂન બની જાય તો સંસ્થાન ગંભીર કોરટબાજીમાં ફસાઈ પડશે એ અમારી ચેતવણીને મિ. બિન્સ અને મિ. બેઈલનો ટેકો છે. અને મિ. સ્મિથનો અડધો લાડુ જે કશું નહીં કરતાં વધારે સારો છે તે એ કિંમતે ઘણો મોંઘો પડી જશે. વિધેયકને સમ્રાજ્ઞીની સરકારના કાયદાના સલાહકારોએ તપાસ્યું નથી એવું માનવાને અમને કારણ આપનાર એણે ઊભા કરેલા અત્યંત નાજુક પ્રશ્નો જ છે. જો વિધેયકની ભાષામાં કાનૂનનો આશરો લેવાની જરૂર ન પડે એવો ફેરફાર નહીં કરવામાં આવે તો એ વાત નક્કી છે કે એ પ્રશ્નોને કોર્ટમાં લઈ જવામાં આવશે. એમાંના થોડા પ્રશ્નો આ રહ્યા: શું કોઈ સંસ્થાન એવા કાનૂનો બનાવી શકે જે ઈંગ્લંડના મૂળ નાગરિક હકના કાનૂનનો વિરોધ કરે છે? બ્રિટિશ હિંદીઓ બ્રિટિશ પ્રજાજન છે કે નહીં? બીજા શબ્દોમાં કહીએ તો આ વિધેયક સામ્રાજ્યમાંના બ્રિટિશ હિંદના સ્થાન વિષેના આખા પ્રશ્નને આગળ કરે છે. શું ૧૮૫૮ના ઢંઢેરા પછી એની મારફતે આપવામાં આવેલા ખાસ હકોનો કોઈ પણ ભાગ લઈ લેવા માટે નાતાલમાં ખાસ કાનૂનો પસાર થઈ શકે?

૮મી મેના પોતાના અગ્રલેખમાં વિધેયકનું દ્વિઅર્થીપણું અને અસ્પષ્ટતા વિષે ખેદ દર્શાવ્યા બાદ નાતાલ એડવર્ટાઇઝર કહે છે:

> આ આખી પરિસ્થિતિ પાછળની સાચી વાત એ છે કે હાલના આ વિધેયકની એક એક લીટી ઝઘડાઓનું ગૂઢ આશ્રયસ્થાન છે, જે આ સંસ્થાનમાંની હિંદીઓ અને યુરોપિયનો વચ્ચેની મત સંબંધેની લડાઈને, વર્ષો સુધી અને કદાચ વધતી જતી કડવાશ સાથે કાયમી બનાવવાને માટે કોઈ દિવસે ખુલ્લું થશે.

તમારા અરજદારો સમ્રાજ્ઞીની સરકારને એવી વિનંતી કરે છે કે તે સારા સંસ્થાનને નહીં તો માત્ર હિંદી કોમને, જે ભયનું અસ્તિત્વ જ નથી તેને ટાળવા માટેની આવી ઉદ્વેગભરી ભાવિ ઘટનામાંથી — કાયમી આંદોલનમાંથી — બચાવી લે.

Gandhi Heritage Portal

હિંદી કોમને માટે આવી લડતના ખર્ચા તેમના કાબૂ બહારના જ રહેવાના એ વાત સાબિત કરવાને કોઈ દલીલ જરૂરી નથી. આ લડત જ સરખેસરખા વચ્ચેની નથી.

એનાથી આગળ હવે એમ માની લઈએ કે સર્વોચ્ચ અદાલતે પોતાનો એવો અભિપ્રાય આપી દીધો કે હિંદીઓ "સંસદીય મતાધિકાર ઉપર આધારિત ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ" ધરાવતા નથી તો પછી વિધેયકમાં હિંદીઓને મતદારોની યાદી ઉપર ચડાવવાની જે પદ્ધતિની જોગવાઈ કરવામાં આવી છે તે આપના અરજદારોના નમ્ર મત પ્રમાણે દરેક રીતે અસંતોષકારક છે.

વિધેયકનો જે ભાગ ગવર્નરને સત્તા આપે છે તેને તો યુરોપિયનોએ પણ ભારપૂર્વક નાપસંદ કર્યો છે. એ વિષયની આ બાજુ વિષે ચર્ચા કરતાં ધિ નાતાલ વિટનેસ કહે છે:

> . . . એ મહાન બંધારણીય સિદ્ધાંતો ઉપર હુમલો કરે છે અને વધારામાં નાતાલમાંની પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓના કાર્યમાં જેને અજાણ્યું કહી શકાય એવું તત્ત્વ દાખલ કરે છે. એ તત્ત્વ છે એ સંસ્થાઓ ઉપર ત્રીજી કલમની અસર. આ ત્રીજી કલમ મતદાર યાદી માટેના લાયક એશિયાઈઓને પસંદ કરવા માટે છ વ્યક્તિઓના એક મંડળની (પૅનલની) જોગવાઈ કરે છે. એવું દેખાય છે કે મંત્રીમંડળ આ વિચારને (એટલે આડકતરી ચૂંટણીના વિચારને) વળગી પડયું છે. પરંતુ તેઓ પોતાને તથા ગવર્નરને આડકતરું મતદારમંડળ બનાવવામાં માત્ર એક ઘૃણાસ્પદ જ નહીં પણ ભારે અયોગ્ય કાર્ય કરી રહ્યા છે.

એ જ પ્રશ્ન વિષે ફરીથી બોલતાં એમણે કહ્યું:

> મોટા ભાગના આગળપડતા સભાસદોનો જેને વિષે વિશ્વાસ નથી એવા એક વિધેયકને પસાર કરીને વિધાનસભાએ લોકનજરમાં આદર મેળવ્યો નથી. આ સભાસદો જોઈ શકે છે કે એ એક સમાધાન છે, એક એવું સમાધાન છે જે બિલકુલ બિનઅસરકારક નીવડી શકે એમ છે. એ જ્યારે પહેલવહેલું પ્રગટ થયું હતું ત્યારે અમે કહ્યું હતું કે તે વિધાનસભાના ખાસ અધિકારો ઉપરનું ખૂબ જ ભયંકર આક્રમણ છે તેમ જ બંધારણીય સિદ્ધાંતો ઉપરનો હમલો છે. અને દરેક સભાસદ પાસેથી અપેક્ષા તો એ રાખવામાં આવી હતી કે તે આ સિદ્ધાંતોને અખંડ રાખવાને માટે પોતાને ગંભીર જવાબદારીથી બંધાયેલો માનશે. આ છેલ્લા વાંધા વિષે કેટલાક સભ્યોને યાદ આપવાની જરૂર રહેતી નથી. મિ. બેઈલે કહ્યું હતું કે મતાધિકારનો હક એવો હક છે જે માત્ર લોકો પાસે જ રહેવો જોઈએ, એટલે તે ગવર્નર અને મંત્રીમંડળ પાસે નહીં રહેવો જોઈએ. અલબત્ત તેનો ઉપયોગ લોકોના પ્રતિનિધિઓએ જ કરવાનો છે. . . . પરંતુ અખબારોને તો આજની સંસદની નહીં પણ ભવિષ્યની બધી સંસદોની ચિંતા કરવાની છે. . . . જ્યારે એક મહાન બંધારણીય સિદ્ધાંતનો એક વાર ભંગ કરવામાં આવે છે, પછી ભલે તે ભંગ ગમે એટલો નજીવો હોય, ત્યારે એ જોખમ હંમેશાંને માટે ઊભું થઈ જાય છે કે કોઈ પણ સત્તાના લોભવાળી સરકાર એ ભંગાણને ગમે ત્યારે મોટું બનાવી દે.

એ વાંધો યુરોપિયનોના દૃષ્ટિબિંદુ મુજબનો છે. આપના અરજદારો એ દૃષ્ટિબિંદુ સાથે તો સંમત છે જ, પણ તેમને આ કલમના સિદ્ધાંત સામે વધારે મજબૂત વાંધો છે. હિંદી કોમ મતદાર યાદી ઉપર હિંદીઓનાં નામોની સંખ્યા જોવાને એટલી આતુર નથી, જેટલી તે બ્રિટિશ પ્રજા તરીકે પોતાના હકો તથા ખાસ અધિકારોની રક્ષાને માટે આતુર છે. તેઓ યુરોપિયન

Gandhi Heritage Portal

બ્રિટિશ પ્રજાજન સાથે સમાન દરજ્જો ઇચ્છે, જેનું આશ્વાસન મહામના સમ્રાજ્ઞીએ હિંદીઓને અનેક વાર આપ્યું છે. અને ભૂતપૂર્વ મુખ્ય સંસ્થાન મંત્રીના એક ખાસ ખરીતા મારફતે સમ્રાજ્ઞીની સરકારે હિંદી કોમને આ ખાસ આશ્વાસન આપેલું છે. જો અમુક લાયકાતો ધરાવતાં બીજાં બ્રિટિશ પ્રજાજનો હકપૂર્વક મતાધિકાર માગી શકતાં હોય તો આપના અરજદારો નમ્રપણે પૂછે કે તો પછી હિંદી બ્રિટિશ પ્રજાજનો શા માટે એ માગી નહીં શકે?

આ પદ્ધતિ અટપટી છે અને તેનાથી મતાધિકારનું આંદોલન કાયમને માટે જાગતું રહેવાને ઉત્તેજન મળશે. એ ઉપરાંત એનાથી આ આંદોલન યુરોપિયનોના હાથોમાંથી ખસીને હિંદીઓના હાથમાં જશે. વિધાનસભામાંના બીજા વાચન સમયનાં ભાષણો ઉપરથી દેખાય છે કે કાઉન્સિલ સાથે રહીને જો ગવર્નર સત્તા વાપરશે જ તો તે બહુ સાચવી સાચવીને જ હશે.

એવી ગણતરી છે કે એનાથી હિંદી કોમમાં અંદર અંદરના ઝઘડા પેદા થશે. કારણ કે જે અરજદારને નામંજૂર કરવામાં આવ્યો હોય તે જો પોતાની જાતને જેના તરફ મહેરબાની બતાવાઈ છે તેવા સાથી અરજદારની બરાબર સમજતો હશે તો એથી જરૂર નારાજ થવાનો.

આપ મહાનુભાવના મતાધિકારના પ્રશ્ન અંગેના ખરીતામાં કેળવણી, બુદ્ધિમત્તા અને મિલકતને હિંદીઓને મતાધિકારનો હક આપનારાં કારણો તરીકે ગણાવવામાં આવ્યાં છે. આપના અરજદારોનું કહેવું એ છે કે જો અમુક પ્રમાણની કેળવણી, બુદ્ધિમત્તા અને મિલકત જો સંસ્થાન-માં એક હિંદીને માટે મતદાર બનવાની લાયકાત માટે પૂરતાં થતાં હોય તો પછી એ સત્તા ગવર્નરના હાથમાં છોડવાને બદલે આવી કસોટી જારી કરી શકાય. અહીં આપના અરજદારો આપનું ધ્યાન આ પહેલાં ટાંકવામાં આવેલા नाताल मर्क्युरींના અગ્રલેખનાં એક ભાગ તરફ દોરવા માગે છે. જો એ વિધેયકના અમલ નીચે આવનારાઓ માટે જરૂરી લાયકાતો દર્શાવવામાં આવી હોત તો તેનાથી વિધેયકના તે ભાગનું ચર્ચાસ્પદ સ્વરૂપ નાબૂદ થઈ જાત, અને એના અમલ નીચે આવનારાઓને ચોક્કસપણે ખબર પડત કે તેમને મત આપવાને લાયક બનાવવા માટે કેવી લાયકાતો જોઈશે. ૮મી મેના नाताल एडवर्टाइज़रમાં પરિસ્થિતિ ટૂંકામાં સારી રીતે રજૂ કરવામાં આવી છે:

> હાલના વિધેયકની બેવડી ચાલની હજી એક વધુ સાબિતી એની એ જોગવાઈમાં રહેલી છે કે અમુક હિંદીઓને મતદારોની યાદી ઉપર મૂકવાનો અધિકાર કાઉન્સિલ સમેત ગવર્નરને રહેશે. દેખીતી રીતે જ આ કલમ શાહી સરકારને એવું મનાવવાના હેતુથી સામેલ કરવામાં આવી છે કે નિયમમાં અપવાદ કરવાનો આ અધિકારનો પ્રસંગોપાત્ત ઉપયોગ કરવામાં આવશે, એનો ઉપયોગ કોઈ કોઈ વાર જ થશે; પરંતુ થશે તો ખરો જ. આમ છતાં ઍટર્ની જનરલે જાહેર કર્યું કે, "આ વિધેયક નીચે આ સંજોગોમાં અપાયેલો મતદાર યાદીમાં સામેલ કરવાનો અધિકાર કોઈ પણ રીતે કાઉન્સિલ સમેત ગવર્નર મારફતે જ પ્રાપ્ત થઈ શકે એમ છે. એ સિવાય બીજી રીતે પ્રાપ્ત થઈ શકે એમ નથી. મંત્રીઓની જવાબદારીનો સાચો અર્થ શો હતો તે કોમના દરેક વર્ગે સમજવા માંડયું હતું, અને તેઓ એ વાત બહુ સારી રીતે જાણતા હતા કે જો મંત્રીઓ હિંદી મતદારોને મતદારયાદી ઉપર દાખલ કરીને મતદારમંડળને નબળાં બનાવવાની જવાબદારી પોતાને માથે ઓઢી લે તો તેઓ ચૌદ દિવસ પણ પોતાની ખુરશી પર ટકી નહીં શકે." એમણે આગળ કહ્યું, "સારા દક્ષિણ આફ્રિકામાં આના સિવાય કોઈ બીજો અવાજ હશે નહીં કે દેશની મતદારયાદી માત્ર યુરોપિયન જાતિના લોકો પૂરતી જ મર્યાદિત રાખવી જોઈએ. આ જ વાતથી અમે

Gandhi Heritage Portal

શરૂઆત કરી છે અને આખો સમય અમારી નજર સામેનું ધ્યેય પણ એ જ રહ્યું છે.” આ મંત્રીઓની જાહેરાતોનો જો કાંઈ અર્થ હોય તો તે એટલો જ છે કે આ સરકારનો ઇરાદો અપવાદ કરવાના પોતાના હકનો ઉપયોગ કરવાનો નથી. તો પછી એ વાત વિધેયક ઉપર મૂકવામાં શા માટે આવી છે? એક વિધેયકમાં એક જોગવાઈ સામેલ કરવામાં આવે છે, એના ઘડવૈયાઓ વિધેયકને મંજૂરી માટે રજૂ કરતી વખતે જાહેર કરે છે કે તેઓ એ જોગવાઈને નિરર્થક ગણવાના છે. તો પછી આ વસ્તુ કાંઈ નહીં તો ખોટો ઢોંગ નથી? અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો પાછલા હાથની રમત નથી?

કોઈ ધનિક હિંદી વેપારી માટે વિધેયકના અમલમાંથી મુક્તિ મેળવવા માટેની પરમિટ કઢાવવા અરજી કરવાનું અને તે નામંજૂર થઈ જાય એનું જોખમ વહોરવાનું ભાગ્યે જ આનંદ આપનારું થાય. એ વાત સમજવાનું મુશ્કેલ છે કે જે દેશોએ આજ સુધી સંસદીય મતાધિકાર ઉપર નિર્ભર ચૂંટણીમૂલક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ ધરાવી નથી તેમાંથી આવનારા યુરોપિયનોએ શા માટે મત આપવાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ જ્યારે એ જ પરિસ્થિતિમાં મુકાયેલા બિનયુરોપિયનો સંસ્થાના સામાન્ય કાનૂન નીચે એમ કરી શકતા નથી.

સરકારના અભિપ્રાય મુજબ, હાલનું વિધેયક પ્રયોગાત્મક છે. એના બીજા વાચન વખતે બોલતાં માનનીય ઍટર્ની જનરલે કહ્યું: “જો, અમારી માન્યતા વિરુદ્ધ, અમારી દૃઢ માન્યતા વિરુદ્ધ, વિધેયક જો રાખવામાં આવેલા ઇરાદા કરતાં ઓછું ઊતર્યું તો સંસ્થાનમાં કદી શાંતિ જળવાશે નહીં” વગેરે. એટલે વિધેયક મર્યાદિત સ્વરૂપનું નથી. આવી પરિસ્થિતિમાં, તમારા અરજદારો જણાવે છે કે જ્યાં સુધી વર્ગ કે જાતિગત કાનૂનનો આશરો લીધા સિવાયનાં બધાં જ સાધનો-ની અજમાયશ કર્યા બાદ તે નિષ્ફળ ગયેલાં દેખાય (એટલે માની લઈએ કે હિંદી મત યુરોપિયન મતને ડુબાવી દેવાનું જોખમ મોજૂદ છે) ત્યાં સુધી હાલના જેવું વિધેયક પસાર નહીં કરવું જોઈએ. તમારા અરજદારો જણાવે છે કે આ પ્રશ્ન કાંઈ સમ્રાજ્ઞીની માત્ર મૂઠીભર પ્રજા ઉપર અસર કરનારો નથી પણ તે સમ્રાજ્ઞીના ૩૦ કરોડ વફાદાર પ્રજાજનો ઉપર અસર કરનારો છે. તમારા અરજદારો નમ્રતાપૂર્વક રજૂ કરે છે કે પ્રશ્ન કેટલા અને કયા હિંદીઓને મતનો અધિ-કાર મળવાનો છે એ નથી, પણ બ્રિટિશ હિંદીઓને હિંદની બહાર અને સંસ્થાનોમાં તેમ જ સાથી રાજ્યોમાં કેવો દરજ્જો મળવાનો છે એ છે. શું કોઈ આદરપાત્ર હિંદી વેપાર અથવા બીજા કોઈ ઉદ્યમ માટે હિંદ બહાર જવાનું સાહસ કરે અને કોઈ જાતનું મોભાનું સ્થાન મેળવવાની આશા રાખી શકે ખરો? હિંદી કોમ દક્ષિણ આફ્રિકાનું રાજદ્વારી ભાવિ ઘડવા નથી ઇચ્છતી, પણ તે એટલું જરૂર ઇચ્છે છે કે તેને કોઈ પણ જાતની અપમાનજનક શરતો લાદ્યા સિવાય પોતાના શાંતિપૂર્ણ ધંધારોજગાર ખલેલ વિના ચલાવવા દેવામાં આવે. એટલે તમારા અરજદારોનું કહેવું એ છે કે જો હિંદી મત બળવાન બની જવાનું સહેજ પણ જોખમ હોય તો સૌના ઉપર સમાન એવી એક સાદી કેળવણીની કસોટી મૂકવામાં આવે અને એની સાથે મિલકત અંગેની લાયકાતોમાં જોઈએ તો વધારો કરવામાં આવે અથવા નહીં કરવામાં આવે. એનાથી સરકારી મુખપત્રના અભિપ્રાય મુજબ પણ બધું જોખમ અસરકારક રીતે દૂર થશે. અને જો આવી કસોટી સફળ નહીં નીવડે તો એવી વધારે સખત કસોટી મૂકવામાં આવે જે યુરોપિયનોના મત ઉપર મહત્ત્વની અસર કર્યા સિવાય હિંદીઓ વિરુદ્ધ અસર પાડશે. જો નાતાલની સરકાર માટે હિંદીઓને મતાધિકારમાંથી સંપૂર્ણ રીતે બાદ રાખવાથી કશું પણ ઓછું મંજૂર નહીં હોય, અને જો સમ્રાજ્ઞીની સરકાર આ જાતની માગણીની તરફેણ કરવાના વલણની હોય તો પછી

Gandhi Heritage Portal

તમારા અરજદારોનું કહેવું એ છે કે હિંદીઓને નામ દઈને બાદ કરવાથી જ મુસીબતનો સંતોષકારક ઉકેલ આવી શકશે, એનાથી ઓછાથી નહીં આવે.

પરંતુ તમારા અરજદારો તમારું ધ્યાન એ હકીકત તરફ ખેંચવા માગે છે કે સમૂહગત રીતે યુરોપિયન સાંસ્થાનિકો આવી કોઈ માગણી કરતા નથી. તેઓ તદ્દન બેફિકર દેખાય છે. આ બેફિકરાઈ વિષે नाताल एडवर्टाइझर આ રીતે ઠપકો આપે છે:

> કદાચ જે ઢબે આ ઘણા જ મહત્ત્વના વિષયની સંસદમાં ચર્ચા થઈ છે તેનાથી એક ચોથો મુદ્દો પણ બહાર આવ્યો છે—તે છે સંસ્થાનની એના પોતાના રાજકારણ વિષેની બેફિકરાઈ. જો શોધી કાઢી શકાય તો એ જાણવાનું ઘણું રસપ્રદ થશે કે કેટલા સાંસ્થાનિકોએ પ્રસ્તુત વિધેયક વાંચવાની પણ તસ્દી લીધી છે. જેમણે એ નથી વાંચ્યું તેમનું પ્રમાણ કદાચ ઘણું આશ્ચર્યકારક નીવડે એવો સંભવ છે. આ બાબત અંગેની સાંસ્થાનિકોની સામાન્ય લાપરવાહી એ હકીકત ઉપરથી જોવા મળે છે કે સંસ્થાનના ખૂણે ખૂણાની વાત તો બાજુએ રહી પણ તેના દરેક કેન્દ્રીય સ્થળમાં પણ એને પ્રકાશમાં લાવવાને માટે અને એવી માગણી કરવાને માટે સભાઓ ભરવામાં નથી આવી કે સંસદ માત્ર એવું જ વિધેયક પસાર કરે જેથી આ વિષય પરનો વધુ વાદવિવાદ નિષ્ફળ બની જાય. જો સંસ્થાન આ બાબતની સાચી ગંભીરતા પ્રત્યે પૂરેપૂરું જાગ્રત હોત તો અખબારોનાં પાનાં આ પ્રશ્ન વિષેના ગંભીર અને બુદ્ધિમત્તાવાળા પત્રવ્યવહારથી ઊભરાઈ ગયાં હોત. પરંતુ આમાંની કોઈ પણ વાત બનવા પામી નથી. એને પરિણામે સરકાર એક એવું વિધેયક પસાર કરાવી શકી છે જે આ બાબતનો અસરકારક ઉકેલ કાઢી શક્યું હોવાનું મનાય છે, પરંતુ ખરું પૂછો તો વિધેયક એ બાબતને પહેલાં કદી પણ હતી એના કરતાં ઘણી જ ખરાબ અને જોખમકારક સ્થિતિમાં મૂકી દે છે.

ઉપર ટાંકેલા ઉતારા ઉપરથી જણાશે કે હાલનું વિધેયક બેમાંથી એકે પક્ષને સંતોષ આપતું નથી. નાતાલનું મંત્રીમંડળ અને અહીંની બંને ધારા ઘડનારી સંસ્થાઓ પ્રત્યે વધારેમાં વધારે આદર સાથે તમારા અરજદારો જણાવે છે કે આ વિધેયક તેમણે મંજૂર રાખ્યું છે એ હકીકતનું કોઈ ખાસ મહત્ત્વ નથી. ખુદ જે સભાસદો આ વિધેયકના કોઈ પણ જાતના સક્રિય વિરોધથી દૂર રહ્યા હતા, તેઓ ધિ नाताल વિટનેસ કહે છે તેમ એના વિષે શંકાશીલ હતા.

તમારા અરજદારો આશા રાખે છે કે તમને સંતોષ થાય એ રીતે એમણે એ બતાવી આપ્યું છે કે ઉપર દર્શાવેલું જોખમ કાલ્પનિક છે અને હાલનું વિધેયક જેઓ હિંદીઓને મતાધિકારથી વંચિત થયેલા જોવા ઇચ્છે છે તેમના દૃષ્ટિબિંદુથી તેમ જ ખુદ હિંદીઓના દૃષ્ટિબિંદુથી અસંતોષકારક છે. તેમ છતાં કોઈ પણ સંજોગોમાં તમારા અરજદારો એવો દાવો કરે છે કે એટલું બતાવવા માટે પૂરતી હકીકતો અને દલીલો રજૂ કરવામાં આવી છે કે આ સવાલનો નિકાલ ઉતાવળે નહીં કરવો જોઈએ, અને એવું કરવાની કોઈ જરૂર પણ નથી. नाताल વિટનેસનું એવું માનવું છે કે "આ વિધેયકને ઝટ ઝટ પસાર કરી દેવાની ઉત્સુકતા વિષે કશી સ્પષ્ટતા કરવામાં નથી આવી, કાંઈ નહીં તો સંતોષકારક સ્પષ્ટતા કરવામાં નથી આવી." नाताल एडवर्टाइझर પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે કે "આ હિંદી મતાધિકારનો પ્રશ્ન એક ઘણો જ મહત્ત્વનો પ્રશ્ન છે અને એનો કાયમનો ઉકેલ કરવામાં ઉતાવળ કરવી નહીં જોઈએ. ખરેખર સૌથી સારો રસ્તો તો એ છે કે પ્રસ્તુત વિધેયકને મુલતવી રાખવામાં આવે અને જ્યારે મતદારમંડળ પાસે

Gandhi Heritage Portal

ચોક્કસ માહિતી આવી જાય ત્યારે આ આખો પ્રશ્ન તેમની સામે વિચારણા માટે મૂકવામાં આવે." (૨૮–૩–૧૮૯૬).

લંડનના ટાઇમ્સ પત્રના શબ્દોમાં હિંદી કોમની લાગણી બહુ સારી રીતે વ્યક્ત કરી શકાય. ટાઇમ્સ (૨૦ માર્ચ, ૧૮૯૬ની અઠવાડિક આવૃત્તિ) કહે છે:

> હિંદીઓ જ્યારે પરદેશોમાં કે બ્રિટિશ સંસ્થાનોમાં કામધંધો શોધવા માટે જાય છે ત્યારે તેમને જો બ્રિટિશ પ્રજાજન તરીકેનો દરજ્જો સાથે લઈને જવા દેવામાં આવે તો આફ્રિકાની ખિલવણીના કાર્યમાં હિંદી મજૂરો માટે નવી જ શકયતાઓ રહેલી છે. હિંદી સરકાર અને ખુદ હિંદીઓ પોતે એવું માને છે કે ખુદ દક્ષિણ આફ્રિકામાં જ તેમના દરજ્જાના આ પ્રશ્નને નિશ્ચિત સ્વરૂપ અપાવું જોઈએ. જો તેઓ દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ પ્રજાજનનો દરજ્જો હાંસલ કરી શકે તો બીજી જગ્યાએ તેમને એની ના પાડવાનું લગભગ અશકય બનશે. જો તેઓ દક્ષિણ આફ્રિકામાં આ દરજ્જો હાંસલ નહીં કરી શકે તો બીજી જગ્યાએ તેમને માટે તે હાંસલ કરવાનું અતિશય મુશ્કેલ થશે. તેઓ એ વાતનો ઝટ સ્વીકાર કરે છે કે જે હિંદી મજૂરો વસાહત અંગે મળેલી મદદના બદલામાં અમુક ચોક્કસ વર્ષોની મુદત માટે નોકરી કરવાનો જે કરાર કરે છે એની શરતોનું એણે પાલન કરવું જ જોઈએ, પછી ભલે એમ કરતાં એના હકો ઉપર ગમે એટલો કાપ પડતો હોય. પરંતુ તેઓનું માનવું એવું છે કે મજૂરીના કરારની મુદત પૂરી થતાં તેમણે જે કોઈ દેશ અથવા સંસ્થાનમાં વસવાટ કર્યો હોય, તેમાં તેઓ બ્રિટિશ પ્રજાના દરજ્જાના હકદાર છે. . . . હિંદી સરકાર માટે એવી માગણી કરવાનું ઉચિત જ છે કે હિંદી મજૂરોએ પોતાના જીવનનાં ઉત્તમ વર્ષો દક્ષિણ આફ્રિકાની સેવામાં આપ્યા બાદ આ તેમના પોતાના તરીકે સ્વીકારેલા દેશમાં બ્રિટિશ પ્રજાનો દરજ્જો આપવાની ના પાડીને તેમને બળજબરીથી હિંદને માથે નહીં લાદવા જોઈએ. નિર્ણય ગમે તે લેવામાં આવે તોપણ એની હિંદના મજૂરોના પરદેશગમનના વિકાસ ઉપર ગંભીર અસર પડશે.

મતાધિકારના આ પ્રશ્નની તથા નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાંથી એકઠા કરેલા અને હવે સાચા તરીકે સ્વીકારાયેલા આંકડાઓની ખાસ ચર્ચા કરતાં એ જ અખબાર ૩૧મી જાન્યુઆરી ૧૮૯૬ના અંકમાં (અઠવાડિક આવૃત્તિ) કહે છે:

> આ આંકડાઓ મુજબ સંસ્થાનમાં ૨૫૧ નોંધાયેલા બ્રિટિશ હિંદી મતદારો સામે ૯,૩૦૯ નોંધાયેલા યુરોપિયન મતદારો છે. . . . જો શ્રી ગાંધીનાં નિવેદનો સાચાં હોય તો વ્યવહારુ રાજકારણની સીમામાં કોઈ પણ વખતે એવી શકયતા નથી દેખાતી કે હિંદી મત યુરોપિયન મતને ગૂંગળાવી દેશે. બધા ગિરમીટ નીચેના હિંદીઓ જ માત્ર મતાધિકારથી વંચિત નથી રખાયા પણ એક બાજુથી બધા જ બ્રિટિશ હિંદીઓ પણ વંચિત રાખવામાં આવ્યા છે. અપવાદરૂપે મતદાર તરીકે એક ઘણો જ નાનો વર્ગ રહ્યો છે. જેમણે બુદ્ધિશક્તિ અને ઉદ્યમ વડે પોતાની જાતને ધનિક શહેરીઓના દરજ્જે ચડાવી છે. . . .
>
> આ આંકડાઓ બતાવે છે કે હાલના ચાલુ કાનૂન નીચે પણ એક બ્રિટિશ હિંદી માટે નાતાલમાં મતાધિકાર મેળવવામાં લાંબો સમય જાય છે. કુલ ૨૫૧ બ્રિટિશ હિંદી મતદારોમાંથી માત્ર ૬૩ સંસ્થાનમાં દસ વર્ષથી ઓછી મુદત માટે રહ્યા છે અને એમાંના ઘણાએ પોતાની મૂડીથી શરૂઆત કરી છે. બાકીના મતદારો ૧૦ કરતાં વધારે વર્ષથી અને

Gandhi Heritage Portal

ઘણા તો ૧૪ કરતાં પણ વધારે વર્ષથી અહીં રહેલા છે. જે લોકો આ પ્રશ્નનો નિકાલ આવેલો જોવા ઇચ્છે છે એમને માટે બ્રિટિશ હિંદી મતદારોની યાદીનું ધંધા પ્રમાણેનું પૃથક્કરણ ખૂબ જ ઉત્સાહજનક પરિણામો લાવનારું છે.

હિંદમાં બરાબર આ જ વર્ગના લોકો મ્યુનિસિપલ અને બીજાં મતદારમંડળોમાં સૌથી મહત્ત્વનું અંગ બનતા હોય છે. એવી જે દલીલ કરવામાં આવે છે કે નાતાલમાંના હિંદીઓ જે ખાસ હકો હિંદમાં ભોગવે છે તેના કરતાં વધારે હકોનો દાવો નહીં કરી શકે અને તેઓ હિંદમાં કોઈ પણ જાતનો મતાધિકાર ધરાવતા નથી તેનો સાચી બીના સાથે કોઈ મેળ નથી. . . . જેટલે અંશે હિંદમાં મતાધિકારનું શાસન અસ્તિત્વમાં છે તેટલે અંશે અંગ્રેજો અને હિંદીઓ બંને સમાન કક્ષા ઉપર છે. અને મ્યુનિસિપલ, પ્રાંતીય અને સર્વોચ્ચ ત્રણે કાઉન્સિલોમાં હિંદીઓનાં હિતોને એકસરખું મજબૂત પ્રતિનિધિત્વ અપાયેલું છે. એ દલીલ પણ કસોટીમાં ટકતી નથી કે બ્રિટિશ હિંદીઓ પ્રતિનિધિત્વવાળા શાસનનું સ્વરૂપ અને જવાબદારીઓથી અપરિચિત છે. કદાચ દુનિયામાં એવો એકે દેશ નહીં હોય જ્યાં પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ લોકોના જીવન સાથે આટલી સરસ રીતે ઓતપ્રોત થઈ હોય. . . .

હાલમાં મિ. ચેમ્બરલેન સામે જે પ્રશ્ન ખડો થયો છે તે કાંઈ खाली सिद्धांतनो प्रश्न नथी. ए दलीलनो प्रश्न नथी पण जातिविषयक भावनानो छे. सम्राज्ञीना १८५८ना ढंढेराथी हिंदीओने ब्रिटिश प्रजाना पूरा हको अपायेला छे. अने तेओ इंग्लंडमां अंग्रेजो साथे समान रीते मत आपे छे अने ब्रिटिश पार्लमेन्टमां सभासद बने छे. પરંતુ ઘણી પ્રજાઓના બનેલા વિશાળ સામ્રાજ્યમાં આ પ્રશ્નો અનિવાર્ય છે અને જેમ જેમ વરાળયંત્રથી ચાલતાં જહાજો બૃહત્તર કહેતાં વ્યાપક બ્રિટનની જુદી જુદી પ્રજાઓને એકમેકના ગાઢ પરિચયમાં લાવતાં જાય છે તેમ તેમ એ પ્રશ્નો વધારે ઉગ્ર સ્વરૂપમાં આગળ આવશે. બે ચીજો સ્પષ્ટ છે. આવા પ્રશ્નો તરફ નિષ્કાળજી કરવાથી કાંઈ તેમનો આપમેળે ઉકેલ આવશે નહીં; અને બ્રિટનમાં બેઠેલી મજબૂત સરકાર એ પ્રશ્નો અંગે ન્યાય આપવા માટેની ઉત્તમ અપીલ-કોર્ટનું કામ કરી શકે છે. आपणी पोतानी प्रजाओ वच्चे जाति जाति वच्चेनी लडाई आपणने पालवी शके एम नथी. હિંદી સરકાર માટે, નાતાલમાં મજૂરો મોકલવાનું બંધ કરીને તેની પ્રગતિને એકાએક રોકી દેવાનું એટલું જ ભૂલભરેલું થશે જેટલું નાતાલ માટે બ્રિટિશ હિંદી પ્રજાના નાગરિક હકોની ના પાડવાનું થશે. આ હિંદીઓએ વર્ષોની કરકસર અને સંસ્થાનમાં કરેલાં સારાં કાર્ય વડે નાગરિકના સાચા દરજ્જા સુધી પહોંચવા જેટલી ઉન્નતિ કરી છે. (બધી જગ્યાએ નાગરી તમારા અરજદારોએ કર્યું છે.)

હવે તમારા અરજદારો પોતાની ફરિયાદ તમારા હાથમાં છોડે છે અને એમ કરતાં ખરા દિલથી વિનંતી કરે છે અને શ્રદ્ધાપૂર્વક આશા રાખે છે કે પ્રસ્તુત વિધેયકને સમ્રાજ્ઞીની મંજૂરી મળશે નહીં, અને જો યુરોપિયન મતને હિંદી મત ડુબાવી દે એવું કોઈ જોખમ રહેતું હોય તો એ વાતનો નિર્ણય કરવાને એક તપાસપંચ નીમવાને હુકમ કાઢવામાં આવે કે હાલના કાનૂન નીચે એવું કોઈ જોખમ ખરેખર મોજૂદ છે કે નહીં. અથવા એવી કોઈ બીજી રાહત આપવામાં આવે જેથી ન્યાયનો હેતુ બર આવે.

Gandhi Heritage Portal

અને આ ન્યાય અને દયાના કૃત્ય બદલ તમારા અરજદારો ફરજ સમજીને હંમેશ બંદગી કરતા રહેશે વગેરે વગેરે.

(સહી) અબદુલ કરીમ હાજી આદમ
અને બીજાઓ

[મૂળ અંગ્રેજી]

છાપેલી નકલની છબી પરથી.

## ૮૩. હિંદ જતાં પહેલાંની મુલાકાત

[જૂન ૪, ૧૮૯૬]

[હિંદ જવા રવાના થતાં પહેલાં नाताल एडवर्टाइझरના એક સંવાદદાતાએ ગાંધીજીની મુલાકાત લીધી. એકંદરે સંસ્થાનમાં તે વખતે પ્રચલિત હિંદી મામલાની સ્થિતિ વિષે તે એમના વિચારો જાણવા માગતા હતા. એ અખબારમાં મુલાકાતનો નીચેનો હેવાલ પ્રગટ થયો હતો:]

ગાંધીજીને પૂછવામાં આવેલા અનેક પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું કે કૉંગ્રેસની હાલની સભ્ય સંખ્યા ૩૦૦ જેટલી છે. એનું વાર્ષિક લવાજમ ૩ પાઉંડ છે અને તે આગળથી ભરવાનું હોય છે. કૉંગ્રેસે એવા સભાસદો નોંધવાનો ઉદ્દેશ રાખ્યો છે કે જેઓ માત્ર પોતાનું લવાજમ ભરવાને જ શક્તિવાન ન હોય પરંતુ કૉંગ્રેસના ધ્યેય માટે કામ પણ કરતા હોય. અમારે એક મોટું ફંડ એકઠું કરવું છે જેને મિલકત ખરીદવામાં રોકવામાં આવશે જેથી કૉંગ્રેસના ઉદ્દેશો પાર પાડવા માટે એક કાયમની આવક મળી રહે.

સંવાદદાતાએ પૂછ્યું: "આ ઉદ્દેશ કયા છે?"

ગાંધીજીએ કહ્યું: "એ બે પ્રકારના છે. રાજદ્વારી અને શૈક્ષણિક. શૈક્ષણિક ઉદ્દેશ બાબતમાં અમે સંસ્થાનમાં જન્મેલા હિંદી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપીને, એક કોમ તરીકે તેમના હિત અંગેના બધા વિષયોનો અભ્યાસ કરવા માટે ઉત્તેજન આપીને શિક્ષણ આપવા માગીએ છીએ. આ વિષયોમાં હિંદનો તથા સંસ્થાનોનો ઈતિહાસ, વ્યસનમુક્તિ વગેરે બાબતોનો સમાવેશ થશે."

"શું કૉંગ્રેસના સભાસદ થવા માટે બીજી કોઈ લાયકાત હોય છે?"

"હા, એક લાયકાત એવી છે કે સભાસદો અંગ્રેજી ભાષા વાંચી, લખી અને બોલી શકતા હોવા જોઈએ, પણ હમણાં હમણાં આ શરતનો અમલ કડકાઈથી કરવામાં નથી આવતો."

"આર્થિક દૃષ્ટિએ કૉંગ્રેસની સ્થિતિ કેવી છે?"

"એની પાસે ૧૯૪ પાઉંડની સિલક હાથ પર છે, અને એ ઉપરાંત ઉમગેની રોડમાં એની માલકીની એક મિલકત છે. મારી ગેરહાજરીમાં સભાસદો આ સિલકને ૧૧૦૦ પાઉંડ સુધી પહોંચાડી દે એવું હું ઈચ્છું છું. અને એ પ્રમાણે તેઓ નહીં કરી શકે એનું મને કોઈ કારણ દેખાતું નથી. એથી એ સંસ્થા કાયમી બનવામાં ઘણી મદદ થશે."

"રાજનૈતિક દૃષ્ટિએ કૉંગ્રેસનું વલણ કેવું છે?"

Gandhi Heritage Portal

"રાજનૈતિક દૃષ્ટિએ એ કોઈ ભારે પ્રભાવ પાડવા માગતી નથી. એનો હાલનો ઉદ્દેશ એટલી જ ખાતરી કરવાનો છે કે ૧૮૫૮ના ઢંઢેરામાં આપવામાં આવેલાં વચનો પાળવામાં આવે. હિંદીઓ હિંદમાં જે દરજ્જો ભોગવે છે તે જો તેઓ સંસ્થાનમાં ભોગવતા થાય તો કૉંગ્રેસ તેનો રાજનૈતિક ઉદ્દેશ પાર પાડી ચૂકી છે એમ ગણાશે. કોઈ બીજા પક્ષને દબાવી દેવાને માટેની રાજનૈતિક શક્તિ બનવાનો એનો હેતુ નથી."

"સંસ્થાનમાં હિંદી મતદારોની સંખ્યા કેટલી છે?"

"મતદારયાદી ઉપર હિંદી મતદારોની સંખ્યા ૨૫૧ છે જ્યારે યુરોપિયનોની સંખ્યા ૯૩૦૯ છે. હિંદી મતદારોમાંના ૧૪૩ ડરબનમાં છે અને કૉંગ્રેસ સારામાં સારો પ્રયાસ કરે તો પણ તે ૨૦૦થી વધારે મતદારોનો ઉમેરો નહીં કરી શકે. મેં કહ્યું તેમ એની મહત્ત્વાકાંક્ષાનું લક્ષ્યબિંદુ યુરોપિયનો જોડે સમાન દરજ્જો મેળવવાનું છે અને તે અંગે લાયકાત બાબતમાં કોઈ પણ જોગવાઈ કરવી પડે તે સામે અમારો વાંધો નથી. જો મિલકત બાબતની લાયકાતનું ધોરણ ઊંચું ચડાવવામાં આવે તો તેની સાથે અમે ખુશીથી સંમત થઈશું. પરંતુ એ લાયકાતનું ધોરણ બધી કોમો માટે સમાન રહેવું જોઈએ."

"તમારો ભાવિ કાર્યક્રમ શો રહેશે?"

"આજ પહેલાં હમેશ રહ્યો છે તે જ રહેશે. કૉંગ્રેસ પહેલાંની માફક સંસ્થાનભરમાં, હિંદમાં અને ઇંગ્લંડમાં સાહિત્ય પ્રગટ કરીને અને વખતોવખત લોકો સામે આવતા કોઈ પણ હિંદી પ્રશ્નો વિષે અખબારોમાં લખીને હિંદી કોમની ફરિયાદોને બહાર લાવવાનું અને એના પ્રચાર માટે ફાળો ઉઘરાવવાનું ચાલુ રાખશે. આજ સુધી કૉંગ્રેસે પોતાની કોઈ સભાઓમાં અખબારોના પ્રતિનિધિઓને આમંત્રણ આપ્યું નથી, પણ હવે પ્રસંગોપાત્ત તેમ કરવાનું તથા એના પ્રયાસો વિષે એમને માહિતી પૂરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. કૉંગ્રેસ પોતાની મીટિંગોમાં છાપાંવાળાઓને આમંત્રણ આપે તે પહેલાં પોતાના કાયમી અસ્તિત્વ એટલે સ્થિરતા વિષે ખાતરી કરી લેવા માગતી હતી. એક બાબતમાં જે ભૂલ થઈ છે તે હું સુધારવા માગું છું. મને અપાયેલા માનપત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે કૉંગ્રેસના જુદા જુદા ઉદ્દેશો સફળ થયા છે. એ વાત બરાબર નહોતી. હજી તો એ વિચારણા નીચે છે, કૉંગ્રેસ તેમની સિદ્ધિ માટે દરેક કાનૂનમાન્ય સાધનો વડે પોતાનું કાર્ય ચાલુ રાખશે અને તે હિંદી કોમ માટેના કાનૂનોમાં રંગ અંગેનો ભેદભાવ દાખલ કરવાના કોઈ પણ પ્રયાસનો વિરોધ કરશે. કારણ કે જો આ ભેદભાવ અહીં દાખલ થયો તો તેનો ઉપયોગ બીજાં સંસ્થાનોમાં અને દુનિયાના બીજા ભાગોમાં પણ થવાનો સંભવ રહે છે."

[મૂળ અંગ્રેજી]

धि नाताल एडवर्टाइज़र, ५–६–१८९६

Gandhi Heritage Portal

## ૮૪. હિંદીઓનો મેળાવડો

[ગાંધીજી હિંદ જવા નીકળ્યા તેના એક દિવસ પહેલાં ૧૮૯૬ના જૂનની ૪થી તારીખે, બીજી કોમો સાથે ડરબનના તામિલ અને ગુજરાતી હિંદીઓ, ઇન્ડિયન કૉંગ્રેસના સભાગૃહમાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના માનદ મંત્રી તરીકેની તેમની સેવાઓની કદર કરવા માટે ભેગા મળ્યા હતા. હાજર રહેલાંઓની સંખ્યા મોટી હતી અને વાતાવરણ ઘણું જ ઉત્સાહભર્યું હતું. પ્રમુખ સ્થાને શ્રી દાદા અબદુલ્લા બિરાજ્યા હતા અને શ્રોતાઓના તામિલ વર્ગ માટે શ્રી લૉરેન્સે દુભાષિયાની ફરજ બજાવી હતી. આ સભાનો नाताल एडवर्टाइझरમાંથી ઉતારેલો હેવાલ નીચે મુજબ છે:]

જૂન ૪, ૧૮૯૬

માનપત્ર આપવાનો વિધિ થઈ ગયા બાદ શ્રી ગાંધી આ સદ્ભાવ બદલ આભાર માનતાં બોલ્યા કે આ પ્રસંગથી એ વાત સ્પષ્ટ થઈ છે કે નાતાલમાંના હિંદીઓ ગમે તે જ્ઞાતિના હોય પણ તેઓ બધા એકતાના મજબૂત બંધન વડે બંધાવા માગતા હતા. કૉંગ્રેસના ઉદ્દેશો બાબતમાં તેઓ એવું નહોતા માનતા કે કોઈ પણ મતભેદને સ્થાન હોય. જો એવું હોત તો જે રીતે તેઓ એના મંત્રીને માનપત્ર આપવા ભેગા મળ્યા છે તે રીતે ભેગા મળત જ નહીં. જો એમનું આ અનુમાન સાચું હોય તો તેમણે પેલે દિવસે સાંજે[1] કૉંગ્રેસની સભાઓમાં મદ્રાસી હિંદીઓની હાજરી બાબતમાં આગ્રહ કરતી જે વિનંતી કરી હતી તેનું અહીં તેઓ પુનરાવર્તન કરવા માગતા હતા. અત્યાર સુધી આ હાજરી સંતોષકારક રહી નહોતી, પણ તેમને આશા હતી કે હવે તેઓ મોટી સંખ્યામાં હાજર રહેશે. તામિલ ભાષામાં નહીં બોલી શકવા બદલ તેમણે દિલગીરી જાહેર કરી. પરંતુ એમને ખાતરી હતી કે મદ્રાસી હિંદીઓના અલગ રહેવા બાબતમાં એઓ જે કાંઈ બોલ્યા હતા તેને એમની અથવા હિંદી કોમના બીજા કોઈ વર્ગની નિંદા તરીકે નહીં ગણી લેવામાં આવે. તેમણે કહ્યું કે કૉંગ્રેસના ઉદ્દેશો કયા છે એની સૌને માહિતી છે. માત્ર વાતોથી આ ઉદ્દેશો સિદ્ધ થઈ શકવાના નહોતા એટલે તેમણે તેમને શબ્દો વડે નહીં પણ કાર્યો વડે તેનાં સામાન્ય ધ્યેયોમાં રસ બતાવવા વિનંતી કરી. તેઓ ખાસ કરીને તેમના શ્રોતાઓના મન ઉપર એ વાત ઠસાવવા માગતા હતા કે તેમણે મેરિત્સબર્ગ, લેડીસ્મિથ અને બીજાં સ્થળો જ્યાં દરેક વર્ગના હિંદીઓ વસેલા હતા અને જેમને હજી કૉંગ્રેસમાં પ્રતિનિધિત્વ મળ્યું નહોતું, ત્યાં પોતાનામાંથી પ્રતિનિધિઓને મોકલી આપવા અને તેમને સભ્યો બનાવવાનો પ્રયાસ કરવો.

[મૂળ અંગ્રેજી]

धि नाताल एडवर्टाइझर, ૫–૬–૧૮૯૬

૧. જૂનની ૨જી તારીખની એક આગલી સભાની આ વાત છે. એ સભામાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી એમને માનપત્ર અપાયું હતું. પરંતુ આ સભાનો હેવાલ અગર એમનું ભાષણ મળી શકતું નથી.

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય


**કોલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ:** લંડનની સંસ્થાન કચેરીની લાઈબ્રેરીમાં રાખવામાં આવેલા આ કાગળોમાં આટલાંનો સમાવેશ થાય છે: બ્રિટિશ સંસ્થાન મંત્રીને દક્ષિણ આફ્રિકાના સંસ્થાન સચિવ, નાતાલના ગવર્નર તથા કેપ ટાઉનમાંના બ્રિટિશ હાઈ કમિશનરે મોકલેલા ખરીતાઓ; નાતાલની ધારાસભાઓનું મતદાન અને કાર્યવાહી, તેમને કરાયેલી અરજીઓ, તેમના આદેશથી પ્રગટ થયેલા પત્રવ્યવહારની ફાઈલો; અને દક્ષિણ આફ્રિકા અને લંડનમાં બહાર પાડવામાં આવેલા દક્ષિણ આફ્રિકાના મામલા બાબતના દસ્તાવેજો અને સરકારી હેવાલો (બ્લ્યુ બુક્સ)

**દાદાભાઈ નવરોજી:** ધિ ग्रान्ड ओल्ड मॅन ऑफ इंडिया લેખક શ્રી આર. પી. મસાણી; એલન ઍન્ડ અનવીન, લંડન; ૧૯૩૯.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી:** ગાંધી સાહિત્યનું પુસ્તકાલય તથા કેન્દ્રીય મ્યૂઝિયમ તથા ફોટોગ્રાફ, માઈક્રોફિલ્મ તેમ જ પત્રો તથા બીજા દસ્તાવેજોની મૂળ નકલોનો સંગ્રહ. આ સંસ્થાનું સંચાલન ગાંધી સ્મારકનિધિ કરે છે.

**काठियावाड टाइम्स:** રાજકોટથી પ્રગટ થતું ઍંગ્લો-ગુજરાતી અઠવાડિક પત્ર.

**महात्मा: लाईफ ऑफ मोहनदास करमचंद गांधी:** લેખક ડી. જી. તેંદુલકર; મુંબઈ, ઝવેરી ઍન્ડ તેંદુલકર, ૧૯૫૧-૪ આઠ ભાગોમાં.

**धि नाताल एडवर्टाइझर:** ડરબનથી પ્રગટ થતું દૈનિક છાપું.

**धि नाताल मर्क्युरी:** (૧૮૫૨—) ડરબનનું દૈનિક છાપું

**धि नाताल विटनेस:** (૧૮૪૬—): પિટરમેરિત્સબર્ગનું સ્વતંત્ર દૈનિક છાપું.

**સાબરમતી સંગ્રહાલય, અમદાવાદ:** એનો નિભાવ અને સંચાલન સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન ઍન્ડ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી થાય છે. એમાં આટલી વસ્તુઓ રખાઈ છે: ગાંધીજીએ લખેલાં અને એમને વિષેનાં પુસ્તકો, ૧૮૯૩થી ૧૯૦૧ના ગાળાનાં દક્ષિણ આફ્રિકાનાં ડઝન ઉપરાંત છાપાંઓનાં કટિંગોની ફાઈલ. સરકારી હેવાલો (બ્લ્યુ બુક્સ), અને ૧૮૯૩ થી ૧૯૩૩ના ગાળાના ગાંધીજીના કાગળ પત્રો, જેમાં નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ સંબંધીના કેટલાક કાગળોનો સમાવેશ થાય છે.

**श्रीमद् राजचंद्र:** સંચાલક અને પ્રકાશક મનસુખલાલ આર. મહેતા, ૧૯૧૪; ગુજરાતી ભાષામાં રાજચંદ્રનાં લખાણોનો સંગ્રહ.

**सत्यना प्रयोगो अथवा आत्मकथा:** ગુજરાતી; લેખક મહાત્મા ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ઑગસ્ટ ૧૯૫૨; મહાત્મા ગાંધીજીની આત્મકથા જે પહેલવહેલી એમના ગુજરાતી પત્ર નવજીવનમાં ક્રમશ: પ્રગટ થઈ હતી.

**धि टाइम्स ऑफ नाताल:** (૧૮૫૧-૧૯૨૭) પિટરમેરિત્સબર્ગનું દૈનિક છાપું.

**धि वेजिटेरियन:** (૧૮૮૮—): પહેલવહેલું એનું પ્રકાશન એક સ્વતંત્ર પત્ર તરીકે થયું હતું; પરંતુ પાછળથી એ લંડનના શાકાહારી મંડળ (વેજિટેરિયન સોસાયટી)નું અઠવાડિક મુખ-પત્ર બની ગયું હતું.

**धि वेजिटेरियन मेसेन्जर:** માનચેસ્ટરની વેજિટેરિયન સોસાયટીનું મુખપત્ર.


Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (૧૮૬૯-૧૮૯૬)

(આ વૃત્તાંતમાં ગાંધીજીના જીવનની ટૂંકી પશ્ચાદ્‌ભૂમિકા અને એ ગાળાની એમની કેટલીક વધારે મહત્ત્વની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.)

**૧૮૬૯**

**ઑક્ટોબર ૨:** પોરબંદરમાં મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ

**૧૮૭૬**

૧૨ વર્ષની ઉંમર સુધી રાજકોટની પ્રાથમિક શાળામાં શિક્ષણ

કસ્તૂરબાઈ સાથે સગાઈ.

**૧૮૮૧**

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પ્રવેશ.

કસ્તૂરબાઈ સાથે લગ્ન.

**૧૮૮૪-૮૫**

માંસાહારનો અખતરો કર્યો, પણ વડીલોને છેતરવાનું ટાળવા માટે તે છોડી દીધો.

ત્રેસઠ વર્ષની ઉંમરે પિતાનું મૃત્યુ.

**૧૮૮૭**

**નવેમ્બર:** મૅટ્રિકની પરીક્ષા પાસ કરી અને ભાવનગરની સામળદાસ કૉલેજમાં દાખલ થયા.

**૧૮૮૮**

**એપ્રિલ-મે:** અભ્યાસમાં પોતાની જાતમાં વિશ્વાસની ખામી જણાતાં ઈંગ્લંડ જઈ કાયદાનો અભ્યાસ કરવાની સલાહ મળી; માંસ, દારૂ અને સ્ત્રીઓથી દૂર રહેવાનું વચન આપીને મા પાસેથી જવામાં સંમતિ મેળવી.

**ઑગસ્ટ ૧૦:** રાજકોટથી મુંબઈ ગયા, જ્યાં જ્ઞાતિભાઈઓની સભાએ પરદેશ જતાં રોકવા પ્રયત્ન કર્યો.

**સપ્ટેમ્બર ૪:** વિદેશ જઈ અભ્યાસ કરવા સામે જ્ઞાતિના વડીલોનો સખત વિરોધ છતાં ઈંગ્લંડ જવા રવાના.

**ઑક્ટોબર ૨૮:** લંડન પહોંચ્યા.

**નવેમ્બર ૬:** ઈનર ટેમ્પલમાં કાયદાના અભ્યાસ માટે દાખલ થયા.

**૧૮૮૯**

શાકાહારી હોવાને કારણે પેદા થતી સામાજિક ઊણપોનો બદલો વાળવા માટે એક "ફક્કડ અંગ્રેજ ગૃહસ્થ" બનવા નિશ્ચય કરીને વક્તૃત્વકળા, ફ્રેંચ ભાષા, નૃત્ય અને પશ્ચિમી સંગીત શીખવાનું શરૂ કર્યું. પણ થોડા જ વખતમાં નિર્ણય ફેરવીને એ શીખવાનું બંધ કર્યું.

**સપ્ટેમ્બર:** મહિનાની આખરે લંડનની મહાન ગોદી હડતાળનો અંત લાવવામાં ફાળો આપવા બદલ અભિનંદન આપવા કાર્ડિનલ મૅનિંગની મુલાકાત લીધી.

પૅરિસના પ્રદર્શનની મુલાકાત લીધી (મે અને ઑક્ટોબર વચ્ચે કોઈ સમયે).

Gandhi Heritage Portal

**નવેમ્બર :** બ્લૅવૅટ્સ્કી અને એની બેસંટની ઓળખાણ કરાવવામાં આવી; પણ થિયૉસૉફિકલ સોસાયટીના રીતસરના સભ્ય બનવા ના પાડી.

**ડિસેમ્બર :** લંડનની મૅટ્રિકની પરીક્ષા આપી પણ નાપાસ થયા. વર્ષ દરમિયાન થિયૉસૉફીની અસરને કારણે સારા પ્રમાણમાં થિયૉસૉફીનું અને બીજું ધાર્મિક સાહિત્ય વાંચવા પ્રેરાયા. જેમાં એડવિન આર્નોલ્ડનું ધિ સૉંગ સેલેસ્ચિયલ અને ધિ લાઈટ ઑફ એશિયા, મૂળ ભગવદ્‌ગીતા અને બાઈબલનો સમાવેશ થાય છે. ખ્રિસ્તી દેવળની પ્રાર્થનામાં હાજરી આપી અને ડૉ. જોસેફ પાર્કર જેવા વિખ્યાત ધર્મોપદેશકોનાં પ્રવચન સાંભળ્યાં.

## ૧૮૯૦

આ વર્ષની શરૂઆતમાં માંચેસ્ટરના ધિ વેજિટેરિયન મેસેંજર અને લંડનના ધિ વેજિટેરિયન પત્રો વિષે અને ત્યાંનાં શાકાહારી મંડળો વિષે માહિતી મળી. જોશિયા ઓલ્ડફિલ્ડ સાથે આંતરરાષ્ટ્રીય શાકાહારી સભામાં હાજરી આપી. સાદાઈથી રહેવાનું શરૂ કર્યું; ખોરાકના અખતરા ચાલુ રાખ્યા; થોડા સમય માટે શાકાહારીઓની ક્લબ ચાલુ કરી જેમાં જોશિયા ઓલ્ડફિલ્ડ પ્રમુખ, એડવિન આર્નોલ્ડ ઉપ-પ્રમુખ અને પોતે સેક્રટરી તરીકે હતા.

**જૂન :** મૅટ્રિકની પરીક્ષા પસાર કરી.

**સપ્ટેમ્બર ૧૯ :** શાકાહારી મંડળમાં જોડાયા અને કારોબારી કમિટીના સભ્ય બન્યા.

## ૧૮૯૧

**જાન્યુઆરી ૩૦ :** ચાર્લ્સ બ્રૅડલૉની સ્મશાનયાત્રામાં હાજર રહ્યા. એમના નાસ્તિકવાદની એમના ઉપર અસર ન પડી, ઊલટું બેસંટનું हाउ आई बीकेईम ए थियॉसॉफिस्ट (હું બ્રહ્મવિદ્યાવાદી કેવી રીતે બની) પુસ્તક વાંચતાં એના પ્રત્યેની અરુચિ મજબૂત બની.

**ફેબ્રુઆરી ૨૦ :** શાકાહારી મંડળની સભામાં સૌથી પહેલું ભાષણ કર્યું. એમાં ડૉ. એલીસન પોતે સંતતિનિયમન વિષે શુદ્ધિવાદીઓના મત વિરુદ્ધનો મત ધરાવતા હોવા છતાં, તેમના મંડળના સભ્ય બનવાના દાવાના બચાવમાં ગાંધીજી બોલ્યા, જ્યારે તેઓ પોતે એ મત ધરાવતા નહોતા.

**ફેબ્રુઆરી ૨૧ :** ધિ વેજિટેરિયનમાં એક લેખ લખી દારૂને "માણસ જાતનો શત્રુ, સંસ્કૃતિનો શાપ" તરીકે વર્ણવ્યો.

**માર્ચ ૨૬ :** લંડનની થિયૉસૉફિકલ સોસાયટીના સાથી-સભ્ય તરીકે નામ નોંધાયું.

**મે ૧ :** શાકાહારી મંડળોના સંયુક્ત સંઘ (ફેડરલ યુનિયન ઑફ વેજિટેરિયન સોસાયટીઝ)ની સભા માટેના શાકાહારી મંડળના પ્રતિનિધિ તરીકે નિમાયા.

**જૂન ૧૦ :** બૅરિસ્ટર બન્યા.

કાયદાના અભ્યાસ દરમિયાન દાદાભાઈ નવરોજીનાં ભાષણોમાં હાજરી આપી. પ્રામાણિકતા અને ઉદ્યમના ગુણો ઉપર ભાર મૂકતાં ફ્રેડરિક પિંકટના ઉપદેશથી વકીલાતના ધંધાની સફળતા અંગે એમનામાં આશા પ્રગટી.

**જૂન ૧૧ :** હાઈકોર્ટમાં બૅરિસ્ટર તરીકે નામ નોંધાવ્યું.

**જૂન ૧૨ :** હિંદ જવા રવાના થયા.

**જુલાઈ ૫–૯ :** મુંબઈ પહોંચ્યા અને તેમનાં માતુશ્રીના અવસાનના સમાચાર જાણતાં ભારે શોકમાં ડૂબ્યા. ઝવેરી, કવિ અને સંત રાજચંદ્ર (રાયચંદભાઈ)ને મળ્યા, જેમને પાછળથી તેઓ



Gandhi Heritage Portal

ધાર્મિક જ્ઞાનની શક્તિમાં ટૉલ્સ્ટૉય કરતાં પણ મહાન અને તેમના જીવન ઉપર અસર પહોંચાડનારા ત્રણ મહાપુરુષોમાંના એક ગણતા હતા. વિદેશના પ્રવાસ સામેની જ્ઞાતિની બંધીનો ભંગ કરવા બદલ નાસિકમાં પ્રાયશ્ચિત્ત વિધિ કર્યો.

રાજકોટ પહોંચ્યા અને તેમના ભાઈ લક્ષ્મીદાસ સાથે રહ્યા.

**જુલાઈ ૨૦:** ફરીથી જ્ઞાતિમાં લઈ લેવામાં આવ્યા છતાં હજી પણ તેના એક વિભાગે બહિષ્કાર ચાલુ રાખ્યો.

**નવેમ્બર ૧૬:** મુંબઈની હાઈકોર્ટમાં એડવોકેટની સનદ મેળવવા અરજી આપી.

## ૧૮૯૨

**માર્ચ-એપ્રિલ:** કુટુંબમાં બાળકોની કેળવણી પ્રત્યે આધુનિક ઢબે ધ્યાન આપવાનું શરૂ કર્યું, અને ભોજન તથા પોશાકમાં પશ્ચિમની પદ્ધતિ અખત્યાર કરી.

**મે ૧૪:** સરકારી ગૅઝેટમાં જાહેર કરીને કાઠિયાવાડની એજન્સીઓની અદાલતોમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવી.

રાજકોટમાં વકીલાત કરવાનું મુશ્કેલ લાગતાં અનભવ મેળવવા મુંબઈ ગયા. એક મિત્ર જોડે ખોરાકના અખતરા કર્યા. ગભરાટને કારણે પહેલો કેસ છોડી દીધો અને અરજીઓ ઘડવાનું કામ પસંદ કર્યું. શિક્ષકનું કામ શોધવાને વિવશ બન્યાં, પણ પોતે ગ્રૅજ્યુએટ નહોતા એટલે તેમને ના પાડવામાં આવી.

મુંબઈનું કામકાજ સમેટી લઈને, છ માસ બાદ, રાજકોટમાં ભાઈ સાથે ફરીથી રહ્યા. એમની સાથે મળીને અરજીઓ અને નિવેદનપત્રો ઘડવાનું કામ કરતાં માસિક રૂ. ૩૦૦ કમાવા લાગ્યા.

## ૧૮૯૩

**અપ્રિલ:** દાદા અબદલ્લા ઍન્ડ કંપનીએ દક્ષિણ આફ્રિકામાં કાનૂની કામ માટે આમંત્રણ આપતાં જલદીથી તે તક ઝડપી લઈ ડરબન જવા રવાના થયા. એક વર્ષમાં પાછા ફરવાનો વિચાર રાખી પત્ની અને બાળકને રાજકોટમાં છોડી ગયા.

**મે:** લગભગ મહિનાની આખરે નાતાલ બંદરે પહોંચ્યા. જ્યાં હિંદીઓ પ્રત્યે રાખવામાં આવતા બૂરા વર્તાવથી તેમને આઘાત લાગ્યો.

**મે-જૂન:** આવ્યા બાદ બીજે કે ત્રીજે દિવસે ડરબનની અદાલતની મુલાકાત લીધી; પાઘડી ઉતારવાનું કહેવામાં આવતાં તેમણે તે સ્થળ છોડી જવાનું પસંદ કર્યું. એ બનાવ વિષે છાપાંને લખ્યું; "વણનોતર્યા મહેમાન" કહેવાયા, પણ એનાથી ભારે પ્રસિદ્ધિ થવા પામી. એ પછી સાત આઠ દિવસ બાદ અસીલના કામે પ્રિટોરિયા ગયા. ટ્રેનની અને ઘોડાગાડીની મુસાફરી દરમિયાન એમને રંગના ભેદભાવનો બહુ કડવો અનુભવ થયો.

રંગદ્વેષના 'રોગને નિર્મૂળ કરવા'ની લડત ચલાવવા અને એ કાર્ય અંગે કષ્ટો સહન કરવાનો નિશ્ચય કર્યો, વકીલ અને ધર્મોપદેશક બેકરે રંગદ્વેષ પ્રચલિત હોઈ એ અંગે ચેતવણી આપી અને એક ગરીબ બાઈની વીશીમાં તેમને માટે રહેવાનો પ્રબંધ કર્યો.

બેકરની પ્રાર્થનાસભામાં હાજરી આપી અને મિ. કોટ્સ, એક ક્વેકરપંથી, અને મિસિસ હેરીસ તથા મિસિસ ગેબ જેવાં ખ્રિસ્તીઓની ઓળખાણ કરાવવામાં આવી, જેઓ મિત્ર બની ગયાં.

Gandhi Heritage Portal

પ્રિટોરિયામાં પહેલા અઠવાડિયા દરમિયાન શેઠ તૈયબ હાજી ખાનને મળ્યા. અને ટ્રાંસવાલમાંના હિંદીઓની હાલત વિષે હિંદી મેમણ વેપારીઓની સભા આગળ ભાષણ આપ્યું. હિંદી વસાહતીઓની ફરિયાદોનો ઉકેલ શોધવા માટે એક મંડળ સ્થાપવા સૂચના કરી અને તેમાં મદદ કરવા ખુશી બતાવી. પ્રિટોરિયાના વસવાટને લઈને એમને ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટમાંની હિંદીઓની સામાજિક, આર્થિક અને રાજદ્વારી હાલતનું ઊંડું જ્ઞાન મળ્યું.

જ્યારે એમને પ્રેસિડંટ ક્રૂગરના ઘર નજીકના ફૂટપાથ ઉપરથી લાત મારીને ફેંકી દેવામાં આવ્યા ત્યારે હિંદીઓને ફૂટપાથનો ઉપયોગ કરતાં રોકનારા નિયમનનો તેમને અનુભવ થયો, પણ દબાણ છતાં ગોરા હુમલાખોર ઉપર કેસ માંડવા એટલા કારણસર ના પાડી કે પોતાની અંગત ફરિયાદો માટે તેઓ કોર્ટનો આશરો લેવા માગતા નહોતા.

**ઑગસ્ટ ૨૨–સપ્ટેમ્બર ૨:** પ્રાણપોષક આહારના અખતરા ચલાવ્યા. આ સમય દરમિયાનના મિ. કોટ્સ અને બીજા ખ્રિસ્તી મિત્રોના સતત સંપર્કને લઈને ખ્રિસ્તી ધર્મ વિષેનાં પુસ્તકોનો અભ્યાસ કરવા તથા એમની જોડે ચર્ચા કરવા એમને ઉત્તેજન મળ્યું, પરંતુ બાઈબલ અને ખ્રિસ્તી ધર્મ વિષેની તેમણે કરેલી વ્યાખ્યા સ્વીકારવાનું તેમને મુશ્કેલ લાગ્યું.

## ૧૮૯૪

**એપ્રિલ:** એમના અસીલ દાદા અબદુલ્લાનો કેસ તૈયાર કરતાં સમજાયું કે વકીલાતના કામમાં સાચી બીનાઓ અથવા સત્યનું મહત્ત્વ સર્વોપરી છે. કોરટબાજીની મૂર્ખાઈ વિષે ખાતરી થતાં ઝઘડાનો તડજોડ કરીને નિકાલ આણ્યો. તેમનં ધંધાકીય રોકાણ પૂરું થતાં ડરબન પાછા ફર્યા. વિદાય સમારંભ વખતે नाताल मर्क्युरीમાં નજીકના ભવિષ્યમાં આવનારા મતાધિકારથી વંચિત કરનારા કાનૂન વિષેની જાહેરાત જોઈ અને હાજર રહેલા હિંદી વેપારીઓને એનો સામનો કરવા આગ્રહ કર્યો. તેમની લડતની દોરવણી આપવા તેમણે એમને એક મહિનો વધુ રહી જવા સમજાવ્યા. આ એક ભાવિ ઘડનારો નિર્ણય હતો—આ ગાળામાં ધાર્મિક પુસ્તકોના ગંભીર અભ્યાસ પાછળ મંડયા. ટૉલ્સ્ટૉયના धि किंग्डम ऑफ गॉड ईज़ विधिन यु (વૈકુંઠ તારા હૃદયમાં છે) પુસ્તકે એમના ઉપર ભારે પ્રભાવ પાડયો. ઇંગ્લંડમાંના ખ્રિસ્તી મિત્રો સાથે પત્રવ્યવહાર કર્યો. રાયચંદભાઈ જેવા હિંદના ધાર્મિક વિચારકોને પણ લખ્યું. હિંદુ ધર્મ વિષેના સવાલોના એમના જવાબોએ તેમની શ્રદ્ધા દૃઢ બનાવી.

**મે ૨૨(?):** આગેવાન હિંદી વેપારીઓની એક સભાએ ભેદભાવ કરનારા કાનૂનો સામે આંદોલન ઉપાડવા કમિટી બનાવી.

**જૂન ૨૭:** હિંદીઓની અરજી રજૂ કરવામાં આવે ત્યાં સુધી મતાધિકાર કાનૂન સુધાર વિધેયકની વિચારણા મુલતવી રાખવાની વિનંતી કરતા તારો નાતાલ વિધાનસભાના અધ્યક્ષ, વડા પ્રધાન રૉબિન્સન અને ઍટર્ની જનરલ એસ્કમ્બને મોકલ્યા. વિધેયક ઉપરની ચર્ચા બે દિવસ માટે મુલતવી રાખવામાં આવી.

**જૂન ૨૮:** વિધેયકનો વિરોધ કરતી અને તપાસ કમિશન નીમવા વિનંતી કરતી ૫૦૦ હિંદીઓની સહીની અરજી વિધાનસભાને રજૂ કરી.

**જૂન ૨૯:** વડા પ્રધાનની ડેપ્યુટેશન સાથે મુલાકાત લીધી; અને એમને વિનંતી કરી કે હિંદીઓની ફરિયાદ વધારે ઝીણવટથી રજૂ કરવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવે.

**જુલાઈ ૧:** ફિલ્ડ સ્ટ્રીટમાંની હિંદીઓની સભામાં હાજરી આપી અને તેમાં ભાષણ આપ્યું.

Gandhi Heritage Portal

**જુલાઈ ૩:** નાતાલના ગવર્નર પાસે પોતાની આગેવાની નીચે એક ડેપ્યુટેશન લઈને ગયા અને વિધાનસભામાં ત્રીજા વાચનમાંથી પસાર થયેલાં મતાધિકાર વિધેયકને મંજૂરી નહીં આપવા વિનંતી કરી.

**જુલાઈ ૫:** દાદાભાઈ નવરોજી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. એમાં એમને એવી વિનંતી કરી કે તેઓ દક્ષિણ આફ્રિકાના હિંદીઓ તરફથી ઈંગ્લંડમાં વચ્ચે પડીને મદદ કરે.

**જુલાઈ ૬:** હિંદીઓએ વિધાનપરિષદ આગળ મતાધિકાર વિધેયકનો અસ્વીકાર કરવાને દબાણ કરતી બીજી અરજી રજૂ કરી.

**જુલાઈ ૭:** મતાધિકાર વિધેયક વિધાનપરિષદમાં ત્રીજા વાચનમાંથી પસાર થયું.

**જુલાઈ ૧૦:** ગવર્નરને એવી વિનંતી કરતી અરજી કરી કે સમ્રાજ્ઞી ઉપરની હિંદીઓની અરજી પહોંચે ત્યાં સુધી શાહી સરકારને સમ્રાજ્ઞીની સંમતિ માટે વિધેયક મોકલવાનું મુલતવી રાખવામાં આવે.

**જુલાઈ ૧૭:** સંસ્થાન મંત્રી લૉર્ડ રિપનના નામની ૧૦,૦૦૦ હિંદીઓની સહીવાળી એક લાંબી સામુદાયિક અરજી નાતાલના ગવર્નરને આપવામાં આવી. જાહેર કાર્ય ચાલુ રાખવા માટે નાતાલમાં સ્થિર થઈને રહી ગયા.

**ઑગસ્ટ ૨૨:** ભેદભાવભર્યા કાનૂનો સામે એકધારું આંદોલન ચલાવવા માટે નાતાલ હિંદી કૉંગ્રેસની સ્થાપના. એના પ્રથમ મંત્રી થયા. સંસ્થાનમાં જન્મેલા હિંદીઓના મંડળ (કોલોનિયલ બૉર્ન ઇન્ડિયન્સ ઍસોસિયેશન)ની સ્થાપના પણ કરી.

**સપ્ટેમ્બર ૩:** નાતાલ વકીલ મંડળ (નાતાલ લૉ સોસાયટી)ના વિરોધ છતાં સર્વોચ્ચ અદાલતે નાતાલની અદાલતોમાં વકીલાત કરવાની પરવાનગી આપી.

અદાલતમાં પાઘડી ઉતારવાનું કહેવામાં આવતાં અદાલતના રિવાજ સાથે સંમત થવા માટે તથા "વધારે મોટી લડતો લડવા" માટે પોતાની શક્તિનો સંચય કરવા તેનું પાલન કર્યું.

**સપ્ટેમ્બર ૧૯:** દક્ષિણ આફ્રિકામાં ઘણુંખરું એમના પહેલા જ એવા ગોપી મહારાજના કેસમાં ઊભા રહ્યા અને જીત્યા. પણ વકીલાતની કારકિર્દીને જાહેર કાર્યથી ઊતરતે સ્થાને મૂકી દીધી.

**નવેમ્બર ૨૬:** ગૂઢવાદી ખ્રિસ્તી વિચારધારા (એસોટરિક ક્રિશ્ચિયાનિટી)નું સાહિત્ય વેચવાના એજન્ટ બનીને તેમાં એમનો રસ વધી રહ્યો છે એવું દર્શાવ્યું.

**ડિસેમ્બર (૧૯મી પહેલાં):** નાતાલની વિધાનસભાના સભ્યોને દસ્તાવેજી પુરાવા સાથેનો ખુલ્લો પત્ર મોકલ્યો.

**ડિસેમ્બર ૧૯:** નાતાલના યુરોપિયનો જોગ એવો એક વિનંતીપત્ર મોકલ્યો કે તેમણે હિંદી વસાહતીઓના પ્રશ્નો તરફ સહાનુભૂતિભર્યું વલણ રાખવું.

## ૧૮૯૫

**એપ્રિલ:** ડરબન નજીકના ટ્રૅપિસ્ટ મઠની મુલાકાત લીધી, જ્યાં આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી ચાલતા શાકાહારના રિવાજે એમને ખૂબ જ પ્રભાવિત કર્યા.

**એપ્રિલ ૬:** હિંદી તડ-જોડ (ઇન્ડિયન આરબિટ્રેશન)ના મામલામાં અસંતોષકારક ચુકાદા વિરુદ્ધ બ્રિટિશ હિંદી વેપારીઓની કમિટી મારફતે હાઈ કમિશનરને અરજી કરી.

**મે (૫મી પહેલાં):** હિંદી વસાહતી વિધેયકમાંની ગિરમીટની નવી શરતો કરવા બાબતની કલમો વિરુદ્ધ નાતાલ વિધાનસભાને અપીલ કરી

Gandhi Heritage Portal

**મે (૧૪મી બાદ):** પંચના ચુકાદામાં હિંદીઓના વેપારી અધિકારોને અદાલતોની દયા ઉપર છોડી દીધા હતા એ અન્યાય વિરુદ્ધ લૉર્ડ રિપનને ફરીથી અપીલ કરી.

**જૂન ૧૭:** ગિરમીટિયા મજૂર બાલાસુંદરમનો કોર્ટમાં બચાવ કર્યો અને તેને છોડાવ્યો. આ કેસને લઈને ગિરમીટિયા મજૂરો સાથે સંપર્કમાં આવ્યા.

**જૂન ૨૬:** વસાહતી વિધેયકમાંની ગિરમીટિયા મજૂરો ઉપર અસર કરતી કલમો વિરુદ્ધ વિધાન-પરિષદને અરજી કરી.

**ઑગસ્ટ ૧૧:** ગિરમીટ મુક્ત હિંદીઓ ઉપર ૩ પાઉંડની લાઈસન્સ ફી નાખવા સામે વિરોધ દર્શાવતી એક લાંબી અરજી ચેમ્બરલેનને મોકલી. લૉર્ડ એલ્જિનને આ કામમાં દરમિયાનગીરી કરવા અથવા વધુ હિંદી મજૂરોને લાવતાં રોકવા વિનંતી કરી.

**સપ્ટેમ્બર ૧૨:** ચેમ્બરલેને નાતાલ સરકારને એ વાતની જાણ કરી કે સમ્રાજ્ઞીની સરકારે મતાધિકાર વિધેયકને હાલના સ્વરૂપમાં મંજૂર કરવાની ના પાડી છે.

**સપ્ટેમ્બર ૨૫, ૩૦.:** ગાંધીજીએ અખબારોને લખીને એ વાતનો અસ્વીકાર કર્યો કે નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ એ એક ગુપ્ત સંસ્થા છે અથવા તે પોતે એના પગારદાર નોકર છે. પરંતુ એમણે એ વાતની જવાબદારી સ્વીકારી કે એના બંધારણનો ખરડો એમણે જ તૈયાર કર્યો હતો.

**ઑક્ટોબર ૨૨:** લોકોને ફરજિયાત લશ્કરી સેવામાંથી મુક્ત કરતી સૈનિક ભરતી સંધિમાં "બ્રિટિશ પ્રજા" શબ્દોનો અર્થ માત્ર તે ગોરાઓને જ લાગુ પડે છે એવો કરવા સામે વિરોધ દર્શાવતો તાર બ્રિટિશ હિંદી રક્ષા સમિતિ તથા જોહાનિસબર્ગના હિંદીઓએ ચેમ્બરલેનને મોકલ્યો.

**નવેમ્બર ૧૮:** નાતાલ સરકારે મતાધિકાર વિધેયકનો એક નવો જ ખરડો બ્રિટિશ સંસ્થાન મંત્રીને મોકલ્યો. એશિયાઈ કાનૂનના ટેકામાં યુરોપિયનોએ લેડીસ્મિથ, સેલિસબરી, બેલેર વગેરે જગ્યાએ સભાઓ ગોઠવી.

**નવેમ્બર ૨૬:** સૈનિક ભરતી સંધિમાં રહેલા ભેદભાવ સામે ગાંધીજીએ ચેમ્બરલેન ઉપર એક વિનંતીપત્ર મોકલ્યો.

**ડિસેમ્બર ૧૬:** धि इन्डियन फ्रेंचाईझ : एन अपील टु एवरी ब्रिटन इन साउथ आफ्रिका (હિંદી મતાધિકાર: દક્ષિણ આફ્રિકાના દરેક અંગ્રેજને એક અપીલ) એ પુસ્તિકા પ્રગટ કરી.

## ૧૮૯૬

**જાન્યુઆરી ૨૩:** નાતાલની અદાલતમાં ગુજરાતી દુભાષિયા તરીકે નિમાવા માટે ગાંધીજીએ અરજી કરી.

**જાન્યુઆરી ૨૭:** લંડનના ટાઇમ્સ પત્રે ગાંધીજીનો ઉલ્લેખ આ રીતે કર્યો: "દક્ષિણ આફ્રિકામાંના પોતાના હિંદી સાથી પ્રજાજનો માટેના તેમના પ્રયાસો તેમને આદરને પાત્ર બનાવે છે."

**ફેબ્રુઆરી ૨૬:** ઝૂલુલૅન્ડના ગવર્નરને કસબાનાં ગામોનાં નિયમનો વિરુદ્ધમાં અરજી મોકલી.

**માર્ચ ૩:** વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા મતાધિકાર વિધેયકનો નવો ખરડો નાતાલના સરકારી ગૅઝેટમાં બહાર પડ્યો.

**માર્ચ ૫:** કસબાનાં ગામોના નિયમનો વિરુદ્ધની અરજીને સરકારે નામંજૂર કરી દીધી.

Gandhi Heritage Portal

**માર્ચ ૧૧:** કસબાઓ અંગેનાં નિયમનો વિરુદ્ધ ગાંધીજીએ ચેમ્બરલેનને વિનંતીપત્રો મોકલ્યા.

**એપ્રિલ ૨૭:** પોતપોતાના દેશોમાં સંસદીય મતાધિકાર નહીં ધરાવતા લોકોને મતાધિકારથી વંચિત કરવા માટેનું એના સુધારેલા સ્વરૂપનું મતાધિકાર વિધેયક નાતાલ સંસદમાં રજૂ થયું. એ વિધેયકની વિરુદ્ધમાં પિટરમેરિત્સબર્ગની વિધાનસભામાં નાતાલના હિંદીઓએ અરજી કરી.

**મે ૬:** મતાધિકાર વિધેયક બીજા વાચનમાંથી પસાર થયું.

**મે ૭:** ગાંધીજીએ ચેમ્બરલેનને તથા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની બ્રિટિશ કમિટીને એવી મતલબના તાર કર્યા કે જ્યાં સુધી હિંદીઓનો વિનંતીપત્ર રજૂ નહીં થાય ત્યાં સધી મતાધિકાર વિધેયકને અથવા તેના ઉપરના કોઈ પણ સુધારાને મંજૂરી આપવામાં નહીં આવે.

**મે ૧૩:** વિધાનસભામાં મતાધિકાર વિધેયકનું ત્રીજું વાચન પૂરું થતાં તે પસાર થયું.

**મે ૨૬:** ડરબનની હિંદી કોમના પ્રતિનિધિઓએ, હિંદ જવા તૈયાર થયેલા ગાંધીજીને એવો અધિકાર આપ્યો કે "તેમણે હિંદમાં રાજ્યના સત્તાધારીઓ, લોકનેતાઓ અને જાહેર સંસ્થાઓને દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ જે હાડમારીઓ ભોગવી રહ્યા છે તે રજૂ કરવી."

**જૂન ૨:** નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ તરફથી માનપત્ર અપાયું.

**જૂન ૪:** કૉંગ્રેસ હૉલમાં મળેલી વિદાયસભામાં ગાંધીજીને ડરબનના હિંદીઓએ માનપત્ર આપ્યું.

**જૂન ૫:** ગાંધીજી હિંદ જવા રવાના.

Gandhi Heritage Portal

# દક્ષિણ આફ્રિકાના રાજ્યબંધારણનું માળખું

## (૧૮૯૦–૧૯૧૪)

### કેપ સંસ્થાન

૧૮૫૩ના રાજ્યબંધારણ ઑર્ડિનન્સ (કૉન્સ્ટિટ્યૂશન ઑર્ડિનન્સ) મુજબ કેપ સંસ્થાનના સરકારી તંત્રમાં કારોબારી અધિકાર ધરાવતા ગવર્નરની વ્યવસ્થા હતી. પણ તે વિધાનમંડળોને જવાબદાર નહોતા. આ વિધાનમંડળ વિધાનસભા અને વિધાનપરિષદ એવાં બે ચૂંટણીથી રચાયેલાં મંડળોનું બનેલું હતું. એમાંથી વિધાનપરિષદની ૧૮૭૨માં એવા ધોરણે પુનર્રચના કરવામાં આવી કે સંસ્થાનના સાત વિભાગ પાડી તે દરેકમાંથી અમુક સભ્યોને પ્રતિનિધિત્વ અપાયું. ધારામંડળો ઘણુંખરું કૅનેડા અને ઑસ્ટ્રેલિયામાં છે તેમ સંસ્થાનિક ધોરણે રચાયાં. પણ તેમને સ્થાનિક જરૂરિયાતોને અનુકૂળ બનાવાયાં હતાં.

વિધાનપરિષદ માટેનો મતાધિકાર ઊંચી એવી મિલકતની લાયકાતને આધારે હોઈ સંખ્યામાં નીચો હતો. ૧૮૯૨ના મતાધિકાર અને બૅલટ કાનૂનમાં એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે મતદાર પાસે ૫૦ પાઉંડની વાર્ષિક આવક અથવા ૭૫ પાઉંડની કિંમતની સ્થાવર મિલકત હોવી જોઈએ. એમાં લેખિત કસોટીની પણ જોગવાઈ કરવામાં આવી હતી. જોકે આ નિયમ સૌને સમાન રીતે લાગુ પડતો હતો છતાં, વ્યવહારમાં બિનગોરા મતદારોની સંખ્યા ઉપર તેનાથી કાપ મુકાતો હતો. ગોરા મતદારોની સંખ્યા એ સંખ્યાથી પ્રમાણમાં ઘણી જ વધી જતી હતી.

આ બંધારણ ઉદારમતવાદી અને સાંસ્થાનિક સ્વરૂપનું હતું. એનાથી બ્રિટિશ હકૂમતની મંજૂરી મેળવવાની શરતે ઘરઆંગણેની નીતિ બાબતમાં અધિકાર રહેતો હતો. ખરું પુછાવો તો એ ૧૯૧૦ સુધી અમલમાં રહ્યું. ત્યાર પછી કેપ સંસ્થાન સંઘ રાજ્યનો એક પ્રાંત બની ગયું.

૧૮૯૪ના ગ્લેન-ગ્રે કાનૂન વડે ગ્રામ અને જિલ્લા પરિષદો મારફતે દેશી લોકો માટે અમુક પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ દાખલ કરવામાં આવ્યું. આ દરેક પરિષદ મોટી પરિષદના ચોકઠામાં રહીને અધ્યક્ષ તરીકે એક યુરોપિયન મૅજિસ્ટ્રેટ તેમ જ ચાર ચૂંટાયેલા અને બે નિયુક્ત મળી છ સભ્યોની બનેલી છે. મોટી પરિષદમાં દરેક જિલ્લા પરિષદના ત્રણ આફ્રિકન પ્રતિનિધિઓ હતા તેમાંના એક નિયુક્ત અને બે ચૂંટાયેલા હતા. મોટી પરિષદ જેને સ્વશાસનના ઘણા અધિકારો મળેલા હતા તે મોટે ભાગે પોતાની આવક વેઠ-મુક્તિ કર અને ઝૂંપડા વેરામાંથી મેળવતી. જિલ્લા પરિષદોને કર ઉઘરાવવાના કોઈ મૂળ અધિકારો મળેલા નહોતા. ૧૮૯૯–૧૯૦૩ની સાલ દરમિયાન ગ્લેન-ગ્રે કાનૂનને સંસ્થાનના કેન્ટની અને બીજા જિલ્લાઓને લાગુ કરવામાં આવ્યો.

૧૯૦૯ના જે દક્ષિણ આફ્રિકા કાનૂન મુજબ દક્ષિણ આફ્રિકા સંઘરાજ્યનું નિર્માણ થયું તેની મારફતે કેપ સંસ્થાનના "રંગ-નિરપેક્ષ" મતાધિકારને એવો ચોકસ નિયમ બનાવીને સુરક્ષિત કરવામાં આવ્યો હતો કે માત્ર રંગ અથવા જાતિના પાયા ઉપર કેપ સંસ્થાનના લોકો મતના અધિકારને ઘટાડવાના વલણવાળો કોઈ પણ કાનૂન માત્ર તો જ બનાવી શકે જો તેને સંઘરાજ્યની સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં બેતૃતીયાંશ બહુમતીથી સ્વીકારવામાં આવ્યો હોય.

૧૯૦૧ સુધી જે કેપટાઉન બ્રિટિશ હાઈ કમિશનરનું થાણું હતું, અને ૧૯૧૦માં જ્યારે અસરકારક સત્તા દક્ષિણ આફ્રિકાના મંત્રીમંડળના હાથમાં આવી ત્યાં સુધી આ બ્રિટિશ

Gandhi Heritage Portal

હાઈ કમિશનરની આજુબાજુ જ દક્ષિણ આફ્રિકાનું રાજકારણ કેન્દ્રિત થયેલું હતું, તે કેપટાઉન હવે સંઘરાજ્યની સંસદની બેઠકનું સ્થળ બની ગયું.

### નાતાલ


નાતાલે ૧૮૯૩માં જવાબદાર રાજ્યતંત્રનો અધિકાર મેળવ્યો. વિધાનપરિષદે પસાર કરેલા અને બ્રિટિશ શાહી સરકારે મંજૂર કરેલા વિધેયકમાં જે બે ગૃહોવાળાં વિધાનમંડળની જોગવાઈ કરવામાં આવી હતી તે છે: દસ વર્ષ માટે નિમાયેલા ૧૧ નિયુક્ત સભ્યોવાળી વિધાનપરિષદ અને ૩૭ ચૂંટાયેલા સભ્યોની ચાર વર્ષની મુદત માટેની વિધાનસભા. ગવર્નર અને મંત્રીમંડળ મળીને રાજ્યની કારોબારી બનતી હતી. મતાધિકારના પ્રશ્ન અંગે જોઈએ તો, ૧૮૯૬માં મતાધિકાર હરણ કાનૂન (ડિસએન્ફ્રેંચાઈઝમેન્ટ ઍક્ટ) જેની એશિયાઈઓ ઉપર અસર થતી હતી તે અને વસાહતી કાનૂન (ઇમિગ્રેશન ઍક્ટ) જેનાથી સંસ્થાનમાં સ્વતંત્ર હિંદીઓના પ્રવેશ ઉપર લગભગ પ્રતિબંધ મુકાઈ જતો હતો તે બંને પસાર કરાવવાની જવાબદારી નાતાલના પ્રથમ મુખ્યમંત્રી સર જૉન રૉબિન્સનની હતી. ૧૯૦૬માં કેટલાક દેશી લોકોને ફાંસીએ ચઢાવવાના નાતાલની સરકારના હુકમને જ્યારે બ્રિટિશ સરકારે સ્થગિત કર્યો ત્યારે બંધારણીય કટોકટી ઊભી થઈ. આના વિરોધમાં નાતાલ સરકારે રાજીનામું આપી દીધું, પણ જ્યારે સંસ્થાનોના મંત્રીએ એવી ખાતરી આપી કે સમ્રાજ્ઞીની સરકારનો હેતુ એક જવાબદાર સાંસ્થાનિક શાસનમાં દખલ કરવાનો નથી ત્યારે પાછળથી તેણે કારભાર હાથમાં લીધો.

### ધિ ઑરેન્જ રીવર સંસ્થાન


સન ૧૮૯૦ સુધી ઑરેન્જ રીવર સંસ્થાને પોતાનો રાજ્યકારભાર રસ્ટૅનબર્ગ ગ્રોન્ડવેટ અથવા ૧૮૫૮–'૬૦ના બંધારણના પાયા ઉપર કર્યો. એમાં એક ચૂંટાયેલા પ્રમુખ અને એક કારોબારી કાઉન્સિલની જોગવાઈ કરવામાં આવી હતી. આ કારોબારી કાઉન્સિલના થોડા સભ્યો પ્રમુખે અને થોડા પુખ્ત ઉંમરના નાગરિકોના મતથી ચૂંટાયેલી લોકસભાએ નિયુક્ત કરેલા હોય છે. લશ્કરનો સરસેનાપતિ કાઉન્સિલનો મહત્ત્વનો સભ્ય હતો. લોકોની સાર્વભૌમ સત્તાને પ્રસ્થાપિત કરનારા બંધારણમાં એવી ઘોષણા કરવામાં આવી હતી કે તેઓ ધર્મ અંગે કે રાજ્ય કારોબાર અંગે બિનગોરા અને ગોરા લોકો વચ્ચે સમાનતા રહે એવું ઇચ્છતા નહોતા. બ્લૂમફોન્ટીનની સંધિએ ૧૮૯૭માં અને તે પછીનાં બે વર્ષ દરમિયાન ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર સંસ્થાન વચ્ચે વધારે નિકટના સંબંધો ઊભા કર્યા. બંને દેશોના પ્રતિનિધિઓની બનેલી સંયુક્ત કાઉન્સિલ બ્લૂમફોન્ટીન અને પ્રિટોરિયામાં મળતી, અને સંઘરાજ્યનો આદર્શ નજર સમક્ષ રહે એ રીતે એમાં કેળવણી, ન્યાયતંત્ર, દેશી વસ્તીની વ્યવસ્થા વગેરે બાબતોમાં વધારે એકરૂપતા લાવવાની જોગવાઈ કરવામાં આવી.

બોઅરયુદ્ધ ખતમ થતાં, જ્યારે સંસ્થાન બ્રિટિશ હકૂમત નીચે આવ્યું ત્યારે તેનો કબજો લશ્કરી શાસને લીધો પણ વીરીનીઝીંગની સંધિથી એનો અંત આવ્યો. આ સંધિથી ૧૯૦૨માં લેફ્ટનન્ટ ગવર્નર અને મુખ્ય અમલદારોની એક કારોબારી કાઉન્સિલ રચવામાં આવી. ૧૯૦૩માં સ્થાનિક હિતોનું પ્રતિનિધિત્વ ધરાવતા નિયુક્ત થયેલા બિનસરકારી સભ્યોની લઘુમતીવાળી વિધાનપરિષદની રચના કરવામાં આવી. પાછળથી એક આંતર-સાંસ્થાનિક કાઉન્સિલની રચના કરવામાં આવી, જેનો ઉદ્દેશ બંને પ્રજાસત્તાક રાજ્યોનાં સામાન્ય હિતોની બાબતોનો વહીવટ કરવાનો હતો. એના ઉપર ૧૪ સરકારી અને ૪ નિયુક્ત થયેલા બિનસરકારી સભ્યો રાખવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal




Gandhi Heritage Portal




Gandhi Heritage Portal

છેક ૧૯૦૭માં આ સંસ્થાનને સ્વરાજ ભોગવતા સંસ્થાનનો દરજ્જો પ્રાપ્ત થયો. એના બંધારણમાં અને જૂના પ્રજાસત્તાકનું ખાસ લક્ષણ એવા સખત રંગભેદ સામે ગોરા પુરુષોના મતાધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો. બીજું એ પણ ઠરાવવામાં આવ્યું કે બીજું ધારાગૃહ એટલે વિધાન-પરિષદ નિયુક્ત કરેલી હોય અને તેના ઉપરની નિમણૂકો શરૂમાં ગવર્નર કરે અને પાછળથી કાઉન્સિલ સમેત ગવર્નર કરે.

## ટ્રાન્સવાલ

ટ્રાન્સવાલે એક નિયુક્ત કરેલી કારોબારી કાઉન્સિલ અને એક વિધાનસભાવાળું જે તાજ નીચેના સંસ્થાનનું બંધારણ ૧૮૭૯માં મેળવ્યું હતું તેને પ્રિટોરિયાના કરાર વડે સુધારવામાં આવ્યું. એ કરાર નીચે બ્રિટિશ સાર્વભૌમ સત્તા માન્ય રાખવાની શરતે સંપૂર્ણ સ્વરાજના દરજ્જાની બાંયધરી આપવામાં આવી હતી. લંડન કરારમાં પહેલાંના આ કરારનો પ્રાસ્તાવિક ભાગ દૂર કરવામાં આવતાં આ સુધારો નકામો બની ગયો. ૧૮૯૭માં ટ્રાન્સવાલ ઑરેન્જ રીવર સંસ્થાન સાથે સમાન હિતોની બાબતમાં સલાહ આપવા માટેની એક કાયમી કાઉન્સિલની સ્થાપના કરવામાં જોડાયું.

સન ૧૯૦૦માં બ્રિટિશોએ ટ્રાન્સવાલની સત્તા પોતાના હાથ પર લેતાં મિલનરને ત્યાંના વહીવટદાર (એડમિનિસ્ટ્રેટર) તરીકે નીમ્યા. જૂની કાનૂનપોથીમાં પાયાના ફેરફારો કરવામાં આવ્યા અને સૉલોમન કમિશનની ભલામણથી કેપ સંસ્થાનમાંના કાનૂનોની ઢબે રાજ તરફથી ઢંઢેરા મારફતે સંખ્યાબંધ કાનૂનો બનાવવામાં આવ્યા. ૧૯૦૧માં જોહાનિસબર્ગને મ્યુનિસિપલ શાસન આપવામાં આવ્યું અને બીજે વર્ષે પ્રિટોરિયાને પણ આપવામાં આવ્યું. વીરીનીઝીંગની સંધિમાં તાજ નીચેના સંસ્થાનનો દરજ્જો આપવાની અને ધીમે ધીમે એ દરજ્જાને જવાબદાર શાસન સુધી પહોંચાડવાની જોગવાઈ કરવામાં આવી હતી. ૧૯૦૨માં ટ્રાન્સવાલને કારોબારી કાઉન્સિલ અને વિધાનપરિષદ મળી. આ બંને નિયુક્ત થયેલા સભ્યોની છે, અને, એક લેફ્ટનન્ટ ગવર્નર સાથે ખાતાંઓના કાર્યપાલક ઉપરીઓની બનેલી છે. ૧૯૦૩માં વિધાનપરિષદ અને એ જ વર્ષમાં થોડા સમય બાદ આંતર-સાંસ્થાનિક કાઉન્સિલ રચવામાં આવી. ૧૯૦૫માં લિટલટન-બંધારણનો અમલ કરવામાં આવ્યો, જેમાં ગવર્નરને જવાબદાર એવા અમલદારોના હાથમાં અધિકાર રહે એવી ચૂંટાયેલી વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે. આ વિધાનસભા ૪૪ સભ્યોની બની હતી. એમાં બ્રિટિશ સરકારે નીમેલા કાર્યપાલક અમલદારો સિવાયના બધા સભ્યો ચૂંટાયેલા હતા.

૧૯૦૬માં શાહી ફરમાનથી લિટલટન બંધારણ રદ કરવામાં આવ્યું અને સંસ્થાનને સ્વ-શાસનનો અધિકાર મળ્યો. ટ્રાન્સવાલે જૂના પ્રજાસત્તાકની ઢબનો ગોરાઓ માટેનો પુખ્ત ઉંમરના પુરુષોનો મતાધિકાર દાખલ કર્યો પણ બિનગોરાઓને કાનૂન મુજબના અધિકારો આપ્યા. પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ સ્થાપવામાં આવી અને તેની મારફતે જ્યાં સુધી ગોરાઓની મોટી બહુમતીના શાસનની પાકી ખાતરી ન થઈ ત્યાં સુધી દેશી લોકોને મતાધિકાર આપવાનું મુલતવી રાખવામાં આવ્યું. બીજું ધારાગૃહ અથવા વિધાનપરિષદને ઑરેન્જ રીવર સંસ્થાનમાં છે તે મુજબની નિયુક્ત સંસ્થા બનાવવામાં આવી. ૧૯૦૮ની સામાન્ય ચૂંટણી બાદ સરકારે સંખ્યાબંધ પ્રતિબંધ મૂકનારા કાનૂનો બનાવ્યા.

## સંઘરાજ્ય

૧૯૧૦માં દક્ષિણ આફ્રિકાનાં ચારે રાજ્યોને દક્ષિણ આફ્રિકાના સંઘરાજ્યમાં ફેરવી નાખ-વામાં આવ્યાં. સંઘરાજ્યના તંત્રમાં કાઉન્સિલ સમેત ગવર્નર જનરલ અને એની મદદ માટે

Gandhi Heritage Portal

અમુક સંખ્યામાં કારોબારી કાઉન્સિલના સભ્યો અને રાજ્યનાં ખાતાંઓના મંત્રીઓ હતા, જેમની સંખ્યા દસથી વધવી ન જોઈએ.

સંઘરાજ્ય ઉપર સાર્વભૌમ સત્તા ધરાવતી સંઘસંસદ, સમ્રાટ અને સંઘરાજ્યનાં ધારાગૃહો એટલે સૅનેટ અને લોકસભાની બનેલી છે. નાણાકીય બાબતો બાદ કરતાં બંને ગૃહોને કાનૂન બનાવવાના સરખા હકો છે. બધાં જ વિધેયકો બંને ગૃહોમાંથી પસાર કરવાનાં હોય છે અને કોઈ પણ ઝઘડાનો ઉકેલ સંયુક્ત બેઠકે કરવાનો હોય છે. સંસદને પોતાનું બંધારણ (દક્ષિણ આફ્રિકા કાનૂન) બદલવાનો અધિકાર છે. એમાં અપવાદ ત્રણ અલગ રખાયેલી કલમોનો છે જેને બંને ગૃહોની સંયુક્ત બેઠકની બેતૃતીયાંશ બહુમતી જ માત્ર ફેરવી શકે. આ કલમોના વિષયો છે (૧) અંગ્રેજી અને ડચને સત્તાવાર ભાષાઓ તરીકે માન્યતા આપવી. (૨) મતાધિકારમાં કોઈ પણ એવો ફેરફાર જે જાતિ અને રંગને કારણે કેપ પ્રાંતના લોકોના મતના અધિકારોમાં ઘટાડો કરે. અને (૩) બંને ગૃહોની સાધારણ કાર્યવાહીથી બંધારણ સુધારવાની સંસદને સત્તા આપવાની બાબત, એમાં બીજી બે કલમો અને ખુદ આ કલમની બાબતોને અપવાદ તરીકે ગણવી.

લોકસભા જે સીધા જનતાના મતથી પાંચ વર્ષ માટે ચૂંટાય છે તેમાં ૧૫૯ બેઠકો હતી. અને તે બધી યુરોપિયનો માટે હતી. એમાંના ૧૫૦ લોકોને ચારે પ્રાંતોમાંના મતદારો, ૬ને દક્ષિણ પશ્ચિમ આફ્રિકાના યુરોપિયન મતદારો અને ૩ને કેપ સંસ્થાનમાંના આફ્રિકન મતદારો ચૂંટતા હતા. મતદાતાઓમાં (૧) ૨૧ વર્ષ ઉપરની ઉંમરના યુરોપિયનો હતા. વસાહતીઓ છ વર્ષના વસવાટ બાદ અને બ્રિટિશ પ્રજાજનો પાંચ વર્ષના વસવાટ બાદ નાગરિક હક માટે અરજી કરી શકતા હતા. આ વાત ગૃહમંત્રીના પોતાના ખાસ અધિકારની હતી. કેપ અને નાતાલ સંસ્થાનોમાંના અક્ષરજ્ઞાન ધરાવતા બિનગોરા પુરુષો અને જેઓ વર્ષે ૭૫ પાઉંડ કમાતા હોય અથવા ૫૦ પાઉંડની સ્થાવર મિલકત ધરાવતા હોય તેમને મત આપવાનો અધિકાર હતો; અને માત્ર કેપ સંસ્થાનમાં અક્ષરજ્ઞાન ધરાવતા આફ્રિકન પુરુષો જેઓ કાં તો વર્ષે ૭૫ પાઉંડ કમાતા હોય અથવા ૫૦ પાઉંડની સ્થાવર મિલકત ધરાવતા હોય તેમને ત્રણ સભ્યો ચૂંટવા માટે જુદી મતયાદી ઉપર નોંધાવાનો હક હતો. મતદારમંડળોમાં મતદારોની સંખ્યા એકસરખી રખાઈ હતી. વધઘટ માટે નક્કી સંખ્યાના ૧૫ ટકા ઓછા અથવા વધારેનો ગાળો રાખવામાં આવ્યો હતો.

સૅનેટ અથવા રાજ્સભાની મુદત ૧૦ વર્ષની હતી. અને તે ૪૮ જેટલા બધા જ મિલકત ધરાવતા યુરોપિયન સભ્યોની બનેલી હતી. એમાં દરેક પ્રાંતમાંથી ૮ની ચૂંટણી તે પ્રાંતના સંસદ-સભ્યો અને પ્રાંતીય પરિષદ તથા ૨ની ચૂંટણી દક્ષિણ પશ્ચિમ આફ્રિકાના સંસદસભ્યો તથા વિધાનસભા કરતી હતી; ૧૦ની નિમણૂક સરકાર કરતી અને ૪ની ચૂંટણી પાંચ વર્ષ માટે સંઘ-રાજ્યના આફ્રિકનો, એમના મુખિયાઓ, દેશીઓની કાઉન્સિલો અને દેશીઓનાં સલાહકાર મંડળો મારફતે આડકતરી ચૂંટણીથી કરતા.

### પ્રાંતીય સરકારો

પ્રાંતીય સરકારોમાં (૧) એક શાસનાધિકારી (એડમિનિસ્ટ્રેટર) જેની નિમણૂક પાંચ વર્ષ માટે સંઘરાજ્ય સરકાર કરતી હતી. અને તેને સંસદને જાણ કરીને કાઉન્સિલ સમેત માત્ર ગવર્નર જનરલ જ કાઢી મૂકી શકતા હતા; (૨) ચાર જણની કારોબારી કમિટી જે ત્રણ વર્ષ માટે પ્રાંતીય કાઉન્સિલોના સભ્યો મારફતે પ્રમાણસરના મતદાનથી ચૂંટાતી હતી; અને (૩) પ્રાંતીય પરિષદો

Gandhi Heritage Portal

જે સંઘ લોકસભાના જેવા જ મતાધિકારથી ચૂંટવામાં આવતી હતી અને એની મુદત ત્રણ વર્ષની હતી.

શાસનાધિકારીને બે જાતની ફરજ બજાવવાની હતી. કારોબારી કમિટીના પ્રમુખ તરીકે તે એની કાર્યવાહીમાં ભાગ લેતા હતા. તે નાણાકીય ફાળવણીની ભલામણ કરી શકતા પરંતુ તેના ઉપર મતદાન નહોતા કરતા. સંઘસરકારના પ્રતિનિધિ તરીકે તેઓ પ્રાંતીય કાઉન્સિલોના કાર્યક્ષેત્રની બહારની બાબતોનો વહીવટ કરતા.

કારોબારી કમિટીઓને બાકી રહી ગયેલા અધિકારો આપવામાં આવ્યા હતા. પ્રાંતીય કાઉન્સિલોમાં વિધાનગૃહોનાં બધાં જ લક્ષણોનો સમાવેશ થતો હતો. એમાં કાઉન્સિલ સમેત ગવર્નર જનરલની મંજૂરીની અપેક્ષાએ, સંસદના કાનૂનોનો વિરોધી નહીં હોય એવો, ચોક્કસ બાબતો અંગે ઑર્ડિનન્સ કાઢવાનો પણ સમાવેશ થતો હતો. એમના અધિકારની બાબતોમાં કેળવણી (ઉચ્ચ સિવાયની) હૉસ્પિટલો, મ્યુનિસિપલ સંસ્થાઓ, અને રેલવે સિવાયનાં સ્થાનિક બાંધકામોનો સમાવેશ થતો હતો. સંસદીય (પાર્લમેન્ટરી) અને મ્યુનિસિપલ સંસ્થાઓનું આ અદ્વિતીય સંયોજન એ સંઘસરકારની સત્તાને નબળી પાડયા સિવાય જૂથ રાજ્યની ભાવનાને અપાયેલી છૂટછાટ છે. સંઘરાજ્યની સંસદના હાથમાં ચાહે તે ફેરફાર કરવાની સત્તા હતી.

દક્ષિણ આફ્રિકાની સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ)નો અપીલેટ વિભાગ બ્લૂમફોન્ટીનમાં હતો અને તેને શાખાઓ તરીકે પ્રાંતીય વિભાગો હતા. સર્વોચ્ચ અદાલતને પ્રાંતીય ઑર્ડિનન્સોનું કાયદેસરપણું નક્કી કરવાની સત્તા હતી.

પ્રાંતીય ખર્ચના ૪૦ ટકા જેટલી આવક પ્રાંતીય કરોમાંથી મેળવી શકાતી હતી. બાકીની રકમ કેન્દ્રીય આવકમાંથી મદદરૂપે અપાતી હતી. પ્રાંતો વચ્ચેના નાણાકીય સંબંધનું નિયમન ૧૯૧૩ના નાણાંકીય સંબંધ કાનૂન (ફાઈનાન્સિયલ રિલેશન્સ ઍકટ) વડે થતું હતું.

Gandhi Heritage Portal

# દક્ષિણ આફ્રિકાનું ટૂંકું વૃત્તાંત

આ વૃત્તાંતનો હેતુ બનાવોનું પૂરેપૂરું બયાન આપવાનો નથી. એમાં માત્ર એટલી જ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે વાચકને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા સમજવામાં તથા કાંઈક અંશે દક્ષિણ આફ્રિકામાંના ગાંધીજીના જીવન અને તેમની પ્રવૃત્તિઓ દરમિયાન જે બળો કામ કરી રહ્યાં હતાં તે સમજવામાં મદદરૂપ થઈ પડે એમ છે.

૧૭૯૫ બ્રિટિશ ફોજોએ ડચ લોકો જોડે સમાધાન કરીને કેપ સંસ્થાન પર કબજો કર્યો. આમ કરવાનું કારણ એ હતું કે હિંદ જવાના માર્ગ ઉપર કેપનું સ્થાન પેચીદું હતું. એ સમયે ત્યાં ગોરા રહેવાસીઓની સંખ્યા ૧૬,૦૦૦ જેટલી હતી.

૧૮૦૨ બ્રિટને આમીન્સની સંધિની રૂએ કેપ સંસ્થાન ડચ પ્રજાસત્તાક સરકારને પાછું આપ્યું.

૧૮૦૬ બ્રિટને કેપ સંસ્થાન ફરીથી જીતી લીધું.

૧૮૧૫ વિયેનાની કૉંગ્રેસે કેપ સંસ્થાન બ્રિટનને આપી દેવાની વાતને મંજૂર રાખી.

૧૮૨૦ બ્રિટિશ વસાહતીઓનો પહેલો જથો કેપ સંસ્થાનના દરિયાકિનારે ઊતર્યો.

૧૮૨૩ કેપના મામલાની તપાસ માટે તપાસ કમિશન નિમાયું.

૧૮૩૪ કેપ સંસ્થાનમાં વિધાનપરિષદની સ્થાપના અને લોકમતથી ચૂંટાયેલી મ્યુનિસિપલ કમિટીઓનો આરંભ. ગુલામી નાબૂદ થઈ.

૧૮૩૬ મહાન કૂચ શરૂ થઈ.

૧૮૩૮ નાતાલમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ.

૧૮૪૧ કેપ સંસ્થાનના નાગરિકોએ વિધાનસભા માટે અરજી કરી.

૧૮૪૩ બ્રિટિશોએ કેપ સંસ્થાન સાથે નાતાલને જોડી દીધું.

૧૮૪૫ નાતાલ જે આજ સુધી કેપ સંસ્થાનના ગવર્નર અને વિધાનપરિષદના અધિકાર નીચે હતું તેમાં ન્યાયતંત્રની શરૂઆત કરવામાં આવી.

૧૮૪૬ કેપ સંસ્થાનના ગવર્નરની હાઈ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી.

૧૮૪૭ નાતાલના શહેરી વિસ્તારોમાં ચૂંટાયેલાં મ્યુનિસિપલ બોર્ડની જોગવાઈ કરવામાં આવી.

૧૮૪૮ નાતાલને નિયુક્ત વિધાનપરિષદ આપવામાં આવી. ફ્રી સ્ટેટે ઑરેન્જ રીવર સંસ્થાનની સાર્વભૌમ સત્તાની ઘોષણા કરી.

૧૮૫૨ સૅંડ રીવર સંમેલને ટ્રાન્સવાલમાં બોઅરોની સ્વતંત્રતા માન્ય કરી.

૧૮૫૩ કેપ સંસ્થાન બંધારણ ઑર્ડિનન્સ લાગુ પાડવામાં આવ્યો.

૧૮૫૪ બ્લૂમફોન્ટીન સંમેલન બાદ ઑરેન્જ ફ્રી સ્ટેટ અને ટ્રાન્સવાલ સ્વતંત્ર થયાં. ડરબન અને પિટરમેરિત્સબર્ગની મ્યુનિસિપાલિટીઓની સ્થાપના થઈ.

૧૮૫૫ કેદી મજૂરો લાવવા માટે નાતાલે સમ્રાજ્ઞીને કરેલી અરજી સફળ નહીં નીવડી.

૧૮૫૬ નાતાલને તાજના સંસ્થાનના દરજ્જા સાથે પ્રતિનિધિત્વવાળું શાસન અને સંસદીય મતાધિકાર આપવામાં આવ્યાં તથા ચૂંટાયેલી બહુમતીવાળી વિધાનપરિષદ પણ અપાઈ. મિલકતની ઊંચી લાયકાતને કારણે દેશી લોકો મતથી વંચિત રહ્યા.

૧૮૫૭ નાતાલની સર્વોચ્ચ અદાલતની પુનર્રચના કરવામાં આવી અને તહોમત મૂકી શકાય

Gandhi Heritage Portal

એવા ગુનાઓમાં જ્યુરીથી કેસ ચલાવવાની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી. વિધાન-પરિષદની બેઠક પિટરમેરિત્સબર્ગમાં પહેલવહેલી ભરાઈ.

૧૮૫૮ એમેટોંગા જાતિના આદિવાસીઓને મજૂર બનાવવાનો નાતાલનો પ્રયાસ નિષ્ફળ ગયો. જાવામાંથી ચીની અને મલાઈ મજૂરોને લાવવામાં આવ્યા. હિંદી સરકારને આ બાબતમાં કરેલી વિનંતી સફળ નીવડી.

૧૮૫૯ નાતાલની વિધાનપરિષદે હિંદી મજૂરોને લાવવાનો કાયદો પસાર કર્યો.

૧૮૬૦ નાતાલના શેરડીના બગીચાઓ પર કામ કરવા માટેનો મદ્રાસના હિંદી ગિરમીટિયા મજૂરોનો પહેલો જથ્થો દક્ષિણ આફ્રિકાની ભૂમિ ઉપર પ્રથમ વાર આવ્યો.

૧૮૬૬ નાતાલમાં હિંદી ગિરમીટિયા મજૂરોનો આંકડો ૫,૦૦૦ સુધી પહોંચ્યો.

૧૮૬૮ બસુટોલૅન્ડને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દેવાયું.

૧૮૬૯ ફ્રી સ્ટેટમાં હીરાની ખાણો મળી આવી.

૧૮૭૦ કિંબરલીમાં હીરા મળી આવ્યા.

નાતાલમાં ગિરમીટમુક્ત મજૂરોને જમીન અપાવવાની પરવાનગી આપતો ૧૮૭૦નો બીજો કાનૂન પસાર થયો.

બસુટોલૅન્ડને સામ્રાજ્ય સરકાર અને ફ્રી સ્ટેટ વચ્ચે વહેંચી લેવામાં આવ્યું.

૧૮૭૨ કેપ સંસ્થાનમાં સંપૂર્ણ જવાબદાર શાસનની સ્થાપના કરવામાં આવી.

૧૮૭૬ દેશીઓના મામલા અંગેના કમિશને દેશી લોકો ઉપર કારોબારી તંત્રને વધારે મોટી સત્તા આપી. પ્રિટોરિયા શહેરનો પાયો નંખાયો. રેલવેના બાંધકામ અને ગોદીની મરામત માટે હિંદી મજૂરોને લાવવાનું જારી કરવામાં આવ્યું.

૧૮૭૭ ટ્રાન્સવાલને બ્રિટિશ સામ્રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યું.

૧૮૭૮ ટ્રાન્સવાલનું બ્રિટિશ સામ્રાજ્ય જોડેનું જોડાણ પાછું ખેંચાવી લેવા માટે ક્રૂગર ઇંગ્લંડ જવા રવાના થયા.

૧૮૭૯ ટ્રાન્સવાલને નિયુક્ત કરેલી કારોબારી કાઉન્સિલ અને વિધાનસભા સાથેનો બ્રિટિશ તાજના સંસ્થાનનો દરજ્જો આપવામાં આવ્યો. "પોતાના જ ધ્વજ નીચે સંયુક્ત દક્ષિણ આફ્રિકા"નું નિર્માણ કરવાના ઉદ્દેશથી આફ્રિકન્ડર બોન્ડ સંસ્થા સ્થાપવામાં આવી.

૧૮૮૦–૧ ટ્રાન્સવાલની સ્વતંત્રતાની લડાઈ અથવા બોઅરયુદ્ધ.

૧૮૮૧ પ્રિટોરિયા કરારે ટ્રાન્સવાલને 'સમ્રાજ્ઞીની સરકાર'ની સાર્વભૌમ સત્તા નીચે સંપૂર્ણ સ્વતંત્રતાની બાંયધરી આપી.

નાતાલતાના હિંદી વેપારીઓએ ટ્રાન્સવાલમાં પ્રવેશ કર્યો.

૧૮૮૨ ટ્રાન્સવાલમાં અલગ વસ્તીનું (લોકેશન્સ) કમિશન નીમવામાં આવ્યું.

દેશી વસ્તીને લોકેશનોમાં ખસેડવાની વાત માન્ય કરવામાં આવી. પણ એનો અમલ નહીં થયો.

૧૮૮૩ ટ્રાન્સવાલમાંના ચૂંટાયેલા પ્રમુખ, ક્રૂગરે, પ્રિટોરિયા કરારમાં સુધારો મંજૂર કરાવવા માટે લંડનની મુલાકાત લીધી.

૧૮૮૪ બ્રિટન અને દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક વચ્ચેના લંડન કરારે દેશીઓ સિવાયના બધાને માટે પ્રજાસત્તાકમાં પ્રવેશ, મુસાફરી અને વસવાટની છૂટ, વેપારની સ્વતંત્રતા

Gandhi Heritage Portal

અને નાગરિકો ઉપર નહીં લદાતા હોય એવા કરોમાંથી મુક્તિ મેળવી આપી.
હૉફમેયર, ૩૨ સભ્યોના આફ્રિકન્ડર પક્ષના નેતા તરીકે સંસદમાં ચૂંટાઈ આવ્યા;
નાતાલની વિધાનપરિષદે, સંસ્થાનની એશિયાઈ વસ્તીને અસરકારક નિયંત્રણમાં લાવવાને માટે સૌથી સારો પ્રબંધ કરવા માટે એક કમિશન નીમવાનું નક્કી કર્યું.
ટ્રાન્સવાલમાં નિયંત્રણ મૂકનારા કાનૂનો બનાવવા માટેની પ્રજાવર્ગની માગણીને સમ્રાજ્ઞીની સરકાર આગળ રજૂ કરવામાં આવી.

૧૮૮૫ એશિયાઈઓને લોકેશનોમાં અલગ રાખવાની યુરોપિયનોની માગણી ધ્યાનમાં લઈને, ટ્રાન્સવાલમાં એશિયાઈ હકોને નિયંત્રિત કરતો ૧૮૮૫નો ત્રીજો કાનૂન સમ્રાજ્ઞી સરકારની સંમતિથી બનાવવામાં આવ્યો. જસ્ટીસ રેંગની અધ્યક્ષતામાં નાતાલ સરકારે હિંદી વસાહતી કમિશનની નિમણૂક કરી. કમિશનની તપાસને પરિણામે એવું બહાર આવ્યું કે સંસ્થાનમાંના મોટા ભાગના યુરોપિયનોનો અભિપ્રાય એ વાતની વિરુદ્ધ હતો કે "સ્વતંત્ર હિંદીઓ ખેતીના અથવા વેપારના ધંધામાં હરીફ અથવા સમોવડિયા તરીકે મોજૂદ રહે."
બિચુઆનાલૅન્ડ બ્રિટિશ સંરક્ષિત રાજ્ય જાહેર થયું અને દક્ષિણના પ્રદેશમાંથી સમ્રાજ્ઞી શાસિત સંસ્થાન રચવામાં આવ્યું.

૧૮૮૬ બિચુઆનાલૅન્ડનો થોડો ભાગ કેપ સંસ્થાન સાથે જોડી દેવામાં આવ્યો.
ટ્રાન્સવાલમાં સોનાની ખાણો મળી આવી.
હિંદીઓ સામેના નાતાલના યુરોપિયનોના આક્ષેપોની તપાસ કરવા એક કમિશન નીમવામાં આવ્યું.
બ્રિટિશ સરકારે એવી ઘોષણા કરી કે ૧૮૮૫ના ત્રીજા કાનૂનમાં ગર્ભિત રહેલી એશિયાઈ વિરોધી ધારાઓનો વિરોધ કરવાનો તેમનો ઈરાદો નથી, પરંતુ તે વેપારના હેતુથી ટ્રાન્સવાલમાં વસવાના હિંદીઓના અધિકારને માન્ય રાખે છે.

૧૮૮૭ ૧૮૮૫નો ત્રીજો કાનૂન સુધારવામાં આવ્યો.
નાતાલ સરકારના તાબામાં મુકાયેલા ઝૂલુલૅન્ડના એક ભાગ ઉપર બ્રિટિશ સરકારનું સાર્વભૌમત્વ જાહેર કરવામાં આવ્યું. કેપ સંસ્થાનમાં સંસદીય મતદાતા નોંધણી કાનૂન (પાર્લમેન્ટરી વોટર્સ રજિસ્ટ્રેશન ઍક્ટ) પસાર કરવામાં આવ્યો.
પ્રથમ સંસ્થાન પરિષદે વધારે ગાઢા રાજદ્વારી સંગઠન માટેની યોજનાઓની ચર્ચા કરવાનું નામંજૂર કર્યું.
જોહાનિસબર્ગ અસ્તિત્વમાં આવ્યું.

૧૮૮૮ કાફરો સાથેના વર્ગીકરણનો વિરોધ કરતી અને રસ્તાઓ ઉપર રાત્રે નવ વાગ્યા બાદ ફરવાની બંધીનો વિરોધ કરતી ટ્રાન્સવાલ સરકારને હિંદીઓએ કરેલી અરજી નામંજૂર કરવામાં આવી.
ઈસ્માઈલ સુલેમાનના કેસથી એ વાત પાકી થઈ ગઈ કે હિંદીઓ લોકેશન સિવાય બીજી જગ્યાએ વેપાર ચલાવી શકે એમ નથી. ઝઘડો ઑરેન્જ ફ્રી સ્ટેટના મુખ્ય ન્યાયાધીશ પાસે તડજોડ માટે રજૂ કરવામાં આવ્યો. એમના ચુકાદામાં ૧૮૮૫ના ત્રીજા કાનૂનનો અમલ કરવાનો સરકારનો હક માન્ય રાખવામાં આવ્યો છે. એમાં અપવાદ એટલો કે અદાલતોને એ કાનૂનનો અર્થ કરવાનો અધિકાર રહે છે.

Gandhi Heritage Portal

૧૮૮૯ રોડ્સે માટાબેલ પાસે ખાણો ચલાવવાના હકો મેળવ્યા.
માટાબેલ યુદ્ધ અને બળવો રોડેશિયા જીતી લેવામાં પરિણમ્યાં.
સમ્રાજ્ઞીના હકનામાથી બ્રિટિશ દક્ષિણ આફ્રિકા કંપની સ્થપાઈ.

૧૮૯૦ કેપ સંસ્થાનમાં રોડ્સે એમનું પહેલું પ્રધાનમંડળ રચ્યું.
બ્રિટિશ દક્ષિણ આફ્રિકા કંપનીએ માશોનાલૅન્ડ કબજે કર્યું.

૧૮૯૨ કેપ સંસ્થાનમાં મતાધિકાર અને બૅલટ કાનૂન બનાવ્યો.
ટ્રાન્સવાલમાં પરદેશીઓનો રાષ્ટ્રીય સંઘ (નૅશનલ યુનિયન ઑફ ઑઈટ્લૅન્ડર્સ) સ્થપાયો.

૧૮૯૩ ફોકસરાડે (લોકસભાએ) હિંદીઓ વિરુદ્ધ ૧૮૮૫નો ત્રીજો કાનૂન અમલમાં લાવવા માટેના ઉપાયની યોજના કરવા ઠરાવ કર્યો.
નાતાલે જવાબદાર શાસનનો અધિકાર મેળવ્યો.
સર જૉન રૉબિન્સને નાતાલનું પહેલું પ્રધાનમંડળ રચ્યું.
કેપ સંસ્થાનમાં દેશી મજૂરો સંબંધી કમિશને દરેક દેશી પુરુષ ઉપર એક ખાસ કર નાખવાની ભલામણ કરી, જે કર વર્ષ દરમિયાન કામ ઉપર ચડતાં ઘર ઉપર ગેરહાજર રહ્યાની સાબિતી આપતાં પરત કરવાનો હતો.
ટ્રાન્સવાલમાં ખાણોના વેપારી સંઘે દેશી મજૂરોના કમિશનની દેખરેખ નીચે એક ખાસ મજૂરમંડળની સ્થાપના કરી.

૧૮૯૪ નાતાલમાંના જવાબદાર રાજતંત્ર નીચેની પ્રથમ સરકારે હિંદી વસાહતી મજૂરોની સહાયમાં અપાતી વાર્ષિક મદદ બંધ કરવા માટે સંસદની મંજૂરી મેળવી લીધી.
નાતાલમાં મતાધિકાર કાનૂન સુધાર વિધેયક રજૂ થયું.
ગ્લેન-ગ્રે કાનૂને કેપ સંસ્થાનને દેશી પુરુષો ઉપર કર નાખવાની કાનૂની મંજૂરી આપી. નાતાલે ટાન્સવાલ સાથે સમજૂતી પર સહી કરી.
વિટવોટર્સરૅન્ડમાં સોનું અને હીરા મળી આવ્યા.
પોન્ડોલૅન્ડને કેપ સંસ્થાનમાં જોડી દેવામાં આવ્યું.
દેશીઓનાં હિતોની સહીસલામતી રાખીને સ્વાઝીલૅન્ડને દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકના તાબામાં મૂકવામાં આવ્યું.
કેપની સંસદે ઈસ્ટ લંડન મ્યુનિસિપાલિટીને શહેરના ફૂટપાથ પરથી હિંદીઓને દૂર રાખવાને મંજૂરી આપી.

૧૮૯૫ ટ્રાન્સવાલે સ્વાઝીલૅન્ડના રક્ષક રાજ્યની જવાબદારી સ્વીકારી.
બ્રિટિશ બિચુઆનાલૅન્ડને કેપ સંસ્થાનમાં ભેળવી દેવાયું. ગવર્નર-જનરલના હાથ નીચે કેપ સંસ્થાનમાં બૃહદ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી.
નાતાલમાં ૧૮૯૫નો ૧૭મો કાનૂન પસાર થયો.
૧૮૮૫ના ત્રીજા કાનૂનના અમલના પ્રશ્નની તપાસ માટે ટ્રાન્સવાલમાં એક કમિશન નીમવામાં આવ્યું.
પરદેશીઓએ (ઑઇટલૅન્ડર્સે) સુધારક મંડળ સ્થાપ્યું.
જોહાનિસબર્ગ ઉપર જેમિસનનો હુમલો. બ્રિટિશ હાઈકમિશનરે એના પરથી હાથ ઉઠાવી લેવાની જાહેરાત કરી.

Gandhi Heritage Portal

૧૮૯૬ નાતાલમાં ૧૮૯૬નો મતાધિકારરહિત કરવાનો ૮મો કાનૂન દાખલ કરવામાં આવ્યો.
કેપ સંસ્થાનમાં રોડ્સ મુખ્યમંત્રીપદનું રાજીનામું આપે છે.
ટ્રાન્સવાલના દેશી મજૂર કમિશને પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકામાં મજૂર ભરતી કાર્યાલયો ખોલવાનો એકહથ્થુ હક મેળવી લીધો.
ટ્રાન્સવાલમાં ૧૮૮૫ના ત્રીજા કાનૂન વિષેના કમિશનનો હેવાલ લોકસભાએ સ્વીકાર્યો.

૧૮૯૭ કાનૂન ત્રીજાથી ગોરા અને બિનગોરા લોકો વચ્ચેના લગ્ન પર પ્રતિબંધ મુકાયો.
નાતાલમાં ચૂંટણી. એસ્કમ્બ પછી બિન્સ મુખ્યમંત્રીપદે આવ્યા.
૧૮૯૭નો પ્રવાસી પ્રતિબંધક કાનૂન ૧લો નાતાલમાં જારી કરવામાં આવ્યો.
૧૮૯૭નો વેપારી પરવાના કાનૂન ૭૮ પસાર થયો.
ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટ વચ્ચેનું બ્લૂમફોન્ટીન સંમેલન.
કેપમાં મિલ્નર હાઈકમિશનર તરીકે નિમાયા.
સમ્રાજ્ઞીનો હીરક મહોત્સવ.
બ્રિટન અને સંસ્થાનોના વડા પ્રધાનોની પ્રથમ પરિષદ લંડનમાં ભરાઈ.

૧૮૯૮ બ્લૂમફોન્ટીનમાં ટ્રાન્સવાલ અને બ્રિટનના પ્રતિનિધિઓની પરિષદ મળી.
નાતાલ કસ્ટમ્સ યુનિયનમાં જોડાયું.
બૉન્ડ પક્ષના નેતા તરીકે શ્રાઈનર કેપ સંસ્થાનમાં મુખ્ય મંત્રી બન્યા.
ક્રૂગર પ્રેસિડેન્ટ તરીકે ફરી ચૂંટાયા.
ટ્રાન્સવાલ અને ઓરેન્જ ફ્રી સ્ટેટની 'સંઘ રેન્ડ' પહેલી વાર મળી.

૧૮૯૯ બોઅરયુદ્ધ ફાટી નીકળ્યું. બ્રિટિશ આગેવાનોએ હિંદીઓ પ્રત્યેના ગેરવર્તાવને યુદ્ધના એક કારણ તરીકે ગણાવ્યું.
હિંદથી આવેલી બ્રિટિશ ફોજ ડરબનમાં ઊતરી.

૧૯૦૦ ઑરેન્જ ફ્રી સ્ટેટનો બ્રિટિશ મુલક ઑરેન્જ રીવર સંસ્થાન તરીકે જાહેર થયો. ટ્રાન્સ-વાલને બ્રિટિશ રાજમાં ભેળવી દેવામાં આવ્યું.
૨૦,૦૦૦ બોઅર નિરાશ્રિત સ્ત્રી-બાળકો-બ્રિટિશ કેદી છાવણીઓમાં મૃત્યુ પામ્યાં. જમીન અંગેનો લૅન્ડ સેટલમેન્ટ કમિશનનો હેવાલ બહાર પડયો.

૧૯૦૧ જોહાનિસબર્ગમાં મ્યુનિસિપલ રાજતંત્ર ચાલુ થયું.

૧૯૦૨ વીરીનીઝીંગની સંધિથી બોઅરયુદ્ધનો અંત આવ્યો.
રોડ્સનું અવસાન થયું.
પ્રિટોરિયામાં મ્યુનિસિપલ રાજતંત્ર ચાલુ થયું.
પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકાની સરકારે દક્ષિણ આફ્રિકાની મંજૂરી માટે પોતાના પ્રદેશમાંથી ભરતી થતા દરેક દેશી માટે ૧૩ શિલિંગની ફી આપવાની દરખાસ્ત મૂકી.
ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર સંસ્થાનમાં નવી સરકારોની જાહેરાત થઈ.
ચેમ્બરલેને દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી. પ્રિટોરિયા અને બ્લૂમફોન્ટીનમાં સંધિની શરતોમાં છૂટછાટ મૂકવાની બોઅર લોકોની દલીલોનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૧૯૦૩ શાંતિરક્ષા વટહુકમ વડે હિંદીઓના ટ્રાન્સવાલ પ્રવેશ ઉપર નિયમન મુકાયું.
ટ્રાન્સવાલ બ્રિટિશ હિંદી સંઘ સ્થપાયો અને તેણે એશિયાઈ ઑફિસના કામકાજ વિરુદ્ધ અરજી કરી.

Gandhi Heritage Portal

બ્લૂમફોન્ટીનમાં કસ્ટમ્સ યુનિયનની સ્થાપના થઈ.
ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર સંસ્થાનમાંના બિનસરકારી પ્રતિનિધિઓ સાથેની આંતર સાંસ્થાનિક કાઉન્સિલ, સામાન્ય હિતો બાબતમાં હાઈ કમિશનરને સલાહ આપવાને સ્થાપવામાં આવી.
બ્લૂમફોન્ટીન સંમેલને દેશીઓના મામલા માટેનું કમિશન સ્થાપ્યું.
ટ્રાન્સવાલ વિધાનપરિષદે ગિરમીટ નીચેના બિનગોરા મજૂરોની ભરતી માટે દરખાસ્ત મંજૂર કરી.
ટ્રાન્સવાલમાં સોળ વર્ષ ઉપરની ઉંમરના પુરુષો અને ૧૩ વર્ષ ઉપરની ઉંમરની સ્ત્રીઓ ઉપર વાર્ષિક ૩ પાઉન્ડનો કર લાગુ કરવામાં આવ્યો.

૧૯૦૪ ક્રૂગરનું મૃત્યુ. જોહાનિસબર્ગમાં પ્લેગ ફાટી નીકળ્યો. લૉર્ડ કર્ઝનના ખરીતામાં એવું કહેવામાં આવ્યું કે તેમની સામેના "નાતાલના કડવા દાખલાને" લઈને હિંદી મજૂરોને ટ્રાન્સવાલ મોકલવાનો હિંદમાં ઉત્સાહ નથી.
સંસ્થાન કચેરીએ ચીની મજૂરો લાવવાના વટહુકમને મંજૂરી આપી.

૧૯૦૫ દક્ષિણ આફ્રિકા માટે સ્વરાજની માગણી કરવા માટે સ્મટ્સની બ્રિટનની યાત્રા. એમણે બ્રિટિશ વડા પ્રધાન કેમ્પબેલ-બૅનરમેન પાસેથી એવું વચન મેળવ્યું.
ટ્રાન્સવાલમાં હેટ વોક (લોકપક્ષ) સ્થપાયો.
લિટલટન બંધારણ અમલમાં આવ્યું.

૧૯૦૬ ટ્રાન્સવાલમાં શાહી ફરમાનથી લિટલટન બંધારણ રદ કરવામાં આવ્યું અને જવાબદાર શાસન મંજૂર થયું. કેપ સરકારે લૉર્ડ સેલ્બોર્નને દક્ષિણ આફ્રિકાનાં રાજ્યોનું રાજદ્વારી જોડાણ કરવાનો વિચાર કરવા વિનંતી કરી.
એશિયાઈ નોંધણી વટહુકમ અમલમાં આવ્યો. એશિયાઈઓને ભવિષ્યમાં ટ્રાન્સવાલમાં નહીં આવવા દેવા અંગેનો કાનૂન મંજૂર થયો.
કેપ સંસ્થાને ૧૯૦૬નો વસાહતી કાનૂન પસાર કર્યો.

૧૯૦૭ ઝૂલુ બળવો.
ઑરેન્જ રીવર સંસ્થાનને જવાબદાર રાજતંત્ર આપવામાં આવ્યું.
હિંદી મજૂરો વિષેના કમિશને એને લાવવાની ભલામણ કરી.
ટ્રાન્સવાલમાંની સામાન્ય ચૂંટણીમાં બોથાની આગેવાની નીચે હેટ વોક (લોકપક્ષ) સત્તા પર આવ્યો.
એશિયાઈ (ચીની) મજૂર વટહુકમ રદ કરવામાં આવ્યો.
દક્ષિણ આફ્રિકામાં રાજદ્વારી સંયોજન વિષેની સેલ્બોર્નની વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી.
લંડનમાં વડા પ્રધાનોની પરિષદ.

૧૯૦૮ કેપ સંસ્થાનમાંની સામાન્ય ચૂંટણીમાં મેરીમૅનની આગેવાની નીચે દક્ષિણ આફ્રિકા પક્ષ સત્તા ઉપર આવ્યો.
ડરબનના રાષ્ટ્રીય સંમેલને સંઘરાજ્ય (ફેડરેશન) કરતાં સંયુક્ત રાજ્ય (યુનિયન)ના બંધારણની મોટા ભાગની કલમો મંજૂર રાખી.
સ્વેચ્છાપૂર્વકની નોંધણીને કાયદેસર બનાવવાને ૩૬મો કાનૂન પસાર કરવામાં આવ્યો.



Gandhi Heritage Portal

નોંધણી કાનૂન રદ નહીં કરવામાં આવતાં હિંદી આગેવાનોએ સત્યાગ્રહ કરવાનો નિશ્ચય કર્યો.
આંતર-સંસ્થાનીય કાઉન્સિલ બરખાસ્ત કરવામાં આવી.
ટ્રાન્સવાલમાં હર્ટ્ઝોગે અંગ્રેજી અને ડચ ભાષાઓનો ફરજિયાત ઉપયોગ ચાલુ કર્યો.
ઝૂલુલૅન્ડમાંનો બળવો દબાવી દેવામાં આવ્યો.

૧૯૦૯ રાષ્ટ્રીય સંમેલને (નૅશનલ કન્વેન્શન) સંયુક્ત રાજ્ય કાનૂનનો હેવાલ ખરડાના સ્વરૂપે તૈયાર કર્યો, જેને બ્રિટિશ પાર્લમેન્ટે દક્ષિણ આફ્રિકા કાનૂન તરીકે માન્ય કર્યો.

૧૯૧૦ દક્ષિણ આફ્રિકાનું સંયુક્ત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. દક્ષિણ આફ્રિકા પક્ષના નેતા જનરલ બોથાની આગેવાની નીચે પ્રથમ સંયુક્ત પ્રધાનમંડળ રચાયું. એમાં હર્ટ્ઝોગ અને સ્મટ્સનો સમાવેશ થયો. હિંદીઓએ ૧૯૦૮ના વસાહતી કાનૂનનો સવિનય ભંગ કર્યો.

૧૯૧૧ દક્ષિણ આફ્રિકા સરકારે મુક્ત હિંદી વસાહતીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો.
પ્રથમ શાહી પરિષદમાં બોથાની આગેવાની નીચે સંયુક્ત દક્ષિણ આફ્રિકન રાજ્યના પ્રતિનિધિઓએ હાજરી આપી.
હિંદમાં ગિરમીટિયા મજૂરોની પ્રથા નાબૂદ કરવામાં આવી.

૧૯૧૨ હર્ટ્ઝોગ બોથાથી અલગ થઈ ગયા અને તેમણે "દક્ષિણ આફ્રિકા પહેલું, સામ્રાજ્ય ત્યાર બાદ" એવો નાદ ઉઠાવતો રાષ્ટ્રીય પક્ષ સ્થાપ્યો.
નાણાકીય સંબંધ તપાસ કમિશન.

૧૯૧૩ જમીન કાનૂન (લૅન્ડ ઍક્ટ) પસાર થયો.
નાતાલમાં હિંદીઓનો સત્યાગ્રહ. નાતાલની સરહદ ઉપર થઈને ટ્રાન્સવાલમાં મહાન કૂચ. સામાન્ય હડતાળ.
૧૯૧૩નો વસાહતી નિયમન કાનૂન (૧૯૧૩નો ૨૨મો કાનૂન) હિંદી રાહત કાનૂન (ઇન્ડિયન રિલીફ ઍક્ટ) વડે ૩ પાઉન્ડનો કર નાબૂદ કરવામાં આવ્યો. હિંદીઓએ દક્ષિણ આફ્રિકા સરકારના સૉલોમન કમિશનનો બહિષ્કાર કર્યો.
સ્મટ્સ-ગાંધી પત્રવ્યવહાર; માગણીઓ સ્વીકારાતાં લડતનો અંત લાવવામાં આવ્યો.
નાણાકીય સંબંધ કાનૂન (૧૯૩૧નો ૧૦મો કાનૂન) અને વસાહતી કાનૂન (૧૯૧૩નો ૧૩મો કાનૂન) પસાર થયા.

૧૯૧૪ સામાન્ય હડતાળ; સંઘોના આગેવાનોને હદપાર કરીને સ્મટ્સે ગેરકાનૂની કાર્ય કર્યું. હડતાળ ભાંગી પડી.
સ્મટ્સ-ગાંધી સમાધાન, ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ જવા રવાના થયા.

Gandhi Heritage Portal

# નોંધો

**અધિકારપત્ર કાનૂન, ૧૮૩૩નો:** પાર્લમેન્ટના એક તપાસ કમિશનના અભિપ્રાયને આધારે આ કાનૂનથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના હિંદમાંના વેપારના હકો નાબૂદ કરવામાં આવ્યા અને એના કાર્યને એની માલકીના પ્રદેશો ઉપર રાજ્ય કરવા પૂરતું મર્યાદિત કરવામાં આવ્યું. ૧૮૫૩માં ફરી આ વાતનું સમર્થન કરી આ અધિકારપત્ર કાનૂનમાં એવી જોગવાઈ કરવામાં આવી કે કોઈ પણ હિંદના વતનીને ઈસ્ટ ઇન્ડિયા કંપની નીચે તેના ધર્મ, જન્મ-સ્થળ, કુળ અથવા ચામડીના રંગને કારણે કોઈ પણ સ્થાન, હોદ્દો અગર નોકરી મેળવતાં રોકવામાં નહીં આવશે.

**અબદુલ્લા, દાદા:** ડરબનની દાદા અબદુલ્લાની કંપનીના એક ભાગીદાર. આ એક હિંદી આગેવાન પેઢી છે જેના કાનૂની મામલા અંગે ગાંધીજી પ્રથમ દક્ષિણ આફ્રિકા ગયા.

**આદમ, અબદુલ કરીમ હાજી:** દાદા અબદુલ્લાની પેઢીના સંચાલક ભાગીદાર. ૧૮૯૩માં હિંદી મતાધિકાર વિધેયકનો વિરોધ કરવા માટે ડરબનમાં રચવામાં આવેલી હિંદીઓની પ્રથમ કમિટીના પ્રમુખ.

**આયરિશ હોમ રૂલ બિલ:** આ વિધેયક ૧૮૮૬માં ગ્લૅડસ્ટને બ્રિટિશ પાર્લમેન્ટમાં રજૂ કર્યું. એ એક ઘણું જ નરમ વિધેયક હતું જેનાથી આયર્લૅન્ડનો વહીવટ આયર્લૅન્ડની પાર્લમેન્ટે નીમેલી કારોબારીને સોંપવામાં આવ્યો હતો. પણ કર નાખવાની સત્તા મોટે ભાગે બ્રિટિશ સરકાર પાસે રખાઈ હતી. ઇંગ્લંડ અને અલ્સ્ટર બંનેમાં એનો બહ ભારે વિરોધ થયો. અને બ્રિટિશ લોકસભામાં એને નામંજૂર કરવામાં આવ્યું. સન ૧૮૯૩માં ગ્લૅડસ્ટન ફરીથી વડા પ્રધાન બન્યા. તેમણે હોમરૂલ બિલ રજૂ કર્યું જે લોકસભામાં પસાર થયું પણ રાજ-સભામાં મોટી બહુમતીથી તેને નામંજૂર કરવામાં આવ્યું.

**ઈસ્માઈલ સુલેમાનનો કેસ:** આ કેસમાં એક આરબ વેપારી ઈસ્માઈલ સુલેમાનને ૧૮૮૮ના ઑગસ્ટમાં લોકેશન સિવાય બીજી જગ્યાએ વેપાર ચલાવવાનો પરવાનો આપવાની ના પાડવામાં આવી. ઑરેન્જ ફ્રી સ્ટેટના મુખ્ય ન્યાયાધીશે લવાદીના ચુકાદામાં દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક રાજ્યનો એ પ્રકારનો અધિકાર મંજૂર રાખ્યો કે દેશની અદાલતો આ સંબંધેના કાનૂન (૧૮૮૫ના ત્રીજા)નો જે અર્થ કરે તેને આધીન રહીને તેનો અમલ તે કરી શકે. પરંતુ પાછળથી ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટે આ ચુકાદાને ફેરવી નાખ્યો અને એવો નિર્ણય આપ્યો કે એ કાનૂન નીચે એશિયાઈઓને પરવાના નહીં આપવાનો સરકારને અધિકાર નથી.

**ઈસ્ટ કોર્ટ:** ડરબનથી આશરે ૧૫૦ માઈલ ઉપર આવેલું શહેર.

**ઈસ્ટ લંડન:** કેપ સંસ્થાનનું મહત્ત્વનું કાંઠાનું શહેર અને બંદર.

**ઉમતાલી:** દક્ષિણ રોડેશિયાનો જિલ્લો; એ જ નામનું શહેર; એક મોટી યુરોપિયન વસાહત.

**ઉસ્માન દાદા:** નાતાલના એક આગેવાન હિંદી વેપારી, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના સેક્રેટરી હતા અને હિંદીઓની સત્યાગ્રહની લડતમાં એમણે ભાગ લીધો હતો.

**ઍન્સ્ટી, થૉમસ શિઝોમ** (૧૮૧૬ થી ૧૮૭૩): વકીલ અને રાજદ્વારી પુરુષ; સંસદ સભાસદ ૧૮૪૭–૫૨.

Gandhi Heritage Portal

**એલિન્સન, ડૉ. ટી. આર.:** આરોગ્યશાસ્ત્ર વિષેના લેખક. એમનાં પુસ્તકો ગાંધીજીને મદદરૂપ થયાં હતાં. જ્યાં સુધી સંતતિનિયમન વિષેના એમના સુધારક વિચારો બદલ તેમને વખોડી કાઢવાનો ઠરાવ થયો નહોતો ત્યાં સુધી એઓ લંડનની શાકાહારી સોસાયટીના સભ્ય હતા. ૧૯૧૪માં પ્લુરસીના દરદથી ગાંધીજી પીડાતા હતા તે વખતે એમની સારવાર કરી.

**એલ્જિન, લૉર્ડ** (૧૮૪૯–૧૯૧૭): હિંદના વાઈસરૉય ૧૮૯૪–૯૯; પાછળથી દક્ષિણ આફ્રિકાના યુદ્ધસંચાલનની તપાસ માટેના રૉયલ કમિશનના અધ્યક્ષ, બ્રિટનના સંસ્થાન મંત્રી, ૧૯૦૫–૮.

**એશોવે:** ઝૂલુલૅન્ડ રિઝર્વનું વહીવટી કેન્દ્ર.

**એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન:** આ સંઘ એડવર્ડ મેઈટલૅન્ડે ૧૮૯૧માં સ્થાપ્યો. ૧૮૯૪માં ગાંધીજી એના એજન્ટ બન્યા. એસોટેરિક શબ્દ કંઈક અંશે રહસ્યવાદનો દ્યોતક છે. અને તે રહસ્યવાદ એમને માટે છે જે લોકો ઈશ્વર કે બ્રહ્મનું જ્ઞાન મેળવવાના ગુપ્ત સિદ્ધાંતોની દીક્ષા લે છે.

**એસ્કમ્બ, સર હેરી** (૧૮૩૮–૯૯): નાતાલની સુપ્રિમ કોર્ટના આગળપડતા એડવોકેટ. નાતાલ સુપ્રિમ કોર્ટના વકીલમંડળના ગાંધીજીને સભ્ય બનાવવા અંગે એમણે હિમાયત કરી. ૧૮૯૭માં નાતાલના મુખ્ય મંત્રી.

**કમરુદ્દીન, મહમદ કાસમ:** જોહાનિસબર્ગના હિંદી વેપારી અને નાતાલ હિંદી કૉંગ્રેસના ક્રિયાશીલ સભ્ય.

**કાઠિયાવાડ:** સૌરાષ્ટ્ર તરીકે પણ ઓળખાય છે. પહેલાં નાનાં નાનાં દેશી રાજ્યો અથવા ઠકરાતોનો સમૂહ. પછી મુંબઈ રાજ્યમાં ભેળવી દેવાયો, હવે ગુજરાત રાજ્યમાં.

**કાનૂન ૩, ૧૮૮૫નો:** ટ્રાન્સવાલનો એક કાનૂન. એ કાનૂન કહેવાતા કુલીઓ, આરબો, મલાયો અને ટર્કિશ—સામ્રાજ્યના મુસ્લિમ પ્રજાજનોને લાગુ પડતો હતો. એનાથી તેમને માટે નાગરિક હકો વધુ સમય માટે લંબાવવાનું અને પ્રજાસત્તાકમાં સ્થાવર મિલકત ખરીદવાનું અશકય બનતું હતું. પાછળથી કુલીઓની બાબતમાં લોકસભાના ૧૮૮૭ના જાન્યુઆરીના ઠરાવથી મંજૂર કર્યા મુજબ અપવાદ કરવામાં આવ્યો જેથી તેઓ જાહેર સ્વચ્છતાનાં કારણોને લઈને ખાસ નક્કી કરેલી શેરીઓ, મહોલ્લાઓ, અને અલગ વસ્તીઓ (લોકેશનો)માં સ્થાવર મિલકત ખરીદી શકતા. ૧૮૯૩ના પાર્લમેન્ટના એક વધુ ઠરાવથી એવો નિર્ણય લેવાયો કે બધા જ એશિયાઈઓને લોકેશનોમાં જ રહેવાની અને વેપાર કરવાની ફરજ પાડવામાં આવે. વેપાર કરવાને માટે નોંધણી કરવાનું અને ત્રણ પાઉંડની ફી ભરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું. આ કાનૂન લંડનની સમજૂતીનો વિરોધી માનવામાં આવ્યો હતો.

**કિંગ્સફર્ડ, ડૉ. ઍના:** ફિઝિશિયન ડૉક્ટર, શાકાહારી,—*थि परफेक्ट वे इन डाएट* નામનો એમનો મહાનિબંધ પ્રગટ થયો હતો. પાછળથી બીજાં પુસ્તકો સાથે *एड्रेसीझ ऑन वेजिटेरियानिझम* એડવર્ડ મેઈટલૅન્ડ સાથે મળીને લખ્યું.

**કેઈન, વિલિયમ સ્પ્રોસ્ટન** (૧૮૪૨–૧૯૦૩): બ્રિટિશ પાર્લમેન્ટના ચાર વખત સભાસદ; કૉંગ્રેસની બ્રિટિશ કમિટીની હિંદી પાર્લમેન્ટરી પેટાકમિટી ઉપર સેવા આપી. હિંદને સ્વરાજ આપવાની વાતને ટેકો આપ્યો. દક્ષિણ આફ્રિકાના હિંદીઓના મામલામાં ઊંડો રસ ધરાવતા હતા.

**કૅનિંગ્ટન:** લંડનનું એક પરું.

Gandhi Heritage Portal

**કેપટાઉન:** દક્ષિણ આફ્રિકાનું "માતૃશહેર". કેપ પ્રાંતનું મુખ્ય શહેર અને સંઘરાજ્યના વિધાનમંડળનું કેન્દ્ર સ્થળ.

**કૅમ્પબેલ, હેન્રી:** ટ્રાન્સવાલમાંના બ્રિટિશ હિન્દી વેપારીઓ માટેના વકીલ અને મુખ્ય એજન્ટ; તેમના તરફથી અરજીઓ ઘડવાનું તથા રજૂ કરવાનું કામ કરતા.

**कॉनिकन पाश्चाले:** આદમથી સને ૬૨૯ સુધીની ટૂંકી તવારીખ. એ સાતમી સદીમાં સંપાદિત કરવામાં આવી હોય એવું માનવામાં આવે છે.

**ગની અબદુલ:** ટ્રાન્સવાલના સૌથી જૂના રહેવાસીઓમાંના એક. જોહાનિસબર્ગની મહમદ કાસમ કમરુદ્દીનની પેઢીના મૅનેજર અને ભાગીદાર. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના પ્રથમ ઓળખીતાઓમાંના એક. (૧૯૦૩માં સ્થપાયેલા) ટ્રાન્સવાલ બ્રિટિશ હિન્દી સંઘના પ્રમુખ.

**ચાર્લ્સટાઉન:** નાતાલની સરહદના અંદરના ભાગમાં ડરબનથી ૩૧૮ માઈલને અંતરે આવેલું શહેર.

**ચેમ્બરલેન, જોસેફ (૧૮૩૬–૧૯૧૪):** બ્રિટનના સંસ્થાન મંત્રી. ૧૯૦૨માં દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી. એમની આઠ વર્ષની કારકિર્દી દરમિયાન ક્રૂગર સાથેની વાટાઘાટ તૂટી પડી, પરિણામે બોઅર યુદ્ધ થયું અને વીરીનીઝીંગની સંધિ થઈ. લૉર્ડ મિલ્નર સાથે ટ્રાન્સવાલ અને નાતાલની યુદ્ધોત્તર પુનર્રચનામાં મદદ કરી. ૧૯૦૩માં રાજીનામું આપ્યું.

**જર્મિસ્ટન:** ટ્રાન્સવાલનું મુખ્ય રેલવે સ્ટેશન.

**જૂનાગઢ:** પહેલાંનું સૌરાષ્ટ્રનું એક દેશી રાજ્ય. હાલમાં ગુજરાત રાજ્યમાં ભેળવી દેવાયું છે.

**જેતપુર:** સૌરાષ્ટ્રમાં આવેલું રેલવે સ્ટેશન અને શહેર.

**જોહાનિસબર્ગ:** વિટવોટર્સરેન્ડ પ્રદેશનું શહેર, ટ્રાન્સવાલનું સૌથી સમૃદ્ધ સોનાની ખાણોનું ક્ષેત્ર.

**ટ્યુટોનિક માર્ક:** ઉત્તર યુરોપના લોકોમાં પ્રચલિત એક જૂના સ્વરૂપનું મંડળ. એકમેક સાથે સગાઈના સંબંધથી જોડાયેલા, સાથે મળીને પોતાની જમીન ખેડતા અને પોતાના જ મંડળમાં ન્યાય ચૂકવવાનું કામ કરતા લોકોનો એક સમાજ.

**ડરબન:** નાતાલનું બંદર, વેપારી મુખ્ય શહેર અને 'પ્રવેશદ્વાર', જોહાનિસબર્ગથી ૪૯૪ માઈલ દૂર.

**ડંડી:** ડરબનથી આશરે ૨૫૦ માઈલ દૂર આવેલું નાનું શહેર.

**ડેલાગોઆ બે:** ડરબનની ઉત્તરે ૨૯૬ માઈલને અંતરે આવેલું બંદર અને વેપારી મથક; પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકાનું મુખ્ય શહેર; એ લૉરેન્સો માર્કિસ નામે પણ ઓળખાય છે.

**તૈયબજી, બદરુદ્દીન (૧૮૪૪–૧૯૦૬):** મુંબઈ પ્રેસિડન્સી ઍસોસિયેશન સાથે જીવંતપણે સંકળાયેલા અને તેના સાચા અર્થમાં પ્રમુખ. મદ્રાસના કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા (૧૮૮૭). મુંબઈની હાઈકોર્ટના જજ (૧૮૯૫). દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પ્રત્યેના ગેરવર્તાવ સામે વિરોધ દર્શાવતા આંદોલનનું મજબૂતીથી સમર્થન કર્યું. ૧૮૮૨માં મુંબઈની વિધાનપરિષદ ઉપર નિયુક્ત થયા. મ્યુનિસિપલ મતાધિકાર માટેનો કાનૂન રજૂ કરવામાં સહાયભૂત.

**દાદા, હાજી મહમદ હાજી:** હિંદી કોમના આગળ પડતા વેપારી અને આગેવાન. ૧૮૯૩માં એમણે મતાધિકાર વિધેયકનો સામનો કરવાનો વિચાર કરવા મળેલી કોમની પહેલી સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું. ૧૮૯૫–૯૯ સુધી નાતાલ હિંદી કૉંગ્રેસના ઉપ-પ્રમુખ.

**ધંધુકા:** કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)નું એક નાનું શહેર.

**ધોળા:** કાઠિયાવાડમાંનું રેલવે જંકશન.

Gandhi Heritage Portal

**નવરોજી, દાદાભાઈ** (૧૮૨૫–૧૯૧૭): આદ્ય હિંદી રાજનીતિજ્ઞ. ઘણી વાર એમને હિંદના દાદા અથવા મહાન વૃદ્ધપુરુષ તરીકે ઓળખવામાં આવે છે. ૧૮૮૬, ૧૮૯૩ અને ૧૯૦૬માં ત્રણ વખત કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા. કૉંગ્રેસનું ધ્યેય સ્વરાજ અથવા સ્વતંત્રતા છે એ એમણે પ્રથમ વાર દર્શાવ્યું. ૧૮૯૩માં બ્રિટિશ પાર્લમેન્ટના સભાસદ બન્યા. પાર્લમેન્ટના સભાસદ તરીકે તથા લંડનની કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના આગેવાન સભ્ય તરીકે હિંદની અને દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓની બહુ ભારે સેવા કરી.

**નાજર, મનસુખલાલ હીરાલાલ** (૧૮૬૨–૧૯૦૬): તેજસ્વી હિંદી વિદ્યાર્થી, જેઓ ૧૮૯૬ના ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા જઈને વસ્યા. ૧૮૯૭માં એમને દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે પ્રચાર કાર્ય કરવા પ્રતિનિધિ તરીકે ઇંગ્લંડ મોકલવામાં આવ્યા. નાતાલમાં જાહેર કાર્યમાં અને હિંદીઓના આંદોલનોમાં નોંધપાત્ર ભાગ ભજવ્યો.

**નોંદવેની**: એક વાર ખાણોના કેન્દ્ર તરીકે જાણીતો થયેલો ઝૂલુલૅન્ડનો વિભાગ અને કસબો.

**ન્યૂ કેસલ**: નાતાલનું એક શહેર, કોલસો, મકાઈ, ઊન અને તંબાકુ માટે વિખ્યાત.

**પાઈન ટાઉન**: ડરબનથી ૧૭ માઈલને અંતરે આવેલો નાનો કસબો.

**પિટરમેરિત્સબર્ગ**: નાતાલનું મુખ્ય શહેર. એને ટૂંકામાં પી. એમ. બર્ગ અથવા મેરિત્સબર્ગ પણ કહેવામાં આવે છે. ડરબનથી ૭૧ માઈલને અંતરે આવેલું છે. સાંસ્થાનિક ઑફિસનું કેન્દ્ર.

**પોર્ટ ઈલિઝાબેથ**: કેપ પ્રાન્તનું બીજા નંબરનું શહેર અને બંદર.

**પ્રિટોરિયા**: સંઘરાજ્યની વહીવટી રાજધાની; ડરબનથી ૫૧૧ માઈલને અંતરે આવેલું છે.

**ફૉસેટ, હેન્રી** (૧૮૩૩–૧૮૮૪): કેમ્બ્રિજમાં રાજનૈતિક અર્થશાસ્ત્રના પ્રોફેસર અને રાજનીતિજ્ઞ. પાર્લમેન્ટમાં તેઓ મોટે ભાગે હિંદના નાણાકીય અને આર્થિક સવાલો તરફ ધ્યાન આપતા.

**બર્ન્સ, જૉન** (૧૮૫૮–૧૯૪૩): બ્રિટિશ પાર્લમેન્ટમાંના આગેવાન મજૂર પ્રતિનિધિ (૧૮૯૭–૧૯૧૮) ૧૯૮૯ના લંડનની ગોદી હડતાળના દિવસોમાં કામદારોના મિત્ર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા.

**બર્ડવુડ, સર જ્યૉર્જ ક્રિસ્ટોફર મોલેસ્વર્થ** (૧૮૩૨-૧૯૧૭): હિંદમાં જન્મેલા. ૧૮૫૪માં મુંબઈ પ્રાંતની મેડિકલ સેવામાં અને પાછળથી લંડનની ઇન્ડિયા ઑફિસમાં ૩૦ વર્ષ રહ્યા. रिपोर्ट ऑन धि मिसेलेनियस ओल्ड रेकर्ड्झ ऑफ धि इन्डिया ऑफिस (હિંદના દફતરના પરચૂરણ જૂના કરારપત્રો વિષેનો હેવાલ) અને धि इन्डस्ट्रियल आर्ट्स ऑफ इन्डिया (હિંદની ઔદ્યોગિક કળાઓ)ના લેખક.

**બાર્બર્ટન**: પ્રિટોરિયાથી ૨૮૩ માઈલને અંતરે આવેલું ટ્રાન્સવાલનું એક શહેર.

**બિન્સ, સર હેન્રી** (૧૮૩૭–૧૮૯૯): ૧૮૯૩–૯૪માં નાતાલ સરકારે ગિરમીટિયા મજૂરો અંગેના કરારો સુધારવા માટે હિંદી સરકાર જોડે વાતચીત કરવા જે બે માણસોનું કમિશન મોકલ્યું હતું તેના સભ્ય. નાતાલ વિધાનસભામાંના રીતસર રચાયા વિનાના વિરોધપક્ષના આગેવાન. એસ્કમ્બના ઉત્તરાધિકારી નાતાલના મખ્ય મંત્રી.

**બૂથ, ડૉ.**: ડરબનના સેઈન્ટ એઈડાન્સ કમિશનના વડા. હિન્દીઓએ ઉઘાડેલી નાની ધર્માદા હૉસ્પિટલના નિરીક્ષક. ૧૮૯૯માં બોઅર યુદ્ધ દરમિયાન ડૉ. બૂથે હિંદીઓની એમ્બ્યુલન્સ ટુકડીને તાલીમ આપવામાં મદદ કરી હતી.

**બેઈલ, સર હેન્રી**: એક આગેવાન વકીલ અને નાતાલ વિધાનસભાના આગેવાન સભાસદ. તેઓ ૧૯૦૪ અને ૧૯૦૯માં નાતાલના વહીવટદાર (એડમિનિસ્ટ્રેટર) બન્યા.

Gandhi Heritage Portal

**બેનરજી, સર સુરેન્દ્રનાથ** (૧૮૪૮–૧૯૨૫): આગલી હરોળના વિનીત રાજદ્વારી આગેવાન. એઓ ૧૮૯૦માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રતિનિધિમંડળમાં ઈંગ્લંડ ગયા હતા. બંગાળની વિધાન-પરિષદના સભાસદ (૧૮૯૩–૧૯૦૧). કલકત્તાના આગળ પડતા અખબાર બૅંગાલીના માલિક અને તંત્રી. મૉન્ટફર્ડ સુધારા નીચે બંગાળની કારોબારી કાઉન્સિલના સભ્ય બન્યા. ૧૮૯૫ અને ૧૯૦૨માં કૉંગ્રેસના પ્રમુખ.

**બ્લૂમફોન્ટીન**: ઑરેન્જ ફ્રી સ્ટેટનું મુખ્ય શહેર અને ૧૯૧૦ બાદ સંઘરાજ્યનું ન્યાય ખાતાને લગતું મુખ્ય શહેર. જોહાનિસબર્ગથી ૨૫૪ માઈલને અંતરે આવેલું છે.

**ભાવનગર**: કાઠિયાવાડમાં આવેલું પહેલાંનું એક દેશી રાજ્ય, હાલમાં ગુજરાત રાજ્યમાં જોડાઈ ગયું છે.

**મહેતા, સર ફિરોજશા** (૧૮૪૫–૧૯૧૫): હિંદી આગેવાન, એમણે મુંબઈના જાહેર જીવનની લાંબા સમય સુધી આગેવાની કરી હતી; બૉમ્બે પ્રેસિડન્સી ઍસોસિયેશનના આદ્ય સ્થાપકોમાંના એક. મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ત્રણ વખત પ્રમુખ બન્યા. મુંબઈ વિધાનપરિષદના સભાસદ અને પાછળથી વાઈસરૉયની વિધાનપરિષદના સભાસદ. ૧૮૮૫માં હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસના આદ્ય સંસ્થાપકોમાંના એક. ૧૮૯૦માં અને ૧૯૦૯માં એમ બે વાર એના અધ્યક્ષપદે ચૂંટાયા.

**મેઈટલેન્ડ, એડવર્ડ** (૧૮૨૪–૧૮૯૭): ગૂઢવાદ કે રહસ્યવાદભર્યા વિષયોના લેખક અને શાકાહારના ઉપાસક, ૧૮૯૧માં એસોટેરિક ખ્રિસ્તી સંઘની સ્થાપના કરી. ગાંધીજીએ એમની સાથે પત્રવ્યવહાર કર્યો હતો અને એમનાં પુસ્તકોની એમના મન ઉપર ભારે અસર પહોંચી હતી.

**મેઈન, સર હેન્રી સમર** (૧૮૨૨-૧૮૮૮): પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી, જેમનાં પુસ્તકોમાં एन्शियंट लॉ, अर्ली हिस्टरी ऑफ इन्स्टिटयूशन्स, અને विलेज कॉम्युनिटिझ इन धि ईस्ट एन्ड वेस्टનો સમાવેશ થાય છે. ૧૮૬૨–૬૯ અને ૧૮૭૧માં ઈન્ડિયા કાઉન્સિલના સભ્ય હતા.

**મેલ્મોથ**: ઝૂલુલૅન્ડનો એક વિભાગ અને એક કસબો.

**મૈસૂર**: પહેલાં એક દેશી રાજ્ય હતું. હવે કર્ણાટક સાથેનું નવું મૈસૂર રાજ્ય બન્યું છે.

**રાજકોટ**: પહેલાં સૌરાષ્ટ્રનું એક દેશી રાજ્ય. પ્રથમ મુંબઈ રાજ્યમાં પરંતુ હાલમાં ગુજરાત રાજ્યમાં ભળેલું છે.

**રિપન, લૉર્ડ** (૧૮૨૭–૧૯૦૯): ૧૮૮૦–૮૪ દરમિયાન હિંદના વાઈસરૉય અને ૧૮૯૨થી ૧૮૯૫ સુધી બ્રિટનના સંસ્થાન મંત્રી. એમના પછી ચેમ્બરલેન સંસ્થાન મંત્રી બન્યા.

**રીચમંડ**: પિટરમેરિત્સબર્ગ નજીકનું એક શહેર.

**રુસ્તમજી પારસી**: નાતાલના પરગજુ અને સેવાભાવી હિંદી વેપારી. એઓ શરૂમાં ગાંધીજીના સાથી અને નિકટના મિત્ર રહ્યા અને પાછળથી એમના અસીલ બન્યા. એમણે નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ અને એના કાર્યનું મજબૂતીથી સમર્થન કર્યું.

**રૉબિન્સન, સર જૉન** (૧૮૩૯-૧૯૦૩): ૧૮૮૭માં લંડનમાં ભરાયેલી સંસ્થાનોની કૉન્ફરન્સમાં નાતાલના પ્રતિનિધિ તરીકે ગયા તથા ૧૮૯૩–૯૭ દરમિયાન નાતાલના પ્રથમ મુખ્ય મંત્રી અને સંસ્થાન મંત્રી બન્યા.

**લંડન સમજૂતી**: બોઅરો અને બ્રિટિશ વચ્ચેની આ સમજૂતી ઉપર ૧૮૮૪ના ફેબ્રુઆરીની ૨૭મી તારીખે સહીઓ થઈ. કલમ ૧૪થી દેશીઓ સિવાયના બધા લોકોને દક્ષિણ આફ્રિકા

Gandhi Heritage Portal

પ્રજાસત્તાક (અથવા ટ્રાન્સવાલ)માં પ્રવેશ, મુસાફરી, વસવાટ, મિલકતની માલિકી અને વેપારની પૂરેપૂરી છૂટની ખાતરી મળતી હતી. બોઅર સરકારે 'દેશીઓ' શબ્દનો અર્થ એવો કરવાનો પ્રયાસ કર્યો કે તેમાં હિંદીઓનો સમાવેશ થઈ જાય પણ બ્રિટિશ સરકારે એ અભિપ્રાયનો અસ્વીકાર કર્યો.

**લૉટન એફ. એ.:** ડરબનના એક વકીલ જેઓ હિંદીઓ માટે સલાહ આપવાનું અને વકીલાત કરવાનું કામ કરતા હતા. અનેક વાર તેઓ ગાંધીજી સાથે કોર્ટમાં ઊભા રહેતા.

**વેડરબર્ન, વિલિયમ:** મુંબઈની સિવિલ સર્વિસના સભ્ય તરીકે હિંદમાં ૨૫ વર્ષ ગાળ્યાં. નિવૃત્ત થયા બાદ ૧૯૦૦ સુધી બ્રિટિશ પાર્લમેન્ટના સભાસદ. ૧૮૯૩માં કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના પ્રમુખ; ૧૯૧૦માં કૉંગ્રેસના પ્રમુખ.

**વેબ, આલ્ફ્રેડ:** બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય, इन्डिया અને બીજાં પત્રોમાં વારંવાર દક્ષિણ આફ્રિકાના હિંદીઓને લગતા વિષયો ઉપર લેખો લખતા. કૉંગ્રેસના મદ્રાસ અધિવેશન (૧૮૯૪) વખતે પ્રમુખ અને બ્રિટિશ કમિટીના એક સભ્ય.

**વેરૂલમ:** ડરબનથી ૧૯ માઈલને અંતરે આવેલો એક ઐતિહાસિક કસબો. જ્યાં ઘણા ગિરમીટ-મુક્ત હિંદીઓ વસ્યા હતા.

**વેલિંગ્ટન:** કેપ સંસ્થાનનું એક શહેર.

**વૉકસરસ્ટ:** ડરબનથી ૩૦૮ માઈલને અંતરે આવેલું નાતાલનું નાનું શહેર.

**शाकुन्तल:** મહાન હિંદી કવિ અને નાટયકાર (આશરે ઈ. સ. ૪૦૦) કાલિદાસનું પ્રખ્યાત સંસ્કૃત નાટક. પા. ૧૧૫ ઉપર ઉતારો આપ્યો છે. એ કડી ૧૭૯૨માં જરમન કવિ ગીથેએ આ નાટકને જે જાણીતી અંજલિ આપી છે તેનું ઈ. બી. ઈસ્ટવિકે કરેલા ભાષાન્તરનું ગુજરાતી છે.

**સિડનહામ:** ડરબનનું એક પરું.

**સેક્ષન વિટાન:** 'વિટાનાગેમોટ' શબ્દ ઉપરથી બનાવેલું છે. એનો અર્થ ઍંગ્લો સૅક્સન રાજાઓની કાઉન્સિલ જે તેની પાસે તેઓ જે બધી બાબતો લાવતા તે વિષે સલાહ આપતી.

**સૅલિસબરી:** દક્ષિણ રોડેશિયાનું મુખ્ય શહેર.

**સોરઠ:** સૌરાષ્ટ્રનો એક જિલ્લો.

**સ્ટૅંગર:** ડરબનની ઉત્તરે આવેલું ઐતિહાસિક ગામ.

**હંટર, સર વિલિયમ વિલ્સન** (૧૮૪૦–૧૯૦૦): હિંદમાં ૨૫ વર્ષ સુધી રાજદ્વારી સેવાકાર્ય કર્યું; સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં જેમાંનું इन्डियन एम्पायर એક છે. ૧૪ ભાગોમાં धि इम्पीरियल गॅझेटीअर ऑफ इन्डियाનું સંપાદન કર્યું. વાઈસરૉયની વિધાનપરિષદના સભ્ય (૧૮૮૧–૧૮૮૭). હિંદમાંથી નિવૃત્ત થયા બાદ કૉંગ્રેસની બ્રિટિશ કમિટીના સભ્ય બન્યા, અને ૧૮૯૦થી હિંદને લગતી બાબતો વિષે धि टाइम्स પત્રમાં લેખો લખ્યા.

**હેબર, બિશપ રેજિનાલ્ડ** (૧૭૮૩–૧૮૨૬): કલકત્તાના વડા પાદરી (બિશપ). તે શહેરમાં બિશપ્સ કૉલેજની સ્થાપના કરી. હિંદમાં ઠેકઠેકાણે પર્યટન કર્યું.

Gandhi Heritage Portal

# સૂચિ


અકબર ૬૧, ૧૧૭
અગ્નિપુરાણ ૧૧૪
અનુપરામ ૭
અબ્દુલ્લા દાદા ૫૮, ૧૯૪, ૨૭૦
અબા, ઉમર હાજી ૯૬
અમરુદ્દીન ૧૮૧
અમૂલખ ૮
અરજી ૦ચેમ્બરલેનને, ૧૬૫-૭૫, ૧૯૬-૭,૨૩૫-૮, ૨૫૧-૬૮; ૦પ્રિટોરિયાના એજન્ટને ૧૩૨-૩; ૦લૉર્ડ એલ્જિનને ૧૬૦-૨, ૧૭૬-૮; ૦લૉર્ડ રિપનને ૮૭-૯૪, ૧૪૨-૬૦; ૦નાતાલ ઍસેમ્બ્લીને ૬૯-૭૩, ૧૩૩-૫, ૨૪૨-૮; ૦નાતાલ કાઉન્સિલને ૭૮-૯, ૮૦-૩; ૦નાતાલ ગવર્નરને, ૭૬-૭, ૮૫, ૨૨૬-૮; ૦નાતાલના વડા પ્રધાનને ૭૩-૫
અર્જુનસિંગ ૯૬
અસગારા ૧૯૩
અહમદ ઓસમાન ૯૬
અહિંસા ૧

આજી ૧૧
આણંદરાય ૮
આદમ, અબદુલ્લા હાજી ૯૬, ૯૮, ૧૩૫, ૧૬૪, ૧૭૮, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૯૦
આદમ, અબદુલ કરીમ હાજી ૧૭૮, ૨૩૮, ૨૪૮, ૨૬૮
આદમ, મૂસા હાજી ૯૬, ૧૮૦, ૧૮૧
આમદ, ઇસ્માઈલ ૧૮૨
આમુજી, કાસમજી ૯૬
આયર, ન્યાયાધીશ મુથુસ્વામી ૧૧૮
આયરિશ હોમ રૂલ બિલ ૭૯
આયર્લૅન્ડ માટેના સ્વરાજ્યનો ખરડો ૭૯
આર્નોલ્ડ, એડવિન. ૧૦૫
આર્મરી હૉલ ૧૩, ૧૪
આર્ય ધર્મ ૬૮
આલ્ફ્રેડ હાઈસ્કૂલ ૧
આસામ સ્ટીમર ૪૯, ૫૩
આહાર, પ્રાણપોષક –નો અખતરો ૬૨-૫; –નો હિલ્સનો સિદ્ધાંત ૬૧ પા. ટી.

ઇન્ડિયન એમ્પાયર ૧૧૧, ૧૧૩, ૧૧૬, ૨૨૦
ઇન્ડિયન કાઉન્સિલ બિલ ૭૧
ઇન્ડિયા કાઉન્સિલ ઍક્ટ (૧૮૬૧) ૨૩૯, ૨૪૨
ઇન્ડિયા કાઉન્સિલ ઍક્ટ ઍમેન્ડમેન્ટ બિલ ૨૩૯-૪૨
ઇબ્રાહીમ, સુલેમાન ૧૮૧
ઇલિયટ, સર ચાર્લ્સ ૨૦૧
ઇસ્માઈલ, મહમદ ૧૯૭
ઇસ્માઈલ, વરીનદ ૯૬
ઇંટરનેશનલ વેજિટેરિયન કૉંગ્રેસ ૪૭

ઈનર ટેમ્પલ ૨, ૧૭, ૪૭
ઈશ્વરનો અવતાર ૬૮
ઈસાક, મહમદ ૯૬
ઈસુ અને ખ્રિસ્તી ધર્મ ૬૮, ૧૦૧, ૧૨૧, ૧૨૫, ૨૧૮, ૨૨૪
ઈસ્ટ ઇન્ડિયન ઍસોસિયેશન, લંડન ૭૦

ઉપનિષદ ૧૧૨
ઉમગેની રોડ ૨૬૮
ઉસ્માનભાઈ ૮

એડન ૯-૧૧, ૫૩
એડવર્ડ્ઝ, ડબલ્યુ. ડી. ૪૭
એડિસન ૨૨૪
એન્ટી,' શિઝોમ ૭૦
એલિન્સન ડૉ. ૩૮
ઍલેક્ઝાન્ડર (સિકંદર) ૨૦૪, ૨૨૦
એલ્જિન, લૉર્ડ ૧૧૮, ૧૬૦, ૧૭૬
એશિયાના, સ્ટીમર ૪૮, ૪૯, ૫૩
એશોવે કસબાનાં નિયમનો ૨૩૨, ૨૩૩, ૨૩૫, ૨૩૬, ૨૩૮
એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન ૧૦૩, ૧૦૪, ૧૨૪, ૧૨૬
એસ્કમ્બ ૯૪, ૧૭૨, ૧૭૭, ૨૬૦
ઍસ્કયૂ ૧૮૨

ઑકલ્ટ વર્લ્ડ ૧૦૪
ઑરેન્જ ફ્રી સ્ટેટ ૨૨, ૧૩૨, ૧૪૨, ૧૪૩, ૧૪૭, ૧૬૧, ૨૮૦, ૨૮૧, –ના બંધારણનું માળખું ૨૮૦-૧; ૦બ્લૂમફોન્ટીનની સંધિ ૨૮૦; ૦રસ્ટેનબર્ગ ઑન્ડ-વેટ ૨૮૦
ઑલ્ડફિલ્ડ, ડૉ. જોશિયા ૩૯, ૪૭

કડવા, ઈસપ ૯૬
કથરાડા, એમ. ઈ. ૯૬


Gandhi Heritage Portal

કથરાડા, દાવજી ૧૮૦
કપૂરભાઈ ૮
કમરુદ્દીન, મહમદ સી. ૫૮, ૯૬, ૧૩૬, ૧૯૪, ૧૯૭
કરીમ, અબદુલ ૧૮૦
કરીમ, જુસબ અબદુલ ૯૬
કર્ઝન ૨૩૯, ૨૪૪
काठियावाड टाइम्स २
કાદર, અબદુલ ૯૬ ૯૮, ૧૮૦, ૧૮૨, ૧૮૩
કાદર, ઇસ્માઈલ ૯૬
કાર્નેગી, ઍન્ડ્રૂ ૧૧૫
કાશીદાસ ૮
કાસમ, મૂસા હાજી ૯૬, ૯૮
કાસમ, હુસેન ૯૬, ૯૮
કિમ્બર્લી, લૉર્ડ ૨૪૪
કિંગ્સફર્ડ, ઍના ૧૦૪, ૧૨૭, ૧૩૬
કુન્હે, ડૉ. લુઈ ૨૨૫
કુરાન ૧૧૫, ૧૨૯, ૧૩૦
કુલી ૫૯, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩, ૧૫૬, ૧૬૭, ૧૬૮, ૧૭૦, ૧૭૩, ૧૯૩
કૃષ્ણ ૬૮
કેઈન ૨૨
કૅનિંગ, લૉર્ડ ૨૩૯, ૨૪૩
કેપ કૉલોની ૨૩, ૧૪૮, ૨૭૯, ૨૮૧, ૨૮૨; ૦કૉન્સ્ટિટ્યુશન ઑર્ડિનન્સ (૧૮૫૩) ૨૭૯; –ના બંધારણનું માળખું ૨૭૯–૮૦; ૦ગ્લેન–ગ્રે, કાનૂન (૧૮૯૪) ૨૭૯; ૦મતાધિકાર અને બૅલટ કાનૂન (૧૮૯૨) ૨૭૯
कप टाइम्स १४८
કેપટાઉન ૧૪૩, ૨૭૯
કૅમ્પબેલ ૭૮, ૮૩, ૮૮, ૯૧
કેવળરામ ૪, ૮
કૅસ્વિક ખ્રિસ્તીઓનો ભવ્ય સમારંભ ૬૭
કૉન્સ્ટંટ, ઍબે ૧૦૪
ક્રિસ્ટાફર, જેમ્સ ૯૬
કલાઇડ, સ્ટીમર ૮, ૧૪
ક્ષત્રિય ૨૩, ૨૪

ખત્રી, ઇબ્રાહીમ એમ ૯૬
ખાડી પુલ ૫
ખીમજી ૮
ખુલ્લો પત્ર ૧૦૫–૨૩
ખ્રિસ્તી ધર્મ અને બીજા ધર્મો ૧૦૩

ગની, અબદુલ ૧૩૨, ૧૩૩, ૧૯૭
ગાય ૧૮
ગાર્લૅન્ડ ૧૦૮
ગાંધી, કરસનદાસ ૫, ૭
ગાંધી, ખુશાલભાઈ ૪, ૮
ગાંધી, છગનલાલ ૩
ગાંધીજી ૦અને એસોટેરિક યુનિયન ૧૦૩, ૧૦૪; ૦અને મુસ્લિમ કાનૂન ૧૨૮, ૧૩૨; ૦અંગ્રેજ અને હિન્દી પ્રજાજનો વચ્ચે ગાઢ પ્રેમસંબંધ વિષે ૨૨૩; ૦ઇગ્લંડની સફર ૯–૧૪; ૦ઍડવોકેટ તરીકે નોંધાયા ૪૭–૮; ૦દક્ષિણ આફ્રિકા ગયા ૨૩, ૨૫; ૦દક્ષિણ આફ્રિકાના હિન્દીઓમાં રસ ૨૫; ૦દોષની કબૂલાત ૧; ૦ધર્મ વિષે ૬૭, ૬૮; –ના પત્રો જુઓ પત્રો; ૦પહેલું ભાષણ ૧, ૨; ૦પ્રાણપોષક આહારનો અખતરો ૬૨–૫; ૦ભૌતિકવાદ વિષે ૧૨૪, ૧૨૫; ૦મુંબઈ આવવા ઇગ્લંડ છોડયું ૪૮; ૦લંડન જવાનાં કારણો અને તેમાં મુશ્કેલીઓ ૩, ૪, ૪૦, ૪૧, ૪૮; ૦લંડન ડાયરી ૩–૧૫; ૦લંડન પહોંચ્યા ૧૫; હિન્દ આવવા નાતાલ છોડયું ૨૬૯
ગાંધી, મણિલાલ ૮
ગાંધી, લક્ષ્મીદાસ ૨, ૧૬
ગીતા ૬૮
ગીથે शाकुन्तल વિષે ૧૧૫
गेन्जिस ५२
ગ્રેબ્રિયલ, એલ. ૯૬
ગ્રેબ્રિયલ, જૉન ૯૬
ગોંડળ ૮
ગ્રામપંચાયત ૭૦, ૨૦૨
ગ્રીન ૭૪
ગ્રેઈવ્ઝ, કૅપ્ટન ૯૨, ૨૧૧
ગ્નૉસ્ટિક ૧૨૮
ગ્લૅડસ્ટન, વિલિયમ ઈવર્ટ ૧૦૫, ૧૨૩, ૨૪૪, ૨૪૫

ચા અને કૉફી ૨૧, ૧૨૫
ચાર્ટર, ૧૮૩૩નો ૮૨
ચાર્લ્સટાઉન ૧૮૧
ચિત્રાલની લડાઈ ૨૧૨
ચીઝની, સર જ્યૉર્જ ૮૩, ૮૪
ચેમ્બરલેન, જોસફ ૧૬૫, ૧૯૬, ૨૧૮, ૨૩૪, ૨૩૫, ૨૫૧, ૨૬૭

જગમોહનદાસ ૮
જટાશંકર વિશ્વનાથ ૮
જરથુષ્ટ્ર ૧૨૫
જીવદયા મંડળી ૩૯
જિબ્રાલ્ટર ૧૪, ૫૧
જીવા, આમદ ૫૮, ૧૮૦
જીવા, મહમદ કાસમ ૯૬
જીવા, સી. એમ. ૧૮૩

Gandhi Heritage Portal

જૂનાગઢ ૩, ૪
જેકોલિયત, એમ. લુઈ ૧૧૭
જેતપુર ૮
જેક્રિસ ૧૨
જૉન્સ્ટન ૧૦૮
જોષી, એન. ડી. ૧૮૧
જોષી, એમ. ડી. ૯૬
જોષી, માવજી ૩
જોહાનિસબર્ગ ૧૪૨, ૧૬૧, ૨૨૨, ૨૮૧
जोहानिसबर्ग टाइम्स, धि ૧૪૪

ઝવેરચંદ ૫
ઝાંઝીબારમાં હિન્દી વેપારીઓ ૧૮૫
ઝૂલુલૅન્ડમાં હિન્દીઓ ૨૨૬, ૨૩૨

टाइम्स ऑफ इन्डिया, धि ૧૦૦, ૧૦૧
टाइम्स ऑफ नाताल, धि ૧૦૦, ૧૦૧
टाइम्स, धि (લંડન) ૧૮૨, ૧૮૭, ૨૦૦, ૨૧૮, ૨૪૬, ૨૬૬
ટીલી, આમદ ૫૮, ૯૬
ટોડરમલ ૬૧
ટ્રાન્સવાલ ૨૩, ૧૪૮, ૧૫૦, ૧૫૧, ૨૮૧
ટ્રાન્સવાલના હિન્દીઓ ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૮૧, ૨૨૭
ट्रान्सवाल एडवर्टाइझर, धि ૫૫
ટ્રાન્સવાલ ગ્રીન બુક્સ ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૫૦, ૧૫૧
ટ્રૅપિસ્ટ ૧૩૬–૪૧, ૨૨૪
ટ્રૅવેલ્યાન, સર સી. ૧૧૭

ઠાકોર ૮
ઠાકોર સાહેબ, રાજકોટ ૮

ડચની અરજી ૧૩૬
ડફરિન, ૧૨૩
ડાઉનિંગ સ્ટ્રીટ ૨૦૩, ૨૨૧
ડૅનિયલ ૨૨૪
ડેલાગોઆ બે ૧૫૨
ડૉઈલ, સર એફ. એચ. ૧૨૭
ડૉન ૯૧

તથમ ૧૨૮, ૧૨૯, ૧૩૧
તાજમહેલ ૧૧૫
તુઓહીનો મામલો, ૧૮૨
તેન્ડુલકર, ડી. જી. ૨ પા. ટી.
તૈયબ ૬૩
તૈયબજી, બદરુદ્દીન ૧૧૮
તૈયબ, મહમદ ૯૬
ત્રિમૂર્તિ (હિંદુ) ૬૮

થૉમસન, સર હેનરી ૨૨૪

દક્ષિણ આફ્રિકા ૦અને બ્રિટિશો ૨૩; ૦અને બ્રિટિશ સરકાર ૨૩–૫; ૦અને ડચ ૨૩; ૦૧૮૮૩માં સંસ્થાનો ૨૩; –નું રાજ્યબંધારણનું માળખું (૧૮૯૦–૧૯૧૪) ૨૭૯–૮૩; –ફાઈનાન્સિયલ રિલેશન્સ ઍક્ટ (૧૯૧૩) ૨૮૩; ૦બ્રિટિશ કૉમનવેલ્થનું સભ્ય ૨૩; –માં ચીના ૧૪૬; –માં હિન્દી મતાધિકાર ૧૮૪–૮, ૧૯૮–૨૨૨; ૦સંઘ સરકાર ૨૩, ૨૮૧–૩; ૦હિન્દી મજૂરો મંગાવ્યા ૨૪; ૦હિન્દી મજૂરોની સ્થિતિ ૨૪, ૨૫; ૦હિન્દી વેપારીઓ ૨૪, ૫૫–૮, ૧૮૫
દક્ષિણ આફ્રિકા કાનૂન (૧૯૦૯) ૨૭૯, ૨૮૨
દક્ષિણ આફ્રિકાના હિન્દીઓ ૦અને ડચ ૨૪; ૦અને દારૂ ૨૦૩, ૨૦૪, ૨૦૫; ૦અને યુરોપિયનો ૧૪૭–૫૧, ૧૮૪, ૧૯૬, ૧૯૭, ૨૦૫; ૦અને સ્વચ્છતા ૧૫૪–૯; ૦અસહાય ૧૬૦; ૦ઉપર નિયંત્રણો ૨૪, ૨૫; ખેતી વેપારમાં હરીફો ૨૪; –ના સવાલની ઐતિહાસિક ભૂમિકા ૨૩–૫; –ના સવાલોના ચુકાદા ૧૩૨, ૧૩૩, ૧૪૨; ૦સામે ભેદભાવથી વ્યવહાર ૨૫; ૦હિન્દી સરકારની દરમિયાનગીરીની માગણી ૧૬૨; જુઓ નાતાલ, ટ્રાન્સવાલ
દાદા, હાજી મહમદ હાજી ૯૪, ૯૬, ૧૫૨, ૧૫૮, ૧૫૯
દાદા, હાજી હબીબ હાજી ૧૩૨, ૧૩૩, ૧૮૩
દામોદર ૮
દામોદરદાસ ૮
દારૂ, માદક પીણાં ૦અને દક્ષિણ આફ્રિકાના હિન્દીઓ ૨૦૩, ૨૦૪; ૦અને શાકાહાર ૧૨૫, ૧૨૬; –નાં અનિષ્ટો ૨૧, ૨૨
દાવજી, સુલેમાન ૯૬
દિનશા ૧૮૩
દેસાઈ, મહાદેવ ૩
દ્વારકાદાસ ૮

ધનજીશા, પારસી ૯૬
ધર્મ વિશે ગાંધીજીના સવાલો ૬૭, ૬૮
ધોળા ૮

નરભેરામ ૮
નરસોરામ ૯૬
નવરોજી, દાદાભાઈ ૭૯, ૮૬, ૯૪, ૧૨૩ પા. ટી., ૧૨૭, ૧૮૪, ૨૩૩, ૨૪૮
નાતાલ ઇન્ડિયન ઈમિગ્રેશન કમિશન ૧૭૦, ૧૭૨, ૨૦૩, ૨૧૨
નાતાલ હિન્દી ઈમિગ્રેશન ઍક્ટ ૨૮૦
નાતાલ ઇન્ડિયન ઈમિગ્રેશન લૉ ઍમેન્ડમેન્ટ બિલ ૧૩૩, ૧૩૪, ૧૬૩, ૧૬૫, ૧૭૫, ૧૭૬, ૨૧૮

Gandhi Heritage Portal

નાતાલ ઇન્ડિયન ઇમિગ્રેશન સ્કૂલ બોર્ડ રિપોર્ટ (૧૮૯૩) ૯૦
નાતાલ ઇન્ડિયન ઍસોસિયેશન ૯૯
નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ ૯૬, ૧૭૮, ૧૮૨, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૫, ૨૧૯, ૨૪૯, ૨૫૦, ૨૫૪, ૨૫૫, ૨૫૬, ૨૬૮, ૨૬૯, ૨૭૦
નાતાલ એડવર્ટાઇઝર, ધિ ૫૫, ૫૮, ૫૯, ૬૧, ૭૯, ૧૦૮, ૧૦૯, ૧૨૪, ૧૨૮, ૧૪૮, ૧૬૯, ૧૮૮, ૧૮૯, ૧૯૨, ૧૯૩, ૨૫૯, ૨૬૧, ૨૬૩, ૨૬૫, ૨૬૮, ૨૬૯, ૨૭૦
નાતાલ ઍન્ટિ એશિયાટિક લીગ ૫૯
નાતાલ ઑલ્મેનેક ૧૧૦
નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટ ૯૦
નાતાલ ડિસએન્ફ્રૅંચાઇઝમેન્ટ ઍક્ટ ૨૮૦
નાતાલ ફ્રેન્ચાઇઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલ અને હિન્દીઓ ૨૫, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૯, ૮૧, ૮૩, ૮૫, ૮૬, ૮૭, ૯૩, ૯૫, ૨૩૩, ૨૩૪, ૨૩૯, ૨૪૧–૮, ૨૫૧, ૨૫૪
નાતાલ મર્ક્યુરી, ધિ ૫૮, ૮૩, ૧૦૩, ૧૦૪, ૧૦૮, ૧૬૮, ૧૮૪, ૧૮૬, ૧૮૮, ૧૯૦, ૧૯૧, ૨૨૪, ૨૨૬, ૨૨૮, ૨૩૧, ૨૩૬, ૨૬૩
નાતાલ વિટનેસ, ધિ ૧૨૮, ૧૨૯, ૧૩૨, ૧૮૯, ૨૩૮, ૨૪૧, ૨૪૯, ૨૬૧, ૨૬૨, ૨૬૫
નાતાલ સિવિલ સર્વિસ બિલ ૯૩
નાતાલના આરબો ૨૦૮, ૨૧૦, ૨૧૪
નાતાલના બંધારણનું માળખું ૨૮૦
નાતાલના હિન્દીઓ ૦અને પરવાના ૨૨૮; ૦અને યુરોપિયનો –માંસાહારની આદતો ૧૩૭; ૦અને રાજદ્વારી હકો ૧૦૦–૧; ૦અંગ્રેજો કરતાં ઊતરતા નથી ૧૧૧–૮; ૦ગિરમીટિયા ૮૯, ૯૧, ૯૫, ૯૭, ૧૦૭, ૧૦૯, ૧૩૪, ૧૩૫, ૧૬૩–૭૫, ૨૦૮, ૨૧૦, ૨૧૨; ૦ગંદકીની અસ્વચ્છ આદતો ૧૦૯, ૧૧૦; –ની મુશ્કેલીઓ ૧૧૮–૯; –ની સાથે વર્તાવ ૯૨, ૧૦૬, ૧૨૪; ૦મિલકત ધારણ કરવા-માંથી કે ખરીદવામાંથી બાકાત ૨૨૭; ૦રાજ્ય પર બોજારૂપ થયા નથી ૧૦૨; ૦સંસ્થાન માટે અનિવાર્ય ૧૨૨, ૧૩૫, ૧૭૪; ૦હિન્દુ અને મુસલમાનો ૧૧૮, ૨૧૦
નાતાલના હિન્દી રહેવાસી ૦સંપૂર્ણ નાગરિક બનવાનો હક ૭૬; ૦મત આપવાનો હક ૫૯–૬૧, ૬૯–૭૩, ૭૩–૫
નાથુભાઈ ૮
નાયડુ, આર. કુંદાસામી ૯૬
નાયડુ, પી. ૧૮૦
નાયડુ, પેરુમલ ૯૬, ૧૮૧
નાયડુ, રામસામી ૯૬
નાયડુ સુબુ ૯૬
નાયના, કે. આર. ૯૬
નારણજી ૮
નારણદાસ ૮
નાહમાચન, ડૉ. ૧૫૬
નેપોલિયનની ઘોડાગાડી ૫૨
નેપોલિયન બોનાપાર્ટ ૧૪
નૅશનલ રિવ્યૂ, ધિ ૧૧૫
નૉર્થબ્રુક ૧૨૩
નોંદવેની કસબાનાં નિયમનો ૨૭૭, ૨૩૨, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮
ન્યૂકૅસલ ૧૮૧
ન્યૂ રિવ્યૂ ૧૦૮

પટવારી, છગનલાલ ૮
પટવારી, નારાયણદાસ ૮
પટવારી, રણછોડલાલ ૮
પત્ર, કમરુદ્દીનને ૧૩૬; ૦દાદાભાઈ નવરોજીને ૭૯–૮૦, ૮૬, ૬૪–૫, ૧૨૭, ૨૩૩–૪; ૦નાજરને ૧૦૨; ૦પટવારીને ૫૪; ૦પિતાને ૧; ૦બર્ડ સી.ને ૨૫૦; ૦યુરોપિયનોને ૧૨૩–૪; ૦લક્ષ્મીદાસ ગાંધીને ૨; ૦લેલીને ૧૫; વડા પ્રધાનને પિટરમૅરિત્સબર્ગ ૨૪૯; ૦વેડરબર્નને ૨૩૪; ૦વૉટસન જે. ડબલ્યુને ૧૭; સેક્રેટરી ઝૂલુલૅન્ડને ૨૩૩; ૦હંગામી સૅક્રેટરી ઝૂલુલૅન્ડને ૨૩૨
પદાયચી, રંગસ્વામી ૯૬
પદાયચી રંગસ્વામી કેસ અને નાતાલ ઇન્ડયન કૉંગ્રેસ ૧૮૮, ૧૯૩, ૧૯૪
પબ્લિકન ૧૦૧
પરમાનંદભાઈ ૫, ૬
પરિપત્ર, ૭૫–૬; ૧૨૩ પા. ટી.
પાઈથાગોરાસ ૨૨૪
પાઈનટાઉન ૧૩૭
પાણિનિ ૧૧૩, ૧૧૪
પાથેર, પુનુસ્વામી ૧૯૪
પાથેર, વી. નારાયણ ૯૬
પાર્નેલ ૧૦૫
પાંડે, લછ્મન ૯૬
પિટમેન, સર આઈઝેક ૨૨૪
પિટરમૅરિત્સ બર્ગ ૮૮, ૯૬, ૧૭૮, ૧૮૦, ૧૮૧, ૧૯૩, ૨૧૫, ૨૪૯, ૨૫૦, ૨૭૦
પિલ્લે, એ. સી. ૫૫, ૫૮
પિંકટ, એફ. ૭૧–૧૧૫, ૧૨૩
પીધેલપણું જુઓ દારૂ
પીલે, કાલંદાવેલુ ૯૮
પીલે, દોરાસામી ૯૬, ૧૮૦, ૧૮૧, ૧૮૩

Gandhi Heritage Portal

પીલે, મુટ્ટુ ગેસા ૯૬
પુનરુત્થાન ૨૨૪
પુનર્જન્મનો સિદ્ધાંત ૯૮, ૧૨૫
પુલ્સફર્ડ, રેવરન્ડ જૉન ૧૨૬
પોપટલાલ ૮
પોરફીરી ૨૨૪
પોરબંદર ૩–૭, ૧૬
'પારિજ બાઉલ' ૪૬
પૉર્ટ સૈયદ ૧૨, ૫૨
પોલ, ક્રિસ્ટોદાસ ૧૧૮
પ્રાણપોષક આહાર જુઓ આહાર
પ્રાણશંકર ૮
પ્રિટોરિયા ૫૫, ૫૯, ૧૪૨, ૨૮૧; ૦સમનૂતી ૧૪૫, ૨૮૧
પ્રિવિ કાઉન્સિલ ૨૬૧
પ્રેસ, ધિ ૧૪૭
પ્લીમથ ૧૪
પ્લેટો ૨૨૪

ફરીદ, શેખ ૯૬
ફિરોજશાહ ૮
ફેરિસી ૧૦૧
ફૉકસરસ્ટ ૨૩૦
ફૉકસરાડ (પાર્લમેન્ટ, લોકસભા) ૧૩૨, ૧૪૬, ૧૪૭, ૨૮૦
ફૉસેટ ૧૨૧, ૧૨૩
ફ્રાંસિસ, ટી. માર્ટન ૧૮૬, ૧૮૭

બટલર, ડૉ. ૧૭
બર્ક, એડમન્ડ ૧૨૧
બર્ડવુડ, સર જ્યૉર્જ, ૦હિંદીઓ વિષે ૭૨, ૧૧૬
બર્ડ, સી. ૨૫૦
બર્ન્સ, જૉન ૧૦૫
બાઈબલ, ૨૨૦, ૨૨૫; ૦જૂનો કરાર ૯૮, ૧૦૩; ૦નવો કરાર ૧૦૧
બાલાસુંદરમ ૧૮૨
બાસા, અહમદ એ. ૯૬
બાસા, જી. એ. ૯૬
બાળલગ્નોનાં અનિષ્ટો ૨૨, ૨૩
બિન્સ અને મેસનના હેવાલ ૧૬૩, ૧૬૬, ૧૭૩
બિન્સ, હેનરી ૧૭૨, ૨૧૪, ૨૬૦, ૨૬૧
બીચયોવ ૧૯૮
બીસેસર ૯૬
બુદ્ધ ભગવાન ૬૮, ૧૦૩, ૧૧૭, ૧૨૫, ૧૪૯, ૨૨૪
બૂચ, જટાશંકર ૩
બૂથ, ડૉ. ૨૨૯
બેઈલ ૨૬૧, ૨૬૨
બેકર ૬૨ પા. ટી. ૬૩
બેચરદાસ ૮
બેનરજી, સુરેન્દ્રનાથ ૧૧૮
બેનેટ કેસ ૧૭૯, ૧૮૨
બૅન્ડ ઑફ મર્સીમાં ભાષણ ૩૯
બેલેર ૨૨૦
બોઅર યુદ્ધ ૨૩, ૨૮૦
બ્રાઈટ ૧૨૧, ૧૨૩
બ્રિટિશ પરંપરા ૧૦૧, ૧૨૦, ૧૨૧
બ્રિટિશ પાર્લમેન્ટ ૬૦, ૧૨૩
બ્રિટિશ બંધારણ ૧૩૪, ૧૬૮, ૨૧૮, ૨૨૧, ૨૩૭
બ્રિટિશ સરકાર ૨૧૯
બ્રિન્ડિસી ૧૨, ૫૨
બ્રૅડલો ૧૨૩
બ્લૂમફૉન્ટીન ૧૩૨, ૨૮૦, ૨૮૩;–ની સંધિ (૧૮૯૭) ૨૮૦

ભક્તિ અને મોક્ષ ૬૮
ભગવદ્ ગીતા ૬૮
ભાઉ, ડૉ. ૮
ભાણજી ૮
ભાયાત, આમદ ૯૬
ભાવનગર ૩, ૭
ભૌતિકવાદ ૧૨૫

મજમુદાર ૯, ૧૩, ૧૪, ૧૫
મજીદ, અબદુલ ૧૨, ૧૩, ૧૫
મનરો, સર ટૉમસ ૭૨, ૧૧૬
મનુસ્મૃતિ ૧૧૫
મતાધિકાર હરણ કાનૂન ૨૮૦
મરે, રેવરન્ડ ઍન્ડ્રયુ, ૬૭
મસાણી, આર. પી. ૭૯
મહમદ, તૈયબ હાજીખાન ૧૩૨, ૧૩૩
મહમદ, દાઉદ ૯૬, ૫૮, ૧૬૪
મહમદ, પી. દાવજી ૯૬, ૯૮, ૧૦૧
મહમદ, પીરન ૯૬, ૧૮૦, ૧૮૧
મહમદ, હાજી ૯૬, ૧૮૩
મહમદ, ન્યાયમૂર્તિ ૧૧૮
મહંમદ ૧૦૩, ૧૨૫
મહેતા, ફિરોજશાહ ૧૧૮, ૧૮૨
મહેતાબ, શેખ ૫, ૭, ૮
મહેતા, મનસુખલાલ રવજીભાઈ ૬૭
મહેતા, રાજચંદ રવજીભાઈ (રાયચંદભાઈ) ૬૭
માણેકચંદ ૮
માણેકજી ૯૬, ૧૮૩

Gandhi Heritage Portal

માનશંકર ૯
માલોબોચ લડત ૧૯૭
માલ્ટા ૧૩, ૧૪, ૫૨
મિચેલ ૧૪૬
મિયાંખાન, આદમજી ૯૬
મિયાંખાન, જી. એચ. ૧૮૦
મિરન, હુસેન ૯૬
મિલ ૩૩, ૧૨૧
મિલનર ૨૮૧
મિલર ૧૯૪
મુતાલવી, દાવજી મામુજી ૯૬
મુનશી, ગુલામ મહંમદ ૪
મુસલમાન અને મદ્યાર્ક ૨૧
મુંબઈ ૮, ૪૩, ૫૩
મૂલર, મૅક્સ જુઓ મૅક્સ મૂલર
મૃથુકૃષ્ણ ૯૬, ૧૮૩
મેઈટલૅન્ડ, એડવર્ડ ૧૦૩, ૧૦૪, ૧૨૭
મેઈન ૪૧
મેઈન, સર હેન્રી સમનર ૭૦, ૮૩, ૮૪, ૧૧૩, ૧૧૫
મેકડુઆલ, મિસિસ ૩૯
મૅકનેટન ૧૨૯
મૅકોલે, લૉર્ડ ૮૨, ૧૨૧
મૅક્સ મૂલર ૭૨, ૧૧૨, ૧૨૫
મૅગૅસ્થિનિસ ૧૧૬
મેઘજીભાઈ ૪, ૫, ૭, ૮
મેડન ૨૨૦, ૨૨૧
મેરિયાન ટેકરી ૧૩૭
મેલમોથ કસબાના નિયમો ૨૩૨
મૈસૂર ૭૦, ૮૪
મોક્ષ ૬૮
મોદી ૮
મોમ્બાસામાં હિન્દી વેપારીઓ ૧૮૫
મોરિશિયસમાં હિંદીઓ ૧૯૩, ૨૫૮, ૨૫૯
મોરિસ ૭૪
મોરેકમ ૧૮૨
મોહરમ ૧૮૨

રંગીન લોકો માટેનો કાયદો ૧૨૧, ૨૨૯
રણછોડદાસ ૮
રતનશાહ ૮
રનજિત, રણજિતસિંગ ૯૬, ૧૮૩
રવિશંકર ૮
રસૂલ, ગુલામ ૧૮૧
રહેમતખાં, ઓસ્માનખાં ૯૬
રાઉન્ડ ધિ વર્લ્ડ ૧૧૫
રાજકોટ ૧, ૩, ૫, ૭, ૮, ૫૪
રાજાશાહી ૮૨
રાણીનો ઢંઢેરો (૧૮૫૮) ૨૪, ૬૦, ૮૨, ૯૦, ૧૫૩, ૧૮૪, ૨૦૨, ૨૧૭, ૨૨૭, ૨૪૧, ૨૬૦, ૨૬૭, ૨૬૯
રાતો સમુદ્ર ૧૦, ૧૧, ૫૨
રામ ૪૧, ૬૮
રામજી કાળીદાસ ૮
રામાયણ ૪૧
રામી ૫
રાયપન ૯૬
રાંદેરી, ગુલામ હુસેન ૯૬, ૧૮૦
રિચમન્ડ રોડ ૮૮
રિચાર્ડસન, ડૉ. બી. ડબલ્યુ. ૧૨૫
રિચાર્ડસન, સર ડબલ્યુ. બી. ૨૨૪
રિપન, લૉર્ડ ૭૭, ૮૫, ૮૭, ૯૪, ૧૨૩, ૧૪૨, ૧૬૦, ૧૬૧, ૨૪૧
રુસ્તમજીનું મકાન ૧૯૨
રુસ્તમજી, પારસી ૫૮, ૯૬, ૮૦, ૧૮૧, ૧૮૨
રે ૧૨૩
રેગ, સર વૉલ્ટર ૧૨૮
રૉબર્ટ્સ અને રિચાર્ડ્સ કેસ ૨૨૮
રૉબિન્સન, સર એચ. ૧૪૫, ૧૪૬
રૉબિન્સન, સર જૉન ૭૩, ૮૭, ૨૫૨, ૨૫૪, ૨૮૦
રોમન કૅથલિકો ૧૩૯, ૧૪૧

લતીબ ૮
લશ્કરી સેવામાંથી મુક્ત કરતી સંધિ ૧૯૬
લંડન ડાયરી ૩–૧૫
લંડનનો કરાર (૧૮૯૨) ૨૫, ૧૬૨, ૨૮૧
લાઈટ ૧૦૪
લાલભાઈ ૫
લિવરપૂલ સ્ટ્રીટ સ્ટેશન ૪૮
લીડર ૧૦૨
લેડી સ્મિથ ૨૭૦
લેલી ૬, ૧૫
લેસેપ્સ, મોં. દ ૫૨
લૉરેન્સ ૧૮૩, ૨૭૦
લૉર્ડ ક્રૉસનો કાનૂન (૧૮૯૨) ૨૪૧, ૨૪૬

વઢવાણ ૮
વસાહતીય કાનૂન ૨૮૦
વસાહતીય સંરક્ષકોનો વાર્ષિક હેવાલ (૧૮૯૪) ૧૬૬–૯; ૦(૧૮૯૫), ૨૦૬, ૨૧૭
વાલ્શ, સી. ૨૩૨
વિક્ટોરિયા હૉટેલ ૧૫
વિનંતીપત્રો જુઓ અરજી
વિલેજ કૉમ્યુનિટીઝ ૧૧૩–૪

Gandhi Heritage Portal

વિશ્રામ, ફાજલભાઈ ૧૮૨
વીરીનીગીંગની સંધિ (૧૯૦૨) ૨૮૦–૧
વીલ, ડૉ. એચ. પ્રાયર ૧૪૮, ૧૫૫
વૂડ, સર સી. ૨૪૦, ૨૪૩
વેજિટેરિયન, ધિ ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૧, ૩૩, ૩૯, ૪૦, ૪૫, ૪૭, ૫૧, ૫૩, ૬૧, ૬૪, ૬૫, ૬૬, ૧૪૧, ૨૨૨, ૨૨૩
વેજિટેરિયન મેસેન્જર, ધિ ૩૩, ૩૯, ૪૭, ૬૬
વેજિટેરિયન સોસાયટી, લંડન ૩૯, ૪૭, ૬૫, ૬૬, ૧૦૫, ૧૨૪, ૧૨૬
વેઝલી ૨૨૪
વેટ, સર જૅકોબસ ડિ. ૧૩૨
વેડરબર્ન, સર વિલિયમ ૯૫, ૧૨૩, ૨૩૪
વેદ ૬૮
વૅનિટી ફૅર ૫૭
વેબ, એમ. એ. ૧૮૨
વેરૂલમ ૮૮, ૧૮૧
વૉટસન, કર્નલ જે. ડબલ્યુ. ૭, ૮, ૧૭
વૉલર ૨૨૮
વોરાજી, સુલેમાન ૯૬
વ્રજલાલભાઈ ૮, ૫૪

શમસુદ્દીન ૯૬
શાકાહારનો સિદ્ધાંત ૧૮, ૫૦, ૬૪, ૨૨૪; ૦અને ઇંગ્લન્ડમાં રહેતા હિન્દીઓ ૬૫, ૬૬; ૦અને ખ્રિસ્તીઓ ૬૭; ૦અને દક્ષિણ આફ્રિકા ૬૧, ૧૩૬, ૨૨૨, ૨૨૩; ૦અને નાતાલ, ૧૩૬, ૨૨૧–૩; ૦અને બાઈબલ ૨૨૫, ૨૨૬; ૦અને બાળકો ૬૭; ૦અને માંસાહાર ૨૨૪–૭; ૦અને શરીર બંધારણ ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૬૪; ૦અંગ્રેજ બાઈ સ્વીકારે છે ૬૧; ૦પીગેલપણાનો ઇલાજ ૧૨૫–૬; ૦શાકાહારીઓના આગળ પડતા દાખલાઓ ૨૨૪; ૦હિંદમાં ૧૮–૨૭
શાકુન્તલ ૧૧૫
શામળજી ૮
શેલી ૨૨૪
શૉપનહોર ૧૧૨
શ્રીમદ્ રાજચંદ્ર ૬૭
શ્વાન ૨૨૪, ૨૪૭

સચીન ૫૪
સરન, અહમદ એચ. ૯૬
સરબજિત ૯૬
સાબરમતી સંગ્રહાલય, ૧૮૩ પા. ટી., ૨૪૯ પા. ટી., ૨૫૦ પા. ટી.
સિકોમ્બ, મિસ ૩૯
સિદાત, મહમદ ૧૮૧
સીલી ૨૨૦
સુએઝની નહેર ૧૧, ૧૨, ૫૨
સુલેમાન, હાજી ૧૮૩
સેન્ટ્રલ રેસ્ટોરાં ૪૬
સેલિસબરી ૧૦૫
સૅંટ જુઆનનું દેવળ ૧૩
સૉન્ડર્સ, જે. આર., ૯૨, ૧૭૧, ૧૭૩, ૧૭૭, ૨૧૧, ૨૧૩
સોમસુંદરમ ૧૮૧
સોરઠ ૩
સૉલોમન કમિશન ૨૮૧
સૉલ્ટ, એચ. એસ. ૪૬
સૉંગ સેલેક્ચિયલ ૧૦૫
સ્ટાર ૧૦૨, ૨૧૮
સ્ટૅન્ડરટન ૨૩૦
સ્ટૅંગર ૨૧૦
સ્પિક, સી. પી. ૧૫૫
સ્મિથ ૨૬૧

હબીબ, હાજી દાદા હાજી ૯૬
હરિશંકર ૮
હંટર, સર વિલિયમ વિલ્સન ૧૧૧, ૧૧૩, ૧૧૬, ૧૧૭, ૧૮૨, ૨૦૦, ૨૨૦, ૨૪૧, ૨૪૫, ૨૪૮
હાજી, અબદુલ કરીમ ૨૨૮
હાફેસજી, મહમદ ૯૬
હાવર્ડ ૨૨૪
હિન્દના ખોરાક ૧૯–૨૨, ૩૩–૩૯
હિન્દ –ના તહેવારો, ૨૮–૩૩: દશેરા ૨૮, દિવાળી ૨૮, ૨૯–૩૧, ૩૨, ૩૩, નવરાત્રી ૨૮, ૨૯, હોળી ૨૧–૩૩; –નાં ફળો ૩૬, ૩૭, ૩૮; –ની કળા અને સ્થાપત્ય, ૧૧૪, ૧૧૫; –ની સંયુક્ત કુટુંબ પદ્ધતિ ૪૧, ૪૨; –ની પ્રાચીન મહાનતા ૨૨૦; –ની ફિલસૂફીની ભવ્યતા ૧૧૨, ૧૧૩
હિન્દ –માં હિંદીઓ અને યુરોપિયનોના રાજદ્વારી હકો, ૧૮૪, ૧૮૫, ૧૮૬–૮; –માં હિન્દીઓના મતાધિકાર, ૧૯૮–૨૦૧; –માં હિન્દીઓના હકો અને નાતાલના મતાધિકાર બિલની તુલના ૨૩૯–૪૧, ૨૪૨–૭; ૦બ્રિટિશ રાજ્યસત્તા ૨૧, ૬૦, ૭૧
હિન્દીઓ ૦અને યુરોપિયનોની શિક્ષણ ગ્રહણ કરવાની શક્તિ ૯૧; ૦અને સુધારો ૬૦; ઍંગ્લો-સૅક્સન જાતિના જ વંશના છે ૭૩, ૭૪, ૧૧૧; –નું ચારિત્ર્ય અને સમાજજીવન, ૭૨, ૧૧૫–૮
હિન્દીઓના રાજ્યમાં પ્રવેશને લગતા કાયદાના સુધારાના ખરડા ૧૩૩, ૧૩૪, ૧૬૩, ૧૬૫, ૧૭૫, ૧૭૬, ૨૧૮


Gandhi Heritage Portal

હિન્દી દાતણ ૨૫
હિન્દી ભરવાડની ટેવો ૨૩-૭
હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસ –ની બ્રિટિશ કમિટી ૨૩૩,૨૩૪
હિન્દી વિધાન પરિષદ કાનૂન (૧૮૬૧) ૨૩૯, ૨૪૨
હિન્દી વિધાન પરિષદના કાનૂન (૧૮૬૧) સુધાર વિધેયક ૨૩૯, ૨૪૨
હિન્દી વેપારી ૧૦૮, ૧૦૯, ૧૧૯, ૧૬૩
હિન્દી શાકાહારીઓ ૧૯, ૨૧
હિન્દી સ્નાન ૨૬, ૨૭
હિન્દુ અને દારૂ ૨૧
હિન્દુ સંસ્કૃતિ ૧૧૧-૮
હિલ્સ, એ. એફ. ૬૧, ૬૪
હિલ્સનો પ્રાણપોષક આહારનો સિદ્ધાંત, ૬૧ પા. ટી.
હેબર, બિશપ ૧૧૬
હૅરિસ, મિસ ૬૩
હેલી-હચિન્સન, સર વૉલ્ટર ફ્રાન્સિસ ૫૮, ૭૬, ૮૫, ૯૪, ૨૨૬
હેલ્સ ગેટ ૧૧
હોલબર્ન ૩૯
હ્યુગો, વિક્ટર ૧૧૭


ગ્રંથાલય. અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal